# ફક્ત તું જ...

(નવલકથા)

શ્રી સતીશ પંડિત
ગાંધીનગર

**RELIABLE PUBLISHING HOUSE**
Ahmedabad

**ફક્ત તું જ... (નવલકથા)**

**પ્રકાશક : RELIABLE PUBLISHING HOUSE**
A-302, Tridev Complex,
Near Pavapuri Bus Stand, Ghatlodia,
Ahmedabad-380061, Gujarat (India)
Mo. : 09228163237, 8866822904
**Email :** uniquebookhouse65@yahoo.com

**કોપીરાઈટ** : ©સતીશ પંડિત

**ISBN** : 978-93-85930-59-1

**પ્રથમ આવૃત્તિ :** 2022

**કિંમત** : **રૂ.** 895.00

**ટાઈપ સેટિંગ :** સંતરામ ગ્રાફીક્સ (મો.) 9426456976

# અર્પણ



વડીલવર્ય, સાહિત્યપ્રેમી,

**શ્રીયુત પ્રવીણભાઈ મંગળદાસ જોષી,**

ગામ : પામોલ, તા. વિજાપુર, જિ. મહેસાણા, જેઓશ્રીએ મને આ નવલકથા લખવાની પ્રેરણા આપી, પ્રોત્સાહિત કર્યો અને સતત માર્ગદર્શન આપતા રહ્યા, તેઓશ્રીને ''ફક્ત તું જ....'' એ નામે પ્રકાશિત થતું આ નવલકથા સ્વરૂપ પુસ્તક સમર્પિત કરી, હું ધન્યતા અનુભવું છું.

# લેખકનાં અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| 1. પ્રેમ તો છે જ | વાર્તાસંગ્રહ | પ્રકાશિત |
| 2. જીવનસંઘર્ષ | નવલકથા | પ્રકાશિત |
| 3. મારી વાર્તાઓ | વાર્તાસંગ્રહ | પ્રકાશિત |
| 4. ચહેરો | કાવ્યસંગ્રહ | પ્રકાશિત |
| 5. ભ્રમણ | વાર્તાસંગ્રહ | પ્રકાશિત |
| 6. પોપટલાલના પત્રો | સંપાદન | પ્રકાશિત |
| 7. હું ડાયો પંડ્યો | જીવનચરિત્ર | પ્રકાશિત |
| 8. મહારાજ | નવલકથા | પ્રકાશિત |
| 9. મારું ચિંતન | ચિંતન લેખો | પ્રકાશિત |
| 10. ફક્ત તું જ | નવલકથા | પ્રકાશિત |
| 11. 'કર્ણ' એક તુલનાત્મક અભ્યાસ | સંશોધન લેખ | લેખન ચાલુ |
| 12. કાલિદાસ અને શેક્સપિયરની કૃતિઓ-તુલનાત્મક અભ્યાસ | સંશોધન લેખ | લેખન ચાલુ |
| 13. 'સરસ્વતીચંદ્ર' ભાગ-4 માં જીવનું શિવ પ્રતિ પ્રયાણ | સંશોધન લેખ | લેખન ચાલુ |
| 14. ગાંધીવિચાર - એક દર્શન | સંશોધન લેખ | લેખન ચાલુ |
| 15. જ્યોતિષના વણઉકલ્યા પ્રશ્નો | સંશોધન લેખ | લેખન ચાલુ |
| 16. 'બાળસાહિત્ય' - એક આકલન | સંશોધન લેખ | લેખન ચાલુ |
| 17. ભારતમાં શું યોગ્ય ? લોકશાહી કે રાજાશાહી ? | ચર્ચા લેખ | લેખન ચાલુ |
| 18. રામાયણ - મહાભારતની કથાઓ- સાંપ્રત પ્રવાહોના સંદર્ભે | સંશોધન લેખ | લેખન ચાલુ |

● ● ●

# લેખકનો પરિચય



લેખકશ્રી સતીશ પંડિતનો જન્મ સને ૧૯૫૬માં થયેલો. ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાનું પામોલ ગામ તેમનું જન્મસ્થળ. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કોલવડા (ગેરીતા) ગામમાં મેળવ્યું. ત્યારબાદ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ અને એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ, અમદાવાદ મુકામે અભ્યાસ કરી સને ૧૯૭૮માં સીવીલ એન્જિનિયરીંગમાં ગ્રેજ્યુએટ થયા.

સને ૧૯૭૮ થી ૨૦૧૪ સુધી ગુજરાત સરકારમાં સીવીલ ઈજનેર તરીકે કાર્યરત રહ્યા.

નિવૃત્તિબાદ ફરી અભ્યાસ શરૂ કર્યો. સને ૨૦૧૬માં ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક કક્ષાની એમ.એ.ની ડીગ્રી ગુજરાતી વિષય સાથે મેળવી. ત્યારબાદ પી.એચ.ડી. કક્ષાના અભ્યાસ પ્રવેશ માટે જુદી જુદી યુનિવર્સિટીઓમાં પ્રયત્ન કર્યો. પરંતુ ઉંમરને લીધે સફળતા ના મલી. તેમ છતાં આઠ સંશોધન લેખ તૈયાર કરવાની કામગીરી ચાલુ રાખી છે.

નાનપણથી જ સાહિત્ય વાચન-લેખનનો શોખ કેળવાયેલો. શિક્ષણકાળ તેમજ નોકરીના સમયગાળામાં ખ્યાતનામ સાહિત્યકારો અને કૃતિઓના સંપર્કમાં રહેવાનું બનેલું. જેના પરિપાક રૂપે નિવૃત્તિબાદ વાચન-લેખનની પ્રવૃત્તિ વેગવંતી બની. નવલકથા, વાર્તા, કાવ્યો, જીવનચરિત્ર, સંપાદન, ચિંતનલેખો, સંશોધન લેખો ઉપર કલમ દોડતી રહી. આમ વિજ્ઞાનના અને સાહિત્યના વિષયો એમ બંને ક્ષેત્રે રસ-રૂચિ કેળવી, તેનો તલસ્પર્શી અભ્યાસ કરી, બહુધાભિમુખી વ્યક્તિત્વ કેળવ્યું છે. જે સમાજમાં ભાગ્યે જ જોવા

મળતું વ્યક્તિત્વ ગણાય. આ ઉપરાંત લેખકે સને ૧૯૭૪થી જ્યોતિષનો પણ તલસ્પર્શી અભ્યાસ કરેલ છે. જેના જ્ઞાન અને અનુભવથી સમાજના છેવાડાના માનવીનાં દુઃખદર્દ દૂર કરી સૌને હસતાં કરવા સદાય પ્રયત્નશીલ રહ્યા છે.

ભક્તિ અને પૂજા તેમની ટેવ છે. આધ્યાત્મિક ચિંતન અને વાચન-લેખન તેમનો શોખ છે. મહાભારતનું પાત્ર કર્ણ, ગાંધી વિચારો, સરસ્વતિચંદ્ર ભાગ-૪, બાળસાહિત્ય, કવિ કાલિદાસ અને નાટ્યકાર શેક્સપિયરની કૃતિઓ તેમજ રામાયણ-મહાભારતથી પ્રભાવિત થઈ તેના સંદર્ભિત વિષયો ઉપર સંશોધન લેખો લખવાની કામગીરી હાથ ધરેલ છે.

તેમનાં નવ પુસ્તકો પ્રકાશિત થઈ ચુક્યાં છે. આ તેમનું દસમું પુસ્તક "ફક્ત તું જ..." શીર્ષક હેઠળ નવલકથા સ્વરૂપે પ્રકાશિત થઈ રહ્યું છે. તેમનાં પુસ્તકો તેમના ગુજરાતી સાહિત્ય અને આધ્યાત્મિક વાંચન, મનન, ચિંતનના પરિપાક રૂપે, સાદી, સરળ, આડંબર વિહિન શૈલીમાં, કાંઈક જુદા જ સ્વરૂપે રજૂ થયેલ છે. જે ગુજરાતી સાહિત્યના જ્ઞાનસંચયમાં અમૂલ્ય યોગદાન સ્વરૂપ સાબિત થશે.

• • •

# લેખકનું નિવેદન

આ મારું દસમું પુસ્તક પ્રકાશિત થાય છે. અગાઉ બે નવલકથાઓ, ત્રણ વાર્તા સંગ્રહો, એક કાવ્યસંગ્રહ, એક જીવનચરિત્ર, એક પત્રોનું સંપાદન અને એક ચિંતન લેખો પ્રકાશિત થયાં છે અને દસમું પ્રકાશન ''ફક્ત તું જ'' શીર્ષક હેઠળ નવલકથા સ્વરૂપે પ્રકાશિત થઈ રહેલ છે. આઠ સંશોધન લેખો લખવાનું હાથ ઉપર છે.

સડસઠ વર્ષે શરીર અને મગજ થાકી જાય છે. યુનિવર્સિટીઓ, લાયબ્રેરીઓ, તજજ્ઞોના સંપર્ક પણ ઉંમર અને થાકના લીધે ઓછા થતા ગયા છે. યાદદાસ્ત પણ નબળી પડતી જાય છે. છતાંયે વાચન, લેખન, ચિંતનમાં અદમ્ય રસ હોવાથી, માત્ર આમાંથી જ નિજાનંદ મળતો હોવાથી, ગમતી પ્રવૃત્તિ તરીકે ચલાવ્યે રાખ્યું છે.

બી.ઈ. (સીવીલ)ની ડીગ્રી સને ૧૯૭૮માં મળી. તુરત જ ગુજરાત સરકારમાં સીવીલ ઈજનેરની સેવાઓ ચાલુ થઈ. છેક સને ૨૦૧૪માં નિવૃત્ત થયો. તરત આગળ અભ્યાસ આદર્યો અને સને ૨૦૧૬માં ગુજરાતી વિષય સાથે એમ.એ. થયો. પી.એચ.ડી.ના એડમીશન માટે ત્રણેક વર્ષ મથ્યો. પણ ઉંમર નડી. સાથોસાથ કલમના ખોળે માથુ મુકી લખવાનું શરૂ કર્યું. નવી શૈલી, નવી વાતો, શુદ્ધ સાહિત્ય સમાજ સામે રજૂ કરવા વિચારેલું. આમ હજુયે ઈશ્વરકૃપાથી લખાયે જાય છે. આઠ સંશોધન લેખોનાં સંદર્ભ પુસ્તકોનું વાચન, ટાંચણ, સુધારા-વધારાની કામગીરી તો ચાલું જ છે.

આ પુસ્તકમાં મૂળ વાર્તા જસુભાઈ જાની અને વિજ્યાના પ્રેમની છે. પણ ગુંથણીમાં બીજાં ઘણાં પાત્રો ઉમેરાયાં છે અને તે પાત્રોનું સ્પષ્ટ ચરિત્રચિત્રણ કરવા પ્રસંગોનું નિરૂપણ કરવું પડ્યું છે. બે યુવાન હૈયાં પ્રેમમાં પડે ત્યારે વાસ્તવિક જીવનથી દૂર કાલ્પનિક જગતમાં ફરતાં હોય છે. તેમજ તેમના ભવિષ્ય માટેના હવાઈ કિલ્લા ચણતાં હોય ! પરંતુ કલ્પના અને વાસ્તવિકતા

વચ્ચે તો મોટી ખાઈ હોય તે સ્વાભાવિક છે જ ! અને પાછા એ યુવાન દેહ, પ્રેમાવેશમાં ભાન ભુલે, કામ-વાસનાના શિકાર અનાયાસે બની જાય ત્યારે તેની તેમના ભવિષ્ય ઉપર શું અસરો પડી શકે તેનું ચિત્રાણ કરવાનો આ નવલકથામાં લેખકે પ્રયત્ન કર્યો છે અને યુવાન હૈયાં સામે લાલ બત્તી ધરીને ચેતવવાનું લક્ષ્ય રાખ્યું છે.

આ વાર્તામાં વિજ્યાની માનું અકાળે મૃત્યુ તેની સાસુના પુત્રમોહને લઈને થયું છે. વિજયા અને જસુભાઈ પતિ-પત્ની ના બની શક્યાં તેમાં જસુભાઈની માતાના જૂનવાણી વિચારો કારણભૂત બન્યા છે. હરિવલ્લભ વ્યાસ જેવા ધનાઢ્યને મંદિરમાં પૂજારી તરીકે રહેવું પડ્યું તેમાં શેર-સટ્ટાની લત જવાબદાર છે. આ વાર્તામાં જયા જેવી નિર્લેપ ગૃહિણી છે, જયશંકર જેવો સંયમી, સજ્જન ભક્ત છે, જુલી જેવી ઉછાંછળી વહુ છે, જસુભાઈ જેવો મહેનતુ, પ્રામાણિક સ્વપ્નદૃષ્ટા છતાંયે ભીરૂ નાયક છે, વિજ્યા જેવી શુધ્ધ પ્રેમમાં સદાય માનતી પ્રેમિકા, પત્ની, માતા પણ છે, વિનુભાઈ જેવો સીધો, સરળ, પ્રામાણિક વેપારી છે જે માતાજીનો ભક્ત હોવા છતાં દુ:ખી થાય છે. જનકરાય જેવા બોલકા, પરગજુ પ્રોફેસર પણ છે અને સતત વિરહમાં ઝૂરતાં, એકમેકની યાદમાં ડૂબેલાં બે પ્રેમી પંખીડાં જસુભાઈ અને વિજ્યા પણ છે.

માનવ સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી ત્યારથી ભોગવાદ અને ત્યાગવાદ સાથે સાથે ચાલે છે, વિકસે છે અને યથાતથ પરિણામોમાં પરાવર્તિત, પરિવર્તિત થાય છે. શુધ્ધપ્રેમ એ ભોગવાદનું લક્ષણ નથી પણ ત્યાગવાદ ઉપર ઉભેલી દૈવી ઈમારત છે. જીવ માત્ર અનેક અભ્યાસ, વાચન, અનુભવ, પ્રયત્ન પછી પણ પૂર્ણ ત્યાગવાદી થઈ શકતો નથી. મોહના આવરણમાં ફસાઈ ક્ષણભર માટે પણ ભોગવાદમાં સરકી પડે છે અને કુકર્મમાં લપેટાય છે. તે ક્ષણ માત્રનું વિચલન તે જીવે ત્યાં સુધી તેના આત્માને કઠે છે અને તેનાં કુફળ ભોગવવાં જ પડે છે. તેમાંથી છટક્યા વગર જવાબદારી ઉપાડી

લઈ, તેને હસતાં હસતાં ભોગવી લે તે વીર ! પ્રેમના મહાસાગરમાં જીવનભર હલેસાં મારતાં મારતાં જે કાંઠે પહોંચી ગયો તે સાચો પ્રેમી ! આવી સમજ સાથે આ વાર્તાની ગુંથણી કરવા લેખક પ્રેરાયો છે.

વિચાર ક્ષતિ હોય તો વાચકની ક્ષમાયાચના !

આ નવલકથા લખવાની પ્રેરણા આપનાર સાહિત્યપ્રેમી અને મારા વડીલ શ્રીયુત પ્રવીણકાકાનો હૃદયપૂર્વક આભાર માનું છું.

પ્રકાશકશ્રી સંજયભાઈ જૈનનો આભાર તો માનવો જ પડશે. ‘‘ફક્ત તું જ’’ નવલકથા વાચકો, ચિંતકોને ગમશે એવો લેખકને અંતરમાં વિશ્વાસ અને શ્રદ્ધા છે.

અસ્તુ


તા. ૨૯-૬-૨૦૨૨ **સતીશ પંડીત**

**રહેઠાણ :** **મોબાઈલ :** ૯૪૨૯૬૩૩૨૩૪

૨૯, રોયલ સંકલ્પ બંગ્લોઝ, ૯૯૭૪૦૩૦૦૮

શાલિન-૧ની સામે, વાવોલ, **વેબસાઈટ :** marusahitya.com

ગાંધીનગર-૩૮૨૦૧૬

# પ્રસ્તાવના

"ફક્ત તું જ" નવલકથા છે. જસુભાઈ નામનો છોકરો મધ્યમ કુટુંબમાં જન્મેલો છે. નાનપણમાં જનકરાય દવે પ્રોફેસરનો ભેટો થયો અને ભવિષ્ય માટે સપનું જોતાં શીખ્યો. તેણે મનોમન નક્કી કર્યું અને સપનું જોયું કે તેની આગવી પેઢી હોય અને તે મોભાદાર શેઠ હોય. વેપાર કરવા કોમર્સનો અભ્યાસ કર્યો. વેપાર શીખવા વિનુભાઈ ઠાકરની દુકાને જવાનું શરૂ કર્યું અને એ દુકાન ઉપર વિજ્યાનો ભેટો થયો. પછી તો પ્રેમ થઈ ગયો અને લગ્નગ્રંથીએ જોડાઈ જવાય એવી તજવીજ શરૂ કરી. પરંતુ જસુભાઈની બા જસવિદ્યા નામક્કર ગયાં અને એ શક્ય બન્યું નહીં. પરંતુ શરૂ થયેલી તજવીજ અને પરિણામમાં નન્નો આવે તેની વચ્ચે જસુ અને વિજ્યાનાં દેહમિલન થયાં. ત્યાર પછી તો પ્રોફેસર જનકરાયની મદદથી અને વિજ્યા એ આપેલ પ્રેરણા થકી જસુ તો વેપારમાં આગળ વધતો ગયો, પેઢી ખરીદી, મોટો શેઠ બની ગયો. પરંતુ વિજ્યાના પેટમાં ઉછરતા ગર્ભને લીધે તેનાં લગ્ન અબધડી પૂજારીના દીકરા જયશંકર સાથે થઈ ગયાં. આ બાજુ જસુભાઈ પણ પ્રોફેસરની દીકરી જયા સાથે પરણી ગયા. વર્ષો વીતતાં ગયાં. બંનેનો સંસાર ચાલતો રહ્યો. પરંતુ બંને એકમેકને ભુલી શક્યાં નહીં. વિજ્યાના છોકરા જયવર્ધનની વહુ જુલી નવાયુગની અસર તળે વિભક્ત કુટુંબમાં માનતી હતી અને વિજ્યાને ઘણું દુઃખ પડ્યું, ટી.બી.નો રોગ લાગુ પડ્યો અંતે તેનું અવસાન થયું. હવે વિજ્યા નહોતી તો પણ જસુભાઈ, પચાસ-સાઈઠની ઉંમરે, ભર્યા-ભાદર્યા સંસાર વચ્ચે પણ, પોતાની પ્રેમિકા વિજ્યાને યાદ કરીને ઝૂરતા રહે છે અને પોતાનું બાકી આયખું પુરું કરે છે.

લેખકે પ્રેમમાં પડેલાં છતાં ભેગાં નહીં થઈ શકેલાં બંને પાત્રોનું મનોવિશ્લેષણ કરવાનો સારો પ્રયત્ન કર્યો છે. જસુની પત્ની જયા સાદી સીધી, નિરૂપદ્રવી ગૃહિણી છે. જસુ પોતે મહેતનુ, હોશિયાર, સમજુ, ઠરેલ અને સંસ્કારી પ્રેમી છે. વિજ્યા પણ સમજુ અને ઠરેલ વ્યક્તિત્વ ધરાવતી

દુઃખીયારી સ્ત્રી છે. તેનો પતિ જયશંકર શિવભક્ત, સમજુ, સેવાભાવી અને સંયમી ચીતરાયો છે. આખીયે વાર્તાનાં બધાં પાત્રો સંસ્કારી, મધ્યમવર્ગનાં છે. પ્રોફેસર જનકરાય પરગજુ છે. જાનકીદેવી અને જસવિદ્યા ગણતરીપૂર્વક સંબધો કેળવનારાં છે. જયંતિલાલ તો જસુ ખુશ રહે અને દીકરાની પ્રગતિ પણ થાય એમ વિચારે છે. બાના પુત્ર મોહને વશ થઈને સાદાસીધા, પ્રામાણિક, નાના વેપારી વિનુભાઈએ પોતાની પત્ની વીરબાળાને ખોઈ અને વિજ્યા નમાઈ થઈ. જેને લીધે વિજ્યાને જીવનભર વેઠવું પડ્યું.

જસુ અને વિજ્યા યુવાન હતાં, પ્રેમમાં હતાં અને એકવાર ભુલ કરી બેઠાં. પરંતુ એ ભુલની ખૂબ મોટી કિંમત વિજ્યાને જીવનભર ચુકવવી પડી. સામે પક્ષે જસુભાઈને તો તેના પરિણામ સ્વરૂપ વિજ્યાને દીકરો અવતર્યો અને આ જયવર્ધનનો બાપ જયશંકર નહીં પણ પોતે જ છે તે વાતની જાણ પણ વિજ્યાએ ન થવા દીધી. પ્રેમમાં પ્રેમીને ખુશ રાખવા, સલામત રાખવા, દુઃખી નહીં કરવા, તેના સંસારમાં હોળી ન સળગે તે માટે, વિજ્યાએ હૈયા ઉપર પત્થર મુકીને મૃત્યુ પર્યંત સચ્ચાઈ સંતાડી રાખી. એણે જાતે ઘણું વેઠ્યું, રોગ નો ભોગ થઈ અને અંતે જીવ ગયો પણ આ બાબતે કોઈની આગળ વરાળ ના કાઢી. જયશંકરને અંદેશો આવેલો પરંતુ તેણે એક સાચા શિવભક્ત, સજ્જન, સંયમીને શોભે તેવો વહેવાર વિજ્યા સાથે કર્યો અને તેના મૃત્યુ પછી પણ વિજ્યા તરફનો શુધ્ધ પ્રેમ વેરતો રહ્યો.

આ સમગ્ર કાળ દરમિયાન વિજ્યાના મનોવિચારોનું નિર્દેશન લેખકે સાદી ભાષામાં સચોટ રીતે રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે. લેખકની કલમે વાર્તાના દરેક પાત્રોને ન્યાય આપવાનો યથામતિ, યથા શક્તિ પ્રયત્ન કરેલ છે. સામાજિક, કૌટુંબિક માન્યતાઓ અને તેની સામાન્ય મધ્યમવર્ગના પાત્રોના જીવન ઉપર થતી અસરોનો નિર્દેશ કરવાનું લેખક ચુક્યા નથી. હરિવલ્લભ વ્યાસ મિત્રના દબાણને વશ થઈને શેર-સટ્ટા તરફ વળ્યા અને ડૂબ્યા તેનો નિર્દેશ કરી લેખકે સમાજ સામે લાલ બત્તી ધરી છે. મુનીમને ખેતરમાં મલેલા સાધુ, પુત્ર સંતાન થશે, સંતતિ મલશે પણ સંપત્તિ જશે.'' એવું

જણાવી, જેવું રહસ્યમય આગમન હતું તેવું રહસ્યમય ગમન દર્શાવી લેખકે અગોચર, દૈવી શક્તિઓને પણ આ વાર્તામાં યાદ કરી છે. તો જસુભાઈને યુવાવસ્થામાં જયા સાથે લગ્ન થયા બાદ આવેલ સ્વપ્ન અને વૃધ્ધાવસ્થામાં વિજ્યા સાથેનો જસુભાઈએ સ્વપ્નમાં કરેલ ગગન વિહાર, જેવી સ્વપ્નસૃષ્ટિનું આલેખન લેખકની કલ્પના શક્તિનું સામર્થ્ય દર્શાવે છે.

તમામ પાત્રો, પ્રસંગો વાચકને વિચારતા કરી મુકે તેવા છે. કોઈ ને કોઈ સંદેશ, બોધ આપે તેવા છે. આમ લેખકની સાદી, સરળ, આડંબર વિનાની, વાસ્તવિક, ચિંતનભાર વિહીન શૈલી તેમની આગવી પ્રતિભા અને ઓળખ ઉભી કરે છે. તેમનાં પાત્રો, તેમના વિચારો, તેમનાં વર્તન એક શિષ્ટ, સંસ્કારી, સંયમી સમાજના દર્શન કરાવે છે. વાર્તામાં ક્યાંય વેવલાઈ, અસભ્યતા, નગ્નતા, નિમ્નતા દેખાતી નથી તે લેખકની કલમની સિધ્ધી ગણાય.

લેખકનું આ દસમું પુસ્તક પ્રકાશિત થાય છે. તેઓશ્રી હજુ પણ ગુજરાતી સાહિત્ય સર્જન, સંશોધનમાં રચ્યાપચ્યા છે. તે જોઈને પ્રભુ તેમને ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ધાયુ જીવન અર્પે તેવી પ્રાર્થના.

• • •

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ફક્ત તું જ... | ૧ |
| ૨. | વિનુભાઈની વિજયા | ૧૮ |
| ૩. | જનકરાયની જયા | ૩૪ |
| ૪. | જે'શંકરના લગન લેવાયાં | ૪૯ |
| ૫. | જયંતિભાઈ અને જસવિદ્યા | ૬૫ |
| ૬. | પહેલી નજરનો પ્રેમ | ૮૬ |
| ૭. | ભુલ્યું ભુલાય નહીં | ૧૦૬ |
| ૮. | વિજયા જે'શંકરને વરી | ૧૨૯ |
| ૯. | જસુભાઈની જાન | ૧૪૫ |
| ૧૦. | કાળાં કરતૂતની કહાણી | ૧૬૦ |
| ૧૧. | સંસારમાં સપડાયા | ૧૭૮ |
| ૧૨. | ભુલ્યો ભુલ્યો રે તુ ભામિની ! | ૧૯૬ |
| ૧૩. | ક્યાં ખોવાણા કાન ! | ૨૧૦ |
| ૧૪. | ફટ્ ભુંડા ! નૂર લજવ્યું | ૨૨૭ |
| ૧૫. | તારો સંગ ક્યારે ? | ૨૩૯ |


• • •

# પાત્રપરિચય

૧. જસુભાઈની જાની - નાયક
૨. જયાબેન - નાયકનાં ધર્મપત્ની
૩. વિજયા - નાયકની પ્રેયસી
૪. જયશંકર - વિજયાના પતિ
૫. વિનુભાઈ - વિજયાની માતા
૬. વીરબાળા - વિજયાની માતા
૭. જનકરાય - જયાની માતા
૮. કાર્તિકેય, ગજાનન - જયાના ભાઈઓ
૧૦. જયંતિલાલ - નાયકના પિતા
૧૧. જસવિદ્યા - નાયકની માતા
૧૨. હરિવલ્લભ - જયશંકરના પિતા
૧૩. હીરાબા - જયશંકરનાં માતા
૧૪. જયવર્ધન - વિજયાનો પુત્ર
૧૫. જુલી - જયવર્દનની પત્ની

• • •

# 1. ફક્ત તું જ

જેવી આંખ મીંચાણી એવી તરત જ તું, તારો મલકતો, મલપતો ચહેરો, એ અગાધ ઊંડી, કાળી ભમ્મર જેવી, અણિયાળી આંખો, ફરકતા, થડકતા, ધ્રુજતા લાલ બિમ્બ જેવા, સુકોમળ, મધુર હોઠ, ખંજન ભર્યા, ભર્યા ભર્યા ગાલ, મોટું તેજસ્વી, ઝગારા મારતું કપાળ, અનાયાસે આગળ ફરકી જતી લટ, જેને તારા કરકમળના સ્પર્શ થકી વળી પાછા રમણીય કર્ણ પાછળ સરકી જવું પડતું અને એવીં તું, હા ! સુવાંગ તું, નજર આગળ તરવરતી, રમતી, હસતી, લટકાં કરતી, આંખોમાં મસ્તી નચાવતી, વહાલ કરતી, ઘડીક મીઠું મીઠું મરકતી, ઘડીક ઉદાસ થઈ જતી તો, ઘડીક કાંઈક શોધતી અને નજરો ધુમાવતી તો ઘડીક મારી સામે અનિમેષ નજરે જોઈ રહેતી. જાણે મને, મારામાંના સત્વને ઘુંટડે ઘુંટડે નયન જીહ્‌વા વડે સ્વમાં ઉતારતી હોય ! અને હું બાધા શો તને જેવી લાગતી, દેખાતી, જણાતી, સમજાતી તેવી તને, જોઈ રહું છું. ના કશુંય તું કાંઈ બોલી કે ના કશુંય મેં ક્યાં કશું સાંભળ્યું ? બસ, તું, તને, જેવી નજર સામે આવે તેવી અપલક નજરે જોતો જ રહ્યો. તને જોતા રહેવું એ મારે મન એક અનેરો લ્હાવો હતો. તને પકડી લેવાની કોઈ વૃત્તિ જ નથી જાગતી. તને છાતી સરસી ચાંપી ભીંસી નાખવાની કોઈ લાલસા જ નથી ઉદ્‌ભવતી. તને કાંઈ કહેવાનું, સૂચન કરવાનું, તારી પાસેથી કાંઈ માંગવાનું મન પણ થતું નથી. તને સ્પર્શ કરી લેવાની ઇચ્છા પણ ઉઠતી નથી. હૈયે કોઈ થડકાર નથી, કોઈ મંછા જ નથી. મનને આમ તને જોઈને પૂર્ણ ધરવ છે. કોઈ અગોચર, અલૌકિક સુખના મહાસાગરમાં તરતો હોઉં તેવું ભાસે છે. નિજાનંદના ફુવારાઓ ઊડે છે, તેનાં જલબિંદુઓમાં તારા અસ્તિત્વની સુગંધ ભળે છે, જે વાછટ રૂપે મારા ચહેરા ઉપર છાંટણાં રૂપે વરસે છે અને તેને લઈને નાસિકા સુગંધસભર થતાં હું, મને મૃત્યુલોકને બદલે સ્વર્ગ લોકમાં વિહરતો જીવ માની બેસું છું. તારો ચહેરો, તારી ચેષ્ટાઓમાં મને સ્વર્ગલોકની પરી દેખાય છે. હું તારો ઈંદ્ર, તું મારી મેનકા, ઉર્વષી, રંભા...! હું તારો કાનો અને તું મારી રાધા ! હા ! મેં તને મેનકા માની લીધી. મેં તને રાધા ગણી લીધી પણ તેં મને તારો કાનુડો ધાર્યો ? તને

હું ઈંદ્ર ભાસ્યો ? ખબર નથી અને જાણવું પણ નથી. બસ, તું, તું મારી વિજયા ! એ જ વિજયા જેની પાછળ હું છેલ્લા પચાસ વર્ષથી પાગલ છું. મારી વિજયા, મારો પહેલવહેલો પ્રેમ ! મારા ઉગું ઉગું થતા યૌવન પરોઢિયે, કિશોર કહેવાતો હતો અને માંડ સોળ સત્તરની ઉંમરનો હતો ત્યારે થઈ ગયેલો. મારા પ્રથમ દષ્ટો દ્રષ્ટના બળે ઉદ્ભવેલો પ્રથમ પ્રેમાંકુર ! એ નિર્દોષ બાલિકા વિજયાના સુકોમળ નિર્દોષ મુખારવિંદને આમ જ જોતો ઉભો રહી ગયો. પછી તો તું કિશોરી મટી યૌવના બની. યૌવનામાંથી યુવતી થઈ. યુવતી, તને સમાયાંતરે આધેડ બનતી જોઈ. વિજયા, કાળના પ્રહારે તને વૃદ્ધા બનાવી. દેહના આકારમાં બદલાવ થતો રહ્યો પણ જ્યારે જ્યારે તને જોઈ ત્યારે તારી આંખોમાં આવેલી કીકીઓમાં એ જ પ્રથમ પ્રેમાંકુર નજરે પડ્યો છે. હવે તો આ ભુલોક ઉપર તું નથી. તારા નશ્વર દેહને રાખ થઈ ગયે પણ વર્ષો વીતી ગયાં. પરંતુ હજુંયે જેવી આંખ મીંચાય છે તેવી તું નટખટ ગોરી બની મને સતત સ્વ સ્વરૂપ દષ્ટા બનાવે છે.

ઉઘાડી આંખે તો ઘણું બધું જોવાનું થાય છે. મારી પત્ની જયા, તેના દીકરા, વહુઓ, પૌત્ર, પૌત્રીઓ, દીકરી, જમાઈ, ભાણિયા, આ રાજ મહેલ જેવું મકાન, પલંગ, હિંચકો, ડાઈનીંગ ટેબલ, ફુલ ફર્નીશ્ડ રસોડું, બેડરૂમ, વિશાળ લીવીંગ રૂમ, સોફા, આ વૈભવ સુખ, સંપત્તિ અને સંતતિથી ભર્યો ભર્યો સંસાર ! પણ જયાં આંખ મીંચાણી એટલે ફક્ત તું જ...! મારી વિજયા ! બીજું કોઈ નહીં, બીજું કાંઈ નહીં ! ખબર છે મને કે હવે તું નથી મળવાની. તું હવે આ પૃથ્વી ઉપર નથી. હવે તને દષ્ટોદષ્ટ થવું સંભવ જ નથી. તારાં સુવાંગ દર્શન શક્ય જ નથી, કેમકે તું હવે આ ભુલોક માં નથી છતાંય આંખ મીચતાં જ મારી વિજયા મને મલવા, મારી આગળ-પાછળ, ઉપર-નીચે, આજુ-બાજુ તરત જ સરકી આવે છે અને હું પણ તેના આ આભાસી અસ્તિત્વને, નિઃશબ્દ થઈને, મનભરીને માણું છું. હા ! એ મારી વિજયા છે તેનો મને ગર્વ અનુભવાય છે. પણ સાથે સાથે ડર પણ લાગે છે. ક્યાંક વિજયાને ખોટું ના લાગી જાય ! નહીંતર ફરી આંખ મીંચાતા એ નહીં આવે ! અને તેથીસ્તો એ બંધ આંખે નજર સામે હોય છે ત્યારે હું કાંઈ જ બોલતો નથી, કોઈ પ્રતિભાવ પણ આપતો નથી. તેને અડકવા, પકડવા, બાથમાં લેવા, ચુમી લેવા, વાત કરવા કદી પ્રેરાતો નથી. સાવ નિઃશબ્દ અને જડવત્ રહી તેને જોયા કરું છું. તેની હાજરીને, બંધ આંખે

અનિમેષ નજરે, તેના આ આભાસી અસ્તિત્વને માણ્યા કરું છું. હા ! એ મારી સામે, મારી પાસે, હસતી, રમતી, વહાલ કરતી, મારી પ્રથમ પ્રેમિકા, વિજયા, હજુયે મને મલવા આવે છે. મને મલે છે. મારા માથે હાથ ફેરવે છે. મારી આગળ-પાછળ ફેર-ફુદરડી ફરે છે. મને ઉદાસ જોઈ ઉદાસ થઈ જાય છે. મને હસાવવા, મને ખુશ કરવા, મને આનંદિત જોવા તે પણ હજુયે નખરાં, લટકાં જેવી ચેષ્ટાઓ કરે છે. પણ હું સાવ બાધો થઈને તેને માત્ર નિરખતો રહું છું.

ઘણીવાર તને જોતાં જોતાં મન અંતઃમુખી બનીને વિચારે પણ ચઢી જાય છે. તું મને કેટલી બધી ચાહે છે ! અને હું ? તું દેહ સ્વરૂપે નથી તો પણ મારા માટે થઈને મને અચુક પણે નિયમિત દેખા દે છે અને હું ? તનેય ખબર હશે જ કે હું ઉઘાડી આંખે તો મારા સંસારધર્મમાં સતત રચ્યો પચ્યો હોઈશ તેથીસ્તો તું ક્યાં નજર સામે આવે છે ? પણ જેવો હું એ કર્તવ્યમાંથી પરવારું, આડો પડું, હું મારી જાત સાથે એકલો પડું અને સ્હેજ આંખ મીચું એટલે તું તરત જ ઉપસ્થિત થઈ જાય છે ! અને હું ? હા ! તારા આ અગાધ પ્રેમધોધ સામે મારામાં તો તારી યાદો નાં છાંટણાં અને ઘડીક ઉભરી આવતા વિષાદ શિવાય બીજું ક્યાં કશુંયે દેખા દે છે ? તું હતી ત્યારે પણ અને નથી તો પણ તું મારી બની જ રહી છે, રહે છે ! અને હું તો તું હતી ત્યારે પણ માત્ર તારો નહોતો બની શકતો અને આજે પણ શું છે ? હા ! તું હૈયાના એક ખૂણે સુદૃઢ આસન જમાવીને બેસી ગઈ છે તેમાં બેમત નહીં અને મનના એક અંધારિયા ભંડકીયામાં તું તારું આગવું સામ્રાજ્ય જમાવીને ધામા નાખીને પડી રહી છે તે પણ સાચું, પણ સવારે વહેલો ઉઠું ત્યારથી મોડી રાત્રે સુઈ જાઉં ત્યાં સુધીમાં તો તારા શિવાય અનેક સ્નેહી, સ્વજન, મિત્રો, ધંધાદારીઓ, આડોશી-પાડોશી, જાણીતા, ઓળખીતા, પારકા, પરાયા એમ અનેક જીવોને મલું છું. તેમની સાથે હરું ફરું છું, વાતો કરું છું, લાગણીઓની આપ-લે પણ કરું છું, ધર્મ સમજીને વર્તુ છું, ધંધો સમજીને વર્તુ છું. મારે તું એકલી નથી, ઘણાં બધાં છે. પણ એ બધું ઉઘાડી આંખે ! મારે પણ જેવી આંખ મીંચાણી એટલે ફક્ત તું જ....! જ્યારે તારે તો તું હતી ત્યારે પણ તારાં બધાંની વચ્ચે પણ તારા મનમાં તો માત્ર હું જ હતો, હું જ રમતો અને આજે પણ જ્યારે તું સદેહી નથી ત્યારે તો જાણે માત્ર અને માત્ર હું જ છું !

વિજયા ! હું મારી પેઢી ઉપર બેઠો હતો. માલ ખરીદનારા અને વેચનારા વેપારીઓની અવરજવર પેઢી ઉપર તો સવારથી સાંજ સુધી ચાલ્યા કરતી જસુભાઈ જાની (એટલે કે હું !) નું નામ બજારમાં મોભા રૂપ બની ગયું હતું. અમારી પેઢીની નામના, શાખ ચારેકોર ફેલાઈ ગયેલાં. મોટામાં મોટા વેપારીને પણ આ પેઢીનાં પગથિયાં ચઢવાં પડે છે અને નાનામાં નાનો વેપારી પણ સંકોચ વગર પેઢીએ આવી માલની લેવડ-દેવડ કરી શકતો. અહીં દગો ન થાય. અહીં જૂઠ નહીં ચાલે. બોલીને ફરી જનાર આ જણ નહીં. વહેવાર રોકડે, ઉધારીની વાત નહીં પણ છતાંય ફદીયાં ના હોય તો કામ નહીં અટકે. ભરોસાથી વાત અને વહેવાર ચાલે. દગો કરી જાય તો પણ શરમાઈ, પસ્તાઈને, કરગરી પડીને, માફી માગીને પાછો આવી બધો હિસાબ સરભર કરી જાય. છતાંય તેને કોઈ ઠપકો ના દે. ઉપરથી ચા-પાણી-નાસ્તો કરાવીને રજા આપે એવી ખાનદાન પેઢી તરીકેની અમારી શાખ ! મુનીમ, ગુમાસ્તા, નોકર-ચાકર પણ પોતાની પેઢી ગણીને સઘળો વહીવટ ચલાવે. કોઈને મનદુઃખ નહીં, કોઈના મનમાં પાપ નહીં, દગો નહીં ! કોઈ ચોરી કરવાનો તો વિચાર સુદ્ધાં ના કરે ! અને છેલ્લે ત્રીસ-ચાલીસ વરસોમાં ઘણું કમાયો, ઘણું ખોયું પણ ખરું ! હવે તો પેઢી દીકરાઓ સંભાળે છે. હું તો ઘડીક આવું, મારી અલાયદી કેબીનમાં કલાક-બેકલાક બેસું. હા ! બંને દીકરા બહાર હોય ત્યારે લાંબું બેસવાનું થાય. દીકરા પણ હોશિયાર અને કહ્યાગરા છે. મારા કરતાં પણ વધારે પ્રામાણિક, દયાળુ સ્વભાવના છે.

આમ એક દિવસ પેઢી પર હું એકલો જ બેઠેલો અને ત્રણ-ચાર વેપારી મુનીમ પાસે આવેલા. ધંધાની બાબતે લાંબી ચર્ચા ચાલી. આ બધું હું કેબીનના કાચમાંથી જોઈ રહેલો. થોડીવારે એ વેપારીઓ અને મુનીમને મારી કેબીન તરફ આવતા જોયા. એ બધા અંદર આવ્યા. સામે મુકેલી ખુરશીઓમાં ગોઠવાયા. મુનીમે વિગતો સમજાવી. વેપારીઓએ તેમના તરફથી રજુઆત કરી. બધાને સંતોષ થાય એવો રસ્તો નીકળ્યો. બધાંના ચહેરા ઉપર હળવું હાસ્ય હતું.

"ચાલો ત્યારે શેઠ અમને રજા આપો." એક વડીલ વેપારી બોલ્યા.

"ના, ના એમ તે કાંઈ જવાતું હશે ?" એમ કહી મેં મુનીમ તરફ નજર ફેરવી, "ચા અને ગરમ નાસ્તો મંગાવો. અમે બધા સાથે ચા-નાસ્તો કરીશું." અને હું હસી પડેલો.

થોડી રકઝક પછી વેપારીઓ ફરી ખુરશીઓમાં ગોઠવાયા અને મુનીમ ચા-નાસ્તાની વ્યવસ્થા કરવા બહાર નીકળ્યા અને હું વેપારીઓ સાથે વાતે વળગ્યો. "ક્યા ગામના, પ્રભુ ?"

"સોખડા ગામના છીએ, શેઠજી" એક વેપારી એ પ્રત્યુત્તર આપ્યો.

"કયું સોખડા ? શિવરાત્રીના દિવસે મહાદેવના મંદિરે મેળો ભરાય છે તે સોખડા ?"

"હા, હા. એ જ સોખડા."

"એ મહાદેવના મંદિરના પૂજારી જે'શંકર મહારાજને તો ઓળખતા જ હશો ?"

"હા, જી. કેમ નહીં ?"

"શું કરે છે મહારાજ ?" મેં સામો પ્રશ્ન કરેલો.

"શું કરે બાપડો જીવ ! સવાર-સાંજ આરતી-પૂજા કર્યા કરે છે. ગામવાળાએ બાંધી આપેલી રકમમાં પુરું પાડે છે. એકલા જીવને કેટલું જુવે ?"

"કેમ એકલો જીવ ? તેમનાં ઘરવાળાં હશે ને ?"

"ના, ના. હવે તો જોડે કોઈ નથી. જે' શંકર મહારાજ એકલા જ છે. મહાદેવના મંદિરના કમ્પાઉન્ડમાં જ ગામ વાળાં એ એક ઓરડી ઉતારી આપી છે તેમાં પડી રહે છે. આમ તો ગામમાંથી રોજેરોજ એકાદ થાળ તો ભોળાનાથને ત્યાં આવતો જ હોય. મહારાજ એક ટાણુ જમે છે એટલે એ દા'ડો હાલ્યો જાય. પણ કોક દી' થાળ ના આવ્યો હોય તે દિ' મહારાજ જાતે ખીચડું બાફીને ખાઈ લે. બીજું શું ?"

"તે એમના ઘેરથી છોકરા-વહુ જોડે રહેવા જતાં રહ્યાં હશે." ફરી પૂછી બેઠેલો.

"ના, ભાઈ, ના. ગોરાણી તો જતાં રહ્યાં, ઉપર." વેપારી એ આંગળી આકાશ તરફ અધ્ધર કરીને વાતની સ્પષ્ટતા કરેલી. સાંભળીને હું ખુરશીમાંથી અડધો ઉભો થઈ ગયેલો.

"હેં !" મારા મોંમાંથી જાણે ચીસ પડાઈ ગયેલી. "ક્યારે ?" હું ફાટેલી આંખે વેપારીઓ સામે જોઈ રહેલો.

"અરે શેઠ, એ વાતને તો ચાર-પાંચ મહીના થઈ ગયા ! હું હળવેકથી ખુરશી ઉપર બેસી ગયેલો. પાંચેક મિનિટ તો સાવ સુનમુન જેવો બેસી રહેલો. બે હથેળીઓ માથા ઉપર દબાઈ ગયેલી.

"તો એ જે'શંકર મહારાજ તમારે કાંઈ સંબંધી થાય ?" મારી આવી અવસ્થા જોઈને એક વેપારી પૂછી બેઠેલો અને એ વેપારીના અવાજથી જાણે હું ભાનમાં આવ્યો.

"ના, ના. સંબંધ તો કાંઈ નહીં. આ તો વારે ઘડીએ મહાદેવનાં દર્શને આવીએ ને એટલે મહારાજ સાથે માયા થઈ ગયેલી."

લોચા વાળતી જીભે મેં આવો જવાબ આપેલો. પછી તો મુનીમ નોકર સાથે ચા-નાસ્તો લઈને આવ્યા. મેં એ બધાં સાથે વાતો કરતાં કરતાં ચા-નાસ્તો કરેલો. બધું પત્યું એટલે સૌને નમસ્કાર કરી વિદાય આપી.

પણ બધા વિખરાયા અને કેબીનમાં એકલો પડ્યો એટલે મારા મનને વિષાદે ઘેરી લીધેલું.

વિજ્યા ! આમ તારા અવસાનના ચાર-પાંચ માસ બાદ મને સમાચાર મળેલા.

થોડીવાર કેબીનમાં નીચું મોં કરીને એકલો બેસી રહ્યો. સાવ શૂન્યમનસ્ક થઈ ગયેલો અને વિચારે ચઢી ગયેલો.

સોખડા મહાદેવનાં દર્શન કરવાના બહાને હું વરસમાં બે-ત્રણ વખત ત્યાં જતો. મોટાભાગે મારી સાથે મારી ધર્મપત્ની જયા, છોકરા, વહુઓ, નાનાં પોયરાં હોય જ. મહાદેવના મંદિરના કંપાઉન્ડમાં મારી મોટી ગાડી-કાર પ્રવેશે એટલે જે'શંકર મહારાજ તેમની ઓરડીમાંથી ઝટપટ બહાર નીકળતા. પોતિયાનો છેડો એક હાથે પકડીને ઉતાવળા ઉતાવળા ગર્ભ-ગૃહ તરફ જતા. તાળું ખોલી, જાળી ખોલતા. શિવલિંગને પગે લાગી એટલી જ ઝડપે મારી કાર પાસે આવી પહોંચતા. હું ગાડીમાંથી સૌ પ્રથમ બહાર નીકળી ઊભો રહેતો. થોડીક આળસ મરડતો, આમ તેમ કમર ધુમાવતો પણ મારી નજર મંદિરના આખા કમ્પાઉન્ડમાં ફરી વળતી. ખાસ કરીને મહારાજની ઓરડી તરફ વારંવાર ફંટાતી, ઓરડીની

અંદર દૃષ્ટિ ફરી આવતી પણ તું જડતી નહીં. મારી આમ શારીરિક, માનસિક, દૃષ્ટિની કસરત ચાલુ જ હોય એટલામાં જે'શંકર મહારાજ છેક મારી પાસે આવી જતા અને 'નમસ્કાર'ની મુદ્રા સાથે 'પધારો, પધારો, જસુભાઈ શેઠ પધારો.''નો પોકાર કરતા અને હું મારી દૃષ્ટિ વાળી લઈ જે'શંકર મહારાજ સાથે હસ્તધૂનન કરતો. એટલી વારમાં છોકરાં-છૈયાં સમેત ધર્મપત્ની પણ મંદિરનાં પગથિયાં તરફ પ્રયાણ શરૂ કરતાં. તે જોઈને મહારાજ દોડતા દોડતા આગળ જતા રહેતા અને હું પણ પાછળ પાછળ ઘસડાતો જતો. મહારાજ પુરુષ વર્ગને ગર્ભગૃહમાં વારાફરતે દોરી જતા અને લોટામાં પાણી ભરી આપી જલાભિષેક કરાવતા. સાથોસાથ મંત્ર-જાપ, સ્તુતિના ભાગ્યા-તૂટ્યા ઉચ્ચાર કર્યે જતા. પછી સૌ સાથે મંદિર-ગર્ભગૃહની અર્ધ-પ્રદક્ષિણાઓ પુરી કરતા. ફરી શિવલિંગનાં દર્શન કરતા. બાળકો ઘંટારવનો આનંદ લેતા. સ્ત્રી વર્ગ માથે સાડી-પાલવ ઓઢી બહારથી જ શિવલિંગનાં દર્શન કરતાં અને પ્રદક્ષિણા કરતાં. પછી મહારાજ સૌને તિલક કરતા અને સૌના હાથમાં બિલિપત્ર - ફુલ પ્રસાદ રૂપે આપતા. નાના બાળકો, સ્ત્રી વર્ગ અને યુવાન છોકરાઓ મહારાજને પગે લાગી કૃતકૃત્ય થતાં અને મહારાજ સૌના માથા ઉપર હાથ મુકી આશીર્વચન આપતા.

છેલ્લે ધર્મપત્ની મને આંખનો ઈશારો કરતાં એટલે હું ખિસ્સામાંથી પાકીટ કાઢી પાંચસો રૂપિયા મંદિરના ભંડારા-પેટીમાં સરકાવતો અને બીજી પાંચસો રૂપિયાની નોટ જે'શંકર મહારાજ સામે ધરતો.

''આની શું જરૂર હતી ?'' એમ મહારાજ હસતાં હસતાં બોલતા તેમના આગળના બે દાંત પડી ગયેલા તેથી તેમનું મોં બોખું લાગતું હતું. મહારાજ બોખા મોંએ મારી સામે જોઈને મરક મરક હસતા. હું કાંઈ પણ પ્રત્યુત્તર આપ્યા વગર, તેમની સામે પ્રતિ-મરક હાસ્ય સહિત, નોટ ધરીને ખસ્યા વગર ઉભેલો જ રહેતો.

''લઈ લ્યો, મહારાજ.'' ત્યારે વચ્ચે પડીને મારાં ધર્મપત્ની જયા નિર્ણય આપતાં અને મહારાજ તેને અનુસરતા.

''તમારું માન રાખવા માટે લઉં છું, હોં'' એમ પ્રત્યુત્તર પણ આપતા. છેલ્લે મંદિરનાં પગથિયાં ઉતરતાં મારી કાર તરફ સૌ વળતાં.

"મહારાજ, હવે અમને રજા આપો." પાછળ પાછળ ચાલ્યા આવતા જે'શંકરને ઉદ્દેશીને હું છેલ્લે કહેતો અને તેમની તરફ પુંઠ ફેરવી 'નમસ્કાર'ની મુદ્રા કરતો. એટલીવારમાં તો વહુઓ અને બાળકો તો ગાડીમાં બેસવા પણ મંડ્યાં હોય ! ત્યાં તો મહારાજ મારા બંને હાથ પકડી લેતા અને કરગરતા હોય તેમ કહેતા,

"ના, ના, શેઠ એમ બારોબાર ના જવાય. અમારી ઓરડીએ પધારો. ચા પીને જ જવાનું છે. બાળકો પણ ભૂખ્યાં થયાં હશે. તે બધાં પણ નાસ્તો કરશે." અને મારા જવાબની રાહ જોયા વગર ઓરડી સામે જોઈને જાણે કે બૂમ જ પાડતા,

"ગોરાણી, ખુરશીઓ બહાર કાઢો અને ચા મુકો. હું બજારથી નાસ્તો લઈને આવું છું. બધાંને પાણી પણ પાજો." અને મહારાજ પોતિયું ઝાલી અંગરખા વરાણિયે મંદિરના ઝાંપા બહાર નીકળી જતા.

હું થોડીવાર જયા સામે જોઈ રહેતો.

"એમનો એટલો આગ્રહ છે તે ના પણ થોડી પડાશે ?" એમ કહી જયા બાળકો તરફ જોઈને હુકમ કરતાં, "ચાલો છોકરાં, પેલી રૂમ ઉપર જવાનું છે." અને નાનાં ટાબરીયાંની આંગળી પકડી જયા મહારાજની ઓરડી તરફ પ્રયાણ કરતી. તેમની પાછળ વહુઓ, દીકરા દોરાતાં અને છેલ્લે હું નીચી મુંડીએ ઓરડી તરફ જવા વળતો.

કોઈ ખાટલામાં, કોઈ ઓટલા ઉપર તો કોઈ ખુરશીમાં ગોઠવાઈ જતું. દાદા માટે એક ખુરશી ખાલી રાખેલ તેમાં હું બેઠો.

"લ્યો, પાણી પી લ્યો" વિજયાનો અવાજ કાને પડ્યો અને મેં નજર ઉપર ઉઠાવેલી. ગ્લાસ હાથમાં લીધો. અન્યોન્ય અંગુલી સ્પર્શ થયા, રોમાંચ ઉદ્ભવ્યો, શરીર અને મનમાં જાણે ઝણઝણાટી પણ થઈ, કપાળે પ્રસ્વેદ બિંદુ ચમક્યાં. પણ મન ઉપર બુદ્ધિ એ લગામ લગાવી અને મન સ્થિર થયું, સ્થિર કર્યું અને ગ્લાસ હોઠ તરફ લઈ જઈ સ્થિતપ્રજ્ઞ શી અવસ્થા ઉભી કરી પાણી પી લીધેલું. એટલામાં તો મહારાજ નાસ્તો લઈને આવેલા. આમ ચા-નાસ્તાને ન્યાય આપ્યો. હું અને મહારાજે થોડી વાતો કરી. સ્ત્રી વર્ગ પણ ઔપચારિક વાતોમાં વળ્યો. પરંતુ તે

દરમિયાન બળપૂર્વક નજર ફેરવી બે-ત્રણ વાર મેં વિજયા સામે જોઈ લીધેલું અને ત્યારે ધ્યાનમાં આવેલું કે વિજયા પણ એવા જ પ્રયાસો કરતી હતી.

"હવે તબિયત કેમ રહે છે ?" અમારાં ધર્મપત્ની જયા એ વિજયા ને પૂછ્યું.

"ચાલ્યે જાય છે." વિજયાએ હસતા મોંએ જવાબ આપ્યો. "ઠીક ના રહેતું હોય તો છોકરા-વહુ જોડે રહેવા જતાં રહો." જયા ફરી બોલેલી.

વિજયાએ પહેલા મારી તરફ દૃષ્ટિ ફેરવી, પછી મહારાજ સામે જોયેલું પછી મહારાજ, હું અને વિજયા થોડો સમય ચુપ રહ્યાં. મેં અંતે મૌન તોડ્યું.

"આવજો." કહીને હું પ્રથમ ઉભો થયો.

કાર સુધી મહારાજ અમને વળાવવા આવેલા પણ વિજયા ઓરડીના દરવાજે જ ઉભી રહેલી.

હું કારમાં બેઠો. મારી નજર ઓરડી તરફ ગઈ. વિજયાએ હાથ ઉંચો કર્યો. પ્રત્યુત્તરમાં મારાં ધર્મપત્ની જયાએ પણ વિજયા સામે હાથ ઉંચો કરેલો અને 'આવજો'ની મુદ્રા કરેલી. આ જોઈને હું મરક મરક હસી પડેલો.

"ભલી બાઈ છે" એમ બોલીને જયા કારમાં બરાબર ગોઠવાઈ ગયેલી. પછી પાછું ચાલુ કરેલું, "છોકરાની વહુ વિચિત્ર મલી છે. કેમનું કરીને બે જણાં ત્યાં રહેવા જાય ? બધાંને આપણા જેવું સુખ નથી હોતું. તમારે છોકરા અને વહુઓ હાથમાં ને હાથમાં રાખે છે એટલે તમને એમના દુઃખની ખબર નહીં પડે." મેં જયાને સામે કોઈ પ્રત્યુત્તર નહીં આપેલો.

સોખડા પ્રવાસ પછીના બે-ત્રણ દિવસે મારે ધંધા અર્થે ડ્રાયવરને લઈને તે બાજુ જવાનું થયેલું. સોખડા ગામ પાસેના રોડ ઉપરથી કાર પસાર થતી હતી તેથી ડ્રાયવરને ઈશારો કરી ગામમાં ગાડી લેવા જણાવેલું અને કહેલું,

"મહાદેવનાં દર્શન કરતા જઈએ."

ડ્રાયવરે મંદિર પ્રાંગણમાં કાર ઉભી રાખી. હું મંદિરના ગર્ભ તરફ ગયો. શિવલિંગનાં દર્શન કર્યાં. આજુબાજુ ક્યાંય જે'શંકર મહારાજ દેખાયા નહીં. ઓરડી તરફ વળ્યો અને બૂમ મારી.

"મહારાજ..." પ્રત્યુત્તરમાં વિજયા બહાર આવેલી.

"એ તો નથી. બહારગામ ગયા છે. રાત્રે મોડા આવશે."

"સારું, તો હું નીકળું." મેં પુંઠ વાળી.

"મહારાજ નથી તો શું થયું ? ઘર ખુલ્લું છે. અમે તો છીએ." વિજયા મસ્તી ભર્યા લ્હેકાથી બોલી.

મારા પગ અટકી ગયા. પાછા વળી ઓટલા ઉપર બેઠો. પાણી પીધું. "ચા નથી પીવી." મેં સ્પષ્ટતા કરી. પાણીનું ખાલી પવાલું હાથમાં લઈ વિજયા ઉભી રહી. મેં તેના ચહેરા ઉપર નજર ઉઠાવી. તે રડતી હતી, ધીમાં ધ્રુસ્કાં પણ લેતી હતી. હું કાર તરફ વળ્યો. એક ખોખું કાઢ્યું અને પાછો વિજયા પાસે આવ્યો. ડ્રાયવર તો મંદિર બહાર બીડી પીવા જતો રહેલો.

"લ્યો, આ મોબાઈલ રાખો. મારો અંગત મોબાઈલનો નંબર અંદર સેવ કરેલો છે. 'જસુ જાની'ના નામે સેવ કર્યો છે. વિજયા મારી સામે તાકી રહેલી. "મુંઝાઈશ નહીં. હજું હું જીવું છું. કોઈ વાર મારી સાથે વાત કરજે. મન હળવું થશે." એકી અવાજે હું બોલી ગયેલો. "અંદર ચાર્જર પણ છે."

"મહારાજ પૂછે તો ?"

"બેધડક કહી દેજે જસુભાઈ શેઠે આપ્યો છે. પણ વાત કરતી રહેજે." પણ વિજયાએ હાથ નહીં લંબાવેલ તેથી ઓટલા ઉપર મોબાઈલનું ખોખું મુકીને હું કારમાં બેસી ગયેલો. ડ્રાયવરને ગાડી સ્ટાર્ટ કરવા ઈશારો કરેલો. આમ હું વિજયા તરફ નજર કર્યા વગર જ નીકળી ગયેલો.

એ વાતને પણ દસેક દિવસ થઈ ગયેલા પણ વિજયાનો ફોન નહીં આવેલો. તેથી એક દિવસ બપોરે એકલો બેડરૂમમાં આરામ કરતો હતો ત્યારે મેં સામેથી રીંગ આપી. વિજયાએ જ ફોન ઉપાડેલો. ના તો હું કશુંય બોલ્યો કે ના તે કશું બોલેલી. બે-ત્રણ મિનિટ આમ જ ફોન પકડી રાખ્યો. મને વિજયાના શ્વાસોશ્વાસનો અવાજ સંભળાતો હતો. અંતે હું બોલ્યો "હેલ્લો..."

"પછી ફોન કરું છું." કહીને વિજયા એ કટ કરેલો.

સાંજે મહારાજ આરતી માટે ગયા હોય, બજારમાં ગયા હોય, મંદિરમાં હોય ત્યારે જ વિજયા ફોન જોડતી. ત્યારે ઘણીવાર હું ઉપાડી ના શકતો. આમ પંદર-વીસ દિવસે માંડ એકાદ વાર શાંતિથી વાતો થતી. ઘરની વાતો, દીકરા-વહુની વાતો, ગામની વાતો, જે'શંકર મહારાજના સાલસ સ્વભાવની વાતો,

શારીરિક પીડા, રોગ દુઃખની વાતો, આર્થિક સંકડામણની વાતો થતી. તેનું મન હળવું થતું અને મને સારું લાગતું. બાકી સાઈઠ વર્ષે પ્રેમલા-પ્રેમલી જેવા ચમકારા તો અમારી વાતોમાં ક્યાંથી હોય ?

જો કે છેલ્લા ચાર-પાંચ મહીનાથી વિજ્યાનો ફોન આવેલો નહીં તેથી મનમાં તો થયા કરતું હતું કે ગમે તેમ કરીને એ બાજુ આંટો મારી આવું. એટલામાં તો સોખડાના વેપારીઓ આવ્યા અને વિજ્યાના દેહાંતના સમાચાર અચાનક મલ્યા.

“શેઠ, તબિયત તો સારી છે ને !” મારા કાને મુનીમનો અવાજ સંભળાયો અને મેં ટેબલ ઉપર નાખી દીધેલું માથું ઉંચું કર્યું.

“ના, ના સારી જ છે.” કહીને સ્વસ્થ થવા પ્રયત્ન કરવા માંડ્યો. થોડીવારે સચેતન બની ગયો. બાજુમાં ઢાંકીને મુકેલા પાણી ભરેલા ગ્લાસને ઉઠાવી પાણી પીધું. પછી ખુરશીમાંથી ઉભો થયો. હેન્ડ બેગ હાથમાં લીધી અને મુનીમ તરફ જોઈને બોલેલો,

“ડ્રાયવરને કહો, ગાડી કાઢે.” અને હું કેબીનની બહાર નીકળી ગયેલો.

બંગલે પહોંચ્યો ત્યાં સુધી હું કારમાં સુનમુન બેસી રહેલો. યંત્રવત કારમાંથી ઉતરેલો. ઘરમાં જઈ સીધો બેડરૂમ તરફ વળ્યો. કપડાં બદલી નાઈટ ડ્રેસ પહેરી ને હાથ, પગ ધોઈ, મોં ઉપર પાણી છાંટીને ફ્રેશ થવા પ્રયત્ન કર્યો. વોશબેઝીન સામેના દર્પણમાં મેં મારી જાતને જોયેલી તો મારા ચહેરા ઉપરની ઉદાસીનતા ઉડીને આંખે વળગે તેવી સ્પષ્ટ દેખાતી હતી. મન અને શરીર જાણે સાવ નંખાઈ ગયાં હતાં. હું બેડ ઉપર આડો પડ્યો. સ્હેજ આંખ મીચીં ત્યાં વિજ્યા નજર સામે તરવરી. એવીજ નટખટ, મસ્તીભરી, મજાની, વ્હાલી લાગે તેવી મારી વિજ્યા ! અને તે મારી સામે આંખો નચાવતી મને જોઈ રહેલી અને હું તેને વિમૂઢ બનીને તાકી રહ્યો. આમ ખાસ્સું ચાલ્યું.

એટલામાં જયા બેડરૂમમાં આવી. તેણે મારા કપાળ ઉપર હાથ મુક્યો અને બબડી,

“જુઓ તો ખરા, તમારું કપાળ લ્હાય જેવું છે. છોકરાઓએ બધું સંભાળી લીધું છે, છતાંય પેઢીનો મોહ છૂટતો નથી. આ નીકળ્યા પેઢી ઉપર ! હવે

ઉંમરલાયક થયાં આપણે. મારાથી પણ હવે પહેલાંની જેમ ઘરનું કામ ક્યાં ધા મારીને થાય છે ? વહુઓ જેવું કરે તેવું ચલાવી જ લઉં છું ને ! અને મારા બંને દીકરા તમારા કરતાંયે પેઢીનું કામ સારી રીતે ચલાવે છે. છતાંય તમે જંપ વાળીને બેસો છો ? આમ ને આમ તબિયત બગાડશો તો છોકરાંને જ હડીયો કાઢવાની ને ? અને મારા ભાગે તમારી ચાકરી આવશે. એના કરતાં ઘેર બેઠા આરામ કરતા હોવ તો ? છોકરા તમને પૂછ્યા વગર ક્યાં કશું કરે છે ? પણ કોઈનું માનવાનું જ નહીં ને ! કાંઈ કાગળીયાં જોવાં હોય તો ઘેર મંગાવી લેવાનાં. કાલથી પેઢી ઉપર જવાનું સદંતર બંધ ! સમજ્યા ?''

જયાનો અવાજ કાને પડ્યો એટલે વિજ્યા તો ગુમ થઈ ગયેલી અને મેં આંખો ઉઘાડેલી અને જયા સામે જોઈ રહેલો.

હવે થોડું ખાઈ લો. જે ભાવે તે, પછી આડા પડો. હમણાં કામવાળી વાસણ ઘસવા આવી પહોંચશે અને અમેય પછી ઝટ પાલીને આડાં પડીએ ને !''

''આજે ભૂખ જેવું નથી.'' એટલું કહી મેં પાસું ફેરવી દીધેલું.

''તારા પપ્પા તો નહીં ખાય. એમને શરીરે ઠીક નથી લાગતું'' એમ બબડતાં બબડતાં જયાબેન રસોડા તરફ વળેલાં. ''બાકી બધાં છોકરાં ડાઈનીંગ ટેબલ ઉપર ગોઠવાઈ જાઓ.''

પણ રાત્રે છોકરાઓ, નાનાં પોતરાં બધાં વારાફરતે મારી પાસે આવી ગયેલાં.

''હવે કેમ છે ?''

''દાક્તર બોલાવવો છે ?''

''લીંબુ પાણી પી લો. પેટમાં ગરબડ હશે તો સારું થઈ જશે.'' એમ જુદાં જુદાં સૂચનો આવતાં રહ્યાં.

છેલ્લે જયાબેન બેડરૂમમાં આવ્યાં. હું પાસુ ફેરવીને આંખ બંધ કરીને જાગતો પડી રહેલો. તેમણે મારા કપાળ ઉપર હાથ મુક્યો.

''ના, કપાળ તો ઠંડુ લાગે છે. માથું દુઃખતું હોય તો દબાવી આપું ?'' જયાબેન દયામણું મોં કરીને ધીમા અવાજે બોલેલાં.

મેં હાથ ના ઈશારે ના કહેલી પણ પાસું ફેરવ્યું નહીં અને આંખો પણ ખોલેલી નહીં.

આ જોઈને જયા પણ પાસુ ફેરવી સૂઈ ગયેલી. પણ રાત્રે મોડે સુધી ઉંઘ ના આવી. વિજયાના જ વિચારો અને બંધ આંખો આગળ તરવરતી વિજયાની જ છાયા ! મોડે સુધી છેલ્લા ચાલીસ વર્ષમાં વિજયા સાથેના મિલાપ પ્રસંગો, વાર્તાલાપો, ચિત્રપટની માફક વિચારોમાં ઉભરાવા લાગ્યા અને બંધ આંખે દેખાતી વિજયા જાણે મારી મશ્કરી કરતી હોય તેવી મુખમુદ્રા, હાવભાવ, ચેષ્ટાઓથી મને પજવતી રહી. પરોઢિયું થવા આવ્યું. ઠંડી હવાનો અહેસાસ થવા માંડ્યો. તેથી જયા એ બેઠા થઈને મને ચોરસો ઓઢાડ્યો. થોડીવાર પછી જયા મને બરડેથી ચોંટી પડી, લપાઈને ઉંઘી ગઈ અને એ સ્ત્રી દેહ સ્પર્શે મારા માનસપટ ને મૂઢ બનાવ્યો. અંતઃમનને એવું ભાસ્યું કે વિજયા મને સ્પર્શીને સુતી છે અને મન નશાભૂત બની ક્યારે નિદ્રાવશ થઈ ગયેલું તેનું પણ મને ભાન નહોતું રહ્યું.

બીજા દિવસે સવારે નવ વાગ્યા સુધી હું ઉંઘતો રહેલો. જાગ્યો અને મન જાગૃત થતું ગયું ત્યારે હાથ ફેરવી વિજયાને સ્પર્શવા બંધ આંખે પ્રયત્ન થયેલો. પણ હાથ ને કોઈ સ્ત્રી દેહ સ્પર્શ્યો નહીં. મન વધુ જાગૃત થયું. હા ! કાલે તો સમાચાર મળ્યા કે વિજયા હવે આ દુનિયામાં નથી. એના દેહ વિલયને ઘણો સમય વીતી ગયો છે અને જયા તો વહેલી ઉઠી જ ગઈ હશે ! બેડરૂમની દિવાલ ઉપર લટકતી ઘડીયાળમાં જોયું. નવ વાગી ગયેલા. "અત્યાર સુધી તો જયા બેડરૂમમાં હોય જ નહીં." મનમાં બબડેલો. પછી બેઠો થઈ બ્રશ ઈત્યાદિ દૈનિક ક્રિયાઓ પતાવી બેડરૂમની બહાર આવી ડાઈનીંગ ટેબલની ખુરશીમાં આવી બેસી ગયેલો.

"લે, તારા પપ્પા તૈયાર થઈને આવી ગયા" જયાબેન વહુઓ તરફ જોઈને બોલ્યાં. "હમણાં ચા-નાસ્તો મોકલાવું" તેણે મારી તરફ જોયું. "હવે કેમ લાગે છે ?"

"સારું છે." મેં ટુકો જવાબ આપેલો.

ચા-નાસ્તાને ન્યાય આપી હું ફરી બેડરૂમમાં ભરાઈ ગયેલો. આખો દિવસ મેં ઘર નહીં છોડેલું. અને બંધ આંખે આડો પડતો ત્યારે વિજયાએ મારો પીછો નહીં છોડેલો.

આમ બે-ત્રણ દિવસ વીતી ગયા. હવે હું નોર્મલ થતો જતો હતો.

એક રાત્રે પરવારીને જયા બેડરૂમમાં આવી અને મારી પાસે બેઠી એટલે તેના હાથની હથેળી મેં મારા હાથમાં લીધી.

"તને એક વાત કહેવી છે." મેં હળવેક થી કહ્યું. જયાના ચહેરા ઉપર ચિંતા ઉભરી આવી. તેથી ગભરાયેલા અવાજે બોલી,

"શું વાત છે ?"

"કશું ચિંતા કરવા જેવું નથી. આપણે સોખડા મહાદેવના દર્શને જઈએ છીએ ને !"

"હા, હા. તે એનું શું છે ?"

"મંદિરના મહારાજ જે'શંકરનાં વહુ ગુજરી ગયાં."

"ક્યારે ?"

"ચાર - પાંચ મહીના થઈ ગયા, એ વાતને તો."

"તમને કોણે કહ્યું ?"

"સોખડા ના વેપારી પેઢી ઉપર આવેલા એમણે વાત કરી."

"દુખિયારી બાઈ હતી. દુઃખમાંથી છૂટી ગઈ. મહારાજ આપણું બહું માન રાખતા. આપણે મહારાજને મલવા જવું પડે. દિલાસો આપીશું, બીજું તો આપણાથી શું થઈ શકે ? તમને નવરાશ હોય ત્યારે ગોઠવજો. ઠપકો પણ આપજો કે આપણને જાણ કેમ ના કરી.'

"બાપડો ભલો માણસ હતો. છોકરાનું વહુ આગળ ચાલતું નથી અને વહુ કાળઝાળ અને હલકટ મલી છે. અત્યારસુધી તો બે જણાં એકબીજાની હુંફે દાડા કાઢતાં હતાં. પણ હવે એ જીવ પણ એકલો પડ્યો હશે ! ભોળાનાથના શરણે છે તેથી ચિંતા મહાદેવને ! કાંઈકને કાંઈક ગોઠવી આપશે. જઈએ ત્યારે મૂઠી વાળીને તેમના હાથમાં થોડીક રકમ મુકીશું. એમને કામ આવે અને આપણને પુણ્ય મલે. આપણને જોઈને તો મહારાજ સાવ ગાંડા-ઘેલા થઈ જતા."

જયાએ તો ખાસ્સું ચલાવ્યું અને એ બધું સાંભળતાં સાંભળતાં હું ઉંઘમાં સરી પડેલો.

અઠવાડિયામાં જ સોખડા મહાદેવના મંદિરે જવાનું ગોઠવાઈ ગયેલું. મહારાજ મળેલા. મારા ખભે માથું મુકીને તે ધ્રુસ્કે ધ્રુસ્કે રડેલા. રડતાં રડતાં એ સતત બબડતા હતા,

"મને એકલો મુકીને એ ચાલી ગઈ."

"હવે તમને એકલાંને અહીં ગાંઠશે નહીં. ગમે તેમ કરીને દીકરા-વહુ જોડે જવાનું ગોઠવી દો." જયાએ પણ રડતી આંખે મહારાજને કહેલું.

પણ આ સાંભળીને મહારાજે આંખનાં આંસુ લૂછી નાખેલાં. ટટ્ટાર થઈ ગયેલા. આંખો પહોળી કરી નાખેલી અને મોટા અવાજે બોલેલા.

"જે વેઠવાનું હશે તે વેઠીશ અને જે થવાનું હોય તે થાય પણ છોકરાની વહુ પાસે તો નહીં જ જાઉં."

"એટલી બધી જીદ સારી નહીં, મહારાજ."

"છોરું કછોરું થાય, માવતર કમાવતર ના થાય."

"ના, ના અને ના. એકવાર નહીં સાડી સત્તરવારની ના."

"કેમ ? તમને બહું વીતાડ્યું છે ? બહુ કવેણ સાંભળ્યાં છે ?"

"મારી તો વાત જ જવાદો. એ બાઈએ મારું માથું પણ ધડથી જુદું કરી નાખ્યું હોત તોયે હું એને માફ કરી દેત. મારા માટેની તો કોઈ વાત જ નથી. પણ એણે ગોરાણીને બહું દુઃખ દીધેલું. એના નિસાસા લીધા છે. મા-દીકરા વચ્ચે આડી દિવાલ થઈને એ ઉભી રહેલી. હવે ગોરાણી નથી અને હું એના ઘડેલા રોટલા ચગળવા ત્યાં જાઉં તો પેલી મર્યા પછી ઉપર બેઠી બેઠી પણ મને ઠપકાવે અને મનોમન ભારોભાર દુઃખી પણ થાય. એટલે ગોરાણીના આત્માને દુઃખ વેઠવું ના પડે એ કારણસર હું દુઃખ વેઠી લઈશ પણ છોકરા-વહુ પાસે તો નહીં જ જાઉં."

અને મહારાજ ફરી ઢીલા પડી ગયા. એમની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. ગળામાં ડૂમો ભરાઈ ગયો. મેં તેમના ખભે હાથ મુક્યો. તેમનો બરડો પસવાર્યો. તેમના ખોળામાં કવર મુક્યું અને હું અને જયા કારમાં બેસવા પુંઠ વાળીને ચાલવા માંડેલાં.

કારમાં બેઠા પછી મારા મનમાં એક જ સવાલ ઘુમરાયા કરતો હતો.

વિજયાને વધુ વફાદાર કોણ ? હું કે જે'શંકર મહારાજ ? બેશક એક જ સ્પષ્ટ નામ મનમાં તટસ્થપણે ઉભરાઈ આવતું હતું, જે'શંકર મહારાજ ! હું તો વિજયા ના ચહેરા સાથે, તેની મસ્તી સાથે, તેની લાગણીઓ સાથે, મારી અનુકૂળતાએ, મને મજા પડે ત્યાં સુધી, કોઈ પણ ભોગ, બલિદાન, ત્યાગ કર્યા વગર, રમતો રમ્યા કરતો હતો. સમજોને ટાઈમ પાસ કરતો હતો. વિજયા નહોતી, ના મળી, નથી ત્યારે જે મને મલ્યું છે તેને બેજીજક ભોગવ્યે જાઉં છું. મતલબ કે વિજયાની સામે વિજયાની ખાલી જગા પુરવા મારી પાસે વિકલ્પોની વણઝાર છે. વિજયા નથી તો જયા છે. વિજયા ના મલી તો મેં મારો અલગ સંસાર ઉભો કરી દીધો. વિજયા નથી, ના મલી, નહોતી ત્યારે મારું દિલ તો ધડકતું જ રહ્યું, બુદ્ધિ દોડતી રહી, મન બીજે પરોવાયેલું રહ્યું. હું, મારી હસ્તિ, મારા સામ્રાજ્યને વિજયાની બિનહયાતીથી શું ફેર પડ્યો ? નથી તો નથી તે સ્વીકારી લીધું અને મારી જીવન નૌકા ને નવા પથ પર હંકારી દીધી. ઉઘાડી આંખે કદી વિજયા યાદ ના આવી. બંધ આંખે, નવરાશની પળોમાં એને ડોકાવા દીધી. તે નથી તો પણ જીવું છું, મોજ-મજા, એશ-આરામથી જીવું છું. વિજયા મને ગમેલી, આજે પણ ગમે છે. વિજયા તરફ મને મારાપણું જણાય છે. પરંતુ વિજયાને જ મારું સર્વસ્વ, તે નથી તો કાંઈ જ નથી,તેના વગર એકલો હું કાંઈ જ ના કરી શકું, વિજયા વગર જીવનની કલ્પના જ ના કરી શકું, એવું મનોવલણ કદી કેળવાયું જ નથી. તેની સામે જે'શંકર મહારાજ વિજ્યાના સુખ ખાતર પોતાના દીકરાની મમતાને હડસેલી, વૃદ્ધત્વની લાચારી વચ્ચે, એકલતા, સંઘર્ષ, દુ:ખને ગળે વળગાડી પોતાના અસ્તિત્વને પણ હોડમાં મુક્યાની ખુમારી બતાવે છે. મહારાજ વિજયા માટે જીવે છે અને વિજયાની ઈચ્છાઓ, પ્રણ, સુખ ખાતર મૃત્યુને પણ ગળે વળગાડવા તૈયાર થઈ જાય છે. અને હું ? મહારાજ વિજયાને અનર્ગળ ચાહે છે અને તે પણ નિ:સ્વાર્થ ભાવે ! અને હું ?

બંગલો આવી ગયો. આખા રસ્તે હું ગુમસુમ રહી મારામાં ખોવાયેલો હતો અને જયા મહારાજ તરફ લાગણીશીલ બની દયા દર્શાવતા ઉદ્‌ગારો બબડતી રહી હતી. અને આમ સાવ પાસે બેઠેલા બે જીવ, પતિ-પત્ની અલગ અલગ મનોદશામાં કાળ વ્યતીત કરતાં હતાં. અને કાર બંગલાના પોર્ચ સુધી ગઈ. બ્રેકનો ધક્કો વાગ્યો અને હું ભાનમાં આવ્યો.

ફરી યંત્રવત્ ઉતર્યો, કપડાં બદલ્યાં, ફ્રેશ થયો, થોડુંક જમ્યો, બેડ રૂમમાં ગયો,આડો પડ્યો. જયા આવી તેને થોડુંક સાંભળી. થાક અને વિચારોને લઈને આંખ ઘેરાઈ. મન થાક્યું. આંખ મીંચી.

અને જેવી આંખ મીંચાણી એટલે વિજ્યા તરત જ નજર સામે આવી ગઈ અને આ સ્થિતિમાં ફરી અજાગૃત, સુષુપ્ત મનને એક શંકા જાગી, પ્રશ્ન થયો. હું વિજયાને ચાહું છું કે વિજ્યા મને ચાહે છે ? કોણ કોના પ્રેમમાં છે ? કે પછી મારા મર્કટ મનની આ મેલી માયા છે ?

"ફક્ત તું જ..." આ હૃદયંગમ ઉદ્ગાર કોનો છે ? મારો કે વિજ્યાનો કે જે'શંકર મહારાજનો ?

આવા સંશય-વિસંશયમાં હું ફરી નિદ્રાધીન થઈ ગયેલો.

• • •

# 2. વિનુભાઈની વિજ્યા

વિનુભાઈના હુલામણા નામથી વિજ્યાના બાપા ગામમાં ઓળખાતા. બહુ જ ભલો ભોળો માણસ ગણાતો. વિનુભાઈ ઠાકરના આવા સાલસ પરોપકારી, સત્યવચની, નિર્દોષ સ્વભાવને લઈને ગામમાં તેમણે સૌનો પ્રેમ મેળવેલો. વિનુભાઈ માતાજીના ભારે ઉપાસક ! ચૈત્રી અને આસો નવરાત્રીમાં નવ દિવસ નકોરડા ઉપવાસ કરતા અને સાથોસાથ જ્યાં રહેતા હોય ત્યાં નવરાત્રી ઉત્સવ ઉજવવા યુવાનોનું મંડળ બનાવી દેતા. ખાસ કરીને આસોની નવરાત્રી તો ધૂમધામથી ઉજવતા. નવેનવ દિવસ માંડવડી પાસે સૌ પ્રથમ વિનુભાઈ આવી જતા અને આરતી-પ્રસાદની તૈયારી કરાવતા. આખા ચોકમાં બધું ઢાંકી-ઢુંબી છેલ્લા વિનુભાઈ ઘેર જતા. વિજ્યા દશમીના દિવસે જમણવાર ગોઠવાતો અને આમ નવરાત્રીનું સમાપન થતું. જો કે તેમનાં ધર્મ પત્ની વીરબાળા ને આ બધું ઓછું ગમતું. ઘરનાં, ધંધાનાં, સગા-વહાલાંનાં, ઘરડાં મા-બાપનાં કામ વિનુભાઈ બીજા ક્રમે રાખતા. પહેલા માતાજીની સેવા-પૂજા, પછી બીજી બધી વાતો.

વિનુભાઈ મૂળ તો બહાર ગામથી આવીને આ ગામમાં વસેલા. ઘરડાં માતા-પિતા, પત્ની વીરબાળા અને પોતે ! આટલાં એમના કુટુંબનાં સભ્યો ! શરૂઆતમાં તો ભાડે મકાન રાખેલું. ગામમાં કરિયાણાની દુકાન નાખેલી. નાનું છોકરું પણ એમની દુકાને મોકલો તો પણ માલની કિંમત, માલની ગુણવત્તા કે માલના વજનમાં કોઈ ગાલમેલ નહીં થાય એવો ગામ લોકોને વિનુભાઈ ઉપર વિશ્વાસ ! એટલે બાર મહીનામાં તો વિનુભાઈનો ધંધો જામી ગયેલો. વધારે નફો નહીં લેવાનો, વજન પાક્કું અને થોડુંકેય નમતું આપવાનું. બગડેલો, સડી ગયેલો, ફુગ વળેલ માલ વિનુભાઈ ફેંકી દેતા પણ કદી કોઈને પધરાવી નહીં દેતા. તેમ છતાં વિનુભાઈને સતત ઘરાકી રહેતી અને નફો - આવક પણ કૂદકે અને ભૂસકે વધતાં જતાં હતાં. માલ આપી જનાર વેપારીઓ દુકાને માલ મૂકે તેની સાથે જ પેમેન્ટ મેળવી ને જતા. જો માલ ખરાબ ઉતર્યો હોય તો વિનુભાઈ તેમને એકાદવાર ટકોર કરતા. છતાંય જો વેપારી માલ બદલી ના આપે તો હલકો માલ બહાર ફેંકી દેતા. જોકે જેવી રીતે ગામમાં વિનુભાઈની શાખ હતી તેવી શાખ વેપારીઓમાં

પણ બંધાયેલી હતી. જેથી વિનુભાઈએ કહ્યું કે દુકાને ઉતરેલ માલ બરાબર નથી એટલે સૌ માની જતા. કોઈ રકઝક ના કરતા અને મોટા ભાગે તો માલ બદલી આપતા. તેમાં વહેલું મોડું થાય તો પણ વિનુભાઈ બીજી વખતે તે વાતની ટકોર વેપારીને કદી કરતા નહીં. આ બધું ગામવાળા જાણતા અને જોતા હતા. તેથી ગામમાંથી પણ કોઈ ઉધાર લઈ જતું નહીં. તેમ છતાંય ગામમાં કોઈને ત્યાં પ્રસંગ હોય, વાર-તહેવાર હોય કે કોઈનો હાથ ભીંસમાં તો વિનુભાઈ તે સૌ કોઈને માલ ઉધાર ધીરતા અને રકમ ઉબળક નોટમાં નોંધી રાખતા. પરંતુ તેના ઘેર કદી ઉઘરાણી જતા નહીં. જો કે મોટાભાગે તો ઉધારી રકમ લઈને જે તે ધણી દુકાને આવીને હિસાબ ચુકતે કરી જતા. છતાં ગામ હોય ત્યાં ગંદવાડ તો હોય જ ! કોઈ ડાંડાઈ બતાવીને ઉધાર રકમ જમા કરાવવા આવતો નહીં, તો કોઈ ગરીબી, મજબુરી, આર્થિક સંકડામણને લઈને ઉધારી રકમ ચુકવી શકતો નહીં. જે હોય તે ખરું પણ વિનુભાઈ કોઈને કશું કહેતા નહીં અને ઉઘરાણી જવું, ફરી માલ નહીં આપવો એવું કદી કરતા નહીં.

ઘણીવાર તેમના બાપા, માતાજી, પત્ની વીરબાળા, વિનુભાઈને આ બાબતે ઠપકો પણ આપતાં.

"પારકા ગામમાં આટલા બધા ભોળા રહેવું સારું નહીં. અને આવા બે-ત્રણ જણા દર મહીને નીકળે તો નફો તો બાજુ ઉપર રહ્યો પણ તમારી મૂડી પણ દબાતી જાય એ વિચારો અને થોડા કડક થાઓ.

પણ વિનુભાઈ બધાનું કહેવું સાંભળતા અને હસી કાઢતા અને કરિયાણાનો ધંધો પોતાની રીતે જ કરતા. સવારે વહેલા ચાર વાગે ઉઠી જતા. નાહી-ધોઈ પરવારીને પૂજા-પાઠમાં બેસી જતા. માતાજીની સ્તુતિઓ, અભિષેક કરતા અને પોણા આઠે પૂજાનું સમાપન કરી દેતા. બરાબર આઠના ટકોરે વિનુભાઈની દુકાન ખુલી જતી. બપોરે એક થી બે વિનુભાઈની દુકાન બંધ રહેતી. તે ગાળામાં વિનુભાઈ ઘેર આવીને જમી લેતા. માંડ અડધો કલાક આરામ કરતા અને બે વાગે તો દુકાને પહોંચી જતા તે છેક રાત્રે આઠ વાગ્યા સુધી દુકાન ચાલુ રાખતા. સાંજે ઘેર આવીને જમી લેતા અને નવ-દસ વાગે તો વિનુભાઈ ઉંઘી પણ જતા. તેમનું સવારનું મેનું રોટલી-શાક અને સાંજે ખીચડી-દૂધ ફીક્સ રહેતું. ટુંકમાં વિનુભાઈ માટે ઘર અને દુકાન બે જ થાનક હતાં. વિનુભાઈ અને વીરબાળા

આમને આમ એમનું જીવન જીવ્યે જતાં હતાં. બંને મન દઈને ઘરડાં મા-બાપની સેવા ચાકરી કરતાં. સવારે દુકાને જતાં અને સાંજે દુકાનેથી ઘેર આવીને વિનુભાઈ માતા-પિતાને પગે લાગતા. તેમના બાપા માત્ર યંત્રવત્ તેમના માથે હાથ મુકતા પરંતુ બા દર વખતે વિનુભાઈ-વીરબાળા પગે લાગતાં ત્યારે ત્યારે આર્શીવચન કહેતાં, "માડી તમને જલ્દી બેમાંથી ત્રણ કરે."

ગામમાં આવ્યે બે-ત્રણ વરસ વીતી ગયેલાં. મોઢે ચૈત્રી નવરાત્રીના નકોરડા ઉપવાસ હતા. લીંબુ પાણી શીશીમાં ભરીને વિનુભાઈ દુકાને બેઠા હતા. ઘડીયાળ તરફ નજર ફેરવી તો એક વાગવા આવ્યો હતો. ગાદી ઉપરથી હળવેકથી ઉભા થયા અને દુકાન વધાવી શટર પાડ્યું. ચંપલ પગમાં ધાલી ઘર તરફ વળ્યા. કોણ જાણે કેમ આજે શરીરમાં થાક અને મનમાં રઘવાટ, બેચેની જેવું લાગતું હતું. તેથી વિનુભાઈની ચાલ ધીમી હતી અને ચહેરો ઉદાસ લાગતો હતો. થોડીવારે ઘરની ખડકીના દરવાજે આવીને ઉભા રહ્યા. ખડકીનું બારણું ખુલ્લું જ હતું તે હળવેકથી ઠેલ્યું. વિનુભાઈ ખડકીમાં પ્રવેશ્યા. સામે જે જોયું તેથી સ્હેજ ગભરાયા.

સામે ચોકડીમાં વીરબાળા ઉભા પગે બેઠી હતી. વિનુભાઈનાં બા તેનો બરડો એક હાથથી પસવારતાં હતાં અને બીજા હાથમાં પાણી ભરેલું પવાલું હતું. વિનુભાઈ તરફ વીરબાળાની પીઠ હતી. પરંતુ ખડકીનું બારણું ખુલવાના અવાજને લઈને તેમનાં બાની નજર તેમની તરફ ગઈ. તે બોલી ઉઠ્યાં.

"લ્યો, ભાઈ પણ દુકાનેથી આવી ગયો."

"તે એને શું થયું છે ?" વિનુભાઈ છેક બાની પાસે પહોંચી તેમના હાથમાંથી પાણીનું પવાલું લઈને પૂછી બેઠા.

"કાંઈ નથી થયું. એ તો સવારનું અસુખ જેવું લાગે છે અને ઘડીએ ઘડીએ ઉબકા જેવું થાય છે." એમ કહી માજી પરસાળમાં પાથરેલા ખાટલા ઉપર જઈને બેઠાં.

વીરબાળા એ વિનુભાઈ ના હાથમાંથી પવાલું લઈ કોગળા કર્યા અને મોં ચહેરો સાફ કર્યો. વિનુભાઈ એ વીરબાળાના બંને ખભે હાથ મુકેલા. તે ચિંતામાં પડી ગયેલા.

"એકદમ શું થયું ? ટાઢું, વાસી કાંઈ ખાઈ લીધું લાગે છે. નહીંતર એકાએક આમ ઉબકા ના ઉપડે." વિનુભાઈ ચિંતાગ્રસ્ત સ્વરે ધીમા અવાજે બબડે જતા હતા.

ત્યારે વીરબાળા એક હાથ નીચે મુકી ટેકો લઈને ઉભી થઈ અને પુંઠ ફેરવી વિનુભાઈ સામે થોડીવાર જોઈ રહી. પછી મરક મરક હસી પડી અને શરમાતાં શરમાતાં ઉતાવળા પગે પરસાળ વીંધી રૂમમાં જઈને પાથરેલા ખાટલામાં આડી પડી.

માજી પરસાળમાં તડકો આવતો હોવાથી ખાટલામાં બેઠાં બેઠાં માળા ફેરવતાં હતાં. માળા ફેરવતાં ફેરવતાં પણ ઝડપથી પસાર થઈ ગયેલી વીરબાળાને જોઈને બોલી ઉઠ્યાં,

"વહુભા, ધીમાં ડગલાં ભરવાની હવે ટેવ પાડો."

દાદા તો ખડકીની બહાર હતા. ગામમાં કોઈકનો ઓટલો પકડી લીધો હશે. બે ચાર ઘરડા, નવરા, દુઃખી જીવ ભેગા થઈ વાતે વળગ્યા હશે.

વીરબાળાની પાછળ પાછળ વિનુભાઈ પણ પરસાળમાં આવ્યા. બા ને પગે લાગ્યા અને પૂછ્યું.

"તમે બધાંયે ખાઈ લીધું ?"

"ના રે. એ ઉઠી ત્યારથી ઉબકે ચઢી છે. દાતણની ચીરી અને ચા વરાણીયે છીએ. હજુ તો ચુલો જ નથી સળગાવ્યો. કાલનો ટાઢો ભાત વધારીને તારા બાપાને તો ખવડાવી દીધું. આને ઉબકા બંધ નહોતા થતા તે ઉગરી ડોશીને બોલાવી લાવીને એનું પેટ બતાવ્યું."

"તે શું કહ્યું, ઉગરી મા એ ?" વિનુભાઈ ચિંતાને લઈને ઉતાવળમાં પૂછી બેઠા.

"કાંઈ ચિંતા કરવા જેવું નથી. પણ આવું તો હજુ મહીનો - બે મહિના ચાલશે. જા, જઈને વહુને જ આગળનું પૂછ." કહીને માજીએ મન માળામાં પરોવ્યું.

વિનુભાઈ પરસાળમાંથી ઓરડામાં ગયા. ખાટલાની પાંજેઠે બેઠા. વીરબાળા ના લાંબા કરેલા પગ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં તેની તરફ મોં નમાવી વિનુભાઈ દયામણા મોંએ વીરબાળાને ધીમા અવાજે પૂછવા લાગ્યા,

"વીરુ, શું થયું છે, તને ? ઉગરી ડોશીએ શું કહ્યું ?" વીરબાળા પોતાની બંને આંખો ઉપર હાથ આડો મુકી બંધ આંખે પડી રહી હતી. વિનુભાઈનો ઢીલો અવાજ સાંભળી આંખો ઉપરથી હાથ ખસેડી લઈ ફરી મલકાઈ ઉઠી.

"અહીં મારો જીવ જાય છે. મનમાં ગડભાંજ ચાલે છે. તારી ચિંતામાં રડમસ થઈ ગયો છું અને તું આમ લટકાં કરે છે ?" વિનુભાઈ ધીમા અવાજે પણ થોડા ગુસ્સે થઈને બોલ્યા.

"તે તમે ખોટી ચિંતા કરો છો તે જોઈને અમને હસવું ના આવે તો બીજું શું થાય ?" શરમાતાં શરમાતાં બંને હાથની હથેળીઓથી ચહેરો ઢાંકી દઈ વીરબાળા બોલી.

વિનુભાઈ પાંજેઠે થી ખાટલાની ઈસ ઉપર સરકી વીરબાળાના ચહેરા તરફ નજીક આવ્યા. બંને હાથે વીરબાળાની હથેળીઓ પકડી ઉપર ઉઠાવી તેના ચહેરા ઉપર નજર તાકીને વિનુભાઈ થોડા ઝુક્યા અને બબડ્યા,

"વહાલી, મને સાચે સાચું કહી દે કે એ ડોશીએ શું કહ્યું ? તને મારા સમ." અને વિનુભાઈ એ વીરબાળાના ભાલ પ્રદેશને હળવેક થી ચુમી લીધો.

અને વીરબાળા સડપ દઈને બેઠી થઈ ગઈ. હળવો ધક્કો મારી વિનુભાઈને પણ દૂર હડસેલી દીધા.

"થોડુંક તો ભાન રાખો ! બહાર બા બેઠાં છે."

"તો જે વાત હોય તે કહી દેને ?" વિનુભાઈનો અવાજ વીરબાળા કરતાં ઉંચો હતો.

વીરબાળા એ વિનુભાઈનું માથું બે હાથે પકડયું અને તેનું મોં વિનુભાઈના કાન તરફ લઈ જઈ કાંઈક ગણગણી અને પછી એકદમ શરમાઈ જઈ સુઈ ગઈ અને પાસુ ફેરવી દીધું.

"એમ વાત છે !" કહીને વિનુભાઈ પણ હસી પડેલા.

"બા, મારે તો ઉપવાસ છે. તારા અને બાપા માટે કાંઈક બનાવી દે અને ખાઈ લો. હું તો હવે દુકાને જાઉં છું." વિનુભાઈ ઓરડામાંથી પરસાળમાં આવી બાને પગે લાગ્યા અને બોલ્યા.

બાએ તેમના માથે હાથ મુક્યો અને મૂછમાં હસી પડ્યાં. વિનુભાઈનું મોં પણ હવે પહેલા જેવું ઉદાસ નહોતું રહ્યું.

વિનુભાઈ દુકાનમાં આવ્યા. ગાદી ઉપર બેઠા. બહાર ત્રણ-ચાર ગ્રાહકો તેમની રાહ જોઈને ઉભાં હતાં તેમને જોઈતું કરતું આપીને પરવાર્યા. નવરા

પડીને પલાંઠી વાળીને ટટ્ટાર થઈને ગાદી ઉપર બેઠા. સામે પૂજાના મંદિરમાં મુકેલી માતાજીની મૂર્તિ ને નમસ્કાર કર્યા, ધ્યાન ધર્યું અને અચાનક જ વિનુભાઈ ના મોં માંથી શબ્દો સરી પડ્યા,

"મા, હું તને ખૂબ કરગરું છું. મારા માટે નહીં પણ કદીયે મોંમાંથી એક અક્ષર પણ કાઢ્યો નથી પણ બાપાના ચહેરાને વાંચીને જાણી ગયો છું કે તેમની પણ એ જ ઇચ્છા છે. જે બા એકલી પડે ત્યારે ઘરના મંદિરના ગોખમાં બેઠેલા કાનુડા સામે કાલા ઘેલા, રૂદનસભર શબ્દોમાં જે માગે છે. અને વીરબાળાને પણ મા બનવાની ઘેલછા તેના સ્પર્શ માત્રથી સમજી શકું છું. આ ત્રણેય જીવોને ખુશ રાખવાની જવાબદારી મા તેં મને સોંપી છે. તેથીસ્તો તારી ભક્તિ પૂજા અર્ચનામાં આટલો લીન રહુ છું ને ! જેથી આજ નહીં તો કાલે, તું મને સાંભળી મારા મનની વાત સમજે અને એવો કાંઈક ચમત્કાર થાય જેથી આ ત્રણેય જીવ રાજીના રેડ થઈ જાય અને તેમને હસતાં જોઈને હું તો મલકાવાનો છું જ ને !"

બાકી લગ્નના છ મહીના પછી તરત જ બા એ તો ઉપાડો લીધો હતો. "આજુ બાજુમાં બધાંના ખોળામાં નાનાં પોયડાં રમે છે ને ખાલી મારી એકલીનો જ ખોળો ખાલી છે. લગન થયે છ છ મહીના વીતી ગયા પણ તેનો કાંઈ અણસારેય નથી."

"જા શહેરમાં જઈને મોટા દાક્તરને બતાવી આવ. જો સમુંસુતરું હોય તો તો વાંધો નહીં. આજ નહીં તો કાલ સારો દી દેખાશે. પણ કાંઈ ઉધું-ચત્તું હોય તો દવા-દારૂ કરાવી શકાય. બાધા-આખડી રાખી શકાય." એવું મને એકલાને બાજુમાં બોલાવીને ફરમાન પણ બહાર પાડેલું.

અને દાક્તરને બતાવેલું પણ ખરું. બાના ધાર્યા મુજબ વીરબાળાની ગણો કે મારી ગણો પણ શરીરમાં ખામી તો હતી જ. દવાઓ પણ ચાલુ કરેલી. પણ ઘેર આવીને બા-બાપુજીને ક્યાં કશાયની ગંધ આવવા દીધેલી ? દાક્તરે વીરબાળાને તપાસીને તો બહાર મોકલી દીધેલી. વિગતવાર તો હું એકલો જ જાણતો હતો. વીરબાળાને થોડી ગંધ આવી ગયેલી પણ મેં હસતાં હસતાં રોળી વાળેલું.

પછી તો ઘર છોડ્યું, ગામ છોડ્યું અને અહીં આવી વસ્યાં. બધું મા, તારા ઉપર છોડી દીધેલું. એ ત્રણે જણાં ઘણીવાર ઉદાસ થઈ જતાં. બાને તો ઘણીવાર લવરી પણ ઉપડતી. હા એ ખરું. કદી બાપાએ મોં માંથી એક અક્ષરેય

કાઢ્યો નથી. પણ ઘણીવાર બા નો કકળાટ સાંભળીને રાત્રે વીરબાળા મારી છાતી ઉપર માથું મુકીને રડી લેતી.

પણ હું કોને કહું ? કોના આગળ દીલ ખોલું ? તેથીસ્તો તારી ભક્તિમાં ડૂબી જતો અને તેં આજે મારી લાજ રાખી.

વીરબાળા કાનમાં એટલું જ બોલી.

"તમે બાપ બનવાના છો." અને કેટલી ખુશ થઈ ગઈ હતી ? બા પણ જાણીને નીકળ્યો ત્યારે કેવી મલકાઈ ગઈ ? બાપા પણ બા પાસેથી આ વાત જાણીને ખુશ થઈ ગયા હશે અને ગામમાં ક્યાંક ઓટલે બેસી ગપાટા મારતા હશે.

"મા, મારી ભક્તિ જોઈને ક્યાંક તું તો મારા ઘેર નથી અવતરવાની ને !"

જે થાય તે ખરું ! હવે બધું તું સાચવજે. તને ઠીક લાગે તેમ કરજે. જય માડી ! મને તો તમે અને તમારાં નોરતાં ફળ્યાં.

નહીંતર દાક્તર તો અમને બેય જણને તપાસીને ઢીલું ઢીલું બોલતો હતો. "દવા આપું છું. લાગું પડે તો ત્રણ મહીના લેજો. બાકી મને બહું આશા નથી. માતાજી ચમત્કાર કરે તો જુદી વાત !" આવું બોલી દવાનાં પડીકાં મારા હાથમાં મુકેલાં અને દવાખાનાની દિવાલ ઉપર ટીંગાડેલા તારા ફોટા સામું જોઈને ખુદ દાક્તરે પણ નિસાસો નાંખેલો.

"હશે, તેં ધાર્યું છે તો બધું સવળું જ પાર પડશે." હજીયે વિનુભાઈ મા ના ધ્યાનમાં જ લીન રહેત પણ ઘરાકની બુમ સાંભળીને તેમણે આંખો ખોલીને વેપલામાં પરોવાઈ ગયા.

પછી તો સમય વીતતો ગયો. નવ મહીના પુરા થયા અને ઉપર દસ-બાર દિવસ વીતી ગયા. છતાંય વીરબાળાને પીડ ના ઉપડી. એટલે બા તો ઉંચાં-નીચાં થઈ ગયેલાં. રાત્રે પણ વીરબાળાના ખાટલાની બાજુમાં જ પથારી કરીને સૂઈ રહેતાં.

અને એક રાત્રે અગિયાર વાગે વીરબાળાને પીડા ઉપડી. બા એ તરત મને જગાડ્યો અને વીરબાળા પાસે બેસાડી આજુબાજુમાંથી ત્રણ-ચાર અનુભવી ડોશીઓને બોલાવી લાવેલાં.

"જો જે બાર વાગે જ મારે ત્યાં કાનુડો અવતરશે." એમ બા એકલી એકલી બબડ્યે જતી હતી.

એક ડોશી એ વીરબાળાને તપાસી અને બોલવા માંડ્યાં,

"છોકરું નીચે ઉતરી ગયું લાગે છે અને બાળક માથા વરાણિયે લટકે છે તેવું લાગે છે. વળી માથુંયે ભારે લાગે છે. તેથી બાઈ રીબાશે. તેથી ઝટ દવાખાના ભેગી કરો તો સારું, નહીંતર હાથમાં કાંઈ નહી રહે. એ જીવ અંદરને અંદર ગુંગળાઈ મરશે. ઝેર વ્યાપી ગયું તો બે જીવ ખોવાનો વારો આવશે."

આટલું સાંભળતાં વેંત જ બાપુજી ઉઠીને ખડકી બહાર જતા રહ્યા. દસ-પંદર મિનિટમાં તો દરબારને જીપ સાથે લઈને પાછાયે આવી ગયા. બીજી પાંચ મિનિટમાં તો ખડકી આડી કરી બધાં જીપમાં ગોઠવાઈ ગયાં અને ગામના દવાખાને વીરબાળાને પહોંચાડી દીધી.

દાક્તર-નર્સ-કમ્પાઉન્ડરે વીરબાળાનો કબજો લઈ લીધો. ઉપરાઉપરી બે-ત્રણ ઈંજેક્શન આપી દીધાં અને વીરબાળાને લેબર રૂમમાં લઈ લીધી. અમે બધાં ઉંચા જીવે બહાર બેસી રહ્યાં.

બાર વાગી ગયા પણ કોઈ બહાર ના આવ્યું. એટલે મારી બા બબડ્યાં, "કાનુડો ગાડી ચુકી ગયો લાગે છે." બીજો કલાક ગયો હશે અને નાના બાળકનો રડવાનો અવાજ સંભળાયો. બધાં સડપ દઈને ઉભાં થઈ ગયાં અને લેબર રૂમના બંધ દરવાજા આગળ આવીને ઉભાં. થોડીવારે નર્સ બાળકને લઈને બહાર આવી અને મારી બા દોડતી આગળ આવીને બાળકને પોતાના બે હાથમાં લઈ લીધું. બાળોતિયું સરખું કરતાં હોય તેવો દેખાવ કરીને જોઈ લીધું અને બબડ્યાં,

"કાનો નથી પણ રાધા છે." અને પછી મારા અને બાપાની સામે જોઈને પરાણે હસતાં હોય તેમ હોઠ મરડ્યા.

થોડી વારે નર્સ બાળકને લઈને અંદર ગઈ. પાછળ બા અને બીજી બે ડોશીઓ પણ અંદર ગઈ. બહાર હું મારા બાપા અને દરબાર એમ ત્રણ જણ ઉભાં હતાં.

થોડીવારે દાક્તર બહાર આવ્યા અને મને તેમની પાછળ આવવાની સાન કરી પોતાની કેબીનમાં ગયા. દાક્તરની કેબીનમાં બે જણ જ હતા. વિનુભાઈ અને દાક્તર !

"વિનોદભાઈ તમે ?"

"હા"

"સમયસર આવી ગયા અને ઉપરવાળાની કૃપા કે બેય જીવ બચી શક્યા. ફરી આ બેન ગર્ભવતી થાય તેવું ના થવા દેતા. દીકરાની લાલચમાં ના પડતા. નહીંતર બીજું સંતાન તો હાથમાં નહીં આવે અને ઉપરથી મોટો જીવ પણ ખોઈ બેસશો." દાક્તર થોડી વાર અટક્યા. પાછું ફરી શરૂ કર્યું, "આટલું કહેવા જ તમને એકલા અહીં કેબીનમાં બોલાવેલા. હાલ તો આ બે ય જીવ સલામત લાગે છે. ફોર્સઅપ કરીને બાળક લીધું છે. કાલે સાંજે તમે મા-દીકરીને ઘેર લઈ જઈ શકશો. પણ પછી મેં કહેલું ખાસ સાચવજો." એટલું કહીને દાક્તર ઉભા થઈ કેબીનની બહાર નીકળી ગયા.

આ વાત વિનુભાઈ એ ના તો બા-બાપુજીને જણાવી કે ના તો વીરબાળાને કહી.

બીજા દિવસે સાંજે દીકરીને તેડીને બા આગળ ચાલ્યાં, એક બેનના સહારે વીરબાળા જીપમાં બેઠી અને વિનુભાઈ અને તેમના બાપા ચાલતા ઘર તરફ વળ્યા.

બીજાં ત્રણ-ચાર વરસ વીતી ગયાં. આ દીકરીનું નામ "વિજયા" પાડ્યું. રૂપ રૂપનો અંબાર ! તેના કપાળનું તેજ તો ઝગારા મારે !તેની આંખો, નાક, કાન, હોઠ, ચહેરો બધુંયે રૂપાળું ! તેની કાલી કાલી મીઠી મીઠી બોલી, ધીમી ધીમી છતાં જાજરમાન લાગતી ડગલીઓ, પા-પા પગલી, તેના લાંબા હાથ, ટુંકા પગ, નાનાં પાવલાં ! તેની લાંબી ડોક, પાતળી, સુવર્ણ રંગી કાયા ! વાહ ! મા ભવાનીનું જાણે બાળ સ્વરૂપ !

વીરબાળા, વિનુભાઈ અને તેમના બાપા આ નાનકડા ફુલડાને જોઈને હરખાઈ જતાં. આમતો બા પણ ઘણીવાર વિજયાનાં બાળ-લટકાં-મટકાં જોઈને મલકાઈ જતાં પણ પછી લાખ મણનો નિસાસો નાખતાં અને ઉપર આકાશ સામે જોઈને બબડતાં,

"હે પ્રભુ આ ગાયનો ગોવાળ પણ મોકલી આપે તો સારું !"

એમ કરતાં કરતાં વિજયા તો પાંચ વર્ષની થઈ ગઈ અને પછી તો બા એ રીતસરનો ઉપાડો લીધો.

"એમ છોડી સામું જોઈને ના બેસી રહેવાય. દીકરો તો જોઈએ. છોડી તો પારકા ઘેર કાલે જતી રહેશે. આ ઘરને તાળુ નથી મારવાનું ! અને કાલે ઉઠીને દીકરી ક્યાં આવીને ઉભી રહેશે ? કાલે અમે નહીં હોઈએ, સો વરસે તમે પણ મરવાનાં તો ખરાં ને ! લાંબું વિચારી બારણું ખુલ્લું રાખવા, દીકરીની પિયરની વાટ ખુલ્લી રાખવા, રીત-રીવાજો, વહેવાર નિભાવવાયે દીકરો તો જોઈશે જ."

અને આ બધું વીરબાળા સાંભળતી, મુંઝાતી અને રડી પડતી.

એક વખતે વીરબાળા પણ વિનુભાઈ સામે હઠે ચઢી અને બાની વાત દોહરાવી તેમના પલ્લામાં બેસી ગઈ. ત્યારે ના છૂટકે વિનુભાઈને દાક્તરે કહેલી બધી વાતો વીરબાળાને સમજાવવી પડેલી. ત્યારે વીરબાળાએ નવો રસ્તો બતાવેલો,

"એવું જ હોય તો બાને ખાતર હું મોત વહોરી લેવા પણ તૈયાર છું."

"તારા બલિદાન પછી પણ જીવતા બાળકની ગેરંટી ક્યાં દાક્તર આપે છે ?" વિનુભાઈએ સામી દલીલ કરેલી.

"તો પછી બીજું લગન કરી લો. બાની ઇચ્છા અને વાત તો વ્યાજબી જ છે ને !"

"ના, હોં. એ મારાથી નહીં બને." વિનુભાઈએ કડક અવાજમાં જવાબ વાળેલો.

વળી બે-ત્રણ મહીના વીતી ગયા. બા વીરબાળા ઉપર દબાણ કર્યે જતાં અને વીરબાળા વિનુભાઈને સમજાવ્યે જતી.

"તમને મા ભવાની પણ ભરોસો છે ને ! જુઓ અગાઉ દાક્તરોએ કહેલું મા એ ખોટું પાડ્યું છે અને આ દીકરી નજર સામે રમે છે ને ! તો આમાંય મા લાજ રાખશે અને સૌ સાચવી લેશે.

"ના...ના..., વીરબાળા, ભીખે ભીખે લાડવા ના હોય ! પણ વીરબાળા ના માની. છેવટે વિનુભાઈએ નમતું જોખ્યું. "ધાર્યું ધણીનુ થાય, મારું શું ચાલશે ? એણે અવળું ધાર્યું હશે તો હું ક્યાંથી રોકી શકવાનો ?"

અને બીજા ત્રણ-ચાર મહીને વીરબાળાને સારા દિવસો રહ્યા.

બા તો રાજીનાં રેડ થઈ ગયેલાં. "આ વખતે તો કાનુડો નક્કી !" એમ આખો દિવસ બબડતાં રહેતાં.

છ મહીના વીતી ગયા અને એક રાત્રે વીરબાળાને લોહી પડવાનું ચાલું થયું. રાતોરાત દવાખાને પહોંચાડી. દાક્તર તો કેસ હાથમાં લેવા જ તૈયાર નહીં.

“મારી વાત માની નહીં અને જોખમ વહોરી લીધું. કેસ બગડે એટલે દાક્તરના માથે માછલાં ધોવાનાં. મારી પ્રેસ્ટીજ ડૂબાડવી છે ? ના, હું અહીં આ કેસ દાખલ નહીં કરું. બીજા મોટા દવાખાને શહેરમાં લઈ જાઓ. આમેય મારી પાસે બધાં સાધનો, દવાઓ નથી.” બધાંયે ભેગાં થઈને દાક્તરને બહુ કરગર્યાં. દાક્તર ઢીલા પડ્યા.

“ઠીક છે. હું સાથે આવું ખરો પણ આ બાઈને શહેરમાં મોટા દવાખાને તો લઈ જવી જ પડશે.”

આમ અડધા કલાકની રકઝક પછી બધાં ફરી જીપમાં ગોઠવાયાં. જો કે આવતાં વેંત દાક્તરે એક ઈંજેક્શન તો આપી દીધેલું અને સામાન્ય ટાંકા પણ લઈ લીધેલા તેથી બ્લડીંગ તો કાબુમાં આવી ગયેલું.

બીજા દિવસે બપોરે સમાચાર આવ્યા કે બાળક માના પેટમાં ગુજરી ગયું છે. માને બચાવવા ઓપરેશન કરીને મડદું કાઢી લેવું પડશે. ઓપરેશન સાંજ સુધીમાં પતી ગયું અને છ માસનું ભૃણ પ્લાસ્ટીકની કોથળીમાં વીંટીને વિનુભાઈને સોંપાયું. તેની વિધી પતાવી રાત્રે સૌ શહેરમાં દવાખાને રોકાયાં. રાત્રે ત્રણ વાગે વીરબાળાનું શરીર ઠંડુ પડી ગયું. દાક્તરો એ ઘણો પ્રયત્ન કર્યો પણ તેણે સવારે પાંચ વાગે દેહ મુકી દીધો.

વિનુભાઈ એકલા પડ્યા. વિજયા છ વર્ષની ઉંમરે નમાયી થઈ. બા ખૂબ રડ્યાં. પણ હવે રડીને શું વળવાનું હતું ?

સમય જતાં સૌ સૌના કામમાં પરોવાયાં. વીરબાળા ભુલાતી ગઈ. હા ! વિનુભાઈને ઘણાંયે સમજાવ્યા પણ તેમણે બીજા લગનની વાતમાં કદીયે હોંકારો ના ભર્યો. દુકાન, દીકરી, ઘરડાં મા-બાપ અને માની ભક્તિ ! આટલું વિનુભાઈનું જીવતું જાગતું, ટૂંકુ જગત !

વિજયા દીકરીનું મોં જોઈને દાદા-દાદીએ એ પણ મન વાળ્યું. વિજયા તો દિવસે ના વધતી એટલી રાત્રે વધતી અને રાત્રે ના વધે તેટલી દિવસે વધી જતી. દિવસો જતાં કાંઈ વાર લાગે છે ? કાલની ઢબુડી જેવી વિજયા ફરાક

પહેરીને નિશાળમાં જતી થયેલી. હવે તો બા ને તમામ ઘર-કામમાં મદદ કરતી. અરે ! હવે તો એમ કહો ને કે દાદીમા વિજયાને ઘરકામમાં મદદ કરતાં હોય તેવું લાગતું.

"બેન, હવે તું રહેવા દે. એ ધોયેલાં કપડાં તો હું હવે સુકવી દઈશ. તું ઉભી થા. તારે નિશાળમાં જવાનું હશે. પછી મોડું થશે." દાદીમા ઘરકામ કરતી વિજયા પાછળ આવીને ઉભા રહેતાં અને તેનો ખભો હલાવતાં હલાવતાં કહેતાં.

"ના, બા. તમે બેસો. એ તો હું ઝટપટ પતાવી દઉં છું. સ્કુલમાં જવાની તો હજુ વાર છે. મેં દફતર તૈયાર કરી રાખ્યું છે. ખાઈ પણ લીધું છે." એમ કહેતાં કહેતાં વિજયા દોરી ઉપર કપડાં સુકવવા ઉભી થઈને જતી રહેતી.

"આ છોડી નહીં માને." કહેતાં લમણે હાથ દઈને માજી પરસાળનાં પગથિયાં ઉપર બેસી જતાં.

વિજયાને રસોઈમાં પણ પુરેપુરો હાથ વળી ગયેલો. દાળ-શાક તો રમતાં રમતાં બનાવી દેતી અને ફુલ્કા રોટલી વણવાની, શેકવાની તેની ઝડપ જોઈને તો માજીને પણ નવાઈ લાગતી. વિજયાની રસોઈનાં વખાણ ઘરમાં, ફળીયામાં, સગે-વહાલે, પાડોશીઓમાં મોં-ફાટ થવા માંડેલાં. વિજ્યા જેટલી કામમાં હોંશિયાર, રસોઈમાં પાવરધી તેટલી જ ભણવામાં પણ અવ્વલ નંબરે રહેલી. ઉંમર વધતી જઈ. વિજ્યા બાળકીમાંથી કુંવારિકા થઈ અને હવે તો નવયૌવના લાગવા માંડેલી.

"રૂપમાં, બોલચાલમાં, ગુણમાં, સ્વભાવમાં, આવડત અને હોંશિયારીમાં આ છોડી અદ્દલ એની મા જેવી જ છે." આડોશ-પાડોશમાં સૌ કોઈ આમ કહીને વિજયાનાં વખાણ કરતાં.

પાતળી, એકવડી, સ્હેજ ઉંચી, લંબગોળ ચહેરો, લાંબા કાળા વાળનો નિતંબ સુધી પહોંચતો ચોટલો, મોટું કપાળ, મરોડદાર ચિબુક, ભરાવદાર ગાલ, પાતળા સુડોળ હોઠ, નમણું નાક, ઊંડી પરંતુ કાળી છતાં હસતી આંખો, હસમુખો ચહેરો, લાંબી ડોક, લાંબા હાથ, ભરાવદાર ઉપસેલી છાતી, સિંહ જેવી કટિમેખલા, નાના અને સુકોમળ પગ અને પાવલાં, આકર્ષક જાંઘાઓ, સ્હેજ સ્હેજ ઉપસેલા લાગતા સુડોળ નિતંબો, હાથની લાંબી-પાતળી આંગળીઓ અને પગની નાની-ટુકી આંગળીઓ, ઉપરથી પહોળી અને નીચેથી સાંકડી પીઠ અને

આવા કમનીય દેહ ઉપર વિજ્યા નવરાત્રીમાં ચણિયા-ચોળી પહેરતી ત્યારે તેના સૌમ્ય મુખારવિંદમાં છપાયેલું રૂપાળું અને જાજરમાન વ્યક્તિત્વ દીપી ઉઠતું.

"મુઈ, કેવી રૂપાળી લાગે છે ! કોકની નજર ના લાગી જાય તો સારું !" એમ બોલીને માજી વિજ્યાની ચિબુક ઉપર કાળું ટપકું કરતાં.

અને આવી વિજ્યા જ્યારે ઢોલના ઢબુકે માંડવડી ફરતે સરખી સાહેલિયો સાથે ગરબે ઘૂમતી ત્યારે તો સાક્ષાત્ મા ભવાની ગરબે રમવા આવ્યાં હોય તેવી લાગતી. ગરબા જોવા આવેલાં સૌ કોઈ બાળ-ગોપાળ, બહેન-દીકરીઓ-વહુવારૂઓ, ડોશીઓ, ડોહા, જુવાનિયા બધાંની નજર વિજ્યાની આગળ-પાછળ જ ફર્યા કરતી.

વિજ્યા પણ બધુંયે ઘરકામ ફટાફટ પતાવીને તૈયાર થઈને નવ-દસ વાગે તો માંડવડીએ આવી જતી. ત્યારે બધાં જાણે વિજ્યાની જ રાહ જોતાં હોય તેમ ગરબીની આસપાસ બેઠેલાં, ઉભેલાં રહેતાં. નિત્યક્રમ અને દરવરસે થતું તેમ વિનુભાઈ પણ વિજ્યા સાથે આવી પહોંચતાં અને માતાજીની આરતી ગવાતી. પછી ગરબાની રમઝટ જામતી. બાર વાગ્યા પછી રાસ શરૂ થતા. બે વાગે, ત્રણ વાગે પણ ના તો ઢોલી થાકતા કે ના તો જુવાનિયા !

વરસો વીતતાં ગયાં. નવરાત્રીઓ આવતી ગઈ અને જતી ગઈ. વિજ્યા મેટ્રીકમાં આવી. માજી પણ વિજ્યાને વારંવાર કહેતાં,

"બેટા, બોર્ડની પરીક્ષા આવશે. આખો દા'ડો ઘરના કામમાં અને નિશાળમાં પુરો થઈ જાય છે. તેથી લેસન કરવા અને વાંચવા-લખવા તું રાત્રે મોડે સુધી જાગે છે. આમને આમ ચાલશે તો પરીક્ષા તાકડે જ માંદી પડી જઈશ. એટલે ઘરનું કામ તો હું ધીમે ધીમે કરી દઈશ. તું દા'ડે વાંચવા-લખવાનું પતાવ. જેથી રાત ના ઉજાગરા ના કરવા પડે."

પણ બાની વાત માને તે બીજા ! વહેલી સાડા પાંચે તો વિજ્યા ઉઠી જતી. નવ-દસ વાગ્યામાં તો રસોઈ સમેત ઘરનું બધું કામ આટોપી લેતી. ખાઈ-પરવારીને અગિયાર વાગે તો તે સ્કુલમાં હોય ! સાંજે છ વાગે ઘેર આવીને રસોઈનું કામ હાથ ઉપર લેતી. ખાઈપરવારી આઠ વાગે તો વાંચવા બેસી જતી. બાર-એક વાગ્યા સુધી ભણતી. પછી દાદીમાના ખાટલા પાસે આવી દાદી જોડે

તેમને લપાઈને સૂઈ જતી. આ હતો વિજયાનો નિત્યક્રમ.

વિજયા સ્વભાવે સરળ છોકરી હતી. બોલવામાં મીઠી ગણાતી. ભક્તિભાવ, ઋજુતા અને ઉચ્ચ સંસ્કાર તો તેને લોહીમાં વારસાગત મળેલા એમ કહેવાતું. બોલવા ચાલવામાં, વહેવાર-વટમાં, આવડત-હોંશિયારીમાં તેના તોલે આવે એવી કોઈ દીકરી-વહુવારુ આજુબાજુમાં તો નજરે પડતાં નહોતાં. રૂપ અને ગુણનો તો તે ભંડાર ગણાતી.

બે-એક વરસથી તો હવે વિજયાએ પણ વિનુભાઈની સાથે ને સાથે નવરાત્રીના નકોરડા ઉપવાસ કરવાનું શરૂ કરેલું. છતાં નવે દિવસ ઘરકામ, અભ્યાસ કે ગરબામાં ફરતાં તેના મોં ઉપર સદાય તાજગી અને સ્ફુર્તિ જ ઝળકતાં !

મેટ્રીકની પરીક્ષા આવી અને ગઈ. વેકેશન પડ્યું. આમેય શનિ-રવિ હોય, રજાના દિવસો હોય, વેકેશન હોય ત્યારે ત્યારે વિજયા વિનુભાઈની દુકાને જતી અને પિતાના કામમાં મદદ કરતી. ખરીદેલો, અસ્તવ્યસ્ત થયેલો માલ ગોઠવી દેતી. પિતાજીને આરામ કરવાનું કહી ગાદી ઉપર બેસાડતી અને ઘરાકોને પણ સાચવી લેતી.

"લ્યો, વિનુભાઈ, હવે તમારે ચિંતા કરવા જેવું નથી રહ્યું. બેન બા, આગવાં આખી દુકાન ચલાવે તેવાં થઈ ગયાં છે." રોજ બરોજનાં ગ્રાહકો વિજયાને જોઈને વિનુભાઈને આવું કહીને મરક મરક હસી પડતાં. ગ્રાહકોની આવી વાતો સાંભળીને વિનુભાઈ પણ સંતોષ અનુભવતા અને સામું મલકાઈ જતા.

એક દિવસે સાંજે વાળુ કરવા બેઠેલા વિનુભાઈ પાસે માજી આવ્યાં અને સામે બેઠાં. વિજયા બહાર ચોકમાં વાસણ માંજતી હતી.

"બેટા, આપણી વિજુ હવે ભડભાદર લાગે છે." માજીએ સાડલાનો છેડો માથા ઉપરથી છેક કપાળ ઉપર લાવી સ્હેજ સરખો કર્યો અને ધીમા અવાજે બોલ્યાં.

"હં" વિનુભાઈ એ મોંમાં કોળિયો મુકી હોંકારો પૂર્યો.

"હવે આજ નહીં તો કાલ તેને પારકા ઘેર વળાવવાનો સમય પાકી ગયો કહેવાય." બા એ હોંકારા તરફ ધ્યાન દીધા વગર વાત આગળ ચલાવી. "ભર્યું ભાદર્યું ઘર છે. છોડી એકલા હાથે ઘર સંભાળે છે. આવડતમાંયે કાંઈ કહેવાપણું

નથી કે નથી રૂપમાં, ગુણમાં, હોશિયારીમાં, સંસ્કારમાં કાંઈ એબ ! આલવા-મેલવા જેટલું ઉપરવાળા એ મનમુકીને દીધું છે. એટલે ખર્ચા જોગ પણ કાંઈ ચિંતા નથી. દર-દાગીના, લુંગડાંની તો હું બે વરસથી તૈયારી કરું જ છું. હવે તારા બાપાની અને તારી ઉંઘ ઉડાડવાનું કામ બાકી છે. મોટું મોભાદાર ઘર અને સંસ્કારી, ભણેલું છોકરું શોધવાનું કામ તમારું બાપ-દીકરાનું !'' બા એકી અવાજે આટલું બધું બોલી ગયાં.

અને વિનુભાઈ હાથમાં જ કોળિયો રાખીને, ખાવાનું ભુલી જઈને બધું સાંભળી રહ્યા. પછી નજર ઉઠાવી બા સામે થોડીવાર જોઈ રહ્યા. તેમનો ચહેરો થોડો વિલાઈ ગયો. પણ ક્ષણવાર માટેજ ! પછી તો ખડ-ખડાટ હસી પડ્યા અને પછી કોળિયો મોમાં મુકીને ચાવવા માંડ્યા.

''કેમ હસવા માંડ્યો, બેટા ?''

''ત્યારે શું કરું ?'' હસવાનું બંધ કરી વિનુભાઈ ગંભીર થઈ ગયા. વિનુભાઈના હસવાનો અવાજ સાંભળી ઘરમાં વાસણ લઈને આવતી વિજ્યા પણ હસવા માંડી.

''શું વાત છે, બાપુ ? કેમ આજે આટલા ખુશ !''

વિનુભાઈએ કાંઈ જવાબ વાળ્યો નહીં. વાસણ ગોઠવી દઈ વિજ્યા મેડી ઉપર વાંચવા જતી રહી. વિનુભાઈ પણ બોલ્યા ચાલ્યા વગર જમવાનું પતાવી, હાથ ધોઈ, થાળી ચોકડીમાં મુકવા બહાર ગયા. પણ માજી હજુ સુધી ત્યાં ને ત્યાં, નીચે જ પલાંઠી વાળીને નીચી મુંડીએ બેસી રહેલાં. તેમના કપાળની કરચલીઓ ઘણી વાર તંગ થતી, ઘણીવાર હળવી બનતી . બા નો ચહેરો ઘડીક ઉદાસ થતો, ચિંતામાં ગરકાવ થતો તો ઘડીક હસું હસું લાગતો. બાને ત્યાં જ બેઠેલાં જોઈ વિનુભાઈ બા પાસે આવ્યા અને તે પણ સામે પલાંઠી વાળીને બેઠા. બા એ થોડીવાર માટે ચહેરો ફેરવી દીધો. પણ પછી વિનુભાઈ સામે જોઈને એ જ પ્રશ્ન ફરી દોહરાવ્યો. ''કેમ હસવા માંડેલો ?''

''ત્યારે શું કરું ? બા, તેં વાત જ એવી માંડી કે હસવું જ આવે ને ! હજુ તો વિજુ નાની છે. મેટ્રીકની પરીક્ષા હમણાં આપી. હજુ તો એને કોલેજ કરાવવાની છે.''

"તે કોલેજ કરાવજે. કોણે ના પાડી ? પણ સારું ઘર અને સારું છોકરું તો શોધવું પડશે ને ?"

"એ તો વખત આવ્યે મળી આવશે. મા બધું ગોઠવી દેશે. તું ચિંતા ના કર. હવે તું યે સૂઈજા અને હુંયે આડો પડું. કહીને વિનુભાઈ બા આગળથી ઉભા થઈ ગયા અને ખાટલા પાથરવા ના કામમાં વળગ્યા.

બા પણ પાછળ પાછળ ઉભી થઈ અને વાસણ લઈ ચોકડી તરફ વળી. પણ હજુ એમનો બડબડાટ ધીમા અવાજે ચાલુ હતો,

"મા વગરની છોડી ! મા હોત તો મારી વાત કાનેય ઘરત. અને મને સમજત. અરે ! એની મા જ મને જગાડત. આમ મોટી-પોટી છોડી નજર આગળ ફરતી હોય એ જોઈને બાપનેય ખબર નથી પડતી કે દાદાનેય બુદ્ધિ ચરવા ગઈ હોય એમ લાગે છે."

વિનુભાઈ પણ ખાટલા પાથરી આડા પડ્યા. બે હાથની હથેળીઓ માથા નીચે મુકી ઉપર છત તરફ થોડી વાર જોઈ રહ્યા. પછી મનમાં ને મનમાં વિચારવા માંડ્યા,

"બાની વાત તો સાચી છે. આજ નહીં તો કાલે તેને પારકા ઘેર મોકલવી તો પડશે જ. પછી એના વગર આ ઘર કોણ ચલાવશે ? અમારું ત્રણે જણનું ધ્યાન કોણ રાખશે ? એના વગર અમને ઘરમાં કેમનું ગાંઠશે ?" વિનુભાઈની આંખ ભીની થઈ ગઈ. "પણ મા-બાપથી એટલા બધા સ્વાર્થી થોડા થવાય ? આપણું દુઃખ આપણે વેઠવાનું. દીકરીનું ભવિષ્ય પણ જોવાનું નહીં ?" એમ વિચારતાં વિનુભાઈએ આંખમાં ઝળકેલાં આંસુ એક હથેળી થી લુછી નાખ્યાં અને મન મક્કમ કરી નાંખ્યું. "પણ એનું ભણવાનું તો ના બગાડાયને !" વળી વિચારો એ પલટો ખાધો.

અને સવારે ચા પીતાપીતાં વિનુભાઈએ બાને સ્પષ્ટ કહી દીધું, "બા, રાત્રે તારી વાત ઉપર મેં વિચારી જોયું પણ વિજ્યા ભણે છે ત્યાં સુધી એવી કોઈ વાત વિચારવી નથી." આટલું કહી, ખાલી કપ-રકાબી નીચે મુકી વિનુભાઈ દુકાને જવા નીકળી ગયા.

બા જતા વિનુની પીઠ તરફ ચિંતા ભરેલી નજરે જોઈ રહ્યાં.

• • •

# 3. જનકરાયની જયા

જનકરાય દવે કૉલેજમાં સંસ્કૃતના પ્રોફેસર હતા. તેમનાં ધર્મપત્ની જાનકી દેવી પણ પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલાં. પરંતુ જેવું એમ.એ. પુરું કર્યું. એવું જ તેમનું લગ્ન જનકરાય સાથે થઈ ગયેલું અને લગ્ન બાદ ચાર-પાંચ મહીને તો ગર્ભ રહ્યો. પહેલા ખોળે દીકરો આવ્યો. બધી બાજુ ખુશાલી છવાઈ ગઈ. આ પહેલો દીકરો હજુ તો હમણાં માંડ ચાલતો શીખેલો અને જાનકી ફરીથી ગર્ભવતી થઈ. "લ્યો, કરો વાત. જાનકીને તો બીજોયે ભાણો આવ્યો. આપણી જાનકી તો ભારે નસીબદાર !" જાનકીનાં તેના પિયરમાં મોં ફાટ વખાણ થવા માંડેલાં. તો બીજી બાજુ સાસરીમાં પણ માન-પાન વધી ગયેલાં. અને આમ ને આમ મોટો કાર્તિકેય પાંચ વર્ષનો થઈ ગયો તો નાના ગજાનને પણ ત્રણ વર્ષ પુરાં કર્યાં. જાનકીદેવી તો પાર્વતીમાતાની જેમ બંને દીકરા જોઈને હરખે નહોતાં સમાતાં. પણ જનકરાયના ચહેરા ઉપર એવી ખુશી નહોતી ઝળકતી. બંને દીકરા દોડતા દોડતા જનકરાય પાસે જતા ત્યારે તે પ્રેમથી તેમને ઉંચકી લેતા, રમાડતા, બહાર ફરવા પણ લઈ જતા અને માંગે તે વસ્તુ, રમકડાં, મીઠાઈ, આઈસ્ક્રીમ, ચોકલેટ વગેરે હાજર પણ કરી દેતા. પણ તેમના ચહેરા ઉપર ઉમળકો, આનંદ, દિવ્ય સંતોષ જોવા મળતો નહોતો.

સાસુ-સસરા, જેઠ-દિયર, નણંદ, કાકા, કાકી, ફોઈ-ફુવા, બધાં વાર-તહેવારે ભેગાં થતાં ત્યારે જેઠાણી, દેરાણી તો જાનકીને મળેલા બે દિકરાના ભાગ્યને જોઈને પોતાની જાતને કોસતાં. તો માજી તો બધાં વચ્ચે ખુલ્લંખુલ્લા કહેતાં કે "મારી જાનકી નસીબદાર છે. કાલ સવારે તેના બે દિકરા મોટા થઈ જશે અને ડાબે-જમણે ઉભા રહી જશે." નણંદબા, કાકા, ફોઈ તો જનકરાયના સુભાગ્યથી ખુશ થતાં જ. ફુવા ચુપ રહેતા અને કાકી કાંઈ બોલતાં નહીં. બંને નાના અને મોટા ભાઈઓ હળવું હળવું હસી લેતા. જાનકીના નણદોઈ ભાગ્યે જ સાસરીમાં આવતા. કેમકે તે લશ્કરમાં હતા. બે-ત્રણ વરસે દસ-પંદર દિવસ માટે આવતા. સિપાઈ નહોતા પણ વહીવટી પોસ્ટ ઉપર હતા. છતાંયે જ્યારે બે-ત્રણ કલાક માટે પણ આવતા ત્યારે શિસ્તબદ્ધ રીતે પ્રવેશતા, બેસતા અને જતા

રહેતા. હા, ના, જી એવા એક જ અક્ષરના ઉચ્ચારણો કરતા. પરંતુ આવા માહોલમાં પણ જનકરાયના ચહેરા ઉપરનો વણઓળખાયેલો અસંતોષ જાનકીદેવીની ચીવટભરી નજરથી છૂપો રહી શકતો નહીં.

અને એક રાત્રે બેડરૂમમાં જાગતા પડી રહેલા જનકરાયને જોઈને જાનકીદેવીથી રહેવાયું નહીં. બાજુના પલંગમાં એક બીજાને લપાઈને સુઈ રહેલા કાર્તિકેય અને ગજાનન તરફ તેણે એક નજર ફેરવી લીધી. બંને ધસધસાટ ઉંઘી ગયેલા હતા. ફરી જનકરાય તરફ જોયું. ચહેરા ઉપર ઉદાસીનતા, અતૃપ્તિ, કાંઈક આછેરો અસંતોષ, મનમાં ધુમરાઈ રહેલો વલવલાટ, કાંઈક નથી તે મેળવવાની લાલસા, લાચારી જેવા ભાવોનું મિશ્રણ, ભાવપટ્ટી ફરતી જતી હતી. અને પછી તો સહજ સ્ત્રી સ્વભાવ અનુસાર જાનકીદેવીનું ફટક્યું. તે પલંગમાં બેઠાં થઈ ગયાં. બંને હાથ કમરની બે બાજુ આપોઆપ ગોઠવાઈ ગયા. કરોડરજ્જુ ટટ્ટાર, સીધી થઈ ગઈ. માથુ પણ ઉચકાયું. તેમની નજર જનકરાયની આંખો સામે બરાબર ગોઠવાઈ. લોકલાજે ફક્ત અવાજની માત્રા ધણી ધીમી રહી. પણ તેમના શબ્દો, આક્રોશ-દુઃખ-લાગણી-પ્રેમ વગેરેના સ્પષ્ટ પડઘા પાડતા હતા.પછી તો તેમાં ક્રોધ ઉમેરાતો ગયો. કાંઈ જ પ્રત્યુત્તર ના મલતાં રૂદન શરૂ થયું. એક વખતે તો તેમનું માથું જનકરાયની છાતી ઉપર મુકી હીબકે ચડ્યાં. વળી થોડીવારે સ્વસ્થ થયાં. માથુ લઈ લીધું અને તેમના શરીરના મહત્તમ ભાગને સ્પર્શી શકાય તેવી રીતે ખૂબ નજીક જઈને બેઠાં. હવે અકડાઈ નહોતી. સ્વરમાં, શબ્દોમાં, વાણી પ્રવાહમાં નરમાશ હતી. વિનંતી જેવો સૂર હવે નીકળતો હતો.

"તમારે કઈ વાતની ખોટ છે ? હું તમારી ઘરવાળી છું. મને તો કાંઈક ફોડ પાડીને કહો ? તમે કહેશો નહીં અને મનમાં ને મનમાં મુંઝાશો તો તમારું શરીર બગાડશો. તમારી અર્ધાંગિની છું એમ તો તમે પણ ધણીવાર કહો છો. તો મનખોલીને કોઈકવાર તો તમારા મનની વાત મને કહો."

શરૂઆતના શબ્દો તો ભારે આકરા હતા.

"તમારે શું વાતની ખોટ છે તે આમ દિવેલિયું મોઢું કરીને છત સામે જોઈ રહ્યા છો ? પહેલેથી આવો મુંજી સ્વભાવ રહ્યો છે, તમારો ! આમ બધી વાતે ફાંકડા, હોંશિયાર પણ મનનો સાવ મેલો માણસ. પેટમાં શું બળે છે તે કોઈકને તો કહો ? કોઈ બીજીના લફરામાં તો નથી પડ્યાને ! દેખાવમાં રૂપાળા છો.

ટાટમાટ થઈને કોલેજમાં જાઓ છો, મોટા પગારદારી, ઘરનું ઘર, ગામડે ખેતીવાડી પણ લાંબી-પહોળી, ભાઈ પાછા સ્વભાવે પણ રંગીલા ! કોલેજમાં પણ પુરુષ પ્રોફેસરો કરતાં સ્ત્રી પ્રોફેસરો પણ વધારે છે અને વિદ્યાર્થીઓમાં છોકરીઓની સંખ્યા ઝાઝી છે. કોઈનામાં તમે લપટાયા છો કે કોઈએ તમારા ઉપર જાળ પાથરી છે ?

કે પછી નોકરીમાં કાંઈ ડખો પડ્યો છે ? પ્રિન્સીપાલ સાથે અણબનાવ થયો છે ? કોઈ પ્રોફેસર સાથે બોલાચાલી તો નથી થઈ ? કોઈ તોફાની વિદ્યાર્થીથી તો કાંઈ બબાલ નથી ઉભી થઈને ? કોઈ વાલી એ તમારા વિરૂદ્ધ ફરીયાદ કરી છે ? મોઢામાંથી કાંઈ બોલો તો ખબર પડે ને ! આમ મૂઢની જેમ મારી સામે શું જોઈ રહ્યા છો ?

મારાં જ ભાગ્ય ફુટી ગયાં કે આવો મરદ મને ભટકાયો. રાજકુંવરો જેવા બે દીકરા બાજુમાં સૂતા છે, જુવાન જોધ બૈરું પડખે સુઈ રહ્યું છે, વૈભવશાળી બેડરૂમ, પલંગ, ગાદલાં, ફર્નિચર, પંખો, એસીમાં પડેલા આ શુષ્ક જીવ, લાગણીહીન માણસ ઉપર ગુસ્સો ના આવે તો શું હસવું આવે ?

મને ખબર છે કે તમારા સંસ્કૃત વિષયના જ્ઞાનના તોલે આવે એવો બીજો કોઈ પ્રોફેસર તમારી કોલેજમાં તો ઠીક પણ આખી યુનિવર્સિટીની તમામ કોલેજોમાં પણ કોઈ નથી. તમારી ભણાવવાની પદ્ધતિ, ક્ષમતાનાં વખાણ તમારી સાથેનો સ્ટાફ, પ્રિન્સીપાલ, વિદ્યાર્થીઓ અને વાલીઓ સૌ કરે છે. ઘણાં બધાં કોલેજ ફંકશનોમાં હું પણ તમારી સાથે આવેલી છું. અને આ બધું મેં ત્યાં સાંભળ્યું છે, જોયું છે. બધાં તમારી તરફ માનભરી નજરે જુએ છે. દવે સાહેબ આવતા હોય તો બધાં મારગ આપીને સાઈડમાં ખસી જઈ અદબથી ઉભાં રહે છે. તમારી પાસે જ્ઞાન છે, બે દીકરા છે, ભણેલી, દેખાવડી, સમજુ, વહેવારું પત્ની છે. તંદુરસ્ત અને માયાળું મા-બાપ છે. ભાઈઓ છે, બેન છે, કાકા-કાકી, ફોઈ-ફુવા છે. અને બધાં સૌ સૌના ઘેર સુખી છે, ખુશ છે. બધાં સાથે સારા સંબંધો છે. હાથમાંને હાથમાં રાખે તેવાં ભલાં-ભોળાં સાસરીયાં છે. તો પછી તમને દુઃખ કઈ વાતનું છે ?"

ઘણું બધું કહી દીધા પછી જાનકી થાકી. ના તો જનકરાય તરફથી કોઈ જવાબ મળ્યો કે ના તો તેમના ચહેરાના ભાવોમાં કાંઈ ફરક પડ્યો.

"ના બોલવું હોય તો કાંઈ નહીં. મને ના કહેવું હોય તો તમારી મરજી. આ તો તમને દુઃખી થતા જોવાતું નથી એટલે આટલા બે શબ્દો બોલી. તમને ઠીક લાગે તો કહેજો. અને ના કહેવું હોય તોયે તમારી ઇચ્છા ! હવે તો મનેય ઉંઘ આવે છે. પાછું સવારે તો વહેલા ઉઠવાનું હોય છે જ !" આમ બબડતાં બબડતાં જાનકી પાસુ મરડીને સૂઈ ગઈ.

થોડીવારે જનકરાયે તેનો ખભો હલાવ્યો.

"શું છે હવે ?" જાનકીએ છણકાભરી નજરે જનકરાય સામે જોયું. જાનકીએ જનકરાય નો મલકાતો ચહેરો જોયો. તેનો ગુસ્સો ઓગળી ગયો. "શું કહેવું છે ?" તે ફરી હળવેકથી, વહાલથી, લાગણીભર્યા અવાજમાં બોલી.

"આવતા શનિ-રવિની રજાઓમાં અંબાજી જઈ આવીએ. મને લાગે છે કે તેના શરણે જઈશ તો જ મારી મનછા પુરી થશે."

"સારું, સારું. હું તે રીતે તૈયારી કરી રાખીશ."

"બપોર પછી નીકળીશું. મારી કોલેજ ભરાઈ જાય અને છોકરાંની નિશાળ પણ ના બગડે. રાત્રે ત્યાં રોકાઈશું. રવિવારે સાંજે પાછા. આપણે બે અને આપણા બે. બસમાં જઈશું અને બસમાં પરત."

"જેવી તમારી મરજી."

અને પછી બંને જીવ એકબીજાને લપાઈને નિદ્રાધીન થઈ ગયા.

શનિવાર આવ્યો. જાનકીદેવીએ બેગોનું પેકીંગ કરી દીધેલું. છોકરાંના નાસ્તા પણ તૈયાર કરી દીધેલા. જનકરાય કોલેજથી આવી ગયા. બાળકો તો ક્યારનાંય સ્કુલેથી આવી ગયેલાં. બધાંએ જમી લીધું. રીક્ષા બોલાવી ઉપડ્યાં બસ સ્ટેન્ડ.

"ભાઈ, ગાડી નથી લઈ જવી ?" જનકરાય નાં બાએ સૂચન પણ કરેલું. પણ "ના" એટલા ટુંકા જવાબથી વાત કાપી નાખેલી.

અંબાજી બસ સ્ટેન્ડ ઉતર્યાં. મંદિરની નજીકની હોટેલમાં રૂમ ભાડે રાખી સામાન મુક્યો. ફ્રેશ થયાં. પછી મંદિરે દર્શન કરવા ગયાં. દર્શન કરી ચાચર ચોકમાં બંને જણ કલાકેક બેઠાં. બંને છોકરા ખુલ્લામાં દોડાદોડી કરતા હતા. પાછા હોટલમાં આવી જમીને સૂઈ ગયાં.

રવિવારે માતાજીના વારે જનકરાય અને જાનકીદેવીએ મા અંબાના મંદિરમાં પાવડી પૂજા કરી. પ્રસાદ લીધો. ગાદીનાં દર્શન કર્યાં. ભૈરવનાં દર્શન કર્યાં. બપોર સુધી માના પ્રાંગણમાં ફર્યાં.

ફરી હોટલ ઉપર જઈને જમ્યાં. બપોરે ગબ્બર ગયાં. મા ગબ્બરવાળીનાં દર્શન કર્યાં. હોટલ ઉપર આવતાં આવતાં સાંજ પડી ગઈ. ફટાફટ પેકીંગ કરી, હોટેલનું બીલ ચુકવી, રીક્ષા કરી બસ સ્ટેન્ડ આવી ગયાં. તરત બસ મલી ગઈ. છતાંયે ઘેર પહોંચતાં રાતના દસ વાગી ગયા.

છોકરાં પણ થાકી ગયેલાં. નાનો ગજાનન તો બસમાં જ ઉંઘી ગયેલો. રસ્તામાં જ પેકીંગ કરીને લઈ ગયેલા તે નાસ્તો ચારેય જણે ધરાઈને ખાધેલો અને માનો ને કે પુરો જ કરી દીધેલો. તેથી સામાન એમને એમ એક બાજુ મુકીને ચારેય જણ પલંગમાં પડતાંવેંત ઉંઘી જ ગયેલાં.

સવારે સાડા પાંચના સુમારે જાનકીદેવીની આંખ ઉઘડી ગઈ. તે હજુ સ્વપ્નાવસ્થામાં જ હોય તેમ તેને લાગતું હતું. તેથી તેનો હાથ લંબાવીને થપથપાવતી હતી. ખરેખર જાનકી જનકરાયના ખભા ઉપર હાથ ફેરવતી હતી. તેથી જનકરાય પણ જાગી ગયા પણ હજુયે બંને તંદ્રાવસ્થામાં જ હોય તેમ લાગતું હતું.

"લ્યો, તમને જે જોઈતું હતું તે માતાજીએ આપ્યું ને ! હવે તો ખુશ રહેશો ને !" અર્ધજાગ્રત અવસ્થામાં જાનકી બબડતી હતી અને બંધ આંખે બે હાથ પહોળા કરી, જાણે કે તેની હથેળીઓમાં રહેલું જનકરાય ને બતાવતી હતી.

"अनाघ्रातम् पुष्पम्" જનકરાય પણ બબડતા હતા. થોડીવારે બંને પૂર્ણ જાગૃત અવસ્થામાં પહોંચ્યાં. બંને એકબીજા સામે જોઈને મલકાયાં. જાનકી શરમાઈ, જનકરાય હસી પડ્યા. "શું વાત છે ?"

"કાંઈ નહીં. મને સપનું આવ્યું. હું હોસ્પિટલમાં છું. મને બેબી અવતરી છે." આટલું બોલતાં બોલતામાં તો ખરેખર જાનકી એ પોતાનો ચહેરો પોતાની હથેળીઓથી ઢાંકી દીધો.

"હું પણ સ્વપ્નમાં જ હતો." જનકરાયે જાનકીના બંને હાથ પકડી તેનો ચહેરો ખુલ્લો કર્યો. "તું બે હાથમાં દીકરી ઉંચકીને મને રમાડવા આપતી હતી."

"હા, હા ! પડખામાં સુતેલી દીકરીને થપથપાવી. પછી બે હાથમાં લઈને તમને તો આપવા જતી હતી."

"બંનેનું એકસરખું સપનું !"

"અને તે પણ પરોઢિયાનું સપનું."

"તો તો નક્કી મા અંબાએ મારી અરજ સાંભળી." જનકરાય ખુશખુશાલ થઈ ગયા.

"તે તમારે એ વાતની ખોટ હતી ?" જાનકી પણ સામે હસી પડી.

"હાસ્તો ! મને પણ કણ્વ ઋષિ બનવું છે. મારે આંગણે પણ હરણાં સાથે રમતી શંકુતલા જોઈતી હતી."

"મા નાં દર્શન કર્યાં, પાવડી પૂજા કરી, ચાચર ચોકમાં બેઠાં. ગબ્બર ચઢ્યાં. તેમના ધામમાં રાતવાસો કર્યો. દવે સાહેબ, માડી તમારી મનછા જરૂર પૂરી કરશે." હસતા મોંએ જાનકી એકી શ્વાસે બોલી ગઈ. પછી પાછી શરમાઈ ગઈ. થોડી વારે જનકરાયના ગાલ ઉપર હળવી ટપલી મારી અને પછી પલંગમાંથી જાનકી સડપ દઈને ઉભી થઈ ગઈ અને પાછું વળીને જોયા વગર રસોડા તરફ દોડી ગઈ.

જનકરાય જતી જાનકીની પીઠને તાકી તાકીને જોઈ રહ્યા હતા. અંતે બબડ્યા, "હા, હા. મારા ઘેર મા ભવાની જરૂરથી અવતરશે."

અને ખરેખર બીજા જ મહીને જાનકી ચાર દિવસ માટે બહાર બેઠી નહીં. જનકરાયને જાણ થઈ એટલે તુરતજ મનોમન બબડ્યા પણ ખરા, "નક્કી, બાલસુંદરી પધાર્યાં."

દસમો મહીનો બેસી ગયો. પણ જાનકીને દર્દ ઉપડ્યું જ નહીં. દવાખાને લઈ ગયા.

"બાળકનું માથું મોટું છે અને ઉપરની તરફ છે. રાહ જોવી હોય તો જોઈએ." દાક્તરે કહેલું.

"મા-બચ્ચાને તો નુકશાન નહીં થાય ને ?" જનકરાય જ વચ્ચે બોલી વળેલા.

"ના, ના. એવું કાંઈ નથી. બાળક પણ તંદુરસ્ત છે અને માતા પણ સશક્ત છે. દર્દ ઉપડે તેની રાહ જોઈએ. નોર્મલ ડીલીવરી થાય તો સારું." દાક્તરનો રીપોર્ટ સાંભળી બધાં ઘેર આવ્યાં.

અને અમાસની રાત્રે દસ વાગે જાનકીને દર્દ ઉપડ્યું. તાબડતોબ દવાખાને ગયાં. તે દિવસે પણ રવિવાર જ હતો. બરાબર રાતના બારના ટકોરે કુદરતી પ્રસવ થયો. જાનકીને ખાસ્સું કલાકેક જેવું અસહ્ય દર્દ વેઠવું પડ્યું. બહાર જનકરાય રઘવાયા રઘવાયા આંટા-ફેરા મારતા હતા. લેબર રૂમમાંથી બહાર આવતા સ્ટાફ તરફ ઉત્સુકતાની નજરે જોઈ રહેતા. પણ કોઈ કાંઈ બોલતું નહીં. દાક્તર પણ બે વાર બહાર આવેલા પરંતુ તેમની સામે જોયા વગર કેબીનમાં જતા રહેતા. પાંચેક મિનિટમાં તો ફરીથી લેબર રૂમમાં ઉતાવળે ઉતાવળે ધુસી જતા.

બારના ટકોરે બાળકના રડવાનો અવાજ જનકરાયના કાને પડ્યો. "મા ભવાની ગબ્બર ગોખેથી ઉતર્યાં." એ બબડ્યા. થોડીવારે નર્સ બાળકને હાથમાં લઈને બહાર આવી. જનકરાયનાં બા સોફા ઉપર બેઠાં બેઠાં 'ૐ નમઃશિવાય'ના મંત્ર જાપ કર્યે જતાં હતાં. નર્સ માજી તરફ વળી.

"દીકરી અવતરી છે, બા. જલેબી ખવડાવવી પડશે." એમ બોલીને બાળકી માજીના હાથમાં મુકી. જનકરાય પણ સોફા તરફ ગયા. બા ના હાથમાં હાથ-પગ હલાવતી બાળકીને એકીટશે જોઈ રહ્યા.

"મા એ મારી પ્રાર્થના સાંભળી" મનોમન બબડ્યા.

ત્રણ-ચાર કલાક પછી સવારે તો જાનકીને દવાખાનામાંથી રજા આપી દીધી.

"કંઈ ચિંતા કરશો નહીં. મા-દીકરી બંને તંદુરસ્ત છે." બીલની રકમ સ્વીકારી રજા આપતાં દાક્તર બોલેલા.

આડોશપાડોશમાંથી બધાં બૈરાં વારાફરતે મા-દીકરીને જોવા આવી ગયાં. કોઈ કાંઈ કહેતું અને કોઈ કાંઈ કહેતું. જનકરાય અને તેમનાં માતા-પિતા સૌને ઠાવકાં થઈને આવકારતાં, સાંભળતાં અને નમસ્કાર કરી વળાવતાં. પણ સૌની વાતોમાં ધણીબધી બાબતો એક સરખી હતી.

"મા-બાપ જેવી દીકરી લાગતી નથી. જનકભાઈ અને જાનકીબેન તો કેવું

રૂપાળું જોડું લાગે છે ! બેય માણસ ધાટીલાં પણ ખરાં અને દેખાવડાં પણ ખરાં. જ્યારે આ છોડી તો અલગ જ તરી આવે છે. મા-બાપ અને તેના બંને ભાઈઓ તો ધોળા ધફ રૂની પૂણી જેવા છે. પણ આ છોકરી જોજો ! શ્યામ વર્ણી જ થશે. માથું મોટું છે, પાવલાં લાંબાં છે, હાથ ટુંકા છે, ચહેરોયે, અલી ! ભલીવાર વગરનો લાગે છે. આ છોડી તેનાં મા-બાપ જેવી દેખાવડી કે રૂપાળી ભાગ્યે થાય !''

એક દા'ડો તો માજી પણ જનકરાય આગળ મનનો ઉભરો કાઢવા માંડેલાં.

''ભાઈ, દીકરીનો દેહ લઈને અવતર્યાં છે. કાલે કોઈ ઘેર વળાવવી પડશે. અને હવે ક્યાં પહેલા જેવું રહ્યું છે ? રૂપ જુવે છે. આ પથરો આવ્યો છે તે તને ઘડપણમાં ચિંતા કરાવશે. આવી તો ભલે આવી. સૌ સૌનું નસીબ લઈને આવે છે. પણ ધોળું ચામડું લઈને આવી હોત તો સારું. થોડુંક દેખાવડું થોબડું થાય તોય ચિંતા ટળે. હશે, અત્યારે તો શું ખબર પડે, બધી ? મોટી થાય, શરીરે ભરાય અને રૂપાળી બને તો સારું.''

જનકરાયે કાંઈ જ જવાબ નહીં વાળેલો. મનોમન એટલું જ વિચારતા ''જેવી છે તેવી આ દીકરી મારે મન તો મને મળેલો મા ભવાનીનો પ્રસાદ છે.''

બાની જેમ જ જાનકી પણ જનકરાય સામે આવી વાત ઉઘાડતી ત્યારે તો તે સ્પષ્ટ કહી જ દેતા,

''આવું બોલીને માના પ્રસાદનો તું અનાદર કરે છે.'' દિવસો વીત્યા, મહીના પસાર થઈ ગયા, વર્ષો વીતવા માંડ્યાં.

સવા વર્ષની બેબી ને લઈને જનકરાય અને જાનકી ફરીથી અંબાજી ગયાં. માનાં દર્શન કરાવીને નામ પાડીશું એવી બાધા રાખેલી. દર્શન કરાવીને નામકરણ માટે ચર્ચા ચાલી.

''અંબાજી એ પાર્વતી નો જ અવતાર છે. પાર્વતીના નામોમાંથી એકાદ નામ નક્કી કરીને પાડીએ, ખરુંને, જાનકી દેવી ! આ દીકરી પણ મા અંબિકાનો જ પ્રસાદ છે ને !''

અને પછી સર્વાનુમતે દીકરીનું નામ ''જયા'' પાડેલું. જયાને સાતમું વર્ષ બેઠું. નિશાળે જતી પણ થઈ ગઈ. સાવ કાળી, મા કાલિકા જેવી તો ના જ

કહેવાય અને  રૂપમાં અંબા જેવી રૂપાળી પણ નહીં. મા સરસ્વતી જેવી ધોળી શુભ્રવર્ણા પણ નહોતી. છતાં સાવ બેડોળ પણ નહોતી. માથું પ્રમાણમાં પાછળથી મોટું હતું. પણ ભાલપ્રદેશ મોટો અને તેજસ્વી હતો. ખાવા-પીવામાં કાંઈ ચટપટું ઓછું ગમે. પહેરે-ઓઢે સાદાં કપડાં ગમતાં. સાદગી અને સદ્‌ગુણો એના લોહીમાં હતા. સજ્જનતા, સેવા, સંયમ, સમજ તેના વર્તનમાં સ્પષ્ટ તરી આવતાં. બધું જ ગમે, બધું જ ફાવે, બધું જ ભાવે. શાંત, સૌમ્ય સ્વભાવ વાળી જયા બધાંને તેના સદ્‌ગુણો અને સાદગીને લઈને ગમી જતી. આવડત, હોશિયારી વધતી ગઈ. રસોઈમાં એક્કો ગણાવા માંડી. નાની ઉંમરે તેની સમજદારીનાં વખાણ થવા માંડ્યાં. તેને જાણે કોઈ શોખ જ નહોતો. કદી અપ-શબ્દ નહીં, કદી ક્રોધ નહીં. એ ભલી, એનું કામ ભલું. સીવવામાં પણ હાથ બેઠો. ભરત-ગુંથણ પણ કરવા માંડેલી. રંગોળી પુરે ત્યારે તો બધાં જોઈ જ રહે. નવરાત્રીમાં કદી ગરબે રમવા ના જાય. છોકરીઓ ભેગી છેવાડે બેસીને બધું જોતી રહે. એણે કદી ચણિયા-ચોળી પહેરવાની હઠ લીધી નથી. હોળીમાં કદી કોઈના ઉપર રંગ ના છાંટે અને કોઈ તેને પલાળે તે તેને ગમતું નહીં.

હવે તો જયા હાઈસ્કૂલમાં ભણવા જતી હતી. પણ ઘેરથી નિશાળમાં અને નિશાળમાંથી સીધી ઘેર આવી જતી. ના કોઈ બહેનપણી, ના કોઈની સાથે વાતચીત ! કોઈ છોકરા સાથે તો કદી વાત પણ નહોતી કરી શકતી. આમેય શ્યામ વર્ણ, ઓછો દેખાવડો મધ્યમ ચહેરો, સાદાં વસ્ત્રપરિધાન, ઓછો નહીંવત વાણી વિલાસ. જેથી જયા સાથે બીજી છોકરીઓ પણ ઓછું બોલતી. ક્યાંય ટીખળ થતું હોય, હોહા હોય, ફંક્શન હોય, ભીડ-ભાડવાળી જગ્યા હોય ત્યાં જવાનું જયા હંમેશાં ટાળતી.

છતાંય બધાં જયા તરફ, તેની સૌમ્યતા, સદ્‌ગુણો, આવડત, હોશિયારી, સંયમ, શાંત સ્વભાવ, તેજસ્વી કપાળ, ઊંડી કાળી આંખોને લઈને તથા સેવા, સહકાર, સજ્જતાને લીધે માનની લાગણીથી જોતાં અને તેની આગળ-પાછળ ફરતાં. પરંતુ જયા સૌના નિર્લેપ ભાવે, રાગ-દ્વેષ વગર સંબંધો કેળવતી અને નિભાવતી. જયા ફરજ સભાન વ્યક્તિ ગણાવા માંડેલી.

આમ જયાનો આકાર-રંગ-રૂપ જેમ સ્વજનોથી અલગ પડતાં હતાં, તેવી જ રીતે સ્વભાવ-વર્તન-અભ્યાસમાં પણ તે અલગ જ લાગતી હતી. બે મોટાભાઈ

ભણવામાં હોશિયાર. પિતા પ્રોફેસર અને માતા પોસ્ટગ્રેજ્યુએટ. ત્યારે જયા અભ્યાસ ક્ષેત્રે મધ્યમ કક્ષાની વિદ્યાર્થિની ગણાતી હતી. બધાં પહેરે-ઓઢે, ખાધે-પીધે, હરવા-ફરવામાં રંગીન મિજાજનાં ગણાતાં. જ્યારે જયા એટલે સાદગી અને સંયમની મૂર્તિ !

તેથી ભાઈઓ અને માતા ઘણીવાર જયાની ઠેકડી ઉડાડતાં પણ પિતા જનકરાયનું તેના તરફનું વહાલ અવિરત ગંગાના પ્રવાહ જેવું વહ્યે જતું.

"મારી ત્રિપુરાસુંદરી, મા ભવાની, બાલસુંદરી છે." એમ કહીને પોરસાતા અને જયાને માથે હાથ પસવારતા.

આમને આમ જયાના અભ્યાસનું રગશિયું ગાડું ગ્રેજ્યુએટ સુધી તો પહોંચી ગયું. જયાબેન ગુજરાતી વિષયમાં પાસ માર્કસે બી.એ. તો થઈ ગયાં.

પછી તો જાનકી દેવીને પણ ચટપટી થવા માંડી, "છોડીને વીસમું વરસ બેઠું. હવે બહું બેસી ના રહેવાય. સારો છોકરો શોધીને હાથ પીળા કરી દેવા જ પડશે."

"શું ઉતાવળ છે ? હજુ તો વીસમું જ બેઠું છે ને !"

"આમાં તમને ખબર ના પડે." કહીને જાનકી છણકા ભરી તીરછી નજરે જાણે કે જનકરાયને જોઈને ખખડાવતાં હોય તેવો ભાવ ચહેરા ઉપર લાવતાં.

"જો જાનકી, એ ભવાનીનો અવતાર છે. તેને તેની પ્રકૃતિ જ તેના નિર્મિત શિવ-પતિ તરફ દોરી જશે. તું નાહકની ચિંતા ન કર. હું દક્ષ પ્રજાપતિ જેવો હઠાગ્રહી કદી નહીં બનું. તે સરિતા સમુદ્રને મળવાનો રસ્તો આપોઆપ શોધી લેશે. તેમાં તું પણ આડખીલી રૂપ ના બન. તું તારી બુદ્ધિથી તેના શિવ પ્રતિ ના પ્રયાણ પથને ચીતરવા નો પ્રયત્ન પણ ના કર. આ મેઘબિંદુ યથા સમયે સ્વગૃહે ગ્રહીત થઈ મોતી સ્વરૂપ ધારણ કરશે જ. તેનો કાળ, વ્યક્તિ, પથ, સ્થળ બધું મા ભવાની એ નિર્મિત કર્યું જ હશે. તું એ ભાર માથે લઈને ના ફર. "શંકટનો ભાર જેમ શ્વાન તાણે" એવી તારી આ અવસ્થા, વાતો, ચિંતા જોઈને મને હસવું આવે છે."

"આ કાંઈ તમારો કલાસરૂમ નથી કે છોકરાંને ભણાવો છો તેમ મને ભણાવવા બેસી ગયા છો. આ તો ઘરની વાત છે, વહેવારની વાત છે. સમાજમાં

રહીએ છીએ. દીકરી માટે સારો છોકરો, સારું ઘર શોધવું તે દરેક મા-બાપની ફરજ છે અને તે વાત જ તમને યાદ કરાવું છું. ત્યારે સાહેબ તો ભાષણ આપવા બેસી ગયા.''

અને તે દિવસે ખરેખર જાનકીદેવી જનકરાયથી રીસાઈ પણ ગયેલાં અને એક-બે દિવસ અબોલા પણ પાડેલા.

જોકે જાનકી એકલી એકલી તો જનકરાયને સંભળાવવા બબડતી રહેતી. ''છોડીને લાડ બહું કરો છો તે અમને ખબર છે. તમને બે છોકરાઓ ઉપર ઓછો જીવ છે અને તમારી લાડકી તમારે માટે શ્વાસપ્રાણ છે તે અમારા ધ્યાન બહાર નથી. આમેય કોઈ બાપને છોકરી પરણાવવાની ઉતાવળ હોય જ નહીં, તે વાત પણ સાચી. પણ હૈયા ઉપર પથ્થર મેલીને પણ દીકરી પારકા ઘેર વળાવવી તો પડે જ ને ! અને કાંઈ ગમે તેના ગળે થોડી બાંધી દેવાશે ? તો પરણાવવા ખાતર પરણાવી દઈને ગમે તેવા ઉંડા ધરામાં પણ થોડી ફેંકી દેવાશે ? ઘર જોવું પડે, છોકરો શોધવો પડે, ખાનદાન જોવું પડે. આ તો બોલ્યા કે '' એની રીતે રસ્તો કરી લેશે.'' આ તે કાંઈ રીત છે બોલવાની ? ગાય અને દીકરી તો દોરે ત્યાં જાય. એ છોડી જાતે છોકરો શોધવા નીકળશે ? ભણ્યા પણ ગણ્યા નહીં. બધે એમની ભલે વાહ વાહ થતી હોય પણ આ બાબતમાં તેમની બુદ્ધિ કામ કરતી લાગતી નથી. દેખાવમાં પણ ભલીવાર નથી. થોડી કાળી પણ છે. ભણવામાં કાંઈ ભલીવાર લાવી નથી. એટલે હું યે કાંઈ મોટાં સપનાં તો નથી જોતી. પણ તોયે રોટલે સુખી અને ખાનદાન ઘર અને છોડીને સાચવે તેવો છોકરો તો શોધવો પડશે ને ! એ તો અનાપ-શનાપ બોલીને આઘા થઈ ગયા પણ મા તરીકે હું થોડી છૂટી શકીશ ? હું બૈરા બુદ્ધિએ વાતચીત કરું, તપાસ કરું, નક્કી કરું એ એમને થોડું શોભશે ? આવામાં તો ભલે મારી સલાહ લે પણ આગળ પડીને તો એમણે જ દોડવાનું હોય ને ! બા-બાપુજી તો જતાં રહ્યાં. નાનો અને મોટો બેય ભાઈઓ એમની જંજાળમાં પડ્યા છે. નણંદબા એમનો સંસાર ચલાવ્યે જાય છે. ત્યારે આપણા વસ્તારનું તો આપણે જ કૂટવું પડે ને ! સાવ બગલો ઉંચી કરી નાખીને મોટી મોટી જ્ઞાનની ને માતાજીની વાતો કર્યા કરીએ એ થોડું ચાલે ? એ તો તમે વિચારો, દોડો, શોધો ત્યારે માડી તમને યોગ્ય રસ્તે દોરી જાય. પલંગમાં પડ્યે પડ્યે થોડો છોકરો સામા પગલે આપણા ઘરે આવશે ? છોકરીના બાપ છો,

સત્તર ઘેર જવું પડે અને સત્તર ઘેર પૂછાવવું પણ પડે. આ છોડીનું નક્કી થઈ જાય તો ભેગા ભેગું મોટાનું પણ ક્યાંક ગોઠવી દઉં અને બેય અવસર ભેગા પતાવી દઉં, એવું વિચારીને બેઠી છું. ત્યારે આમને તો પેટનું પાણી પણ હાલતું નથી. હશે ત્યારે એ છોડીના નસીબમાં લખાયું હશે તેમ થશે, બીજું શું ?''

અને આમ જાનકીદેવીનો બબડાટ સવાર-સાંજે, રાત્રે-દિવસે જનકરાય સામે ચાલુ ને ચાલુ રહેતો.

અને એ અઠવાડિયામાં જ સમાચાર મલ્યા કે એક છોકરો નાતમાં છે. હમણાં હમણાં બી.કોમ. પાસ કર્યું છે. તેનાં મા-બાપ તેના માટે સંસ્કારી ઘરની છોકરી શોધે છે. છોકરાએ તો ચોખ્ખું કહી દીધું છે કે કોઈ છોકરી જોવા નહીં જાય. એનાં મા-બાપ કહેશે તેની જોડે લગ્ન કરી દેશે. છોકરો અત્યારે કોઈ પેઢી ઉપર નામું લખવા જાય છે. ''પગાર તો ઠીક પણ શીખવા મળશે'' એ ગણત્રીએ એના બાપે મોકલ્યો છે.

આ વાત મલતાં જ ઘરનું સરનામું, મા-બાપનાં નામ, છોકરાની વિગતો ભેગી કરવામાં જાનકીદેવી લાગી પડ્યાં. બાપનું નામ જયંતિલાલ છે અને મા જસવિદ્યા છે. જયંતિભાઈ પોતે પણ બી.કોમ થયેલા અને સરકારી ખાતામાં કારકુન હતા. જસવિદ્યા તો માંડ સાત ચોપડી ભણેલાં છે અને સંતાનમાં આ એકનો એક દીકરો છે. છોકરાનું નામ જસુભાઈ છે. જયંતિલાલ જાનીને ગામમાં ઘર છે. શહેરમાં બંગલો પણ લીધો છે. ગામમાં ખેતીવાડી હતી. આગલી પેઢી તો ખેતી પણ કરતી અને ઘેર ઢોર-ઢાંખર પણ હતાં. ભેંસોય હતી અને ડોસા-ડોસી ઉકલી ગયાં એટલે બધું વેચી-સાટી ને રોકડું કરી લીધું અને બેંકમાં ફીક્સ કરી દીધી. જયંતિભાઈને પગાર આવે ને બેંકના વ્યાજની આવક પણ ખરી. માણસ ખાધે-પીધે સુખી, સાલસ સ્વભાવનો ગણાય છે. જસવિદ્યા ભણેલાં નથી પણ વહેવારું બાઈ છે, ભક્તિભાવવાળો સ્વભાવ છે. ભજનકીર્તનમાં રચ્યાં પચ્યાં રહે છે.

બધી વિગત ભેગી કરીને જાનકીએ જનકરાયને બધી વાત કરી અને બીજા રવિવારે બેય જણાં જયંતિલાલના આંગણામાં પહોંચી ગયાં. ચા-પાણી-નાસ્તો થયાં. આવવાના પ્રયોજન વિશે ચર્ચા થઈ. જાનકીદેવી અને જસવિદ્યાએ અંદરોઅંદર વહેવારની વાતો કરી લીધી. જનકરાય અને જયંતિલાલે બાળકો અંગેની વિગતોથી પરસ્પર વાકેફ કર્યાં.

"ભાઈ જયંતિલાલ, અમારી દીકરી આમ તો બધી વાતે હોંશિયાર છે. પણ ભણવામાં મધ્યમ રહી. રૂપે-રંગે પણ સર નંબર ના ગણાય. સાદી છોકરી છે. છોકરાને જોવી હોય તો એકાદવાર અમારે ત્યાં આંટો મારી જજો. પછી પાછળથી એમ ના લાગવું જોઈએ કે નાતીલા મીઠું મીઠું બોલીને છેતરી ગયા. જન્માક્ષર મેળવવાનો વિચાર હોય તો પણ કહી દેજો. અત્યારે જ અમારી બેબીની વિગત આપતા જઈએ. બાકી તો પછી તમે જે કહેશો તે બધા વહેવાર કરવાની અમારી તેયારી છે."

"જનકભાઈ, છોકરો છોકરી જોવાની જ ના પાડે છે. પસંદગી એની મા ઉપર છોડી દીધી છે. અમે હા પાડીએ એટલે એ તૈયાર. વટ-વહેવારમાં હું માનતો નથી. તમે કંકુ-કન્યા પધરાવશો તો પણ મારો વાંધો નહીં હોય. જન્માક્ષર મેળવીને પરણેલાં ઘણાં જોડાં દુ:ખી થયેલાં કે છૂટાં પડી ગયેલાં મેં તો જોયાં છે. ભાગ્યમાં લખેલું મિથ્યા થતું નથી. ઘૈડિયાં ક્યાં જન્માક્ષરની જંજાળમાં પડતાં હતાં ? તોયે પેઢીઓ વીતી ગઈ અને કોના ઘેર દુ:ખ નથી આવ્યાં ? કોણ કાયમી સુખી રહ્યું છે ? એટલે એ વાત પણ પડતી મુકો. વાત રહી દેખાવની ! સોળ વર્ષે તો ગધેડી પણ રૂપાળી હોય. પછી કાળી-ધોળી, ઉંચી-નીચી, જાડી-પાતળી, દેખાવડી-બેડોળના ચક્કરમાં પડીને ઘણા ફસાયા પણ છે અને વાંઢા પણ રહી ગયા છે અને કોનું રૂપ છેક સુધી રહ્યું છે ? અંતે બધી પાંચ-સાત વરસની માયા છે. મૂળ મુદ્દો જોવાનો છે તે ખાનદાનીનો છે. સદ્‌ગુણોવાળું પાત્ર મલે એ જ આપણું સદ્‌ભાગ્ય. અને તમે જ કહ્યું કે તમારી દીકરી સાદી સીધી અને હોંશિયાર છે એટલે તેમાં બધું આવી ગયું. રૂપના ભપકામાં અને ધનની લાલચમાં પડીને ઘણાંનાં છોકરાંએ પોતાની જુવાની બગાડી છે અને મા-બાપનાં ઘડપણ બગાડ્યાં છે. દીકરાના દુ:ખમાં પડખે ઉભી રહે અને અમે સાજાં-માદાં હોઈએ ત્યારે પવાલું પાણી ખાટલે પહોંચાડે તેવી ઠરેલ અને સંસ્કારી છોકરી મલે એવી અમારી ગણત્રી છે."

આમ, પુરુષો વચ્ચે વાતો થઈ ત્યારે જસવિદ્યાબેન કશુંયે બોલતાં જ નહોતાં. બસ એક જ વાતનું રટણ કર્યે જતાં હતાં.

"મારા જસુડાને ઝટ પરણાવી દઉં અને મરતાં પહેલાં એનાં છોકરાં ધરાઈને રમાડું એટલું મારે તો જોઈએ છે."

"જસવિદ્યાબેન, મારી દીકરીને એકવાર તમે નજર તળે તો કાઢો ! હીરો છે હીરો. તમારે કાંઈ કહેવાપણું નહીં રહેવા દે. બહું જ સમજદાર છોડી છે. હા ! એના બાપને બહું વહાલી. વળી સૌથી નાની છે એટલે તેના બેય મોટાભાઈઓ પણ તે પાણી માગે તો દૂધ હાજર કરી દે એવા છે. રસોઈમાં તો એક્કો ! કામમાં પણ પાવરધી અને એય પાછી ચીવટવાળી. ના કાંઈ બગાડ થવા દે. અમારા ઘરમાં બધાં ના ટાઈમ એ છોડી એકલી સાચવે. અલી બુન, મારા હાથમાંથી યે કામ પડાવી લે. "ના બા, તું બેસ. હું મોટી થઈ ગઈ છું. તારે આરામ કરવાનો." એમ કહેતી જાય અને બધું કામ ફટાફટ પતાવતી જાય. હા ! થોડી દેખાવમાં પાછી છે અને થોડી સાદી-ભોળી છે. તમે એટલું ચલાવી લો તો તો તેનામાં બીજી કોઈ વાતે એબ નથી."

સામે જસવિદ્યાબેને કાંઈ જવાબ ના વાળ્યો એટલે તેમણે ચાલું રાખેલું.

"તમે કહેશો એટલા દાગીના ધડાવીશું અને તમારા રીવાજ મુજબ જોડ કપડાં આપીશું. તમે લીસ્ટ આપશો એમ બીજા બધા વહેવાર થઈ જશે. જાનમાં જેટલું માણસ લઈને આવશો એ અમારે માથાભેર ! અમારા તરફથી સેવા-સરભરામાં કાંઈ કચાશ નહીં રાખીએ."

"એ તો બધું થશે જ. પણ લગનની તારીખ ઝટ જોવડાવો. મારે હવે મોડું નથી કરવું." જસવિદ્યાબેન બોલ્યાં.

"તે છોડી જોવા તમે અમારા ઘેર નહીં આવો ? દીકરાને પણ લેતાં આવજો. છોકરાં પણ એકબીજાને જોઈ લે. અને બધું સમું સુતરું ઉતરે તો ત્યાં ને ત્યાં મુરત પણ જોવડાવી દઈશું."

અને બીજા રવિવારે જયંતિલાલ અને જસવિદ્યા જનક ભાઈને ત્યાં આવ્યાં. જસવિદ્યા તો ચા-પાણી-નાસ્તો પતાવીને જયાની જોડે જ બેસી ગયાં અને તેના માથે, બરડે હાથ ફેરવવા માંડ્યાં.

"તમારા દીકરા ના પધાર્યા ?" જાનકી દેવી બોલ્યાં.

જસવિદ્યાએ જયંતિલાલ સામે જોયું. પછી થોડીવાર નીચું જોઈ રહ્યાં. અને બોલ્યાં, "ના"

"એણે પહેલેથી જ ના કહેલી. એણે બધું અમારા ઉપર છોડ્યું છે"

જયંતિલાલે વધારે સ્પષ્ટતા કરી.

"તો પછી બધું નક્કી ગણી લઈએ ?" જનકરાયે વધુ સ્પષ્ટ પૂછી લીધું.

"હાસ્તો, વળી. હવે મુરત જોવડાવવા કોઈ મહારાજને બોલાવો." જસવિદ્યાબેને ટૂંકુ વાળ્યું.

આ વાતો સાંભળીને જયા શરમાઈ ગઈ. તે બધાં વચ્ચેથી ઉભી થઈ ગઈ અને બેડરૂમમાં જતી રહી અને મનોમન વિચારવા લાગી.

"એ કેવા હશે ? એમનો દેખાવ કેવો હશે ? સ્વભાવે સારા હશે ?"

થોડીવારમાં મહારાજ આવ્યા. ટીપણાં ખોલ્યાં. મુરત કાઢ્યાં. એમાં મહીના પછીનો એક દિવસ નક્કી થયો અને સૌ વિખેરાયાં.

મહીના પછી લગન લેવાયાં, જાન આવી. જયાબેન પરણી ગયાં અને જસુભાઈ જાનીનો હાથ ઝાલી પાછળ પાછળ સાસરે પધાર્યાં.

મોયરાંમાં ધણીનો ચહેરો જયાને જોવા મળેલો. જોતાં વેંતજ જયાને લાગ્યું કે તેના કરતાં તો તે દેખાવડો છે અને દેખાવ, હાલ-ચાલ, વર્તનથી તો સીધો છોકરો લાગે છે. એટલું તારણ તો જયા પાનેતરના છેડાની લાજના ઓથે કાઢી શકી. આમ તો તે ધણી સમજદાર અને ઠરેલ છોકરી હતી ને !

આમ જનકરાયની જયા પરણી ગયેલી.

• • •

# 4. જે'શંકરનાં લગ્ન લેવાયા

હરિવલ્લભ વ્યાસનું નામ આજુબાજુના આખાયે મલકમાં ગુંજતું હતું. તેમના ઘરમાં દોમદોમ સાહ્યબી હતી. એમ કહેવાતું કે તેમના ઘરમાં એટલા બધા રાણી છાપના સિક્કા હતા કે તે ગણવાનો તેમની પાસે સમય નહોતો. ત્રાજવે સિક્કા જોખાતા અને કોથળામાં ભરીને માળીયે મુકાતા. ગામમાં પોણાભાગની ખેતીની જમીન તેમના હસ્તક હતી અને અડધો અડધ ખોરડાં વ્યાસજીનાં ગણાતાં. ઘર તો જાણે નાનીશી હવેલી જ ગણોને ! નોકર-ચાકર-માળી-રસોઈઆનો મોટો કાફલો ઘરમાં કામ કર્યે જ જાય. બધાયે રોટલા વરાણિયે વૈતરું કરતા. ખેતરમાં ગણ્યા ગણાય નહીં એટલા દાડિયા કામ કરતા. બધાંને બે ટંક ખાવાનું અને કપડાંલત્તાં હરિવલ્લભભાઈ તરફથી મલતાં. અરે, ફક્ત દાડીયા, નોકર માત્ર નહીં પણ તેના આખા કુટુંબને - મા, બાપ, ભાઈ, બહેન, બૈરું, છોકરાં સમેતના આખા કુટુંબને વ્યાસજી સાચવતા. વાર-તહેવાર પ્રસંગે સારા-નરસા પ્રસંગે તેમના સંપર્કનો એકેય માણસ લ્હાણી લીધા વગર જતો નહીં. કોઈને કાપડું, કોઈને સિક્કો તો છોકરાંને રમકડાં લ્હાણીમાં વહેંચાતાં.

માથે કાળી ટોપી, ડીલે રેશમી ઝભ્ભો અને નીચે સફેદ ધોતિયું એમનો પોષાક અને ઝભ્ભો પણ ભગવા રંગનો જ ! એકવડીયો દેહ, ચહેરો લંબગોળ, પગ ટુંકા પણ હાથ લાંબા. અરે, હાથની આંગળીઓ પણ લાંબી અને પગનાં પાવલાં પણ સાવ ટુંકાં. તેમનો નિત્યક્રમ પણ જબરો. સવારે ઉઠવામાં તો ભારે આળસું. તેમનાં ધર્મપત્ની સવારે પાંચ વાગે ઉઠી જાય. નાહી ધોઈને તેમના શામળીયાનાં પૂજા-અર્ચન ધરાઈને કરે, પ્રસાદ ઘરે, ઘંટડી વગાડે. આમને આમ સવારના આઠ વાગી જાય. પછી હીરાબા હરિવલ્લભભાઈ ને બરોબર ઢંઢોળીને ઉઠાડે. આળસ મરડે, હાથ લાંબા-ટુંકા કરે, પગ ઉંચા-નીચા કરે, થોડાક હીરાબા ઉપર ગુસ્સે પણ થાય. પણ એમ એમને છોડી દે એવાં હીરાબા નહોતાં. અંતે સાડા આઠ વાગ્યે વ્યાસજી ઉઠે. પણ પથારી છોડ્યા પછીની એમની ઝડપ ભારે ! કલાકમાં તો બધી જ સવારની પ્રક્રિયાઓમાંથી પરવારી જાય. સ્નાન પતાવી ને સીધા મહાદેવના મંદિરમાં જતા. અભિષેક કરીને મારતે ઘોડે ઘેર આવી જતા.

થોડુંક શિરામણ પતાવી, કપડાં બદલતા. છેલ્લે શરીરે, કપડાં ઉપર અત્તર છાંટતા. પછી તબેલામાં બાંધેલી ઘોડી પાસે જતા. ત્યાં સુધીમાં નોકર વર્ગે ઘોડીને ચાર-પૂળો-પાણી પાઈ દીધાં હોય જ. ઘોડીની પીઠ થોડીવાર પસવારતા. પછી એક ઝાટકે પેંગડામાં પગ ધાલીને ઘોડી ઉપર સવાર થઈ જતા. અને આમ નવ વાગે નીકળેલા વ્યાસજી ધીમી ગતિએ ઘોડીને ચલાવતા પોતાનાં ખોરડાં, ખેતર ફરી વળતા. મજુરો, નોકરોનાં ઝુપડાં પણ ફરી આવતા. કૂવાની ઓરડી ઉપર થોડો પોળો ખાતા, પાણી પીતા. સૌને સાંભળતા. બધાને જરૂરી સૂચનાઓ આપતા, મદદ માગનારને મદદ પણ કરતા. વિવાદ હોય તો ન્યાય કરતા, સમાધાન કરાવતા, નિવેડો લાવતા. ખળાંનો તૈયાર પાક, ઉગેલો મોલ, વાવવા માટેનાં બિયારણ, ભેંસો, બળદ, ખેતીનાં ઓજારોનું જાતે નિરીક્ષણ કરતા. હરિવલ્લભભાઈ કદી કોઈનાયે ઉપર ગુસ્સે થતા નહીં. પણ ડાંડાઈ કરતા હોય, નાગોડાઈ ઉપર ઉતર્યો હોય, ચોરી કરી હોય, બેન-દીકરી કે વહુવારુ ઉપર નજર બગાડી હોય, લુખ્ખી દાદાગીરી કરતો હોય, વિવેકહીન વર્તન કરતો હોય, નાના-મોટાની આમન્યા રાખ્યા વગર અપશબ્દો બોલતો હોય તેના બરડામાં વ્યાસજીનો સાટકો પડી જતો અને સોળ ઉઠી આવતા. હરિવલ્લભભાઈ ત્યાં દયા દાખવતા નહીં. સજા કર્યા પછી સોળ ઉપર ચોપડવાનો મલમ પણ આપતા અને તેના માથે હાથ પણ મુકતા અને સુધરી જવાની સલાહ આપતા.

દર નવરાત્રીમાં આ ઝુપડાઓમાં માતાજીની ગરબીઓ ગવાતી અને નાની મોટી તમામ કુંવારિકાઓને કપડાં પહોંચતાં કરતા અને ધરાઈ જાય એટલો પ્રસાદ વહેંચતા. દીવાળી-હોળીમાં તો આ વસ્તીમાં રંગત આવી જતી. ટીકડીઓ, ટેટા, ભોંયજલેબી, તારામંડળનાં બંડલે બંડલ નાનાં છોકરાંને વહેંચતા. પિચકારીઓ, રંગ બધાંને મલતાં. ઉત્તરાયણ વખતે દોરી-પતંગના ઢગ ખડકી દેતા. હીરાબા કાંઈક કહેતાં તો સાવ ગરીબડું મોઢું કરી દેતા અને તેમની આંખમાં ઝળઝળિયાં આવી જતાં.

“ગાંડી, લગ્ન કર્યે દસકો વીતી ગયો. બધો વૈભવ છે, માન-પાન છે, ધન-દોલત છે પણ આપણે હજુયે નછોરાં છીએ. એટલે આ ભૂલકાં જ આપણો વસ્તાર ! આપણા પેટનું હોય તો તેના માગ્યા પહેલાં બધું તેની આગળ ધરી દઈએ કે નહીં ? તો તે રીતે આ ભુલકાંને આપું છું. બધાં કેટલાં રાજી થઈ જાય

છે ? એ જોઈને મનને શાંતિ મલે છે. એટલે એમાં તું આડી જીભ ના ધાલ !"

અને આ બધું સાંભળીને હીરાબા પણ ઢીલાં પડી જતાં, અવળાં ફરી જતાં અને સાડલાના છેડે આંખમાં ઉપસી આવેલું આંસુ લુછી નાખતાં. પણ હરિવલ્લભની ચકોર નજરથી એ બાબત છટકી નહોતી શકતી.

હરિવલ્લભ આમ ફરતા ફરતા ઘેર તો છેક બપોરે દોઢ-બે વાગે પહોંચતા. ઘોડી ઉપરથી ઉતરી, તેની પીઠ થપથપાવી, તેની રાશ-દોરી નોકરને સોંપી દેતા. પૂળો-પાણી પાવાની સૂચના આપતા. કપડાં બદલી, હાથ-પગ મોં ધોઈ, હીરાબાના સાડલે હાથ લુછીને જમવાના આસન ઉપર બેસતા. રસોઈયા પીરસતા, હીરાબા પાસે બેસીને પંખો નાખતાં. જમી-પરવારીને બે કલાક જેટલું વ્યાસભાઈ આરામ કરતા. વળી સાંજે ઘોડી ઉપર સવાર થઈ ખેતર તરફ આંટો મારતા. સાંજે વાળુ પતાવી મુનીમ સામે બેસી ફાનસના અજવાળે હિસાબ-ખિતાબ જોતા. આવક થઈ હોય તે લઈ લેતા અને ખર્ચાપાણીની રકમ આપી દેતા. આ બધું પતે એટલે હીરાબા પાસે આવતા અને કલાકેક જેટલો સમય ગાળતા. આમ તો હીરાબેનની કાંઈ ઝાઝી ઉંમર નહોતી. પણ મજુર-નોકરવર્ગ, નાનાં છોકરાં, સ્ત્રીવર્ગ આમ બધાંયે તેમને 'હીરાબા'ના હુલામણા નામથી બોલાવતાં. તેથી ગામ આખુંયે તેમને હીરાબા જ કહેતું. ઘણીવાર તો મજાકમાં, હસતાં, હસતાં, હરિવલ્લભ પણ તેમને હીરાબા કહીને સાદ પાડતા અને પાસે બોલાવતા.

લગન થયાં તેના બીજા જ વરસે મા અને બાપ બંને માંડ પંદર દિવસના આંતરે ઉકલી ગયેલાં અને ઘર, ખેતર, વહેવાર, વટ-પૈસા, ટકા, ઢોર, ઢાંખર, નોકર-ચાકરની બધી જવાબદારી હરિવલ્લભ અને હીરાને માથે આવી પડેલી. તેમના બાપા પણ ઘોડી રાખતા. પણ બાપા ગયા તેના મહીના જેટલા ગાળામાં જ ઘોડીએ પણ દેહ મુકી દીધેલો. તેને એક વછેરી હતી. તે મોટી થઈને અત્યારે હરિવલ્લભભાઈની સેવામાં છે. આમ હરિવલ્લભભાઈ અને હીરાબા બધી વાતે સુખી હતાં પણ એમના જીવનમાં માત્ર એક વાતનું ભારે દુઃખ હતું. શેર માટીની ખોટ હતી. આ દોમદોમ સાહ્યબી ભોગવનાર કોઈ નહોતું અને આ વાતની ખબર આખા મલકને હતી. માત્ર ખબર જ નહોતી પણ તે બાબતે સૌ કોઈને ચિંતા પણ હતી. વાડીઓમાં લુમખે અને લુમખે ફળ ઉગતાં હતાં. ખેતરે ખેતરે દરેક પાક દરેક સીઝનમાં સોળ આની પાકતો. મજુર નોકર વર્ગમાં કે તેમના

ઝુંપડામાં પણ કોઈ ભૂખ્યું સુતું નહોતું. અને સૌની બાલાશ રાખનાર હરિવલ્લભ અને હીરાબા નાનાથી માંડીને મોટા સુધીનાં બધાંને શિવ-પાર્વતીની જોડી જેવાં લાગતાં હતાં. બંને દેખાવડાં, સરખી ઉંમરમાં, તંદુરસ્ત, માયાળુ, ન્યાયી ગણાતાં હતાં. હરિવલ્લભ શિવ અને શક્તિના ઉપાસક કહેવાતા અને હીરાબાને તેમનો શામળિયો, વિષ્ણુ અતિ વહાલો. આવા રૂપાળા જોડકાને જે સંતાન બાબતની ખોટ હતી તે માટે વધારેમાં વધારે ચિંતા તેમના મુનીમને હતી. મુનીમજી વ્યાસજીના કામકાજ માટે સર્વ સત્તાધીશ ગણાતા. ઘણીવાર તો હરિવલ્લભ પણ મુનીમની વાતને નહોતા ઉથાપી શકતા. કેમ કે તેમની વાતમાં વજુદ, વફાદારી અને ફાયદો ત્રણેય ભળેલાં રહેતાં.

મુનીમજી આવા ભલા-ભોળા સ્વામીની સેવામાં રહેવામાં અતિ આનંદ અનુભવતા અને શેઠ-શેઠાણી કરતાંય તેમને એ વાતનું વધારે દુઃખ હતું કે તેમના શેઠને ત્યાં કોઈ વારસદાર નથી. પણ તે માત્ર દુઃખી થઈને નહોતા બેસી રહેતા. આખા મલકમાં ફરતા અને દેવ-મંદિરોમાં જતા, સાધુ-બાવાઓને મલતા, ભુવા-જાગરીયાનાં આગણાં પણ તેમણે ધસી નાખેલાં. ટીપણાં વાંચનારાઓને પણ ફેંદી નાખેલા. યજ્ઞ, હોમ, હવન, જાપ, વ્રત, ઉપવાસ, અન્નદાન, વસ્ત્રદાન જે જે જેણે જેણે સૂચવ્યું તે શેઠને જાણ કરીને અમલવારીમાં મુકાવતા. છેલ્લા પાંચ વર્ષમાં આવો બધો ઘણો ખર્ચ તેમણે ચોપડે ઉધારેલો. દોરા-ધાગા, માદળીયાં તો પાર વગરનાં ઘરમાં લાવતા. પણ પરિણામે બધું શૂન્ય જ રહ્યું. હીરાબાના ખોળાનો ખુંદનાર ના જન્મ્યો તે ના જ જન્મ્યો.

આમ તો મુનીમજી કાંતો હવેલીની પરસાળમાં બેસતા અને કાંતો ખેતરમાં કુવાની ઓરડીમાં બેઠેલા હોય. એક દિવસ તે ખેતરમાં હતા. ઓરડીમાં આડા પડ્યા હતા. બહાર ધોમધખતો તાપ હતો. ચકલાંયે એમના માળામાં પડી રહ્યાં હતાં. ખેતરમાં પાક લહેરાતો હતો. મજુર વર્ગની પણ આ ગરમીમાં બહાર નીકળવાની હિંમત નહોતી ચાલતી. બધાં કોઈને કોઈ ઝાડના છાંયડા તળે આડાં પડ્યાં હતાં. મુનીમજીએ ઓરડીનું બારણું આડું કર્યું હતું. જેથી બહારની વાતી લૂ અંદર ના આવે. તેમની આંખ સ્હેજ સહજ મીંચાઈ જ ગઈ હતી.

અને ઓરડીનું બારણું ફટાક દઈને ખુલવાનો અવાજ કાને પડ્યો. મુનીમજી બેઠા થઈ ગયા. બારણા તરફ નજર કરી તો એક ઉંચા ગોરા, દાઢી-મૂછ-જટાધારી

બાપજી બારણા વચ્ચે ઉભા હતા. આખું શરીર ઉઘાડું. લાંબી જનોઈ. ડાબા ખભેથી ઝૂલતી છાતી એ થઈને પેટ સુધી ઝુલતી હતી. પગમાં લાકડાની ભારે ચાખડીઓ હતી. એક હાથમાં ત્રિશૂળ વાળો દંડો હતો. બીજા હાથમાં કાળું કમંડળ હતું. ગળામાં રૂદ્રાક્ષની માળાઓ હતી. જે છેક તેમની દુંટી સુધી ઝુલતી હતી. આંખો મોટી, કાળી, ઉપસેલી, કપાળ મોટું, ત્રિપુંડધારી, છાતી મોટી અને આગળ ઉપસેલી, પેટ નાનું અંદર તરફ હતું. તેમની કમર જાણે સાવજ કટિમેખલા ! અને એ કમર ઉપર ચાંદીની મેખલા ધારણ થયેલી. કમર ફરતે ભગવી કંથા અને કછોટો જે છેક ઢીંચણ સુધી પહોંચતાં હતાં. હાથ લાંબા આજાનબાહુ શા ! પગ પણ લાંબા, પાવલું પણ મોટું. આ જણ ચાલતા હશે ત્યારે કેટલી મોટી ફલાંગ ભરતા હશે તેનો ક્યાસ મુનીમજી કાઢી રહ્યા હતા. બાપજી ના સમગ્ર દેખાવ ઉપર, ચોટીથી માંડીને તેમની પગની પાની સુધી મુનીમજીએ ફરીથી નજર ફેરવી. તે અચંબામાં પડી ગયા. "અહો ! જાણે સાક્ષાત શિવજી પ્રગટ થયા !" એવા વિચારમાં મુનીમજી ડૂબી ગયા. તે અવાચક શા થઈને બાપજીને માત્ર જોઈ જ રહ્યા. 'આવો, બેસો, પધારો' જેવા વિવેકના વહેવારું શબ્દો ઉચ્ચારવાની અવસ્થામાં પણ મુનીમજી રહ્યા નહીં. માત્ર અચરજ તેમના મનમાં છવાઈ ગયું. સાવ અવાચકતામાં સરી પડ્યા. દર્શનનો લ્હાવો લુંટતા હોય તેમ નિજાનંદમાં ગરકાવ થઈ ગયા.

"મુનીમ, તને મલવા આવ્યો છું." ઘેરો મેઘનાદ શો ધ્વનિ મુનીમજીના કાને અથડાયો અને તે સમાધિસ્થ અવસ્થામાંથી મુક્ત થયા. ઉભા થઈ ગયા. બારણા પાસે પહોંચી ગયા. બાપજીના પગમાં પડી ગયા. બાપજીએ મુનીમજીના ખભા પકડી તેમને ઉભા કર્યા. છાતીએ ચાંપ્યા. થોડીવારે છૂટા કર્યા. હવે મુનીમજી સંપૂર્ણ ભાનમાં આવી ગયેલા. તેમણે બાપજીને ઈશારાથી ગાદી ઉપર સ્થાન ગ્રહણ કરવા કહ્યું. હજું તેમને વાચા ફુટી નહોતી. તે દોડાદોડી કરવા લાગ્યા. માટલામાંથી કળશ ભરીને પાણી લીધું અને બાપજી આગળ ધર્યું. બાપજી એક જ ઘુંટડામાં બધું પાણી પી ગયા. પછી નો કથરોટ લાવ્યા, પાણી લાવ્યા, ટુવાલ લાવ્યા અને બાપજીની પગની ચાખડીઓ બાજુએ મુકી તેમનાં પાવલાં ધોયાં, લુછ્યાં. બંને પાવલાંને આંગળીઓ અડકાડીને નમન કર્યું. બહાર આવી હાક મારી એક ખેડૂતને બોલાવ્યો અને વાડીમાંથી તાજાં ફળ મંગાવ્યાં. એક થાળીમાં તાજાં ફળ મુકીને બાપજી આગળ મુક્યાં. નમન કરીને મુનીમજી બોલ્યા,

"બાપજી, કાંઈક ગ્રહણ કરી અમને ધન્ય કરો."

બાપજીએ એક મોટું ચીકુ હાથમાં લીધું. સામે જ મુનીમજી બે હાથ જોડેલી મુદ્રામાં બેસી ગયા અને બાપજીના ચહેરા ઉપરનો પ્રભાવ, પ્રતાપ નીરખી રહ્યા હતા. પણ તેમનું મન અંદરથી વિચારવા લાગ્યું. "આવા લ્હાય જેવા તાપમાં આ બાપજી ક્યાંથી આવ્યા હશે ? એકદમ અહીં ઓરડી પાસે કેવી રીતે આવી ગયા ? હું મુનીમ છું એ વાતની એમને કેવી રીતે ખબર પડી ? આટલા પ્રભાવશાળી સાધુ પુરુષ અચાનક જાણે ધરતીમાંથી પ્રગટ થયા હોય કે આકાશમાંથી સીધા અહીં ઉતરી પડ્યા હોય તેવું કેમ લાગે છે." પાછો મનમાં કાંઈક વિચાર આવ્યો એટલે મુનીમજી ઉભા થયા અને બારણા તરફ વળ્યા. તો પાછળથી બાપજીનો અવાજ સંભળાયો. "તારા શેઠ-શેઠાણીને અહીં બોલાવવા કોઈને દોડાવીશ નહીં. અહીં આવ, મારી પાસે બેસ. જે કહું તે સાંભળ." મુનીમજીને ભારે નવાઈ લાગી હું કેમ ઉભો થયો, બહાર જઈને શું કરવાનો છું તે બાપજીને ખબર પડી ગઈ ! નક્કી આ હાલીમવાલી સાધુ-બાવો નથી, કોઈ દિવ્યપુરુષ છે તે સો ટકા સાચું. અને તે પાછા વળ્યા, બાપજીના ચરણ સ્પર્શ કર્યા અને હાથ જોડીને ફરી બેસી ગયા. બાપજીના ચહેરા સામે તાકી રહ્યા અને તેમના મુખદ્વારેથી સરી પડનાર શબ્દોની રાહ જોવા માંડ્યા.

થોડીવારે ધીર-ગંભીર પણ સ્પષ્ટ-મક્કમ સ્વરે બાપજી બોલ્યા.

"તારા શેઠને દીકરો નથી તેનું તને દુઃખ છે. તું પણ તે દુઃખ દૂર કરવા ખૂબ મથે છે. શેઠ-શેઠાણીને ત્યાં ઝટ પારણું બંધાય, આ ભરી-ભાદરી મિલકત નો વારસદાર પેદા થાય તેવી તારી પણ ઈચ્છા છે. તો સાંભળ, તારી મનછા પુરી થવામાં જ છે."

"તો તો બાપજી તમારા મોઢામાં ઘી કેળાં !" મુનીમજી અતિ ઉત્સાહમાં આવી ને લવી વળ્યા, અડધા ઉભડક પણ થઈ ગયા અને બાપજી એ તે જોયું પણ ખરું અને સાંભળ્યું પણ ખરું. બાપજી થોડીવાર ચુપ રહ્યા. તેમની આંખો મીંચાઈ ગઈ, કમર ટટ્ટાર થઈ ગઈ, નજર સીધી થઈ ગઈ. ક્યાંય કોઈ અવાજ સરખો નહોતો. ટાંકણી પડે તો યે સંભળાય તેવી નિરવ શાંતિ ઘડી ભર ફેલાઈ ગઈ. મુનીમજી તો ફરી મૌન થઈ ગયા અને બાપજીના મુખારવિંદ સામે જ તાકી રહ્યા.

થોડીવારે બાપજીએ આંખો ખોલી, હસ્યા અને પછી મુનીમની નજરો સામે નજર મિલાવી બોલ્યા,

"હા, આટલી વાત જ તારે તારા શેઠને જણાવવાની છે. હવે આગળ તને જે કહેવાનો છું તે તારે તારા સુધી જ રાખવાનું છે. તારા શેઠને કહેવાનું નથી."

"જી, બાપજી" એમ બોલીને મુનીમે બાપજીના ચરણોમાં માથું નમાવ્યું.

"તો સાંભળ તારા શેઠને ત્યાં બાર મહીનામાં દીકરો અવતરશે. પણ..." બાપજી થોડું અટક્યા. વળી થોડીવાર ચૂપ રહ્યા. મુનીમજીએ કાંઈ જ પ્રત્યુત્તર, ઉત્સુકતા ના બતાવી. તેથી બાપજીએ આગળ બોલવાનું શરૂ કર્યું,

"....પણ દીકરાનું સુખ જેવું પ્રાપ્ત થશે એવું જ ધન-દૌલત-વૈભવ-માલ-મિલકત-માન-મર્યાદા એમ સઘળું યે પગ કરી જશે. એક વખત એવો પણ આવશે કે અન્ન અને દાંતને વેર થઈ જાય ! છેલ્લી અવસ્થામાં પ્રભુ શરણે જવું પડશે."

મુનીમજી સાંભળીને હેબકાઈ ગયા. "સેંકડોનો પાલનહાર ભિખારી થઈ જશે ?" મુનીમજી મનમન બબડી પડ્યા. મોંમાંથી સ્વર બહાર નહોતો નીકળ્યો છતાંય બાપજી એ પ્રત્યુત્તર આપ્યો.

"હા" અને બાપજી સડપ દઈને ઉભા થઈ ગયા. ત્રિશુલ અને કમંડળ ઉંચકી લીધાં અને ઘડી ના છઠ્ઠા ભાગમાં તો ઓરડીની બહાર નીકળી ગયા. મુનીમજી પણ ઉભા થઈને બાપજીની પાછળ જાણે કે દોડ્યા ! ત્યાં સુધીમાં તો ખટલું ખોલીને બાપજી ખેતરની બહાર નીકળી ગયેલા. મુનીમ પણ ત્યાં સુધી આવ્યા, આજુબાજુ નજર ફેરવી પણ કોઈ દેખાયું નહીં. મુનીમ ફરીથી અચરજમાં સરી પડ્યા. થોડીવાર ત્યાં ઉભા રહ્યા. પણ અતિશય ગરમી હોવાને લીધે પાછા ઓરડીમાં આવી ગયા.

સાંજે શેઠને ત્યાં હવેલીએ આવ્યા. મુનીમે બધી વાત માંડીને હરિવલ્લભને કરી. બાજુમાં ઉભેલાં હીરાબા એ પણ સાંભળ્યું. પણ બાપજીની સૂચના મુજબ જ પાછલો ભાગ મોધમ રાખ્યો. છતાંય ઈશારા સ્વરૂપે મુનીમે એટલું તો કહી જ દીધું કે દીકરો અવતર્યા પછી હરિવલ્લભ અને હીરાબાના જીવનમાં ભારે આસમાની-સુલતાની આવશે.

અને ખરેખર ત્રણેક મહીના પછી હીરાબાના પેટે ગર્ભ રહ્યો. પુરા મહીને દીકરો પણ અવતર્યો. આખા ગામમાં હરિવલ્લભે ગોળ વહેંચેલો. મજુર-નોકર વર્ગ, મુનીમજી, વ્યાસજી અને હીરા સૌ કોઈ રાજીનાં રેડ થઈ ગયાં. પણ મુનીમના મનમાં ચિંતા ઘર કરી ગઈ.

"હવે શું થશે ?"

આમને આમ વરસ વીતી ગયું. હરિવલ્લભ દીકરાને શિવજીની પ્રસાદી ગણતા અને હીરા દીકરાને નારાયણનો અવતાર ગણતાં. બાળ કાનુડાને બધાં વહાલ કરતાં, રમાડતાં. દેવદર્શન, બાધા-આખડીઓ પુરી કરી. યજ્ઞો કર્યા, જમણવાર ગોઠવ્યા. અંતે નામકરણ કર્યું. દીકરાનું નામ "જયશંકર" રાખ્યું. અને આમ વર્ષો વીતતાં ગયાં. હવે તો જયશંકરને દસમું વર્ષ પુરું થયું અને અગિયારમું બેઠું. દીકરો પણ ભક્તિભાવવાળો, પૂજા-પાઠમાં બેસી જનારો, માયાળું, ગરીબડો, સાદો-ભોળો પણ વિશ્વાસું, ફરજ પરસ્ત, વિવેકી, આજ્ઞાંકિત જણાઈ આવતો હતો. ભણવામાં થોડો નબળો હતો. શરીરે પણ નબળો જ ગણાય. ખૂબ જ ડરપોક સ્વભાવનો ! અંધારામાં બહાર ના જાય, ઝાડ ઉપર ચઢવાની હિંમતના કરે, કોઈની સાથે ઝઘડો-મારપીટ થાય તો રડતો રડતો હીરાબા પાસે આવી જતો. કૂતરાથી ખૂબ ડરે. ઘોડીની તો પાસે પણ ના જાય. એનું રમવાનું એક જ ઠેકાણું, ગામનું મહાદેવનું મંદિર !

એવામાં હરિવલ્લભનો બાળપણ નો ગોઠિયો મુંબઈથી ગામમાં આવેલો. ઘોડાગાડી ભાડે કરીને સાથે લેતો આવેલો. બંને મિત્રો વર્ષો પછી મલ્યા. તેમને ઘેર બોલાવીને જમાડ્યા.

"તે હરિ, તું પણ મારી સાથે મુંબઈ હાલ. જે ધંધાએ મારી શકલ ફેરવી નાખી અને મને માલામાલ કરી નાખ્યો તેમાં તું પણ તારું નસીબ અજમાવ."

"તે મારે કઈ વાતની ખોટ છે કે હું એ વળખાં મારું ? એક ખોટ હતી તે પણ પુરાઈ ગઈ. ઘેર દીકરો પણ હવે રમે છે."

"ના, ના. એમ ના વિચાર. એક ના બે થતા હોય તો તેમાં પાછી પાની ના કરાય. એકવાર સટ્ટો ખેલી લેવાનો. મારે ત્યાં અઠવાડિયું રોકાજે. જે મલે તે હાથ વગું કરીને ઘરભેગો થઈ જજે. લક્ષ્મી ચાંદલો કરવા આવતી હોય ત્યારે

કપાળ ના સંતાડાય. હમણાં  હમણાં તો શેર-સટ્ટા બજારમાં ભારે તેજી ચાલે છે.''

હરિવલ્લભે ઘણી આનાકાની કરી પણ મિત્ર ના માન્યા. હીરાબાને પણ તેમના ભાઈબંધની આ વાત ગળે નહોતી ઉતરતી. પણ તેમનો હઠાગ્રહ જોઈને થોડું ઢીલું મુક્યું,

''સારું ત્યારે તે ખૂબ કહે છે તો અઠવાડિયું મુંબઈ ફરી આવો.''

અને રાણી છાપ સિક્કા લઈને હરિવલ્લભ મિત્રની ઘોડાગાડીમાં ચઢી બેઠા. મુંબઈ પહોંચ્યા. બીજા દિવસે શેરબજારમાં ગયા. ઘાંટાઘાંટ અને બુમાબુમ કરતા લોકો વચ્ચેથી પસાર થઈને એક કેબીનમાં બેઠા. આખા દહાડામાં ત્રણ સટ્ટા ખેલ્યા. પહેલીવાર થોડુંક મલ્યું. બીજામાં મળેલું પણ ગયું અને બીજું થોડુંક ખોયું. પણ હાર્યો જુગારી બમણું રમે તેમ ત્રીજો સટ્ટો મોટો ખેલી નાખ્યો. અને હરિવલ્લભ વ્યાસ ઉંધા માથે પછડાયા. બધુંયે હારી ગયા. ત્રીજા દિવસે ટ્રેન પકડીને ઘર ભેગા થઈ ગયા. લેણદારોએ જપ્તી મોકલી. અઠવાડિયામાં તો બધાં ઘર-ખેતર-કુવા-પાક-ઝુંપડાં-હવેલી-દરદાગીના-મિલકત-રાચરચીલું એમ સંધાયે ઉપર સરકારી સીલ વાગી ગયાં. હરિવલ્લભ, હીરાબા અને જયશંકર સાવ હાથે પગે થઈ ગયાં.

મુનીમે ત્રણે જણને પોતાના ઘેર લઈ જઈને રાખ્યાં. ઘોડી પણ ગઈ. ત્રણે જણ પહેરેલે કપડે હતાં. હીરાબાના શરીર ઉપર મંગળસુત્ર શિવાય વાળી પણ નહીં રહેલી.

મુનીમે પોતાનાં કપડાં હરિવલ્લભને પહેરવા આપ્યાં અને તેમની ઘરવાળીના સાડલા હીરા પહેરવા માંડ્યાં. છોકરાંનાં કપડાં પણ જયશંકરને થઈ રહ્યાં એટલે ગાડું આગળ ચાલ્યું. આમને આમ મહીનો માસ વીતી ગયો. ખેતરોમાં તો ઝાંપા આગળ જ બે જમાદાર મુકાઈ ગયેલા. મજુર-નોકર-ખેડુ ને પણ અંદર નહોતા જવા દેતા તો પછી મુનીમ કે હરિવલ્લભના જવાની તો વાત જ ક્યાંથી થાય ? સવાર સાંજ બે માણસ પૂજાપાઠ કર્યા કરતાં. હરિવલ્લભને પણ આમ મુનીમના ઘેર રહેવાનું મનમાં ખટકતું હતું. પણ મુનીમનો સેવાભાવ અને સમર્પણ તથા માન-પાન, આદર જોઈને તે કાંઈ બોલી શકતા નહીં. પણ હીરાબા અંદરથી

ભારે અકળાઈ ગયાં હતાં. તેમને આમ  પારકા ઘેર પડ્યા પાથર્યા પડી રહેવું ઠીક લાગતું નહોતું.

અને એક રાતે જયશંકર અને મુનીમમાં છોકરાં ઉંઘી ગયેલાં અને મોટાં ચારેય જણ વાતો કરતાં હતાં ત્યારે હીરાબાએ વાત ઉઘાડી.

"ભાઈ તમે કર્યું એટલું તો સગો મા જણ્યો ભાઈ પણ ના કરે." અને તેમની આંખમાંથી આંસુ આવી ગયું, ગળે ડૂમો ભરાઈ ગયો.

"ના, ના. એવું મનમાં નહી લાવવાનું, હીરાબા. તમે અમને વર્ષો સુધી પાલવ્યાં જ છે ને ! હવે અમારો વારો આવ્યો." મુનીમનાં ઘરવાળાં એ શેઠાણીના બરડે હાથ પસવાર્યો.

"પણ ભાઈ, અમારાં નસીબ આકરાં ને બધું હાથમાંથી સરી પડ્યું. તમે અમારો હાથ ઝાલ્યો એ કાંઈ ઓછું છે ? નહીંતર માથે આભ ને નીચે ધરતી સિવાય અમારી પાસે શું રહ્યું છે ? તમારો ભાવ સોના જેવો છે પણ મીઠા ઝાડનાં મૂળ ના કપાય. હવે અમને અમારા નસીબ ઉપર છોડી દો અને અમને રજા આપો તો સારું." હીરાબા થોડાં સ્વસ્થ થયેલાં, છતાંય રડતાં રડતાં, તૂટક તૂટક શબ્દોમાં, બે હાથ જોડીને મુનીમજીને કહેવા માંડ્યાં.

"આ ફુલ જેવા છોકરાને લઈને બે જણાં હાથે પગે ક્યાં જશો ?" મુનીમ પણ આટલું બોલતા બોલતામાં તો રડી પડ્યા.

"જ્યાં નસીબ ખેંચી જશે ત્યાં." ધીરેથી હરિવલ્લભ બોલી પડ્યા.

અને મુનીમને પેલા બાપજીનાં દસ વરસ પહેલાનાં વાક્યો યાદ આવી ગયાં. "સઘળુંયે પગ કરી જશે. અન્ન અને દાંતને વેર થશે. પ્રભુ શરણે જવું પડશે." જે તેણે શેઠને નહોતાં કહેલાં. પણ જે કહેલું તે હરિવલ્લભને યાદ આવ્યું અને બબડ્યા,

"ખરેખર ભારે આસમાની-સુલતાની આવી, હોં"

પછી તો સામસામી ઘણી ચર્ચાઓ થઈ, કાલાવાલા થયા, ભવિષ્યની ચિંતાઓ ઠલવાઈ પણ હીરા મક્કમ થઈ ગયાં અને હરિવલ્લભે પણ હીરાના નિર્ણયને જ ટેકો આપ્યો. કોઈ જોઈના જાય અને ગામમાં ભારે વાદ-વિવાદ ના થાય તેમ વિચારીને પરોઢિયે ચાર વાગે ઉંઘતા જયશંકરને તેડી લઈને બંને જણ હાથે પગે મુનીમનું ઘર છોડીને નીકળી પડ્યાં.

"મારો રામ જ્યાં લઈ જાય ત્યાં ખરું. કાળની સામે થોડી બાથ ભીડાશે ? છોકરાનું નસીબ છોકરા પાસે." એમ હીરાબા બબડતાં હતાં. હરિવલ્લભ મૌન અવસ્થામાં હીરાને અનુસરતા હતા. મુનીમજી એ પણ હઠાગ્રહ પડતો મુક્યો. મનમાંને મનમાં વિચારતા હતા.

"ભારે થઈ આ તો ! ભાવિ ભુલાવે ભાન, બીજું શું ? ભાઈબંધ પણ કાંઈ થોડું તેમનું કાસળ કાઢવા મુંબઈ લઈ ગયો હતો ? પણ લમણે લખાયેલું તો ભોગવ્યે જ છૂટકો. એ દિવ્ય પુરુષ જાણે ભીંતમાં ભાળતો હતો ! હશે, જે થતું હશે તે સારા માટે જ થતું હશે. નહીંતર બે ય જીવ માયાળું હતાં. કોઈનુંયે ખોટું કરવાનો વિચાર સુદ્ધાંય કદી તેમણે કર્યો નથી. રાજા રામને પણ વનવાસ થયેલો. અને મા સીતાજી પણ અશોક વાટિકામાં પુરાયેલાં. પાંચેય પાંડવ અને મા કુંતિ એ ઓછું વેઠ્યું છે ? સતી કહેવાતી હતી તે દ્રૌપદીનાં પણ ભરી સભામાં ચીર નહોતાં ખેંચાયાં ? સાચ ને આંચ નથી પણ પરેશાની તો પારાવાર રહેતી આવી જ છે ને ! પણ હા ! એ બાપજી એ પ્રભુ શરણે જવાનું કહેલું."

અને મુનીમજી હરિવલ્લભના પગે પડ્યા. અશ્રુધારાઓથી તેમના ચરણો પખાળ્યા. થોડી વારે ઉભા થયા અને બોલ્યા,

"શેઠ, જ્યાં રહો ત્યાં, તે તો ભાગ્યાધીન છે પણ પ્રભુના શરણમાં રહેજો." આટલું બોલી પુંઠ ફેરવીને મુનીમ ઘરમાં જતા રહ્યા.

અને વ્યાસજી, હીરા અને જયશંકરનો સંઘ પંથે પડ્યો.

થોડાક દૂર ગયા, ગામની બહાર નીકળ્યા એટલામાં તો જયશંકર પણ જાગી ગયો. માની કેડમાંથી નીચે ઉતરી ગયો.

"આપણે ક્યાં જઈએ છીએ ?" જયશંકરે પૂછ્યું પણ ખરું. પરંતુ કોઈ કશુંયે બોલ્યું નહીં અને ધીમી ગતિએ ચલન ચાલુ રહ્યું. જયશંકર ઘડીકમાં પિતાની પાછળ તો ઘડીકમાં માતાની પાછળ ચાલવા માંડ્યો. આશરે બે કલાક જેટલું બધાં ચાલ્યાં હશે એટલામાં બીજું ગામ આવ્યું. અંધારામાં આ સંઘ કઈ બાજુ જાય છે તે ચાલનારાઓને પણ ખબર નહોતી પડતી. રસ્તો જ્યાં લઈ જતો હતો ત્યાં બધાં ચાલતાં હતાં. હવે થોડું ભડભાંખરું ઉઘડતું જતું હતું. ગામના કુવાના પગથારે બધાં થોડીવાર બેઠાં. ચકલીએથી પાણી પીધું. હાથ-પગ-મોં ધોયાં.

થોડોક આરામ કર્યો અને ફરીથી ચાલવાનું ચાલું કર્યું. થાક તો લાગ્યો હતો. છતાંયે ધીમા ડગલે વળી પાછું ત્રણેક કલાક ચાલ્યાં. વળી પાછું બીજું ગામ આવ્યું. ગામમાં પેંસતાં જ રાધાકૃષ્ણનું મંદિર આવ્યું. હવે તડકો પણ શરીરને કઠતો હતો. જયશંકર અને હીરા તો હવે એક ડગલુંયે ચાલવાની શક્તિ નહોતાં ધરાવતાં. તેથી મંદિરમાં પ્રવેશી બાજુની લાંબી પડાળીમાં આડાં જ પડી ગયાં. માંડ પાંચ-સાત મિનિટમાં તો બેયે જણાં ઉંઘી પણ ગયાં. એકલા હરિવલ્લભ જાગતા ટુંટિયું વાળીને બેસી રહેલા.

થોડીવારમાં મંદિરના પૂજારી એ બાજુ આવ્યા. ત્રણેય જણને થોડીકવાર નિરખી રહ્યા પછી હરિવલ્લભની પાસે આવ્યા.

"ભાઈ, ક્યાંથી આવ્યા ? કઈ બાજું નીકળ્યા છો ?"

હરિવલ્લભ શું જવાબ આપે ? વળી પાછું પૂજારીએ પૂછ્યું,

"બધાં ભૂખ્યાં થયાં હશો. અહીં અન્નક્ષેત્ર ચાલે છે. નહાવા-ધોવાનું બાકી હોય તો સામે ચોકડી પાસે ચકલી પણ છે. તૈયાર થઈને રસોડે આવી જાઓ." એમ કહીને પુજારી પાછા વળ્યા. "પરદેશી દુઃખિયારાં લાગે છે. નહીંતર બાઈમાણસ અને છોકરાને લઈને પગપાળા થોડાં નીકળે ? ભલું હશે તો ચાલતા ક્યાંક દર્શને જવાની બાધાયે રાખી હોય !" પૂજારી સ્વગત બબડતો બબડતો મંદિર તરફ જતો હતો. તેનો ધીમો અવાજ હરિવલ્લભ સાંભળી શકતો હતો.

કલાકેક થયો હશે. હરિવલ્લભજી ચોકડી પાસે જઈ સ્નાનાદિ ક્રિયા પતાવી મંદિરમાં જઈ રાધાકૃષ્ણનાં દર્શન પણ કર્યાં. થોડાક ભક્તોની અવરજવર મંદિરમાં ચાલતી હતી. પાછા આવી હીરાને અને જયશંકરને જગાડ્યાં. તે બંને જણ પણ વારા ફરતે નાહીને એનાં એ કપડાં પહેરી દર્શન કરી આવ્યાં. પછી રસોડે ગયાં. અન્નક્ષેત્રની લાઈનમાં ત્રણે જણ ગોઠવાઈ ગયાં. રોટલી, શાક, શીરો, દાળ, ભાત પીરસાયાં. ત્રણેય જણે ધરાઈને ખાધું. પછી થાકને લઈને ત્રણેય જણ પડાળીમાં જઈને ઉંઘી ગયાં. સૌથી પહેલા હીરા જાગી ગઈ. મંદિરના ટાવરમાં સાંજના છ ના ટકોરા પડ્યા તે તેણે ગણ્યા. પછી તેણે હળવેકથી જયશંકર અને હરિવલ્લભને જગાડ્યા. કલાકેક આમતેમ ફર્યાં. ત્યાં તો અન્નક્ષેત્ર ખુલ્યું. સાંજે ખીચડી, શાક, દૂધ પીરસાયાં. ખાઈને પાછાં આવી પડાળીમાં જ સૂઈ ગયાં. હવે જયશંકર અને હરિવલ્લભ તો તાજાં માજાં થઈ ગયેલાં પણ હીરાનાં પગ ભરાઈ

ગયા હતા. હજુ તેમના ચહેરા ઉપર થાક વરતાતો હતો. તોયે હીરા વહેલા સવારે ચાર વાગે ઉઠી ગઈ અને બંને જણને તૈયાર કરી આગળ ચાલવાનું ચાલું કરેલું. બીજા દિવસે બપોરે બાર વાગ્યા સુધીમાં તો બીજાં ત્રણ-ચાર ગામ પસાર કરી દીધેલાં. હવે તો તડકો પણ આકરો લાગતો હતો અને થાકથી બધાંના પગ ભરાઈ ગયા હતા. એટલામાંજ ગામના નાકે મહાદેવનું મંદિર દેખાયું અને ત્રણેય જણ મંદિરમાં દાખલ થઈ ગયાં.

અહીં પણ એક બાજુ પડાળી તો હતી જ અને ત્યાં ત્રણેય જણાં આડાં પડ્યાં અને ઘડીકમાં જ નિદ્રાધીન થઈ ગયાં.

સાંજે છ વાગે હરિવલ્લભની આંખ ઉઘડી. તે સફાળા બેઠા થઈ ગયા. મંદિરના દરવાજા બહાર ગયા. બાજુમાં જ મોટું તળાવ હતું. તેમાં પાણી પણ હતું. તળાવના કાંઠા પથ્થરોથી બાંધેલા હતા. તે પગથિયાં ઉતર્યાં. તળાવના પાણીમાં પગ મુકી થોડીવાર બેસી રહ્યા. તેમને આ સ્થિતિમાં બેસવું શારીરિક અને માનસિક રીતે સારું લાગ્યું. પછી હિંમત કરીને તળાવમાં પડ્યા. ધરાઈને સ્નાન કર્યું. કપડાં નીચોવીને ફરી પહેરી લીધાં. નાહ્યા પછી ભૂખ ઉઘડી ત્યારે યાદ આવ્યું કે સવારથી અન્નનો એક દાણો પણ પેટમાં ગયો નથી.તેથી ભૂખ તો લાગવાની હતી જ ! હીરા પણ ભૂખી થઈ હશે અને જયશંકર તો જાગશે એવું ખાવાનું માગશે. તેમને સાંજે શું ખવડાવીશ ? આમ વિચારતા વિચારતા હરિવલ્લભ મંદિરમાં આવ્યા. તેમણે જોયું તો હીરા અને જયશંકર જાગી ગયેલાં. ખરેખર એ હીરાને આ વાત જ કરતો હતો.

"બા, ભૂખ લાગી છે. કાંઈક ખાવાનું આપ."

એટલામાં હરિવલ્ભને આવતા જોયા. તેમને જોઈને હીરા રડવા માંડી. "બા, હું ખાવાનું નહીં માગું પણ તું રડવાનું બંધ કર." એમ કહીને જયશંકર માનાં આંસુડાં લૂછતો હતો. છતાંય હજી હીરાનાં ધ્રુસકાં બંધ થયાં નહોતાં અને એ રાત્રે ત્રણેય જણ ભૂખ્યાં-તરસ્યાં પડાળીમાં જ ઉંઘી ગયાં.

સવારે છ વાગે મંદિરમાં શંખ ફુંકાયો, આરતી શરૂ થઈ અને હરિવલ્લભ જાગી ગયા. ઝટપટ તળાવે જઈ સ્નાન કરી આવ્યા અને મંદિરમાં શિવલિંગનાં દર્શન કર્યાં. ભીનાં કપડાં પડાળીમાં સૂકવેલાં. તેથી માત્ર ધોતિયું પહેરેલું અને ઉપરનું ડીલ ઉઘાડું હતું. દેહ ઉપર જનોઈ લટકતી હતી. આરતી કરી રહ્યા પછી

પૂજારીની નજર હરિવલ્લભ પર પડી. તે પાસે આવ્યો અને બોલ્યો,

''પરદેશી લાગો છો. નાતે બ્રાહ્મણ છો, નહીં ને ?''

માથું હલાવી હરિવલ્લભે હા પાડી.

''હું બાજુના ગામમાં રહું છું. સવારે વહેલા અહીં આવી પખાળ કરી આરતી કરીને પાછો જતો રહું છું. પણ સાંજે નથી આવી શકતો. તેથી શિવજીની આરતી સાંજે થતી નથી.''

''મહારાજ, તમને વાંધો ના હોય તો મંદિરનાં પૂજા-પાઠ કરવાનું મને અપાવશો ?''

''એ તો અતિ ઉત્તમ. મારે પણ દોડાદોડી ના થાય અને સાંજે પણ શિવજી અપૂજ ના રહે. ગામલોકોને પણ મંદિર માટે કાયમી પૂજારી મલી જાય. થોડીવાર ખમી જાઓ. થોડુંક આ બધું કામ આટોપી આપણે બેય જણ ગામના મુખીને મલી લઈએ અને પાકુ કરી દઈએ. પણ પછી તમારે અહીં જ રોકાવું પડશે, હોં ! મારા શિવજી અપૂજ ના રહેવા જોઈએ.''

પૂજારી કામ આટોપે ત્યાં સુધીમાં હરિવલ્લભ પડાળીમાં ગયા. હીરા અને જયશંકરને જગાડ્યાં. તળાવ બતાવ્યું. ''હું હમણાં આવું છું. ગામના મુખીને મલવાનું છે. પૂજારી સાથે જાઉં છુ.'' એમ કહીને તે મંદિર તરફ ચાલ્યા. પૂજારી અને હરિવલ્લભ મુખીને મલ્યા. પૂજારીએ તેમની ભલામણ કરી. તો વ્યાસજીએ પણ કહ્યું કે બૈરી-છોકરા વાળા છે. રહેવા-ખાવાની વ્યવસ્થા થાય તો સારું. અને ગામના મુખીએ એક રૂમનું ઘર રહેવા આપવાનું કબુલ્યું. દાણા-પાણીની સગવડ તો ગામ સમસ્ત થઈ જશે તેમ આશ્વાસન મલ્યું. સવાર-સાંજ શિવપૂજા-આરતીનું હરિવલ્લભે વચન આપ્યું.

અને તેમનો સંઘ આ ગામમાં આવીને અટક્યો. ગામવાળાંને નવા મહારાજ ફાવી ગયા અને હરિવલ્લભને મંદિર અને ગામ માફક આવી ગયાં. હીરાને પણ અહીં જ ગાંઠી ગયું. જયશંકરને પણ ગામમાં સરકારી નિશાળમાં ભણવા મુક્યો. અને આમ, દા'ડા વીતતા ગયા, મહીના પણ વીત્યા અને ધીરે ધીરે હીરા ''આટલાં વરસ પસાર કર્યાં'' એમ કહેતાં થયાં. જયશંકર મેટ્રીકની પરીક્ષા આપીને પાસ થઈ ગયો. ગામવાળાઓની મદદથી જયશંકર કોલેજ કરવા માંડેલો. બીજાં

બે એક વરસ વીત્યાં અને જયશંકર ગ્રેજ્યુએટ થઈ ગયો. હીરા ઘરનું સંભાળે, હરિવલ્લભ મંદીર સાચવે, જયશંકર ભણવાનું કરે. તે શિવાય આ ત્રણેય બીજા કોઈનીય વાતમાં પડતાં નહીં. ગામમાં નવા મહારાજ વખણાયા. ગોરાણીનો સ્વભાવ પણ લાખેણો ગણાયો અને મહારાજના દીકરાનાં તો મોં ફાટ વખાણ ગામ આખામાં થવા લાગેલાં. આખુંય ઘર સંસ્કારી અને ભક્તિભાવવાળું તેમજ નિરૂપદ્રવી કહેવાવા લાગ્યું. આ ગામમાં આવ્યા પછી ખાવા-પીવામાં કે પહેરવા-ઓઢવામાં, શાક, અનાજ, રાચરચીલુંમાં, ઘરવખરીમાં કદી તાણ પડી નથી. ગામ આખાના નવા મહારાજના કુટુંબ ઉપર ચારેય હાથ હતા. જયશંકરના ભણવાનો ખર્ચો પણ ગામ સમસ્તે ઉપાડી લીધેલો.

એવામાં વિનુભાઈ ઠાકર આ ગામમાં આવેલા. તેમની એકની એક દીકરી વિજ્યાના અબઘડી લગન લેવાં પડે તેવું હતું. તેથી સારો છોકરો શોધવા નીકળેલા. આમ તો વેપાર-ધંધો-ઉઘરાણી માટે, માલની ખરીદી માટે નીકળેલા અને આમ વિજ્યા દીકરીના લગનની વાત ઉઘડેલી. ગામમાં ત્રણચાર શાખ વાળાં માથાંએ મહારાજ ના દીકરા જયશંકરની ભલામણ કરી.

"ગ્રેજ્યુએટ છોકરો છે. બાપો પૂજારી છે અને ગરીબ ઘર છે. બાકી સંસ્કાર અને ભક્તિમાં સર નંબર . છોડીને થોડું વેઠવું પડશે એટલું જ. બાકી કાંઈ કહેવાપણું નથી કે નથી કોઈ એબ. બધાં ભલાં-ભોળાં-સાદાં માણસો છે. ઉઠ કહેતાં ઉભાં થાય અને બેસ કહેતાં બેસી જાય એવાં ઢીલાં ! ના કોઈ લેવાની વૃત્તિ કે ના કોઈ ટંટા-કંકાસ નો ડર ! અમારું માનો તો બહુ વિચાર્યા વગર ત્યાં જ બેસી જાવ. અબઘડી નવા મહારાજ પાસે પહોંચી જાઓ અને કરો કંકુના.તમે કહેશો તેમ એ ત્રણેય જણાં કરશે. કાલે છોકરાને નોકરી મલી જશે ને લીલા લહેર થઈ જશે. વિનુભાઈ , ગરીબ ઘર સારું. છોડીના ઘેર જઈ મણ બાજરી નાખી આવીએ એટલે પત્યું. પણ હલકાં ઘર ખોટાં. છોડી જીવે ત્યાં સુધી રડતી રડતી પિયરમાં આવે અને રોતી રોતી સાસરે મોકલવી પડે અને તમારે પૈસે ટકે ક્યાં ખોટ છે ? તમારી વાત અમે સાંભળી. થોડી આડી-અવળી વાતો થઈ છે તેથી તો તમારે અબઘડી લગન લેવાં છે. તો તો પછી આવાં ગરીબ અને ગરજાળુ ઘર જ શોધાય. કોઈ દા'ડો આપણી છોડી સામે કોઈ ઉંચા અવાજે બોલી જ ના શકે અને આપણી હા માં હા પાડે એવો ધણી અને ઘર શોધવાનું જ છે તો તો મહારાજના જયશંકર જેવો બીજો શોધ્યોયે નહીં જડે."

અને વિનુભાઈ ઠાકર શિવજીના મંદિરમાં આવ્યા. મહાદેવનાં દર્શન કર્યાં. હરિવલ્લભને મળ્યા. "જયશંકર ને જોવા છે. અમારી દીકરી વિજયા માટે છોકરો શોધીએ છીએ." એમ આછી-પાતળી વાત કરી. પછી બંને જણા તેમની ઓરડી ઉપર ગયા. ચા-પાણી થયાં, વાતો થઈ, ચર્ચા થઈ. "જે શંકરને અમારી દીકરી વિજયાને મલવું હોય તો તેમને લઈને અમારે ત્યાં આવજો." એમ આમંત્રણ આપી વિનુભાઈ ઘેર આવ્યા. ઘરવાળાં તો હતાં નહીં. બા-બાપુજીને વાત કરી. વિનુભાઈ કરતાંયે માજીને વિજયાના લગનની વધારે ઉતાવળ હતી.

"વિનુ, કોઈને બોલાવવાં પણ નથી અને મલવું પણ નથી. તું તારે વિજયાડીનું નક્કી જ કરી નાખ." માજી તો હવે એક ઝાટકે બે ટુકડા કરવા રઘવાયાં થઈ ગયાં હતાં. "મા વગરની છોડી, નથી માથે ભાઈ અને ઉપરથી છોગામાં મળેલી ધરાઈને બદનામી. આમ ગણીએ તો છોડીને બાવીસમું બેસશે. ક્યાં સુધી આવાં ગળાં-ચળાં કરતાં રહેવાનું ? તું તારે કશું લાંબુ ટુકું વિચાર્યા વગર હા પાડી આવ." ડોશી તો લાંબા હાથ કરી કરીને વિનુભાઈને તરતને તરત પાછા જવાનું કહેતાં હતાં.

"પણ બા, આ છોકરાનો બાપ મંદિરમાં પૂજારી છે. છોકરો ગ્રેજ્યુએટ થઈ ગયો પણ હજુ નોકરી-ધંધે પણ ચઢ્યો નથી." વિનુભાઈએ દલીલ કરી.

"પહેલા ઘોડીયામાં લગન થતાં હતાં ત્યારે કુણ ભણતર અને પગાર કે આવક જોતાં હતાં ? એતો છોડીના નસીબમાં સુખ ભોગવવાનું લખ્યું હોય તો આભ ફાડીને બધું આવી મળે અને દુઃખ જ ભોગવવાનું નક્કી થયેલું હોય તો હોય એનેય ધરતી ફાટે ને બધુંએ મોંય ઉતરી જાય અને વેઠવા વારો આવે. એટલે એ બધું બાજુ ઉપર મેલ. અને વેવાઈ પૂજારી છે, બ્રાહ્મણ છે, પૂજા-પાઠ કરે છે એ વાતે નાનમ થોડી ગણાય ?" આમ જવાબ આપીને માજીએ વિનુભાઈને ચુપ કરી દીધા.

અરે, બીજા જ દા'ડે વિનુભાઈને ખરેખર મહાદેવના મંદિરમાં હરિવલ્લભને મળવા જવું પડ્યું. સાથે વિજયાને પણ મંદિરમાં દર્શન કરવાના બહાને લઈ ગયેલા. હીરા તથા હરિવલ્લભે વિજયાને જોઈ. જે'શંકરને પણ દૂરથી વિજયા બતાવી. વાત પાકી થઈ ગઈ.

અને આમ જે'શંકરનાં વિજયા સાથે ઘડીયાં લગન લેવાયાં.

• • •

# 5. જયંતિભાઈ અને જસવિદ્યા

જયંતિભાઈ બી. કોમ થઈને સરકારી નોકરીમાં લાગ્યા. તેમનાં ધર્મ પત્ની જસવિદ્યાએ સાતમું ધોરણ પાસ કરેલું. પછી નિશાળે જઈ શક્યાં જ નહીં. પણ બાઈ બહું જ સમજદાર, ડાહ્યા કોઠાની અને ભારે વહુવારું. નાનપણથી જ ભક્તિ અને ભજનમાં રસ પડેલો. એમ કહેવાય છે કે એમનાં એમનામાં પિતાજીના ગુણ ઉતરેલા. જયંતિભાઈ પોતે પણ સાલસ સ્વભાવના. જયંતિભાઈનું બાળપણ ગામડામાં ખેતીવાડી વચ્ચે વીતેલું. તેમના પિતાજીને વીસ-પચ્ચીસ વીઘા જમીન હતી. ઘેર ભેંસો અને બળદિયા ગમાણમાં બાંધેલા જ રહેતા. તેમની જમીન પણ ફળદ્રુપ હતી. અનાજ પણ ઉગે, શાકભાજી પણ થાય, ફળો પણ પાકે અને ફુલ પણ ઉતરે. ખેતરની ચારે કોર લીમડા, વડ, પીંપળા, રાયણ જેવાં ઘટાદાર વૃક્ષો હતાં. વળી બધી જમીન ગામ ને અડીને જ હતી. જયંતિભાઈ ના બાપાનું ઘર મુખીનું ઘર ગણાતું. ગામ આખું તેમના પિતાજીને માનતું. ખાસ ભણેલા નહીં પણ ગમે તેવી આંટી ઘૂંટી છોડી આપે અને બધાંને ગમે તેવો રસ્તો કાઢી આપે. તેથીસ્તો ગામ આખામાં, બધીયે વરણનાં કાંઈ પ્રશ્ન ઉભો થાય એટલે અડધી રાતે મુખીના ઘેર દોડી આવતાં. ઉંચા મને આવતાં અને હસતા મોંએ વિદાય થતાં. આમ બા-બાપુજીની આવી ભારે શાખ હોવાને લીધે જયંતિએ મેટ્રીક પાસ કર્યું અને કોલેજના પહેલા વરસમાં ભણવા ગયો તે વરસે જ તેના લગન માટે ઢગલાબંધ માગાં આવી પડેલાં. આમ તો ઘરમાં કોઈ વાતની ખોટ નહોતી અને જયંતિ એકનું એક સંતાન હતું. લાંબી પહોળી ખેતી અને લાંબું પહોળું ઘર હતું. ઘરમાં ઘી-દૂધ અનાજની પણ ક્યાં ખોટ હતી ? અને સૌનો સ્વભાવ માયાળું હતો. કોઈનામાં કાંઈ કહેવાપણું પણ નહીં. મા-બાપ અને દીકરો ત્રણેય ઓછા બોલાં, પરગજુ અને સદ્ગુણી ગણાતાં. વળી ત્રણેયમાંથી કોઈનેય કોઈ વાતની લાલચ પણ નહીં. ના તો કોઈ વાતનો હઠાગ્રહ ! હા ! ડોશીમાને મનમાં એટલું ખરું કે "મારા જયંતિ માટે વહુ આવે તે પણ મારા જેવી ગુણિયલ હોય, સંસ્કારી હોય, ભક્તિભાવ વાળી હોય એટલે ઘણું. એનું કુટુંબ પણ ખાનદાન હોવું જોઈએ. ભણેલી નહીં હોય તો ચાલશે. હું ક્યાં ભણેલી છું ? છતાંયે ઘર ના

ચલાવ્યું ? ખેતી એ સંભાળી, છાણ-વાસીદાંયે કર્યાં, છોકરો પણ ઉછેર્યો અને ભણાવ્યો. ભણેલી આવે તે થોડું ખેતી અને ઢોર સંભાળશે ? રૂપાળાં ગધેડાં નથી વહોરવાં.'' અને આવી માજીની વાતો ને ડોસા કોઈ પણ દખલ વગર અમલમાં પણ મુકવા દેતા.

અને આવી બધી માજીની ગડમથલમાં અને દાદાની હસ્તક્ષેપ માટેની પૂર્ણ નિરસતા ને લઈને જયંતિભાઈનું ચોકઠું જસવિદ્યા સાથે ગોઠવાઈ ગયેલું. દાદા તો સ્પષ્ટ કહેતા, ''મારે તો ખેતરમાં પડી રહેવાનું છે અને બળદિયાનાં પુંછડાં આંબળવાનાં છે. ઘરમાં તો વહુ જોડે ડોશીને જ પનારો પાડવાનો છે. જયંતિડો એ સાદો ભોળો છોકરો છે. એ પણ ભાવશે, ફાવશે અને ચાલશેની નીતિ વાળો છે. તેથી એનેય જે જોતર જોડી આપીશું તે નિભાવી લેશે. એટલે જે જોવાનું છે, પસંદ કરવાનું છે, નક્કી કરવાનું છે તે બધુંયે ડોશી કુટી લેશે. આપણે તો આ લપમાં પડવું જ નથી. આપણે ભલા ને આપણી ખેતી ભલી.''

અને આમ જયંતિભાઈ કોલેજના પહેલા વરસમાં હતા અને ઘરમાં જસવિદ્યાબેન આવી ગયેલાં.

પાંચ વરસે જતાં જસવિદ્યાને દીકરો જનમ્યો અને ઘરમાં બધાં ખુશ થઈ ગયેલાં. એ આપણા જસુભાઈ જાની !

આ જસુભાઈ નાની-ટુંકી વાદળી ચડ્ડી અને સફેદ ખમીસ પહેરીને નિશાળે જતા થઈ ગયા. પણ નિશાળમાં ભણવામાં ધ્યાન ઓછું રાખે અને ધમાલ કરવામાં ધ્યાન રહેતું. છ મહીને જતાં પહેલા ધોરણમાં હતો ત્યારે માંડ માંડ વાંકોચૂંકો એકડો ઘૂંટી શકેલો અને કલમનો 'ક' તો વારંવાર ઘૂંટ્યા પછી પણ ભૂલી જતો. આમને આમ જસુ સાતમા ધોરણમાં આવી ગયો. ના તો જયંતિભાઈ ખેતીવાડીમાંથી નવરા પડે કે ના તો જસવિદ્યાબેન ભજન-કીર્તનમાંથી નવરાં પડે. તેથી રમવાનું, રખડવાનું મોકળું મેદાન જસુ ને નાનપણમાં જ મળી ગયેલું. જો કે તેને રમતગમતમાં એવો કાંઈ ભારે રસ નહીં. કબડ્ડી, ખોખો રમતાં છોકરાંને દૂર ઝાડના છાંયડા તળે બેસીને જોયા કરવાનું. ગીલી દંડાની રમત ચાલતી હોય ત્યારે ખોવાઈ ગયેલી, દૂર દૂર ફેંકાઈ ગયેલી ગિલ્લી શોધવા જવાનું કામ છોકરાઓ જસુને સોંપતા. નાનપણમાં જસુ કાંઈ બહું દેખાવડો નહોતો. એકવડીયું શરીર, નીચો અને પાતળો. કપડાં પણ લઘરવઘર ! કાંતો ચડ્ડીનાં બટન ખુલ્લાં હોય, કાંતો

ખમીસનો કોલર અંદર વળી ગયેલો હોય ! તેનાં દાદીમા નવરાં પડીને તેને માથામાં તેલ નાખી કાંસકો ફેરવી આપે તો માથું સારું દેખાય, નહીંતર માથાના વાળ પણ કોરા અને ફગફગતા હોય. જસવિદ્યાબેનને પણ માજીએ ભજન-કીર્તનમાં વાળી દીધેલાં. તેથી તેમનું પણ જસુ તરફ ધ્યાન ઓછું જ રહેતું.

ગામમાં એક કરીયાણાની દુકાન હતી. હવે જસુ મોટો થઈ ગયેલો. દસમા ધોરણમાં આવી ગયેલો અને દાદીમાની ઉંમર થઈ ગયેલી. તેમને પગે વા ની અસર શરૂ થઈ ગઈ હતી. તેથી દાદીમા ઘરનું કામ બધું સંભાળી લેતાં અને ભજન કીર્તનમાં તથા ખેતી-ઢોરોના કામમાં જસવિદ્યાને મોકલતાં હતાં. તેથી ઘરમાં જોઈતું કારવતું દુકાનેથી લાવવા જસુને કરીયાણાની દુકાને મોકલતાં. કરીયાણાની દુકાનના શેઠ વિનુભાઈ ઠાકર બહુ ભલા-ભોળા માણસ. નાનું છોકરું મોકલો તો પણ માલ બરાબર આપે. ના વજનમાં ગોલમાલ કરે કે ના તો માલ હલકો આપે. ભાવ-તાલ પણ વ્યાજબી જ લે. અને પૈસાની લેવડ-દેવડમાં પણ કાંઈ ગોલમાલ ના કરે. વિનુભાઈની આવી શાખ આખા ગામમાં ફેલાઈ ગયેલી. તેથીસ્તો માજી બેધડક જસુને દુકાનેથી વસ્તુઓ લાવવા મોકલતાં.

"વિનુ કદી દગો ના કરે." એવું જાતે પોતાની જાતને જ કહેતાં રહેતાં.

જસુ જ્યારે વિનુભાઈની દુકાને જાય ત્યારે માલની જાત, ભાવ, લાવેલ રકમ, પાછી આપેલ રકમ એમ બધી વાતો વિનુભાઈ જસુને કહેતા, સમજાવતા અને એની પાસે જ ગણાવતા.

"હવે તો દસમામાં આવ્યો. આટલી ખબર તો તને પડવી જ જોઈએ. તું કાંઈ ઠોઠ નથી. થોડુંક ધ્યાન આપે તો આવું બધું ગણિત તને ફાવી જાય." આમ વિનુભાઈ જસુને શિખામણ દેતા.

એવામાં એક વખત જસુને પિતાજી સાથે શહેરમાં જવાનું થયેલું. ત્યાં રસ્તામાં પિતાજીને જનકરાય પ્રોફેસર મલી ગયેલા. આમ તો જયંતિલાલ અને જનકરાય એકબીજાના પરિચયમાં તો સ્હેજેય નહીં. વળી બંનેનો વ્યવસાય પણ જુદો. જનકરાય પ્રોફેસર અને જયંતિભાઈ ખેડૂત !પરંતુ જ્ઞાતિબંધુ હોવાને લીધે ઘણા સારા-નરસા પ્રસંગોમાં, જ્ઞાતિના મેળાવડાઓમાં મળવાનું થાય. જનકરાય

ધંધા અનુસાર બોલકણા અને જયંતિભાઈ સાવ ઓછા બોલા. આજે પણ જનકરાયે જ બૂમ પાડીને જયંતિભાઈને બોલાવેલા. તે તો ઘેર લઈ જવા આગ્રહ કરતા હતા પણ જયંતિભાઈએ વિવેકપૂર્ણ શબ્દોમાં ના પાડી.

"ના, એમ નહીં ચાલે. ગમે તેમ તો પણ જ્ઞાતિબંધુ છો. મારી ચા તો પીવી જ પડશે." એમ કહીને હોટેલમાં ચા પીવા લઈ ગયા. બાજુમાં બેઠેલા જસુની સાથે જનકરાય વાતે વળગ્યા.

"આપનો દીકરો છે ?" જયંતિભાઈને ઉદ્દેશીને પૂછેલું.

"હા."

"બેટા, કયા ધોરણમાં ભણે છે ?" હવે જસુને સીધું પૂછ્યું.

"દસમામાં."

"ગણિત ફાવે છે કે ભાષાઓમાં રસ છે ?"

બાપ-દીકરામાંથી કોઈએ કાંઈ જવાબ ના આપ્યો.

તેથી તો જનકરાયનો જુસ્સો વધ્યો અને શિક્ષણનું મહત્ત્વ, બ્રાહ્મણના દીકરા માટે શિક્ષણ-અભ્યાસ શિવાય કોઈ બીજો આરો-ઓવારો નથી, વિજ્ઞાન-ગણિત ના ફાવે તો ભાષાઓમાં રસ લેવો, અંગ્રેજી ભારે પડતું હોય તો ગુજરાતી, હિન્દીમાં મહેનત કરવી, બ્રાહ્મણના છોકરાએ સંસ્કૃત તો અવશ્ય શીખવું જ જોઈએ, અત્યારે તો કોલેજમાં કોમર્સવાળાંની બોલબાલા છે એવા અનેક વિષયોને દાખલા-ઉદાહરણ સહિત સમજાવવા માંડ્યા અને આમ એકાદ કલાક જેટલું જનકરાયનું ભાષણ ચાલેલું. જસુના ચહેરા ઉપર કંટાળો આવેલો તે સ્પષ્ટ જણાઈ આવતું હતું અને જયંતિભાઈને પણ શહેરમાં જે કામો લઈને આવેલા તે પુરા કરવા અહીંથી જલ્દી છૂટવાની ચટપટી લાગેલી તે તેમના વર્તન ઉપરથી સ્પષ્ટ દેખાતું હતું. પરંતુ જનકરાય તો હજીયે આવા બધા નવા નવા મુદ્દાઓ ઉભા કરી બાપ-દીકરાને સમજાવ્યે જતા હતા.

છેલ્લે 'હદ આવી ગઈ' એમ મનમાં સ્વગત બબડી, જયંતિભાઈ બોલેલા,

"વડીલ, હવે અમને રજા આપો. આપને પણ ઘણાં કામ હશે."

"હા, હા... એ તો હું ભૂલી જ ગયો. ચાલો ત્યારે ઉઠીએ. ફરી કોઈ વખત સમય કાઢીને અમારે ત્યાં પધારજો. આવતા જતા રહીએ તો ઓળખાણ વધે." પછી જનકરાય હોટેલની પાટલી ઉપરથી ઉભા થયા. હોટેલનો માલિક પણ રોષ ભરી નજરે જનકરાય તરફ જોઈ રહ્યો હતો તે જસુએ તેની નાની આંખે જોયું. ઉભા થઈ બહાર નીકળતાં નીકળતાં પણ પ્રોફેસરે જસુને શિખામણ આપવાનું ચાલું જ રાખેલું.

"જો બેટા, બાપાએ આખી જિંદગી ખેતી કરી ખાધી એટલે દીકરા એ પણ એમ જ કરવું જરૂરી નથી. જો હું સંસ્કૃત ભાષાનો પ્રોફેસર છું પણ મારા બંને દીકરા વિજ્ઞાન, અંગ્રેજી અને ગણિતમાં પાવરફુલ છે. એકને ડૉક્ટર થવું છે અને બીજો એન્જિનિયર થવાનાં સપનાં જુવે છે. તો તું પણ તને ગમતા વિષયનો અભ્યાસ મન મુકીને કરી અને તેને લગતા ધંધામાં આગળ વધીશ તો તને પણ આનંદ આવશે અને તારા બાપા પણ રાજી થશે. કેમ ખરું ને, જયંતિભાઈ ?" કહીને જનકરાયે જયંતિભાઈ સામે જોયેલું.

"સારું આવજો, જનકરાય." જયંતિભાઈએ સાવ નિર્લેપભાવે જવાબ આપેલો અને જસુની આંગળી પકડી બજારમાં આગળ નીકળી ગયેલા. જનકરાય થોડીવાર તેમને જોઈ રહેલા. પછી તે પણ તેમના રસ્તે વળેલા.

પણ આ પ્રસંગ પછી જસુ ને કાંઈક બનવાનાં સપનાં ઉગ્યાં. અને બીજા જ દિવસે વિનુભાઈની દુકાને ગયેલા જસુએ મનોમન નક્કી કરી નાખ્યું કે બાપાની જેમ ખેતી નથી કરવી, ઢોરાં પાછળ ઢોરની જેમ નથી ફરવું. પણ વિનુભાઈની જેમ દુકાન નાખવી, પેઢી ઉપર બેસવું, ગાદી-તકીયે અઢેલીને બેઠાં બેઠાં ધંધો કરવો. પણ આટલી નાની દુકાન નહીં, મોટી પેઢી ખોલવી, હિસાબ-ખિતાબ લખતા મુનીમ હોય, માલ લાવવા-લઈ જવા નોકર-ચાકર હોય, આવક પણ હોય, મોભો પણ હોય અને શાખ પણ હોય ! ગમે તેમ થાય પણ આ સપનું પુરું કરવા બી.કોમ તો થવું જ પડશે. ભણીએ તો જ ધંધાની ખબર પડે, ધંધો સાચવી શકાય.

અને જસુ હવે નિશાળમાં અને ઘેર ગણિતમાં રસ લેતો થયેલો પણ તેનું વિજ્ઞાન, અંગ્રેજી અને ભાષાઓ તો કાચી જ રહી. જસુએ આમ ધોરણ અગિયાર પાસ કર્યું. પછી કોલેજમાં કોમર્સની લાઈન લેવાનું તેણે નક્કી કરી નાખ્યું.

"વેકેશનના ગાળામાં વિનુભાઈની દુકાને બે-ત્રણ મહીના બેસું તો ધંધો કેમનો થાય છે તે જાણવા મલે." આવી ઉત્સુકતા જસુના મનમાં જાગી. પણ જયંતિભાઈ તો સવારે વહેલા ખેતરમાં જતા રહેતા. બપોરે વાળુ કરવા આવતા ત્યારે પણ હાથ-પગ ધોઈ જમીને તરત આરામ કરવા ઓરડામાં ભરાઈ જતા અથવા બહાર લીમડા નીચે ખાટલો પાથરી ઘડીકમાં નસકોરાં બોલાવતા. કલાક બે કલાક આરામ કરી વળી ખેતરમાં જતા રહેતા, તે છેક મોડી સાંજે આવતા. જસવિદ્યા પણ સવારે ઢોરના કામમાં, રસોઈમાં રહેતી. બપોરે ખેતરમાં ચારો લેવા જતી, સાંજે ભજન-કીર્તનમાં હોય. ત્યાંથી આવીને રસોડામાં પેસી જાય અને રાત્રે જયંતિભાઈ તથા સાસુ-સસરાની સેવામાં હોય. જસુ વિનુભાઈની દુકાને બે-ત્રણ મહીના નોકરી રહેવા માગે છે, કમાવવા નહીં પણ વેપાર શીખવા, એ વાત કોને કરવી, ક્યારે કરવી ? હા પાડશે કે ના પાડશે એ મુંઝવણ કુમાર અવસ્થામાં પ્રવેશેલા જસુના મનમાં ધુમરાઈ રહી હતી. પણ જસુ એ વાતે મક્કમ હતો તેથી એક વખતે સાંજે બધાં જમવા બેઠેલાં ત્યારે જસુએ દાદીમા તરફ જોઈને વાતની શરૂઆત કરેલી,

"બા, મારે તમને બધાને એક વાત કહેવી છે."

"બોલને, બેટા શું વાત કહેવી છે ?" દાદીમાએ જસુના માથે વહાલથી હાથ ફેરવ્યો અને આવી વાતોથી જયંતિભાઈ, જસવિદ્યા, ડોસાનું એમ બધાનું ધ્યાન જસુ તરફ ગયું.

"બોલ, બેટા શું વાત છે ?" જયંતિભાઈ અને જસવિદ્યા એક સાથે બોલી ઉઠ્યાં. તે જોઈને દાદા જમતાં જમતાં હસી પડ્યા. પછી તો જસુ સમેત બધાં હસવા માંડેલાં. આમ વાતાવરણ સાવ હળવું થયેલું જોઈને જસુએ વાત શરૂ કરેલી.

"મેટ્રીકની પરીક્ષા પુરી થઈ ગઈ છે. પરિણામ આવતાં બે મહીના જશે. પછી કોલેજમાં એડમીશન લઈને ભણવાનું શરૂ થતાં બીજો મહીનો જશે. આમ ત્રણ મહીના હું સાવ નવરો છું."

"તે ખેતરમાં મારી સાથે આવ અને ખેતર, ઢોર, ખેતી સાચવતાં શીખી જા." જયંતિભાઈ વચ્ચે બોલી પડ્યા.

"બા, મારે ખેડૂત નથી થવું. મોટા વેપારી થવું છે."

જસુએ દયામણા ચહેરે દાદીમા સામે જોઈને કહેલું.

"એ છોકરાને જે ગમતું હોય તે કરવા દો." દાદાએ પણ જસુનો જ પક્ષ લીધેલો.

"મે નક્કી કર્યું છે કે પરિણામ આવે પછી કોલેજમાં કોમર્સની લાઈન જ લઈશ અને વેપાર-ધંધા અંગેનું ભણતર જ ભણીશ." જસુ બોલ્યે જતો હતો, સૌ સાંભળ્યે જતાં હતાં. કોઈએ કાંઈ જવાબ ના આપ્યો. તેથી થોડુંક અટક્યા પછી જસુએ આગળ ચલાવેલું.

"પણ આ ત્રણેક મહીના હું નવરો છું તો રોજ વિનુભાઈની દુકાને જઈને થોડું થોડું બેસું. મારે પગાર નથી જોઈતો પણ વેપાર અંગેનું જ્ઞાન તો મલશે ને !" વળી જસુ અટક્યો.

"તે એમાં અમારે શું કરવાનું છે ?" જસવિદ્યા બોલ્યાં. "કાંઈ નહીં હું જે કરવા વિચારું છું તેમાં રજા આપો અને તમને ઠીક લાગતું હોય તો વિનુભાઈને મને દુકાને બેસાડવા ભલામણ કરો, એટલે પત્યું."

અને બીજા દિવસે બપોરે જયંતિભાઈ ખેતરે જતાં વિનુભાઈને મલેલા અને જસુની ઈચ્છા જણાવેલી. વાત સાંભળીને તે તો ખુશ થઈ ગયેલા.

"આ તો સારી વાત છે. આમેય હું એકલો પહોંચી વળી શકતો નથી. બહાર જવા-આવવાનું થાય ત્યારે કાં તો દુકાન બંધ રાખવી પડે છે ને કાં તો નવરાશ હોય તો મારી દીકરીને દુકાને બેસાડવી પડે છે. તમારા દીકરાને તો નાનપણથી ઓળખું છું. ખૂબ જ ઠરેલ, આજ્ઞાકિંત, ઓછા બોલો છોકરો છે. વળી જુવાન લોહી છે. મજુરી કરવામાં પણ એને નાનમ નહીં જ હોય. કેમકે તમારો ખેતીનો ધંધો તો મજુરીનો જ ગણાય ને ! તમતમારે એને કાલથી જ દુકાને મોકલજો. હું કોઈનેય મફતમાં નહી રાખું. મારા ગજા પ્રમાણે અને છોકરાનું કામ જોઈને મૂઠી વાળીને જે આપું તે લઈ લેજો. પણ મારે ત્યાં રજા નહીં મલે અને સવારે આઠથી રાતે આઠ વાગ્યા સુધી અહીં બેસવું પડશે. બપોરે ખાવા માટે કલાકેકની છૂટ્ટી ! બીજું, માલ લેવા-મોકલવા બહાર પણ મોકલીશ. તેમાં આનાકાની નહીં ચલાવી લઉં."

જયંતિભાઈએ વિનુભાઈ સાથે થયેલી ચર્ચાની તમામ વિગતો બધાંની વચ્ચે જસુને કહી. સાંભળીને વિનુભાઈની કેટલીક વાતો જસુને મનમાં કઠી પણ ખરી. પણ વેપાર કેમ થાય તે શીખવાની તાલાવેલીમાં કડક બંધનો અને આકરી શરતોને પણ દરગુજર કરીને જસુ બીજા દિવસે સવારે આઠ વાગે વિનુભાઈની કરીયાણાની દુકાનમાં પ્રવેશેલો. બપોરે જમવાની રીસેસ પડવાની હજી વાર હતી. જસુને દુકાન સોંપીને વિનુભાઈ ગામમાં ગયા હતા. દુકાનમાં જસુ એકલો હતો. તે તકીયે અઢેલીને ગાદી ઉપર બેઠો હતો અને તેની નજર દુકાન આગળ પસાર થતા રસ્તા ઉપર હતી. તેની આંખો રસ્તા ઉપર અવરજવર કરતાં માણસોને નિરખી રહી હતી. પણ ઉઘાડી આંખે તેનું મન સ્વપ્નની દુનિયામાં સરકી ગયું હતું. બેલબોટમ પેંટ, કમરે પટ્ટો, તેની ઉપર મોટા કોલર વાળો, બે બાજુ બે ખિસ્સાંવાળો, મોટાં સોનેરી બટનવાળો, શર્ટ શર્ટઈન કરીને તેણે પહેર્યો હતો. માથામાં સુગંધીદાર ધુપેલ-તેલ નાખેલું હતું અને રાજેશખન્ના સ્ટાઈલથી વચ્ચે પોંથી પાડી વાળ ઓળાવેલ હતા. તેમજ અમિતાભ બચ્ચન સ્ટાઈલમાં તેના બંને કાન ઉપર વાળના ગુચ્છ હતા. જેમાં તેના કાન બુટ સુધી ઢંકાઈ ગયેલા હતા. ચહેરા-આંખો ઉપર મોંઘા ગોગલ્સ લગાવેલા હતા. બાજુમાં બેઠેલો મુનીમ વારંવાર ઉભો થઈ ચોપડા લઈને તેને બતાવ્યે જતો હતો કે કોઈક સોદા, ખરીદી, વેચાણ આવક, નફો, સિલક બાબતે સતત માહિતી આપ્યે જતો હતો. કેટલાક નોકરો માલ, પેકેટ, પાર્સલ, કોથળા બહારથી ઉંચકીને અંદર લાવતા હતા અને દુકાનની અંદરથી બહાર લઈ જતા હતા. આ બધું જસુ પોતાની કેબીનમાં રીવોલ્વીંગ ચેરમાં બેઠો બેઠો, સળંગ કાચ ફીટ કરેલી ત્રણેય બાજુની બારીઓમાંથી જોતો હતો. તેની ખુરશી સામે લાંબું પહોળું ટેબલ હતું. ટેબલના સામા છેડે દસેક ખુરશીઓ પડેલી હતી. ટેબલની એક બાજુ સ્ટેશનરી, પેનો, રબ્બર, માર્કરપેનો, જુદા જુદા કલરનાં સ્ટીકરો વગેરે ગોઠવાયેલાં હતાં. તેની પાસે પાણી ભરેલો, ઢાંકેલો કાચનો ગ્લાસ હતો. સામે તારીખિયું હતું. એકદમ સામે કાચનું બંને બાજુ ઢોળાવ વાળુ અને વચ્ચે સપાટ પેડ જેવું પડ્યું હતું. તેની ઉપર એક ચોપડો ખુલ્લી હાલતમાં પડ્યો હતો. ખુલ્લા ચોપડામાં લાલ/કાળા રંગની જોઈન્ટ વિદેશી હિંદીપેન હતી. બીજી બાજુ ચોપડા, ફાઈલો, ટાઈપ કરેલા કાગળો, માલનાં સેમ્પલો વગેરે સામાન પડેલો હતો. બાજુમાં એક કેસીંગમાં જુદા જુદા વેપારીઓ,

પેઢીઓનાં વીઝીટીંગ કાર્ડ પડેલાં હતાં. અદ્યતન ડીઝાઈનના મોજા અને બુટ પહેરેલા તેના બે પગ ટેબલ નીચેના આડા સપોર્ટ ઉપર ટેકવી જસુ રીવોલ્વીંગ ચેરમાં આરામથી બેઠો હતો. એટલામાં નોકર મોટી ડીસ સાથે કેબીનમાં પ્રવેશ્યો. જસુની સામે ટેબલ ઉપર પડેલી સામગ્રી આઘીપાછી કરી ડીસ મુકી અને ચાનો કપ ટેબલ પર મુક્યો. સાથે ફ્રુટની ડીસ રાખી તથા તેની  બાજુમાં ગરમ નાસ્તો સમોસા, કચોરી, ગોટા મુક્યા. ત્યારબાદ તીખી સેવ, મોળી સેવ, જાડી સેવ, બટાટા પૌઆ વગેરે ભરેલાં ચાર-પાંચ બાઉલ મુક્યાં અને પછી જતો રહ્યો. જસુએ ધરાઈને નાસ્તો કર્યો. ચા પીધી, પાણી પીધું. પછી વોશબેઝીનમાં હાથ ધોવા રીવોલ્વીંગ ચેરમાંથી ઉભા થવા બુટ પહેરેલા પગ જમીન ઉપર મુક્યા અને ઉભો થવા ગયો, અરે ! સમજોને ઉભો જ થઈ ગયો અને કેબીનના દરવાજા તરફ ચાલવા માંડ્યો.

અને જસુ ખરેખર ગબડ્યો. કેમકે આ તો બધું દીવાસ્વપ્ન હતું. તેણે પગ ઠેરવ્યા અને ઉભો થવા ગયો ત્યારે તે ગાદી ઉપર બેઠેલો હતો. આવી સ્વપ્નાવસ્થામાં તે ઉભો તો થઈ ગયેલો પરંતુ ચાલવા માંડેલો ત્યારે તેના પગમાં નહોતા તો બુટ કે નહોતા મોજા. તે ઘેરથી સ્લીપર પહેરીને જ સવારે દુકાને આવેલો. અને દુકાનમાં દાખલ થતાં, બધા જેમ કરતા હતા તેમજ જસુએ પણ પોતાનાં સ્લીપર તો દુકાનની બહાર જ કાઢેલાં. આમ ઉઘાડા પગે ગાદી ઉપર અભાન અવસ્થામાં ચાલવા માંડેલા જસુનાં પાવલાં રૂ ભરેલી પોચી ગાદીના કવરમાં ફસાયાં, વળ્યાં અને તે એક બાજુ નમી ગયો. સમતુલન ગુમાવી દીધુ અને એકબાજુ જ્યારે તે નમી ગયો, પડતાં પડતાં માંડ રહી ગયો ત્યારે જસુ સ્વપ્નસૃષ્ટિમાંથી એકદમ વાસ્તિવક સ્થિતિમાં આવીને, ગબડતાં ગબડતાં એક હાથે પાછળની ટેકા માટે બનાવેલી ચારેક ફુટ ઉંચી, એક ઇંટની દિવાલને પકડી લીધી. હજીયે તેની નજર તો સામા રસ્તા ઉપર જ ખોડાયેલી હતી.

અને જસુએ રસ્તા ઉપરથી દુકાન તરફ વળીને આવતી એક કુમારીને જોઈ. જસુને ઉભો થતો, ગબડતો, નમી જતો, ટેકો લેતો તેણે જોયો અને તે છોકરી ખડખડાટ હસી પડી અને બે હથેળીથી તાલીઓ પાડવા લાગી. તે તાળીઓ પાડતી, ખડખડાટ હસતી, જસુ તરફ મશ્કરી કરતી હોય તેવી નજરો ઉલાળતી, તોફાની હાવભાવ સાથે છેક દુકાનનાં પગથિયાં સુધી આવી ગઈ. હવે તો જસુ

પોતાના બંને પગ ઉપર સ્થિર થઈને સીધો ઉભો રહી ગયો હતો. તે થોડો ભાંઠો પડેલો, તેના ચહેરા ને જોતાં સ્પષ્ટ લાગતો હતો. તે થોડાક સમય સુધી મૂઢાવસ્થામાં એ છોકરી તરફ જોઈ રહ્યો. પછી તે પણ હસી પડ્યો. હવે તે કુમારી દુકાનનાં પગથિયાં ચઢીને છેક જસુની સામે આવીને ઉભી રહી ગઈ હતી. છતાંયે હજુયે તે હસતી હતી, તાળીઓ પાડ્યે જતી હતી. જસુ સામે ગર્વભરી અને જસુને તુચ્છ ગણતી હોય તેવી પ્રભાવશાળી, મશ્કરી ભરી નજરોથી જોઈ રહી હતી.

"ગબડી પડ્યો કે શું ? ઉભા થતાં પગ ગાદીમાં ખુપી ગયેલો ? કે પગે ખાલી ચડી ગઈ હતી ?" એણે હસતાં હસતાં એક સામટા, આટલા બધા પ્રશ્નો જસુને પૂછી નાખ્યા. જસુએ કાઈ જ પ્રત્યુત્તર ન આપ્યો પરંતુ તેનો ચહેરો પડી ગયો. ઉદાસ થઈ ગયો. તેણે છોકરી તરફથી નજર હટાવી લીધી અને નીચું જોઈ ગયો. આવી મુદ્રામાં સ્થિર જેવો થોડી વાર જસુ ઉભો રહ્યો. પછી મોં ફેરવી ગાદી તરફ ફરી હળવેકથી ગાદી ઉપર બેસી ગયો. તકીયાને અઢેલીને બેઠો. પલાંઠી વાળી. બે હાથ પાછળ લઈ જઈ તકીયાની બંને બાજુ લંબાવી તકીયા ઉપર ટેકવી આરામથી બેઠો. પછી નજર ઉચકી અને તેણે તે છોકરી સામે ફરીથી જોયું. થોડીવાર જસુ આ છોકરીના ચહેરાને જાણે તાકી જ રહ્યો. નિઃશબ્દ, વિચારહીન, વિસ્મયકારી, અદ્‌ભૂત દર્શનનો લ્હાવો લેતો હોય તેવા ભાવાવેશમાં તરતા માનસવાળો જસુ છોકરીને અનિમેષ નયને તાકી રહ્યો હતો. જાણે તેના ચહેરાને, તેના રૂપને, તેના આકારને, તેની છટાને નયનોથી ઘુંટડે ઘુંટડે પી રહ્યો હતો. જસુ જાણે કે સુધબુધ ખોઈ બેઠો હતો. હવે તેને દુકાન, ગાદી, સામાન, ગ્રાહકો, રસ્તે ચાલતી વ્યક્તિઓ, મકાનો, સાયકલ સવારો, રખડતાં કૂતરાં - કાંઈ કહેતાં કાંઈ જ દેખાતું નહોતું, સંભળાતું નહોતું. ફક્ત આ મૃગનયનીનાં ચંચળ નયન, તેનું રૂપભર્યું ક્લેવર, તેના ચહેરા ઉપર છવાયેલું અટ્ટહાસ્ય, તેની શ્વેત દંતકળીઓ, તેના ચંચળ-મશ્કર હાવભાવના મહાસાગરમાં જસુ નહાઈ રહ્યો હતો, ડૂબક ડૈયાં કરતો હતો આ માનુની કુમારિકાના અસ્તિત્વમાં ઓળધોળ થતો જતો હતો. જાણે કે આ સામે ઉભેલા નારી આકારના પ્રકાશ પુંજમાં સરકતો, મહાલતો, મજા લેતો, છતાં મૂઢની જેમ ચક્તિ થતો, અંદરને અંદર ધુસતો, ધૂમતો, ફરતો રહેતો હતો.

પણ ક્ષણવારમાં તેની વિવેક બુદ્ધિ જાગી. મનના ઘોડાની લગામ ખેંચી.

નજર હટાવી. તકીયાનો ટેકો છોડી દઈ ટટ્ટાર થઈને બેઠો. નજર પોતાની પગની આંગળીઓ ઉપર જોર કરીને સ્થિર કરી. વળી ઘડીક તીરછી નજર ઉઠાવી અને તે છોકરીને જોવા પ્રયત્ન કર્યો. જસુએ જોયું કે તેણે પણ હસવાનું બંધ કરેલું. તેના ચહેરા ઉપર પણ ગંભીરતા દેખાઈ અને પળભરમાં જસુએ નજર હટાવી નીચી કરી દીધી. પણ તેમ કરવામાં જસુની પાંપણો, ભ્રમરોને ભારે શ્રમ કરવો પડ્યો હોય તેવું તો તેને લાગ્યું જ. હજીયે તેનું મર્કટ મન આ રૂપસુંદરીને નિરખવા, નિરખતા રહેવા, ઝુકેલી નજરોને ઉપર ઉઠાવવા ભારે દબાણ કરી રહ્યું હોય તેવો અનુભવ જસુ અનુભવી રહ્યો હતો. અને તેની વિવેકી બુદ્ધિ એમ નહીં કરવા તેના મન ઉપર ભારે દબાણ કરી રહી હતી. આવાં દ્વિગામી પરસ્પર વિરોધી દબાણની અસહ્ય વેદના જસુનું હૈયું વેઠી રહ્યું હતું. જાણે કે તેનું હૈયું બંને બાજુ ખેંચાઈ રહ્યું હતું અને અંતઃકરણમાં પારાવાર સંઘર્ષ ખેલાઈ રહ્યો હતો. એક બાજુ રૂપ નિરખવાની લાલચ તો બીજે પક્ષે નોકરી, ફરજો, નીતિમત્તા, શેઠનો ડર, ગ્રાહક તરફની સંયમતા વચ્ચે જસુ મનોમન પીસાઈ રહ્યો હતો. સંઘર્ષ હંમેશાં પીડાકારી જ હોય. ગમતું ન કરી શકાય ત્યારે હતાશા ઉમેરાય તેમાંથી દુઃખ પ્રગટે. કુમાર અવસ્થાએ પહોંચેલો યુવાન આવી બધી વાતોથી સાવ બિનઅનુભવી હોય, કાચો હોય, ઋજુ હૃદયનો હોય, સંવેદનશીલ હોય. જેને લઈને જસુની ઢાળેલી પાંપણોમાં થઈને આ સંઘર્ષ વેદના અશ્રુબિંદુ રૂપે બહાર ઝળકવા લાગી. તે આંખો પટપટાવી વેદનાને, લાચારીને, અશ્રુસ્વરૂપે બહાર આવતી અટકાવવા નિષ્ફળ પ્રયાસ કરવા માંડ્યો અને જસુ તેના આ સઘન પ્રયત્નમાં ઘણે અંશે સફળ પણ રહ્યો. આખરે તો પુરુષ હતો ને !

"બાપુ રસ્તામાં મલ્યા. તે સીધા ઘેર જમવા ગયા. મને દુકાને મોકલી છે. તું ઘેર જઈને જમી આવ. જલ્દી પાછો આવી જજે એમ બાપુએ કહેવડાવ્યું છે. ત્યાં સુધી હું દુકાન ઉપર બેઠી છું." ઘંટડીના રણકાર જેવો છોકરીનો અવાજ જસુના કાને પડ્યો. જસુએ નજર ઉઠાવી અને તેની સામે થોડી વાર જોયું. પછી કાંઈ પણ જવાબ આપ્યા વગર તે ગાદી ઉપરથી ઉઠ્યો. પાછું વળીને જોયા વગર દુકાનના દરવાજાની બહાર નીકળી ગયો. સ્લીપર પહેર્યાં ત્યારે તેની નજર છોકરી તરફ વળી. તે તેની તરફ જોઈને હજીયે મીઠું મીઠું હસતી હતી. ક્ષણની પણ વાર લગાડ્યા વગર જસુએ નજર હટાવી લીધી અને પુંઠવાળીને પાછળ જોયા

વગર પોતાના ઘર તરફ ઉતાવળી ચાલે ચાલવા માંડ્યો.

આખા રસ્તે જસુ મનમાં ક્ષોભની લાગણી અનુભવી રહ્યો હતો. તેની આંખો સામે તેની મજાક કરતી છોકરીનું ચિત્ર તરી આવતું હતું અને તરત જ તેની ભ્રમરો ખેંચાઈ જતી હતી, હોઠ ભીડાઈ જતા હતા, પગ ઝડપથી ઉપડતા હતા, મોટાં મોટાં ડગલાં, અરે ! કહોને કુદકા ભરતો ચાલતો હતો. રસ્તામાં કાંકરા, ઢેખાળા, પ્લાસ્ટીક કચરાને જોરથી ઉછાળતો, લાત મારતો, ઠોકર મારતો જતો હતો. તેનો ચહેરો ગુસ્સાથી લાલચોળ થઈ ગયો હતો. આંખો મોટી પહોળી થઈ જતી હતી. એવી ચાલમાં, વિચારોમાં તેને ફરી ઠોકર વાગી, પડતા પડતાં બચ્યો. એણે પાછળથી છોકરીનો ખડખડાટ હસવાનો અવાજ સાંભળ્યો. તેણે પાછળ વળીને જોયું. કોઈ નહોતું. આવી માનસિક ભ્રમણાનું સત્ય સમજાતાં તેમજ વાગેલી ઠોકરથી પગના અંગુંઠામાં થતા દર્દને લઈને તેની આંખો ભીની થઈ ગઈ અને એવી અશ્રુથી ભીંજાયેલી આંખો સામે અશ્રુપટલની બહાર પેલી છોકરીનો હસતો નિર્દોષ ચહેરો તેને દેખાયો. હજીયે તે મીઠું મીઠું હસતી તેની પાસે આવી રહી હતી. તે છેક નજીક આવી. તેના કોમળ હાથની કોમળ આંગળીઓથી તેની આંખો ઢાંકી દેવા પ્રયત્ન કરવા લાગી. ખરેખર હવે તે સામે ઉભેલી છોકરીનો ચહેરો જોઈ શકતો નહોતો. કોમળ અંગુલી સ્પર્શ તેના ચહેરા અને ગાલને થતો તે સ્પષ્ટ અનુભવી રહ્યો. વળી તેની મશ્કરી કરેલી, તેની મજાક ઉડાવેલી તે છોકરી તરફ તેને ગુસ્સો આવ્યો. અને તેની આંખો ઉપર ઢંકાયેલા તેના હાથ દૂર કરવા તેણે પોતાનો હાથ ઉંચો કરી પોતાની આંખો પાસે લાવ્યો. પણ તેનો હાથ ભાંઠો પડ્યો. ત્યાં એવી કોઈ કોમળ અંગુલિ પાંદડીઓ હતી જ નહીં ! અને એ ઝબક્યો, ચમક્યો, વિચારોમાં સપડાયો. શું એને એ છોકરી તરફ ગુસ્સો છે ? તે છોકરીના વર્તન માટે તેને ખોટું લાગ્યું છે? તે છોકરીનું મીઠું મીઠું હાસ્ય તેને ગમેલું ? તે છોકરીનો સ્પર્શ અનુભવવાની તેને લાલસા છે ? તે છોકરી તેને શું ગમી ગઈ છે ? જો ગમતી હોય, તેનું હાસ્ય મીઠું લાગ્યું હોય, સ્પર્શ લાલસા જાગી હોય તો માઠું શાનું લાગ્યું ? ગુસ્સો કેમ આવે છે ?'' જે હોય તે, તે છોકરીને મારા માટે લાગણી છે.'' આવો ચ્યુઇંગમ જેવો વિચાર એના મગજમાં અચાનક જ સ્ફુર્યો, વિકસ્યો અને તે મનગમતા, ખટમીઠી ચોકલેટ જેવા વિચારને તે મમળાવવા લાગ્યો. ઘર જલ્દી આવી ના જાય

તેથી તે ધીમાં ડગલે ચાલવા માંડ્યો. મનમાં ને મનમાં મરક મરક હસવા લાગ્યો. “જે બન્યું તે, છોકરી સાલસ છે, સીધી છે, રૂપાળી છે, ચબરાક છે, હોંશિયાર છે, લાગણીશીલ છે. તેનો અવાજ પણ કેવો મીઠો છે ? જાણે કે વસંતમાં કોયલનો આંબાની ડાળે થતો પહેલો ટહુકાર !” અને જસુના ચહેરા ઉપર મીઠું મધુરું સ્મિત ફેલાઈ જાય છે. અને જસુભાઈ એમના ઘેર પહોંચી ગયા. જસવિદ્યાબેન તેની રાહ જોઈને ખડકીના ઝાંપા પાસે બહાર જ ઉભાં હતાં. તેમની નજર રસ્તા ઉપર હતી. તેમની નજરે જસુને આવતો જોયો. તેટલે દૂરથી પણ જસવિદ્યાબેને જસુના ચહેરાને જોયો, પારખ્યો. જસુનો હસતો ચહેરો, ચહેરા ઉપર પ્રસરેલું મરક મરક હાસ્ય જોઈને તેમને સંતોષ થયો. જસવિદ્યાબેન રસ્તા ઉપર સામે આવ્યાં. જસુના માથા ઉપર હાથ ફેરવ્યો, તેના બરડા ઉપર હાથ પસવાર્યો. તેની હથેળી પકડીને ચુમી લીધી. પછી તેની હથેળીમાં પોતાની હથેળી ભેરવી સાથે સાથે ચાલવા લાગ્યાં.

“બેટા, નોકરી કરવામાં મજા આવી ?”

“હું”

“પણ કકડીને ભૂખ લાગી હશે, નહીં ને ?

જસુએ કાંઈ જવાબ ના આપ્યો.

ઘેર જઈને ઝટપટ હાથ, પગ, મોં ધોઈને બાએ પીરસેલી થાળી આગળ આસન પાથરીને જમવા બેસી ગયો.

“ખૂબ ભૂખ લાગી છે ? પુરું પીરસવા તો દે ! અને તેં પાણીનો લોટો-પવાલું પણ ના ભર્યાં ? ઠીક છે, હું પાણી ભરી લાવું છું. તું તારે ખાઈ લે.”

પણ જસુ ઝટપટ જમવામાં પડ્યો હતો. તેને જમીને તરત જ દુકાને પહોંચવાની ઉતાવળ હતી. “ફરી તેના મીઠા સ્મિતની, રૂપાળા ચહેરાની એક ઝલક જોવા મલી જાય !” એવી લાલસા મનમાં ઉગી હતી. તેણે ખાવાનું પાંચ મિનિટમાં તો પતાવી દીધું. ઝટપટ હાથ ધોઈ, થોડું પાણી પીને આસન ઉપરથી ઉભો થઈ ગયો.

“બા, હું જાઉં છું” કહીને છેક ઝાંપા સુધી પહોંચી ગયો. સ્લીપર પણ પહેરી લીધાં.

"થોડો આરામ કરીને જવું હતું ને !" જસવિદ્યાબેન તો તેને જતો જોઈ જ રહ્યાં. "છોકરામાં નોકરી કરવાની ધગશ જાગી છે." એમ બબડ્યાં પણ ખરાં. "આમ તો સારી વાત કહેવાય પણ શાંતિથી ખાવું તો જોઈએને ! ખોટો રઘવાટ નકામો." એમ પાછાં ચિંતા પણ કરવા માંડ્યાં.

પણ જસુનું ધ્યાન આવી બધી વાતોમાં હતું જ ક્યાં ? એ તો લાંબી ફલાંગે, ગણોને દોડતો દોડતો, એકી દોટે દુકાન તરફ જ જઈ રહ્યો હતો. અને બીજી માંડ પાંચ મિનિટમાં તો તે દુકાનની સાવ નજીક પહોંચી ગયો.

દૂરથી વળાંક વળીને દુકાનના થડા તરફ નજર દોડાવી અને તે નિરાશ થઈ ગયો.

થડા ઉપર વિનુભાઈ શેઠ બેઠેલા હતા. તે રૂપસુંદરી, ગુણસુંદરી, માનુની, પ્રિયા, જેના દર્શનની ઝલક ખાતર જમવામાં ઉતાવળ કરી, માના પ્રેમભર્યા ઉદ્‌ગારોને અવગણ્યા, અહીં આવવા દોટ મુકી, તે ગજગામિની, વહાલસોયી, દિલરૂબા, પ્રેયસી જોવા પણ ના મલી. અને તેના પગની ઝડપ સાવ ઘટી ગઈ. હજારો જોજન એકધારું ચાલ્યા પછી જેટલો લાગે તેટલો થાક તેના પગમાં ભરાઈ ગયો. હળવેક બહાર સ્લીપર કાઢ્યાં અને દુકાનનું પગથિયું ચઢવાનું તેને ભારે આકરું લાગ્યું. ચહેરા ઉપર નિરાશા છવાઈ ગઈ. વિનુભાઈ ગાદી ઉપર બેઠા હતા અને તેમનું ધ્યાન હિસાબના ચોપડામાં હતું તેથી જસુના આ શારીરિક, માનસિક પરિવર્તન તરફ તેમનું લક્ષ્ય ગયેલું નહીં.

ચોપડામાં જ નજર નાખીને વિનુભાઈ બોલ્યા,

"આવી ગયો, ભાઈ ! પાછળ બધો સામાન વેર વિખેર પડ્યો છે તે સરખો ગોઠવી દે અને હા ! આ નવો સામાન ઉતર્યો છે તે પણ જે તે સ્થાને ગોઠવી દે જે. ધીમે ધીમે ગોઠવજે. તને વાગે નહી તેનું ધ્યાન રાખજે. બહુ ભારે કટ્ટુ હોય તો મને બોલાવી લે જે. જાતે એકલો મથતો નહીં."

અને ગુમસુમ જસુ દુકાનમાં અંદર ગયો. અને બધું વ્યવસ્થિત ગોઠવવા ના કામે વળગ્યો.

તેના હાથ કામ કરતા હતા. પણ તેનું મન રૂપલલનાની આગળપાછળ ફરતું હતું. જાણે કોઈ પતંગિયું અંધારી રાતે દીવાની આજુબાજુ ગોળગોળ ફરે

તેમસ્તો ! કેટલો સમય વીતી ગયો તેનું જસુને પણ ભાન ના રહ્યું.પણ બહારથી વિનુભાઈનો અવાજ તેના કાને અથડાયો,

"જસુ, હજુયે અંદર શું ખણખોતર કર્યે જાય છે ?"

"બધું ગોઠવું છું." તેણે અંદરથી જ જવાબ આપ્યો.

થોડીવારે વિનુભાઈ જાતે અંદર આવ્યા. ધોડા ઉપર ગોઠવેલો સામાન જોયો. નીચે ગોઠવેલા કોથળા જોયા. તે ખુશ થયા. થોડુંક હસ્યા. અંદરની સાફસુફી જોઈ. વળી તે મલકાયા.

"છોકરો છે હોંશિયાર અને ચીવટવાળો !" એટલું બબડ્યા અને બહાર જવા એમણે પુંઠ ફેરવી. પણ તેમનું આ વાક્ય જસુના કાને પહોંચી ગયેલું. આ સાંભળીને જસુ પણ ખુશ થયો. "તો તો હવે તમારી દીકરી માટે હું લાયક ખરો ને !" જસુ કામ કરતાં કરતાં મનમાં શેખચલ્લી જેવા વિચારોમાં ચડી ગયો.

પછી તો સાંજ પડી ગઈ. "ચાલ ભાઈ જસુ. હવે બધું કામ પતી ગયું હોય તો બહાર આવી જા. બાકી હોય તો કાલે કરજે. દુકાન વધાવવાનો વખત થઈ ગયો." એમ વિનુભાઈ એ બૂમ પાડી.

જસુ બહાર આવ્યો. દુકાનનું શટર બંધ કરી, તાળું મારી બંને જણા બહાર નીકળ્યા. વિનુભાઈ તેમના ઘર તરફ ચાલ્યા અને જસુ એ તેના ઘર તરફ ડગલાં માંડ્યાં.

જયંતિલાલ પણ ખેતરેથી ઘેર આવી ગયેલા.

શરૂઆતમાં જયંતિભાઈ બી.કોમ થઈને સરકારી નોકરીમાં જ વળગેલા. પછી તો જસવિદ્યાબેન સાથે લગ્ન થયેલાં. લગ્નનાં પાંચેક વર્ષ પછી જસુનો જન્મ થયેલો. પણ પછી અચાનક જયંતિભાઈનાં બા બીમાર પડ્યાં. નાનું છોકરું સાચવવાનું, ઢોર-ઢાંખર સાચવવાનાં, ખેતર-ખેતીમાં પણ દોડાદોડી તો રહે જ ! જસવિદ્યાબેન થાકી જતાં હતાં. જયંતિભાઈનાં બા એ ખાટલો ખાલી કર્યો નહીં અને બીમારી લાંબી ચાલી. બાર મહીને જતાં માજીનો જીવ લઈને જ બીમારી ગઈ. અને જોગાનું જોગ તો જુઓ ! માજીના બારમા-તેરમાની વિધી ચાલુ હતી અને તેમના બાપા પણ ચાલુ વિધીમાં ઢળી પડ્યા. નખમાં પણ રોગ નહોતો. "કેમ થયું ? શું થયું ?" તેની સમજણ પડે તે પહેલાં તો દાદા જતા રહ્યા. ત્યારે

જસુ તો સાવ નાનો ! પચીસ વીઘા જમીન, ઢોર, વાડીઓ, મુખીપણું બધું અહીંને અહીં રહી ગયું. ફરી પંદર દિવસ સુધીની લૌકિક ક્રિયાઓ ચાલી. ઘણા બધા મિત્રો, સંબંધીઓ, ગામવાળા આવતાં-જતાં રહ્યાં. અનેક ચર્ચાઓ ચાલી. જસવિધ્યા અને જયંતિભાઈ વચ્ચે પણ ચર્ચા થતી રહેતી. એકબીજાનાં મંતવ્યો સાંભળતાં. જસુના ભવિષ્યની પણ ચર્ચા થતી. નોકરીના સ્થળેથી અધિકારી વર્ગ, સહકાર્યકર્તાઓ પણ આવેલા. તેમની સલાહ, વિચારો પણ જયંતિભાઈએ સાંભળ્યા. અને છેવટે જસવિદ્યાબેન અને જયંતિભાઈ એક સ્પષ્ટ તારણ ઉપર આવ્યા અને જયંતિભાઈ એ સરકારી નોકરીમાંથી રાજીનામું મુકી દીધું. અને લૌકિક ક્રિયાઓ પતાવીને હવે જયંતિભાઈ ખેડૂત બની ગયા અને ગામમાં મુખી કહેવાતા થયા. જસવિદ્યાબેન ઢોર-ઢાંખર સાચવતાં થયાં અને જસુને ઉછેરતાં રહ્યાં. એવામાં શહેરમાં પ્રોફેસર જનકરાય મલ્યા અને જસુને કાંઈક બની બતાવવાનો અભરખો જાગ્યો. અને એ સપનું પાર પાડવા વિનુભાઈની દુકાને પહોંચી ગયો. અને હવે તેનું સપનું એક રૂપલલનાની ઝલક મેળવવા સુધીનું સીમિત થઈ ગયું.

"કેમ ભાઈ જસુ, નોકરીનો પહેલો દિવસ કેવો ગયો ?" જયંતિભાઈએ હાથ-પગ મોં ધોતાં ધોતાં જસુ સામે જોઈને મશ્કરા અવાજમાં પૂછી નાખ્યું અને પછી ખડખડાટ હસવા માંડ્યા.

જસુએ કાંઈ જવાબ ના આપ્યો. પછી તો ત્રણે જણ જમીને થાક્યાં પાક્યાં ઊંઘી ગયાં.

બીજા દિવસે 'આશા અમર છે' એ હિસાબે જસુ તૈયાર થઈ દુકાને ગયો. બપોર થઈ. થાકીને જમવા આવ્યો. જમીને ફરી દુકાને ગયો. સાંજ પડી ગઈ. પણ તેના દીદાર ના થયા તે ના જ થયા ! અને આમ ને આમ અઠવાડિયું વીતી ગયું. પણ એ છોકરી દુકાન તરફ આવી જ નહીં.

"ના જ આવે ને ! તેને દુકાન ઉપર ના આવવું પડે અને ઘરનું ધ્યાન રાખે, ભણવામાં ધ્યાન રાખે એટલા માટે તો મને નોકરી ઉપર રાખેલ છે." જસુભાઈ ગડમથલમાં પડી ગયા.

"તો પછી તે દિવસે અચાનક દુકાને કેમ આવી ગયેલી ?"

જસુભાઈ મનમાં ને મનમાં જાતે જ સવાલો પેદા કરતા અને જાતે જ જવાબો પણ ગોઠવતા.

"એ તો વિનુભાઈએ મોકલેલી. હું સમયસર ખાવા જઈ શકું તે માટે."

"પછી હું ગયો એટલે તે પણ જતી રહી હશે ?"

"ના, ના. દુકાન સુની મુકીને થોડી નીકળી ગઈ હોય ! એ તો વિનુભાઈ કામ પતાવીને આવી ગયા હશે એટલે તેને ઘેર મોકલી દીધી હશે."

"તેણે મારી મશ્કરી કરી, ખાવા જવાનું કહ્યું, મીઠું મીઠું હસી પણ તેનું નામ સુદ્ધાં ના બોલી."

"તે એ છોકરી અજાણ્યા છોકરાને તેનું નામ શું કામ આપે ? તું તેની પાછળ ઘેલો થયો છે. તને એનો ચહેરો જોવાનું ભૂત વળગ્યું છે. તે થોડી તારી પાછળ પાગલ થઈ છે ?"

"ના, ના. તેને પણ મારા માટે લાગણી તો જન્મી જ હશે."

"ખરેખર તું મૂર્ખ, મહામૂર્ખ છે. લાગણી જેવું કાંઈ ઉગ્યું હોય તો તો દિવસમાં એક-બે વાર દુકાન તરફ આંટો ના મારી જાય ? અને એવું તો તેં શું પરાક્રમ કરી બતાવ્યું છે કે તે છોકરી તારી પાછળ લટ્ટું થઈ જાય ? ખસ્યા, લપસ્યા અને પડતાં પડતાં રહી ગયા એ તમારું પરાક્રમ !"

"ના, હોં. તેની નજરમાં મારા તરફ લાગણી તો હતી જ !

"આ બધા તારા મર્કટ મનના ઉલાળા છે."

અને આવા વિચારોમાં જસુ એકબાજુ ગુમસુમ બેસી રહેતો. વિનુભાઈ જોરથી બુમ પાડીને બોલાવે ત્યારે તેનું ધ્યાન જતું. ગ્રાહક માંગે જુદુ અને જસુ લાવતો બીજી વસ્તુ. તે ભાવ જુદો કહેતો અને પૈસા કાંતો વધુ કાપી લેતો અથવા વધારે પાછા આપી દેતો. આવેલ માલ પણ ઘોડામાં નિયત ખાનામાં ગોઠવવા ને બદલે બીજે ગોઠવી દેતો. આમ જસુ દુકાનમાં બેધ્યાન થવા માંડ્યો. બે-ત્રણ વખત આવી બાબતો વિનુભાઈના ધ્યાનમાં પણ આવી તેથી તેને મીઠા શબ્દોમાં ઠપકો પણ સાંભળવો પડેલો. ફક્ત દુકાનમાં જ નહીં, જસુનું વર્તન ઘેર પણ બદલાયેલું હતું. વાતવાતમાં તે જસવિદ્યાબેન ઉપર ચિઢાઈ જતો. નોકરીની દોડાદોડી, થાકને લઈને આવું કરતો હશે તેમ ગણી જસવિદ્યાબેન ચુપ રહેતાં.

પણ જ્યારે જસુએ ખોરાક ઘટાડી દીધો, ખાવા ઉપરથી ભાણું તરછોડી અચાનક ઉભો થઈ જતો જોયો કે પછી 'ભૂખ નથી' એમ કહી ખાવા જ ના બેસતો જોયો ત્યારે જસવિદ્યાબેનને ચિંતા થવા માંડી. ઘેર આવીને ગુમસુમ એકબાજુ બેસી રહેતો. ના કાંઈ વાત કે ના કાંઈ ચીત ! ના તો ઘરની બહાર જતો. સતત વિચારોમાં ખોવાઈ ગયેલો દેખાતો. એક વખત તો જસવિદ્યાબેન તેની પાસે આવીને બેઠેલાં. તેના માથે હાથ ફેરવીને બોલેલાં,

"બેટા, ધરાઈને ખાતો નથી, કાંઈ બોલતો નથી, ગુમસુમ રહે છે, કાંઈ કહેતો પણ નથી. કાંઈક મુંઝવણમાં હોય એવું લાગે છે. તે શું તકલીફ છે, તને ? દુકાનમાં વિનુભાઈ બહું કામ કરાવે છે ? ઠપકો આપે છે ? કાંઈ આડું અવળું બોલ્યા હતા ? કે પછી તને આ કામ ફાવતું નથી ? એવું હોય તો રહેવા દે. આપણે કાંઈ નોકરી નથી કરવી."

"ના, બા. એવું કાંઈ નથી." એમ કહીને જસુ ઉભો થઈને બીજા ઓરડામાં જતો રહ્યો અને ખાટલામાં આડો પડ્યો. તે ખરેખર રડી પડ્યો. ભીની આંખે રૂમની છત તરફ તાકી રહ્યો. જસવિદ્યા પાછળ પાછળ આવેલાં અને તેને રડતો જોઈને કશું કહ્યા વગર પાછાં વળી ગયેલાં.

તે રાતે જસવિદ્યાબેને જસુના વર્તનમાં થયેલા ફેરફારો અંગે જયંતિભાઈ સાથે વાત કરેલી. પણ જયંતિભાઈએ જાણે કે તેમની વાત કાને જ નહીં ધરેલી અને ઉડાઉ જવાબ આપીને જસવિદ્યાબેનને ચૂપ કરી દીધેલાં.

"મેં નોકરી કરેલી છે. નોકરીમાં તો શરૂશરૂમાં આવું બધું ચાલ્યા કરે. પછી ટેવાઈ જશે. જુવાન લોહી છે, મનમાં અકડાશ હોય, હાડકુ નમાવવું પડે તેથી એવું થાય. અને આ બધું શીખવા તો તેને ત્યાં મુક્યો છે."

બીજા દિવસે જસુ ફરી દુકાને ગયો. "વહેલા જાઓ તોયે શું અને મોડા પહોંચો તોયે શું ફરક પડવાનો છે ? ૩૦ ફુટ બાય ૧૫ ફુટ ના પાર્ટીશનથી કરેલા બે ખંડમાં ફરવાનું છે. કોથળા, ઘોડા, સામાન ગોઠવવાના, ઘરાક મંગાવે તે બહાર લાવવાનું, પસંદ કરે તે લઈ જાય, બાકીનું પાછું મુકવાનું, ખૂટતી આઈટેમોનું લીસ્ટ બનાવવાનું, કચરો વાળવાનો, ચા કહેવા જવાનું આ બધામાં નવું કાંઈ ઉમેરાવાનું છે ? બપોરે જમવા જવાનું. રાત્રે થાક્યા પાક્યા ઘેર જઈને ખાઈને ઉંઘી જવાનું. પેલી ને જોવાનું થોડું મલવાનું છે ? અને એના ને એના

વિચારોમાં ભૂલ થાય એટલે ઠપકો સાંભળવાનો ! આમાં શું શીખવાનું ? જો આવું ખાલી વૈતરું જ કરવાનું હોય તો આવી વેઠ શું કામ લાંબી ચલાવવી ?'' આવા નમાલા વિચારે ચઢેલો જસુ હળવી ચાલે દુકાન સુધી પહોંચી ગયો.

વિનુભાઈ આજે વહેલા આવી ગયેલા. શટર ખોલી, દીવા-અગરબત્તી કરી, જાતે પાછલા ખંડમાં જઈ વસ્તુઓ એક બાજુ કરતા હતા. તેમના હાથમાં લાંબું લીસ્ટ હતું. કોથળામાંથી અમુક આઈટેમો જોખી જોખીને નાની થેલીઓમાં બાંધીને અલગ મુકતા હતા. દુકાન આગળ પણ દસ-પંદર  ઘરાકોનો મેળાવડો જામ્યો હતો. એટલામાં જસુ સ્લીપર કાઢી દુકાનમાં પ્રવેશેલો. તે સીધો પાછલા વિભાગમાં ગયો. ત્યાં વિનુભાઈને જાતે કામ કરતા જોયા. તે થોડો ભોંઠો પણ પડી ગયો. તેના પગરવના અવાજે વિનુભાઈનું ધ્યાન તેની તરફ ગયું.

''સારું થયું તું આવી ગયો. જા, બહાર ભેગાં થયેલાં ઘરાક તું પતાવી દે. ત્યાં સુધીમાં આ લીસ્ટ પ્રમાણેનો સામાન હું પેક કરી દઉં છું. તને આ નહીં ફાવે. વળી તેમાં ભૂલ પડશે તો ઘણીનીયે ફજેતી થાય અને ભેગી મારી પણ થાય, એવું છે.''

જસુ, તરત બહાર આવ્યો. અને વારાફરતે બધા ગ્રાહકોની સાથે લેવડદેવડનું કામ પંદર-વીસ મિનિટમાં પતાવી દીધું. પછી ગાદી સામે મુકેલા સ્ટુલ ઉપર થાક ખાવા બેઠો. એટલામાં વિનુભાઈ અંદરથી બહાર આવ્યા.

''જસુ, કાલે રાત્રે એક ભાઈ ઘેર આવેલા. ઉભા ઉભા એમની છોડીનાં લગન લીધાં છે. જમણવાર અને વિધી માટે જોઈતા સીધા-સામગ્રીની ખરીદી આપણા ત્યાંથી કરવાની વાત થઈ. ગોર-મહારાજ અને રસોઈયા એ લીસ્ટ આપ્યું એવું લઈને સીધા મારે ત્યાં આવેલા. તેથીસ્તો હું દુકાને વહેલો આવી ગયેલો. તારી આવવાની રાહ જોયા વગર દુકાનમાં સ્ટોકમાં હતો તે માલનાં પડીકાં, થેલા પેક કરીને અલગ કરવા માંડેલો. તેથી બહાર ઘરાકોની લાઈન લાગી ગયેલી. હવે જો, મેં દુકાનનો ખૂણેખૂણો જોઈ લીધો. ઘણી આઈટેમો તો આપણે રાખતા જ નથી અને જે છે તે પુરતી નથી. તેથી મારે ખરીદી કરવા આજે જ શહેરમાં જવું પડશે. કેમકે કાલ સાંજ સુધીમાં તો બધું પેકીંગ તૈયાર કરીને તે ઘણીને પહોંચાડી દેવાનું છે. તેથી આજે દુકાન તારે એકલા એ સંભાળવાની છે, સમજ્યો ?''

જસુએ ડોકુ ધુણાવ્યું. તે જોઈને વિનુભાઈએ ગાદીના ગલ્લામાંથી મોટી રકમની નોટો બંડીના ગજવામાં સરકાવી અને પરચુરણ તેમજ પાંચ-દસની નોટો ગલ્લામાં રહેવા દીધી અને ગલ્લો બંધ કરી દુકાનની અને ગલ્લાની ચાવી જસુને આપી. પછી ઉભા થયા અને પાછલા ખંડમાંથી મોટા બે થેલા લઈને દુકાનની બહાર નીકળ્યા. મોટા ગ્રાહકનું લીસ્ટ શર્ટના ઉપલા ખિસ્સામાં સંભાળીને મૂક્યું અને બહાર જઈ બુટ પહેરવા માંડ્યા અને જસુને સુચનાઓ આપવા માંડ્યા.

"દુકાન સુની ના મુકતો. ગાદી-ગલ્લા તરફ સતત નજર રાખવી. ઘરાકને દુકાનની અંદર નહીં આવવા દેવાનું. જે માલ વેચાય તેની રકમ અને કોઈ ઉધાર લઈ જાય તેની રકમ અને ધણીનું નામ કાગળમાં ટપકાવી લેજે. બપોરે સમયસર ખાવા જતો રહેજે." વિનુભાઈ થોડું અટક્યા. કાંઈક વિચારમાં પડી ગયા અને પછી પાછા બોલ્યા,

"અલ્યા ઘરાક આવશે ત્યારે માલ લેવા તો પાછલા ખંડમાં જવું જ પડશે ને ! અને ખાવા જઈશ ત્યારે દુકાન કોણ સાચવશે ? ગાદી-ગલ્લો અને ઘરાક બધું તું એકલા હાથે નહીં સાચવી શકે.

ઘેર જઈને વિજયાને પણ દુકાને મોકલું છું. તારેય ચિંતા નહીં અને મનેય ઉંચો જીવ નહીં રહે. મારે પાછા આવતા આવતા ચાર-પાંચ તો વાગી જશે. થોડોક સામાન હોત તો તને જ સાથે લઈ જાત. આપણે બે જણા ઉંચકીને લેતા આવતા. પણ આ તો લાંબું લીસ્ટ છે અને આપણી દુકાનની ખરીદી પણ ભેગાભેગી કરતો આવું. તેથી વળતાં તો ઉંટલારી કે રીક્ષા જ ભાડે કરવી પડશે. તું અને વિજયા દુકાન સંભાળજો. બાકીનું તો હું એકલો પહોંચી વળીશ."

અને આમ કહીને વિનુભાઈ બુટ પહેરીને તેમના ઘર તરફ જવા નીકળ્યા.

વિનુભાઈ જસુની નજર બહાર ગયા એટલે તે સ્ટુલ ઉપરથી ઉભો થઈ ગયો. સામે જઈ ગાદી ઉપર બેઠો. પાછળના તકીયે ટેકો લીધો.

"હં, તો એ રૂપસુંદરીનું નામ વિજયા છે, એમ !" તે સ્વગત બબડ્યો અને મલકાયો.

"આજે તેની સાથે ધરાઈને વાતો કરીશ. દિલ ખોલીને વાતો કરીશ. કલાકો સુધી તેના ચહેરાને જોતો રહીશ. તેના રૂપને ધરાઈને ઘુંટડે ઘુંટડે પીશ."

"ભુલીશ નહીં, જસુ ! તે શેઠની દીકરી છે અને તું નોકર છે. તે ગાદી-ગલ્લો જોશે, ગાદી ઉપર બેસશે અને તારે ટાંપાં-ટૈયાં કરવાનાં થશે."

"જે હોય તે, પણ તે નજર સામે તો રહેશે ને !"

"કેમ ? બપોરે જમવા નહીં જવું પડે ?"

"જમવા નહીં જવાનું ! એક દિવસ ભૂખ્યા રહીશું તો કાંઈ મરી જવાશે ?"

"પણ પછી બા ચિંતા કરે ને ?"

"હા, એ ખરું. એવું હશે તો દુકાન બંધ કરીને તેને સાથે લઈને ઘેર જઈશ."

"દુકાન બંધ ના કરવી પડે એટલા માટે તો શેઠ તેમની દીકરીને દુકાને મોકલે છે !"

"તોયે ત્રણ-ચાર કલાક તો તેનાં સતત દર્શન થશે ને ?"

આવા તરંગોમાં જસુ અટવાઈ ગયો.

એટલામાં તો સામેથી એ છોકરી દેખાઈ.

• • •

# 6. પહેલી નજરનો પ્રેમ

વિજયા ખરેખર રૂપાળી હતી. એકવડો દેહ, બહું ઉંચી પણ નહીં તો સાવ નીચી પણ નહીં. મલપતી ચાલ હતી. છાતીના ઉભાર દૂરથી પણ સ્પષ્ટ અને આકર્ષક લાગતા હતા. ચહેરા ઉપર નિર્દોષતા તરી આવતી હતી તો મસ્તી મજાકની આછી છાંટ પણ દેખાઈ આવતી હતી. તે નહોતી કુમારીકા લાગતી હતી, બાળકી તો હવે રહી જ નહોતી તો નવયૌવના ના પટપ્રદેશને અડું અડું થઈ રહી હતી. તે સાડીમાં ખૂબ જ સુંદર લાગતી હતી. અઠવાડિયા પહેલાં જસુએ વિજયાને સ્કર્ટ-શર્ટમાં જોયેલી. પણ આજે તે સાડી પહેરીને આવતી હતી અને તેથી વિજયા પહેલા કરતાં આજે જસુને વધારે રૂપાળી, વધારે આકર્ષક લાગી અને વધારે ગમવા લાગી. વિજયા હવે દુકાનથી ખૂબ નજીક આવી ગયેલી. જસુ ગાદી ઉપર બેઠે બેઠે તેને આવતી નિહાળી રહ્યો હતો અને તે પણ અનિમેષ નજરે, એકીટશે, પલક માર્યા વગર ! હા ! આ જ મારી રૂપસુંદરી, મારી પ્રેયસી ! મારી વિજયા !

વિજયા એ દુકાન બહાર ચંપલ ઉતાર્યાં. પગથિયું ચઢી. દુકાનમાં આવી ગઈ. ગાદી સામે આવીને ઉભી રહી અને જસુ તેની નજરો ધુમાવતો રહ્યો, વિજયા ને જોતો રહ્યો, સુધબુધ વગર ! વિજયાએ પોતાની બે હથેળીઓ કમરની બે બાજુ ગોઠવી અને જસુ તરફ જોઈ રહી. પણ જસુ તો વિજયાના રૂપનું રસપાન કરવામાં તલ્લીન હતો. તે ભુલી ગયો કે તે નોકર છે અને દુકાનના થડા ઉપર તકીયે અઢેલી શેઠની ગાદી ઉપર બેઠેલો છે અને સામે ઉભી છે તે શેઠની દીકરી છે. તે પોતાને પુરુષ અને સામે ઉભેલીને પોતાની પ્રેયસી સમજી રાજાઠાઠથી ગાદી ઉપર, તકીયે અઢેલીની બેઠેલો રાજા હોય તેવા મનોભાવોમાં મનોગત હતો. વિજયાએ આ તમાશો થોડીવાર જોયો પછી એક હથેળી કમરથી હટાવી, ચહેરા ઉપર સખ્તાઈ લાવી, ચપટી વગાડી ને બોલી,

"એ મિસ્ટર, મારી સામે શું તાકી રહ્યો છે ? મને ઓળખી કે ભૂલી ગયો ?"

અને જસુ સ્વર્ગલોકમાં વિહાર કરતો હતો, નિજાનંદમાં રત હતો, પ્રેમરસનો

પ્યાલો હોઠે લગાડી હળવે. હળવે. ઘુંટડા ભરી રહ્યો હતો, વિજયાના રૂપને અંતરમનમાં ઉતારી રહ્યો હતો, ત્યાંથી ધડામ દઈને પૃથ્વીલોકની વાસ્તવિકતામાં પછડાયો. ઝબક્યો, જાગ્યો, પટકયો, થોડો દુઃખી પણ થયો. વાસ્તવિકતા તેના મનોપટ ઉપર અંકિત થવા માંડી. અને તે સફાળો ટટ્ટાર થઈ ગયો. ગાદી ઉપરથી ઝટપટ ઉભો થઈ ગયો. સામે પડેલા સ્ટુલ તરફ ચાલવા માંડ્યો. નજર નીચી ઢાળી દીધી અને "ના...ના.... એવું કાંઈ નથી. તમને ઓળખ્યાંને ! શેઠનાં દીકરી તમે વિજયાબેન ઠાકર."

"ઓહો, તને મારું નામ પણ ખબર છે ?"

"સવારે શેઠે જ કહેલું કે વિજયાને દુકાને મોકલીશ. લ્યો, તમે ગાદી ઉપર બેસો. હું તો આ સ્ટુલ ઉપર બેસીશ." એમ કહીને ખરેખર જસુ સ્ટુલ ઉપર બેસી ગયો.

જસુને સ્ટુલ ઉપર બેઠેલો જોઈને વળી વિજયા ખડખડાટ હસી પડેલી. જોકે વિજયા એ અટ્ટહાસ્ય કેમ કર્યું તેની ખબર જસુને ના પડી. પણ તેનો ચહેરો રડમસ, દયામણો થઈ ગયો. તે જોઈને વિજયા એ હસવાનું બંધ કર્યું. તે પણ ગંભીર થઈ ગઈ અને જસુની સામે આવીને ઉભી રહી.

"હું રૂપાળી દેખાઉં છું એટલે મને તું તાકી તાકીને જોઈ રહે તેમાં મને કશું ખોટું નથી લાગ્યું. તારા જેવડા મારી નિશાળમાં ભણતા છોકરા મને આમ જ જોયા કરે છે. પણ નોકર હોવા છતાં તું શેઠની ગાદી ઉપર ઠાઠથી બેઠેલો તે મને ઠીક ના લાગ્યું." વિજયાના અવાજમાં મૃદુતા હતી તો સ્પષ્ટતા અને મક્કમતા પણ હતી.

"હવે આવું નહીં થાય." જસુએ નીચી નજરે જ જવાબ આપ્યો. "મારા પિતાજીને હું મોટાભાઈ કહું છું. કેમકે મને મોટો ભાઈ નથી. તેથી તે મારા બાપા પણ છે અને મોટાભાઈ પણ છે. તે છેલ્લા અઠવાડિયાથી તારાં ખૂબ વખાણ કરે છે. તું હોંશિયાર છે, કામગરો છે, નિયમિત છે, ભણવામાં પણ હોંશિયાર છે, આજ્ઞાંકિત છે, વિશ્વાસું છે, વગેરે વગેરે. એટલે આટલી વખત જા તને માફ કર્યો. ગાદી ઉપર આમ ઠાઠથી બેસવું હોય તો પહેલા મોટા શેઠ બનવું પડે, સમજ્યો ?" આટલું કહી વિજયા ગાદી ઉપર જઈને બેઠી.

સ્ટુલ ઉપર બેઠેલા જસુએ તીરછી નજરે સ્હેજ નજર ઉંચી કરી વિજયાને જોઈ લીધી. તે પાલવ સંકોરી, પલાંઠી વાળીને ઉભડક, રસ્તા તરફ જોતી બેઠી હતી. તેની નજરો રસ્તા ઉપર આવતા ગ્રાહકની જાણે રાહ જોતી હતી. વળી જસુએ ડોક ઉંચી કરી, નજર વિજયાના ચહેરા ઉપર ઠેરવી.

"અહા ! મારી વિજયા કેટલી રૂપાળી છે ?" જસુ સ્વગત મનોમન બબડ્યો.

"પણ એ હજુ મારી ક્યાં બની છે ?" જસુના અંતરમને ઉકળાટ ઠાલવ્યો.

પણ હકીકત તેનાથી ઉલટી હતી. વિજયા પણ જસુને બોલતાં તો બોલી ગઈ પણ તેનું હૈયું પસ્તાવો કરતું હતું. તે ખરેખર ઋજુ હૃદયની હતી. દરરોજ તેના પિતા જે રીતે જસુની વાતો કરતા હતા તે ઉપરથી તેણે એટલું તો તારણ કાઢેલું કે જસુ મોટા ખાનદાન ઘરનું ફરજંદ છે. પિતાજીને તેના તરફ વિશિષ્ટ લાગણી અને માન છે. તેને મેં આમ ધુત્કારી કાઢ્યો અને તે આ વાત પિતાજીને કહેશે તો ઠપકો મલશે તે વાતની દહેશત વિજયાને લાગી. "વાત રહી રૂપની તો આ છોકરો પણ રૂપાળો તો લાગે જ છે ને ! મને પણ પહેલી નજરે ગમી જ ગયેલોને ! હું છોકરી છું તો પણ "તે મારો થઈ જાય તો કેવું સારું." એવી લાગણી મારામાં પેદા થાય છે તો એ તો છોકરો છે. ટગર ટગર જોઈ રહ્યો હતો એટલો તે સંયમી કહેવાય. નહીંતર દુકાનમાં અમારા બે શિવાય બીજું કોણ હતું ? અને પછીનો તેનો વિવેક, નમ્રતા, ઢીલાશ તેં ના જોઈ ? આંખ અને ચહેરા ઉપરથી તથા બાંધાથી તો તે સશક્ત, તેજસ્વી, બુદ્ધિશાળી, ખાનદાન લાગે છે. ઘાટ અને દેખાવમાં પણ નિશાળના બીજા છોકરાઓ કરતાં તો ઘણો રૂપાળો, આકર્ષક અને તરત ગમી જાય તેવો છે. એ તો એને મેં પહેલી વખતે જોયેલો ત્યારથી જ મનમાં વસી ગયેલો. પણ તે નોકર અને હું શેઠની દીકરી એટલે ઝૂકી ના જવાય એટલું જ બાકી, તો મનનો માણીગર બનાવાય એવો જુવાનિયો છે. અત્યારે પણ એ વાત મનમાં રાખીને જ થોડોક ઝાટક્યો, બાકી હૈયું તો આમ બોલતાં બોલતાં પણ ક્યાં નહોતું ધડકતું ?" આમ વિજયા વિચારે ચઢી ગયેલી. લમણો અને હડપચી વચ્ચે હથેળી રાખીને રસ્તા ઉપર જોઈ રહેલી.

અને આવી વિજયાની અવિચલ મુદ્રાને સ્ટુલ ઉપર બેઠો બેઠો જસુ નિરખી રહેલો.

એવામાં એક ગ્રાહક છેક દુકાન પાસે આવી ગયું તેનું ધ્યાન પણ વિજયાને કે જસુને રહ્યું નહીં.

"બેન બા, ધોવાના સાબુ આપો." અને વિજયા જાણે ભરઉંઘમાંથી જાગી હોય તેમ બોલી, "હેં"

પણ જસુ વહેલો સચેતન થઈ ગયેલો. તે ઉઠ્યો અને ધોડામાંથી ત્રણ-ચાર જાતના ધોવાના સાબુ લાવ્યો અને બધા ના ભાવ બોલવા માંડ્યો. ગ્રાહકે એક જાત પસંદ કરી અને ડઝન સાબુની માંગણી કરી. ફરી જસુ ધોડા તરફ વળે એટલામાં તો હવે પૂર્ણ જાગૃત થઈ ગયેલી વિજયા, જે તે પસંદ કરેલ ડઝન સાબુ લઈને સામી મલી. જસુ પાછો વળી સ્ટુલ પર બેસી ગયો. વિજયાએ સાબુ આપ્યા, પૈસા લીધા અને જસુ ને આપ્યા.

"કેમ મને ?"

"ગલ્લાની ચાવી તમારી પાસે છે."

'તુ'માંથી 'તમે' થયેલા જસુને થોડીક નવાઈ લાગી. તેણે પેંટના ખિસ્સામાંથી ચાવી કાઢી વિજયા તરફ ધરી. જવાબમાં વિજયા ગાદી ઉપરથી ઉભી થઈ ગઈ અને હાથના ઈશારે જસુને ત્યાં આવવા કહ્યું. જસુ ગાદી ઉપર બેઠો. ગલ્લો ખોલી પૈસા મુક્યા. ફરી ગલ્લો બંધ કર્યો. પત્રકમાં રકમ જમા ખાતે લખી. પછી ચાવી વિજયા તરફ ધરી.

"ના, હવે તમે જ ત્યાં બેસો. હું અંદરથી સામાન લાવી આપીશ." વિજયા નીચી નજરે બોલી.

"પછી તમે ક્યાં બેસશો ?"

"તમારા ખોળામાં" એમ કહેવાનું વિજયાને મન થઈ ગયું પણ બોલી શકી નહીં. તે અંદર જઈ એક કોથળો લઈ આવી અને ગાદી પાસે પાથર્યો અને તેના ઉપર બેઠી.

"હવે રામ-સીતા જેવી જોડી લાગી." જસુ મનોમન બબડ્યો.

ત્યાર પછી તો બીજા બે-ત્રણ કલાક વીતી ગયા. વચ્ચે વચ્ચે ધરાક આવતું ત્યારે કોઈવાર જસુ ગાદી ઉપરથી ઉભો થઈ જતો ત્યારે વિજયા તેને ખભો દબાવીને બેસાડી દેતી અને બધી લેવડ-દેવડની કામગીરી પતાવી રોકડ રકમ

જસુના હાથમાં હસતા મોંએ આપતી. "લ્યો શેઠ, ગલ્લામાં મૂકો અને હિસાબમાં ટપકાવી દો" એમ બોલીને આંખનો માદક ઉલાળો કરતી તથા હસ્ત-અંગુલી-સ્પર્શનો રોમાંચ અનુભવતી અને અનુભવાવતી. તો કોઈવાર ધરાક આવતાં વેંત કોથળા ઉપર બેઠેલી વિજ્યા ફડાક દઈને ઉભી થઈ જતી ત્યારે જસુ તેના બરડામાં ધબ્બો મારી, મોટી આંખો કાઢી જાતે વહીવટમાં પડી જતો. આમ ત્રણ-ચાર વાર બંને જણે ઉઠ-બેસ કરી અને સ્પર્શ, રોમાંચ, હાસ્ય, સંવનનનો આનંદ માણ્યો. કોઈ ના હોય ત્યારે કોથળો છેક ગાદી પાસે લાવી વિજ્યા જસુના ખભા સાથે પોતાનો ખભો અડી જાય તેટલી નજીક આવી જતી. ત્યારે જસુ ગાદી ઉપર જ ગલ્લા તરફ સંકોચાઈને ખસવા પ્રયત્ન કરતો. તો ધડીકવાર પછી જસુ ગાદી ઉપર સરકતો સરકતો કોથળા ઉપર બેઠેલી વિજ્યાને સ્પર્શ થાય તેમ ખસતો. પરંતુ સ્પર્શ થતાં વેંત ગુસ્સા ભર્યા ચહેરાથી વિજ્યા જસુ તરફ જોતી. તે જોઈને જસુ વળી શરમાઈ જતો. દૂર હટી જતો. ત્યારે વિજ્યા ખડખડાટ હસી પડતી.

આમ બપોર થઈ. બંનેને નહોતું સમયનું ભાન કે નહોતો ભૂખ અંગેનો કોઈ ખ્યાલ ! બંને એકબીજા સામે જોતાં, શરમાતાં, નીચું જોઈ જતાં, મનોમન મલકાતાં, સ્પર્શ કરવા મથતાં, ક્યાંક ભાંઠાં પડતાં, ગુસ્સે થતાં, સંકોચાતાં, તાલીઓ લઈને સામસામે ખડખડાટ હસી પડતાં. આમ બંને નિર્દોષ પારેવડાં, સારસ બેલડીની જેમ, પહેલી નજરના પ્રેમરૂપી ઈંડાને સેવી રહ્યાં હતાં. સમય જતાં સુર્યદેવ છેક માથે આવ્યા અને તડકો દુકાનમાં પ્રવેશી ગાદી-ગલ્લા ઉપર આવી ગયો. વિજ્યાની તે તરફ નજર ગઈ.

"અરે, એક વાગવા આવ્યો લાગે છે. મારે હવે ઘેર જવું પડશે. મારી દાદી મારી રાહ જોતાં ભૂખ્યાં બેસી રહ્યાં હશે. ચાલો, ઝટપટ દુકાન વધાવી દઈએ. તમે પણ જમી આવો અને હું પણ નીકળું." વિજ્યા બોલતાં બોલતાં ઉભી જ થઈ ગઈ.

"હું તો વિચારતો હતો કે આજે તને મારા ઘેર ખાવા સાથે લઈ જાઉં." જસુ ધીમા અવાજે, ઉભા થતાં થતાં,વિજ્યાના કાન પાસે છેક મોં લઈ જઈને બોલ્યો.

વિજ્યા એ કાંઈ પ્રત્યુત્તર ના વાળ્યો. જવાબમાં તેણે મીઠું સ્મિત આપ્યું અને શટર બહાર જઈને ઉભી રહી. પછી તો જસુ પણ બહાર આવ્યો, શટર

પાડી તાળુ વાખ્યું, સ્લીપર પહેર્યાં અને બંને જણાં પોતપોતાના ઘર તરફના રસ્તે વળી ગયાં.

આજે જસુ ખૂબ ખુશ લાગતો હતો.ઘેર આવીને જસવિદ્યાબેનને ભેટી પડ્યો, હસ્યો, પાણી ભર્યું, આસન પાથર્યું અને જમવા બેઠો. તે જમતાં જમતાં પણ મલકાતો જતો હતો. આજે તેણે રોજ કરતાં વધારે ખાધું. હાથ ધોઈને ઉઠ્યો અને બાના સાડલાથી હાથ-મોં લૂછ્યાં. જસુનો આવો હસતો ચહેરો જસવિદ્યાબેને ઘણા દિવસે જોયો. તેથી તેમને સંતોષ થયો.

“એનો બાપ બરાબર કહેતો હતો. એ તો કામ કામને શીખવે અને પછી જે તે પરિસ્થિતિમાં બાળક ટેવાઈ જાય. શરૂ શરૂમાં એવું લાગે. હવે ભાઈને નોકરી ફાવી ગઈ લાગે છે.” આવું બધું જસવિદ્યાબેન મનમાં વિચારતાં હતાં. વાસણ-પોતામાંથી પરવારી, રસોડું ચોખ્ખું કરી તે બીજા રૂમમાં ગયાં તો જસુને નવાં કપડાં પહેરી માથામાં સુગંધીદાર ધુપેલ નાખી માથું ઓળતો જોયો. જસુએ અરીસામાં જોયું કે બા પાછળ દેખાય છે. તેથી મલકાયો અને પાછળ વળીને પૂછી બેઠો, “બા, ઘરમાં અત્તર નહીં હોય, નહીં ?” પછી હસી પડ્યો. આપણા ખેતીવાળા ના ઘરમાં અત્તર શું કામનાં ? આપણે તો ઢોર અને ધરતી સાથે રમનારાં !” બા એ પણ મલકાતાં મલકાતાં પાછો જવાબ વાળ્યો. પૂછતાં તો પૂછી બેઠો પણ પછી જસુ શરમાઈ ગયો “બા, હું દુકાને જાઉં છું.” એટલું બોલીને નવાં ચંપલ પહેરીને જસુ ઘરની બહાર નીકળી ગયો.

તેની પાસે જ દુકાન અને ગલ્લાની ચાવી હતી તેથી દુકાન ખોલીને અંદર જઈ જસુ ગાદી ઉપર બેઠો. પણ તેને ચટપટી થવા માંડી. “હજુયે વિજ્યા ના દેખાણી” તેમ બબડતાં બબડતાં વારેઘડીયે સામેના રસ્તા ઉપર નજર નાખતો આમતો જોવા જઈએ તો જસુના આવ્યાની દસેક મિનિટમાં જ વિજ્યા દુકાને આવી ગયેલી. પરંતુ જસુને આ ટુંકો ગાળો પણ જાણે ભવોભવ વીતી ગયા હોય તેટલો લાંબો લાગેલો. તે દસ મિનિટમાં દસ વખત ગાદી ઉપરથી ઉઠેલો, દુકાનની બહારના ઓટલા સુધી આવેલો અને પાછો વળીને ગાદી ઉપર બેઠેલો. અને રસ્તા તરફ તો વીસ-પચ્ચીસ વાર નજર નાખી હશે. અંતે તે દેખાઈ. તેણે અત્યારે નીચે સ્કર્ટ અને ઉપર શર્ટ પહેર્યું હતું. એવી જ મલપતી ચાલ, ચહેરા ઉપર પણ એવી જ મસ્તી, નિર્દોષતા, નિખાલસતા, કપાળ ઉપર એવું જ

જોશીલું, અક્કડતા ભર્યું, સ્વમાની તેજ, એવી જ માદક, નશીલી આંખો, એવું જ સ્વર્ગીય રૂપ ! જાણે સ્વર્ગની પરી આવો દેહ ધારણ કરી જસુના ગળામાં વરમાળા પહેરાવવા, મલકાતી, મલપતી, ઠસ્સાથી તેની તરફ આવી રહી છે ! અને જસુ તેને આવતી જોઈ જ રહ્યો.

વિજયા એ પણ નવાં સેન્ડલ પહેર્યાં હતાં. તે બહાર કાઢી જસુ સામે જોતી હસતી હસતી દુકાનમાં પ્રવેશી અને લાગલી જ ગાદી પાસે આવીને જસુના અડોઅડ ગાદી ઉપર જ બેસી ગઈ. બંનેના યુવાન દેહ ઝણઝણી ઉઠ્યા. બંનેનાં હૈયાં પુલકિત થઈ ગયાં. બંને એકબીજા સામે થોડી વાર જોઈ રહ્યાં. પછી બંને સાથે જ મલકાયાં. બંનેએ એકબીજાની હથેળીઓ પકડી, દાબી વધું નજીક સરકતાં બંનેનાં હૈયાંના ધબકારા વધ્યા. અને એ ધબકારના રવ બંનેના કાને પરસ્પર ઝીલ્યા. જસુ વધુ ટટ્ટાર થયો. વિજયાના ઉભાર ઉલાળે ચઢ્યા. ઉચ્છવાસ ગરમ હવા ફુંકતા હતા. તે બંનેના શ્વાસોચ્છવાસનો બંનેના પરસ્પર ચહેરા - ગાલ એ સ્પર્શાનુભવ પણ કર્યો. બસ હવે બંનેના ઓષ્ઠમિલન વચ્ચે, કપોલ ચુંબન પ્રક્રિયા વચ્ચે ઘડીના હજારમાં ભાગ જેટલું જ છેટું હતું. ત્યાં જ દરવાજા તરફ નજર રાખીને બેઠેલી વિજયાએ એક ગ્રાહકબાઈને દુકાન તરફ આવતી દીઠી તે સફાળી જસુથી દૂર થઈ ગઈ. બાજુમાં પડેલા કોથળા-કંતાન ઉપર તે બેસી ગઈ.

ગ્રાહક આવ્યું. વિજયાએ તેની લેવડ-દેવડની વિધી પતાવી. તે બાઈ જતી રહી. એટલે સીધી ગાદી પાસે ગઈ, જસુના શર્ટનો કોલર પકડ્યો. ઈશારાથી ઉભો થવા કહ્યું. તેનો ચહેરો ભારે તંગ થઈ ગયેલો જસુએ જોયો. તે પહેલા પહેલા તો ખરેખર ડરી ગયો. વિજયાએ રીતસરનો જસુને પોતાની પાછળ પાછળ ધસડ્યો અને પાર્ટીશન પાછળના માલના ગોડાઉન ખંડમાં તેને ખેંચી જઈ દિવાલ સરસો ઉભો રાખ્યો. પછી શર્ટનો કોલર છોડી દઈ. તેના બંને હાથ જસુના બરડા પાછળ લાવી, ભીડાવી દીધા. વિજયાએ જસુની છાતીને પોતાની તરફ ખેંચી. પોતાના પાંગરેલા ઉભારો સાથે તેની વિશાળ થતી જતી યુવાન પુરુષ દેહની છાતી ભીંસી, વધું દબાવી તેનાં પગનાં પાવલાં ઉપર પોતાના પગનાં પાવલાં ચઢાવ્યાં અને હોઠથી હોઠ મલ્યા. ગાઢ આલિંગન ! ગાઢ ઓષ્ઠ મિલન ! અતૃપ્ત સ્ત્રી દેહ, અતૃપ્ત પુરુષ દેહ ઉપર વરસી પડ્યો. અને પછી તો તે પ્રક્રિયા પરસ્પર બની. ચુંબનોનો વરસાદ અને આલિંગનોની ભરમાર ! જાણે યૌવન

હિલોળે ચઢ્યું. બંનેમાંથી એકેયને સ્થળ, કાળ, સ્થિતિનું ભાન જ ક્યાં હતું ? પ્રેમના મહાસાગરમાં બે આત્મા સાથે સાથે જાણે તરતા હતા ! બંને દેહને વાસનાના ભોરીંગે જીવલેણ ડંખ દીધા હોય તેમ લાગતું હતું ! જસુના માનસપટ ઉપર ફક્ત વિજયા હતી તો વિજયા બધું ભુલીને મનના માણીગર સમા જસુમાં ઓતપ્રોત થઈ ગઈ હતી. અને આવી ક્રિડાઓમાં કેટલો સમય વીત્યો તેનું બંનેમાંથી કોઈનેય ભાન ક્યાં હતું ? ના વસ્ત્રોનું ભાન, ના દેહનું ભાન ! બંને એકબીજાને લપેટાઈને હજુયે કામક્રિડા કર્યે જતાં હતાં. ઉરઉભાર મર્દન, દેહ સ્પર્શ, ચુંબન, આલિંગન, હોઠમિલનમાં બંને પ્રેમી જીવ રત હતાં.

એવામાં જસુના કાને અવાજ અથડાયો.

"અલ્યા, છોકરાં ક્યાં ગયાં ? લ્યો, આ રીક્ષામાંથી થેલો ઉતરાવવામાં મદદ કરો એટલે જલ્દી રીક્ષા છૂટી કરી શકાય."

અવાજ તો વિનુભાઈ શેઠનો જ હતો. જસુ એકદમ જાગૃત થઈ ગયો. તેણે રીતસરની વિજયાને ધક્કો મારીને અળગી કરી દીધી. ઝટપટ કપડાં સરખાં કર્યાં, શર્ટનાં બટન ભીડાવ્યાં, હાથથી જ માથાના વાળ સરખા કર્યા અને બહાર આવીને દુકાનની નીચે ઉતરી રીક્ષા પાસે પહોંચી ગયો અને વિનુભાઈને થેલા ઉંચકીને રીક્ષામાંથી ઉતારવામાં મદદ કરવામાં વળગી પડ્યો.

"અલ્યા જસુ, તને ખબર હતી કે સાંજે સામાન ઉતારવાનો છે અને ગોઠવવાનો છે છતાંય નવાં પેન્ટ-શર્ટ પહેરી લાવ્યો છે ? અને પાછું માથામાં પણ ધુપેલ નાખ્યું છે ને કાંઈ ? માથુંયે બગડશે ને કપડાં પણ બગડશે. અને અમારાં બેનબા આવ્યાં છે કે નહીં ?"

"હા, એ આવ્યાં છે. અમે બંને અંદર સામાન ગોઠવતાં હતાં અને નવા થેલા મુકવાની જગ્યા કરતાં હતાં." જસુ એકી શ્વાસે બોલી ગયો અને એક વજનદાર થેલાને ખભા ઉપર મુકી દુકાનનું પગથિયું ચડવા માંડ્યો.

"ના, ભાઈ ના. હમણાં થેલા ઓટલા ઉપર જ મુક, બીલ સાથે ચેક કરીને પછી જ દુકાનમાં અંદર ગોઠવીશું." વિનુભાઈ એ જસુને દુકાનમાં અંદર જતા રોક્યો.

એટલામાં તો વિજ્યા પણ બહાર આવી ડાહી ડમરી થઈને બાજુના સ્ટુલ ઉપર બેસી ગયેલી.

પછી તો રીક્ષાનો સામાન ઉતર્યો, રીક્ષાવાળાને વિદાય કર્યો, બીલ સાથે માલ મેળવ્યો, થેલા ઓટલા ઉપરથી દુકાનની અંદર લીધા. વિનુભાઈ પાછળના ભાગ તરફ ગયા.

"છોકરાઓ, તમે ક્યાં કશી જગ્યા કરી છે ?"

"એ તો અમે અંદર ગયાં અને ધોડાનાં ખાનાં સરખાં કરતાં હતાં ત્યાં તો તમે આવી ગયા. એટલે નીચેનું બરાબર ગોઠવીને જગ્યા કરવાનું કામ બાકી છે." વિજ્યાએ સ્ટુલ ઉપરથી ઉભા થઈ પાર્ટીશન પાસે જઈને વિનુભાઈને જવાબ આપ્યો.

વિજ્યાથી થોડે છેટે પાછળ જ જસુ પણ અદબ વાળીને ઉભો હતો.

અને તે દિવસે દુકાનમાં સામાન ગોઠવતાં, જગ્યા કરતાં, નવો આવેલ સામાન મુકતાં મુકતાં જ રાતના નવ વાગી ગયા. વિનુભાઈ પણ થાક્યા હતા અને બંને જુવાનિયાં પણ થાકી ગયાં હતાં. ભૂખ્યાં પણ થયાં હતાં. ત્રણેય જણાંએ મન મુકીને, એકબીજાના પુરક થઈ, વિનુભાઈના હુકમ-માર્ગદર્શન મુજબ વ્યવસ્થિત અને સતત ચાર-પાંચ કલાક કામગીરી કરી હતી.

"ચાલો હવે કાલની વાત કાલ. હવે દુકાન વધાવી દઈએ." એમ બોલીને બંને છોકરાંના માથે વહાલથી હાથ ફેરવતા વિનુભાઈ બહાર આવી ગયા. વિનુભાઈની પાછળ પાછળ વિજ્યા હતી અને છેક પાછળ જસુ હતો. દુકાન બંધ કરી સૌ વિખેરાયાં. ના તો વિજ્યાએ પાછુ વળીને જસુ તરફ જોયેલું કે ના તો જસુએ પણ પુંઠ વાળી વિજ્યા તરફ જોવાની હિંમત કરેલી. પણ હજુયે જસુના મન-મસ્તિષ્કમાં વિજ્યાના હુંફાળા-રૂપાળા દેહના સ્પર્શનો આહ્લાદક આનંદ ભુલાયો નહોતો.

અરે ! જમ્યો, આડો પડ્યો, ઉંઘ્યો તો પણ જાગતા અને સપનામાંયે જસુએ વિજ્યાની હાજરી, મિલન, સંવનન અનુભવ્યાં અને અર્ધ જાગૃત, સ્વપ્નસભર, અનિદ્રા જેવી છતાંય મીઠી લાગતી આખીયે રાત્રી ક્યાં પસાર થઈ ગઈ તેનું ભાન જસુને પણ ના રહ્યું. મીઠાં સંભારણાં વાગોળતો એ અર્ધ-જાગૃત,

સભાન-અભાન અવસ્થામાં લાંબા સમય સુધી પથારીમાં પડી રહ્યો. જસવિદ્યાબેને ઢંઢોળ્યો "ભાઈ, ઉઠવું નથી ? દુકાને નથી જવું ?" અને એ સાંભળીને જસુ ફરી વાસ્તવિક ભૂમિ ઉપર પછડાયો. સડપ દઈને ઉઠ્યો, ઝટપટ તૈયાર થઈ ગયો અને ચા-નાસ્તો કરી એકી દોટે દુકાને પણ પહોંચી ગયો.

પણ આજનો આખો દિવસ તો ભારે કામગીરી રહી. સીધાના/પૂજાના લીસ્ટ મુજબની વસ્તુઓ જોખી, પેક કરી, અલગ-અલગ કોથળામાં ભરી ધરાકને મોકલવાનાં પેકીંગ તૈયાર કરવામાં આખો દિવસ વીતી ગયો. જો કે વિજયા આખો દિવસ નજર સામે જ હતી. પરંતુ વિનુભાઈ પણ બંનેની સામે સતત નજર રાખતા હતા, કામ સોંપતા હતા, પેકીંગ કામગીરી ઉપર આગળ ઉભા રહીને દેખરેખ રાખતા અને એક કામ માંડ પુરું થયું હોય અને બીજું કામ ચીંધતા હતા. આટલી સતત અને સામી વિનુભાઈની હાજરી હોવા છતાં વિજયા તીરછી આંખે જસુને જોઈ લેતી અને મીઠું સ્મિત વેરી દેતી. પણ જસુ હસવાની હિંમત નહોતો કરી શક્યો. હા ! તીરછી આંખે એણે ચાર-પાંચ વાર વિજયા તરફ જોઈ લેવા પ્રયત્ન કરેલો. પરંતુ તરત જ નજરો પાછી વાળી કામમાં લક્ષ વાળી દીધેલું.

ત્યાર પછી તો જસુ ખાસ્સુ બે મહીના જેટલો વિનુભાઈની દુકાને ગયો. પરંતુ આવો લ્હાવો-લાભ તેને ફરીથી મળ્યો નહીં. બેએક મહીનામાં ચાર-પાંચ વખત વિજયા દુકાન ઉપર આવેલી પણ માંડ અડધો કલાક રોકાતી અને તે પણ વિનુભાઈની હાજરીમાં જ. એમ તો ત્રણ-ચાર વાર જસુને પણ વિજયાના ઘેર જવાની તક મલેલી. પહેલીવાર તો વિનુભાઈ સાથે જ હતા એટલે નયનમિલન અને સ્મિત આપલેથી વિશેષ સંવનન થવાનો અવકાશ જ નહોતો. પણ પછી તો 'તેં હવે ઘર જોઈ લીધું છે' એમ કહીને વિનુભાઈએ જ કામ માટે જસુને મોકલેલો અને ભલામણ પણ કરેલી કે "જો વિજયા ઘેર હોય તો તેની મદદ પણ લેજે." પરંતુ કરમની કઠણાઈ એવી નડી કે બીજી વખતે વિજયા સ્કુલમાં ગયેલી અને ત્રીજી વખતે બહેનપણીઓ સાથે બહાર ગયેલી. તેથી જસુભાઈને દાદીમા સાથે પનારો પડેલો અને સોંપેલું કામ પતાવીને દુકાને નિરાશ હૈયે પાછા વળી જવું પડેલું. જો કે દાદીમા તરફથી જસુ આવેલો તેની જાણ વિજયાને થતી ત્યારે તેને પણ સો મણનો નિસાસો પડતો.

પરંતુ સૌનો ભગવાન હોય છે. કીડીને કણ અને હાથીને મણ પહોંચાડવાની જવાબદારી તે ઉપાડે જ છે. તેમ ઉપરવાળો જસુ અને વિજયાના વહારે ધાયો. કોઈ સામાજિક પ્રસંગે દાદા-દાદી અને વિનુભાઈને સવારે વહેલા જ બહારગામ જવાનું થયેલું. આગલા દિવસે સાંજે જ વિનુભાઈએ જસુને આ પ્રોગ્રામની જાણ કરેલી અને દુકાન બંધ રાખવાની છે તે પણ જણાવેલું.

“એટલે બેટા, કાલે તારે રજા.” વિનુભાઈ હસીને એમ બોલેલા.

“તમે ચિંતા ના કરશો. દુકાનમાં આખો દિવસ હું બેસીશ.” જસુએ પ્રત્યુત્તર વાળેલો અને અભાનપણે બોલી પડેલો,

“વિજયાબેન તો તમારી સાથે આવવાનાં હશે ને ?”

“ના, ભાઈ, ના. એને પરીક્ષા ચાલે છે. આમ તો કાલે પેપર નથી પરંતુ પરમદિવસે સવારે જ પરીક્ષા ચાલુ થઈ જાય તેની તૈયારી કરવી પડે ને ? સાથે આવે તો તો વાંચી રહી અને પેપરમાં લખી રહી. તેથી તે ઘેર જ રોકાશે. પણ પરીક્ષાની તૈયારી કરવી પડશે ને ! એટલે દુકાને ના આવી શકે અને તું એકલો દુકાન નહીં ચલાવી શકે. તેથી સ્તો મેં દુકાન બંધ રાખવાનો નિર્ણય લીધો છે.” વિનુભાઈ એ જસુને વિસ્તારથી સ્થિતિ સમજાવી.

આ સાંભળીને જસુનું મન અલગ જ રીતે વિચારવા માંડ્યું અને તે મુજબ તેણે પ્લાન બનાવ્યો. કાલે વિનુભાઈ બહારગામ જવાના છે અને દુકાન બંધ રાખવાના છે તેથી તે કાલની રજા આપી છે તે વાત તેણે સાંજે જયંતિલાલ કે જસવિદ્યાબેનને જણાવી જ નહીં. અને જમીને રાત્રે સૂઈ ગયો. પણ ઉંઘ શાની આવે ? આખી રાત તે પથારીમાં જાગતો પડી રહ્યો. કાલે શું કરવું, ક્યાં જવું, વિજયાને શું કહેવું, ક્યાં જમવું, કેટલું રોકાવું, રોકાઈને શું શું કરવું, કેવી રીતે મળેલી તકનો મહત્તમ લાભ ઉઠાવવો, વગેરે વગેરે મુદ્દાઓ ઉપર સતત વિચારતો રહ્યો, તર્ક કરતો રહ્યો. ઘડીક મલકાતો, ઘડીક મનમાં ગલગલિયાં અનુભવતો, ઘડીક સવાર જલ્દી પડે તે માટે અધિરિયો થઈ જતો. ઘડીક મનમાં ને મનમાં વિચારતો કે તે બરાબર કરી રહ્યો છે ? ખોટા રસ્તે તો નથી જતો ને ? જુઠ્ઠું બોલવું પડશે. પ્રેમના અતિરેકમાં કાંઈ અણછાજતું તો નહીં બને ને ? વિજયા

ઘરમાં એકલી હશે ત્યારે મને અંદર આવવા દેશે ? તે ખડકી દ્વારે થી જ અધખુલ્લું રાખીને કહી દેશે કે "ઘરમાં કોઈ નથી. દુકાન બંધ છે, જે કામ હોય તે માટે કાલે બધાં આવે ત્યારે આવજો." અને ખડકી બંધ કરી દેશે તો ? કે પછી વહાલથી હાથ પકડીને અંદર ખેંચી લઈને ખડકી અંદરથી બંધ કરીને, જેમ વેલ વૃક્ષને ચોંટી પડે તેમ મને લપેટાઈ જશે ? હશે ! પડશે એવા દેવાશે પણ આવી સોનેરી તક હાથમાંથી જવા દેવી નથી. કાલે તો તેને ચોખ્ખે ચોખ્ખું કહી દેવું છે કે હવે તને જોયા વગર ઘડીભર માટે પણ ચેન પડતું નથી. ચાલ, ભાગી જઈએ અને લગન જ કરી લઈએ. પછી તો સાથે ને સાથે રહેવાનું થશે ને ! પણ મારેય ભણવાનું બાકી છે અને એ પણ ભણે છે. વળી કાયદા મુજબ હજુ બંનેની લગન કરી લેવાની ઉંમર પણ ક્યાં થઈ છે ? કોણ લગ્ન મંજુર કરશે ? કોણ અને ક્યાં લગ્ન થાય ? અને લગન માટે ભાગી જઈએ, કોઈક મંદિરમાં ગાંધર્વ વિવાહ પણ કરી દઈએ. પણ લગન પછી રહેવું ક્યાં ? ખાવું શું ? બંને જણે મા-બાપ અને ઘરબાર તો છોડી દીધેલાં હોય ! આવક પણ ક્યાંથી થાય ? નોકરી પણ ક્યાં સામે ધરીને મુકી છે ? બીજું કોઈ મદદ કરનાર, હુંફ આપનાર છે ? તો અમારા બે થી કાળી મજુરી થોડી થવાની છે ? તો થોડું ભીખ માગવા નીકળાશે ? એ તો બંનેના માથે મા-બાપની છત્રછાયા છે તેથી અહીં મજા કરીએ છીએ. બાકી એકલા બજાર વચ્ચે ઉભા રહીએ તો કોઈ પાવલી પણ આપે ખરું ? અને મારું તો ઠીક એ અસ્ત્રીના દેહની સલામતીનું નહીં વિચારવાનુંસ્ત્ ? એનાં કરતાં આ ચાલે છે તેમ ચાલવા દઈએ. મલે તેટલું માણી લઈએ. આગે આગે દેખા જાયેગા.

પણ કોઈની નજરે પકડાઈ જઈએ તો ? મા-બાપ સામે શું મોઢું બતાવવાનું ? ઠપકો મલે, ગાળો પડે, માર પડે તે તો નફાનો ! અને તે પણ બંને પક્ષે ! મારી લાલસામાં બિચારી વિજયા પણ કુટાઈ જાય ! આડોશ-પાડોશમાં, ગામમાં, સમાજમાં, નિશાળમાં, મિત્રો વચ્ચે, સંબધીઓમાં બંને જણાં કોડીનાં થઈ જઈએ ! હું તો છોકરો છું પણ તે છોકરી છે. એકવાર આમ ચારે બાજુ વગોવાઈ જાય તો તેનો હાથ કોણ ઝાલશે ?

વાહ ! એ તો બહુ સરસ. વિનુભાઈ પાસે દીકરી નાખવાનો બીજો વિકલ્પ જ ના રહે. એટલે લાચાર મોંએ, પગ પકડીને તેમની દીકરીનો હાથ મારા હાથમાં મુકવા મજબુર થઈ જાય. અને મારે એ તો જોઈએ છે ! પણ મારાં મા-બાપ એ વાત સ્વીકારશે ? નહીં સ્વીકારે તો નાસી જઈશું ? હા, અને પછી લગન કરીને પેટ ભરવા ભીખ માગીશું અને રાત્રે સુવા માટે શહેરના કોઈ રસ્તાની ફુટપાથ શોધીશું !"

આવા આવા અસંબધ્ધ, તર્કસભર-તર્કહીન શેખચલ્લી જેવા તરંગો જસુ ફાટી-ખુલ્લી આંખે આખી રાત કરતો રહ્યો. ભળભાંખરું થવા આવ્યું. મંદિરના ઘંટારવ કાને પડવા લાગ્યા. પક્ષીઓનો કલરવ સંભળાવા માંડ્યો. મંદમંદ શીતળ વાયુ વાવા લાગ્યો. આખી રાતનો ઉજાગરો, સતત વિચારોથી થાકેલું મન આવા સૌમ્ય, શાંત વાતાવરણમાં નિદ્રાધીન થયું. માંડ કલાકેક આંખ મીંચાઈ હશે એટલામાં તો જસવિદ્યાબેને જસુને ઢંઢેળ્યો. તે સફાળો ઉભો થઈ ગયો. ઝટપટ તૈયાર થઈ ગયો અને ઘરની બહાર જવા નીકળ્યો. તે જોઈને બા એ બુમ પાડી.

"જસુ ચા નાસ્તો નથી કરવો ?"

"ના. મને ભૂખ નથી, મોડું પણ થઈ ગયું છે." પાછળ જોયા વગર જવાબ આપી ને જસુ ઘરની બહાર નીકળી ગયો.

"ક્યાં જઉં ? દુકાને કે ઘેર ?" તે ત્રિભેટે ઉભો રહ્યો અને મુંઝવણમાં પડી ગયો.

સવારે વહેલા છ વાગે વિનુભાઈ દાદા-દાદીને લઈને નીકળી ગયા. જતાં જતાં દાદીમાએ વિજ્યાને શિખામણ પણ આપેલી.

"બેટા, અમે જઈએ છીએ. ખડકી અંદરથી બંધ કરી દેજે અને આખો દિવસ બંધ જ રાખજે. ઘરની બહાર જતી નહીં. શાક-દૂધ ઘરમાં છે જ. જાતે રાંધીને ટાઈમસર ખાઈ લેજે. કોઈ ખડકી ખખડાવે તો કોણ છે તે પૂછી લેવું. અજાણ્યાને અંદર ના આવવા દેતી. ઘરનું ધ્યાન રાખજે. અને ભણવામાં ધ્યાન રાખજે. આજે તો તારા બાપે તારી પરીક્ષાને લઈને દુકાન પણ બંધ રાખી છે. અમારે ગયા વગર ચાલે એવું નથી. અડીને સગું છે તેથી સ્તો ! આમ તો તને એકલી મુકીને જવા જીવ માનતો નથી. પણ શું કરીએ ?" આમ કહીને દાદીમાએ વિજ્યાના માથે હાથ ફેરવ્યો, માથું સુંધ્યું. તેમની આંખો ભરાઈ આવી. સાડલાના છેડાથી આંખો સાફ કરી. "કદીયે આ છોડીને એકલી મુકી નથી" એમ બબડવા

માંડ્યાં. અને પછી કાઠાં થઈને રસ્તા તરફ વળ્યાં. વળી પાછું વાળીને વિજ્યા તરફ જોયું. હાથ ઉંચો કરીને 'આવજો' કહ્યું. પછી પાછાં જોરથી બોલ્યાં, "એકલું લાગે તો કોક બેનપણીને ઘેર બોલાવી લેજે." પાછાં વિનુભાઈ તરફ વળ્યાં અને કહેવા માંડ્યાં, "ચાલ ભાઈ, મારાથી અને તારા બાપાથી જલ્દી નહીં હેંડાય! મોડું થશે તો બસ જતી રહેશે" અને તેમણે ખરેખર ચાલવાની ઝડપ વધારી. પણ બબડતાં તો હતાં જ, "મારી દીકરી ખૂબ ડાહી છે અને ઠરેલ છે તેથી ચિંતા કરવાની જરૂર નથી." કોણ જાણે તે પોતાને સમજાવતાં હતાં કે દાદા અને વિનુભાઈને કહેતાં હતાં તે વાતની ખુદ તેમને પણ ખબર નહોતી.

દાદા-દાદી અને વિનુભાઈ દેખાયા ત્યાં સુધી વિજ્યા અધખુલ્લી ખડકીના ઓથે તેમને જોઈ રહેલી. જેવાં એ ત્રણેય જણ દેખાતાં બંધ થયાં એવી એણે સડપ દઈને ખડકી બંધ કરી અને અંદરથી આગળો ભીડી દીધો અને ઘરકામ-રસોઈમાં વ્યસ્ત થઈ ગઈ. કલાકમાં તો કપડાં, વાસણ, પોતું, રસોઈ જેવાં બધાં કામ પતાવી દીધાં. બધું ઢાંકી-ઢુંબી, વ્યવસ્થિત ગોઠવીને વિજ્યા ચોપડી લઈ વાંચવા બેસી ગઈ. કાલે જ પરીક્ષા હતી. ગણિતનું છેલ્લું પેપર હતું. અમુક પ્રકરણના દાખલા એને ફાવતા નહોતા. ગાઈડ અને સ્કુલની નોટ લઈને રફનોટમાં દાખલા લખવા માંડી, સુત્રો ગોખવા માંડી.

એટલામાં તો ખડકી ખખડી.

પુસ્તકો-નોટો બાજુ ઉપર મુકીને તે ઉભી થઈ. આગળો ખોલ્યો. બારણું સ્હેજ ખોલ્યું અને જોયું તો સામે જસુ ઉભો હતો. તે અવાક રહી ગઈ. ના બોલી, ના હાલી. બહારથી જસુ અધખુલ્લી ખડકીમાંથી વિજ્યાને જોઈ રહેલો. થોડી વારે વિજ્યા સભાન બની અને બોલી,

"ઘરે કોઈ નથી અને આજે તો દુકાન પણ બંધ છે."

"મને ખબર છે." જસુ રમતિયાળ સ્મિત સાથે બોલ્યો.

"તો કેમ આવ્યો છે ?" હજુયે વિજ્યા અસમંજસમાં હતી કે ખડકી પુરી ખોલવી કે નહીં ? જસુને અંદર આવવા દેવો કે નહીં ? પણ પછી કાંઈક વિચારીને વિજ્યાએ ઝટપટ ખડકીનું એક બારણું ખોલી નાખ્યું. જસુ પણ દબાતા પગલે ઝડપથી અંદર આવી ગયો. એટલે વિજ્યાએ ખડકી બંધ કરી અંદરથી આગળો ફરી બંધ કરી દીધો અને પાછળ ઉભેલા જસુ તરફ ફરી. જસુ વિજ્યા

તરફ તાકી રહ્યો હતો અને લુચ્ચું હસી રહ્યો હતો. વિજ્યાએ તે જોયું પણ અવગણ્યું અને બોલી,

"સારું થયું તમે આવી ગયા. કાલે ગણિતનું પેપર છે અને બે-ત્રણ ચેપ્ટરમાં કાંઈ જ ગતાગમ જ નથી પડતી. તો આવો આપણે પરસાળમાં બેસીએ. તમે મને દાખલા શીખવાડો. સુત્રો, ખાલી જગાઓ, જોડકાં તો હું ગોખી મારીશ. ખાલી આ દાખલા જ નથી ફાવતા. ક્યાંથી શરૂ કરવું, કેમ પદ માંડવાં તેની જ ખબર નથી પડતી." વિજ્યા આમ બોલતી ગઈ અને અંદરનાં ખંડમાંથી ચોપડાં-નોટો-બેસવાનાં આસન વગેરે લાવતા પરસાળ-ખંડમાં અવરજવર કરવા માંડી. જસુ તો વિજ્યાના હલનચલન થતા દેહને જોવામાં જ મસ્ત હતો તેથી તે શું કહેતી હતી તે તરફ જાણે તેનું ધ્યાન જ નહોતું.

બધું ગોઠવાઈ ગયું અને વિજ્યા પણ બેસી ગઈ. પુસ્તક હાથમાં લીધું એક પ્રકરણ ખોલ્યું અને ઉભેલા જસુ સામે ધર્યું અને બોલી,

"હવે નીચે આ આસન ઉપર બેસો અને ચોપડી હાથમાં લ્યો." અને જસુ આજ્ઞાકારી જીનની જેમ આસન ઉપર બેસી ગયો. પુસ્તક હાથમાં લીધું. પણ એની નજર વિજ્યાના ચહેરાને, છાતીને જોઈ રહી હતી. વિજ્યા એ તે નોંધ્યું. પણ કશુંયે બોલી નહીં. તેણે હિંદીપેન હાથમાં લીધી. રફ નોટ ખોલી અને બોલી, "લ્યો, હવે મારી સામે જોઈ રહ્યા વગર મને દાખલા ગણાવો."

અને આમ બેથી ત્રણ પ્રકરણના ત્રીસ-પાંત્રીસ જેટલા દાખલા, જે વિજ્યાને નહોતા ફાવતા તે જસુ સામે વારાફરતે બતાવતી રહી, ગણાવતી રહી, શીખતી રહી. ના સમજણ પડે તો ફરી ફરી પૂછતી રહી. ફરી ગણાવતી રહી અને આમને આમ ત્રણેક કલાક તો પસાર થઈ ગયા. જસુએ દીવાલ ઉપર લટકતી ઘડીયાળ સામે જોયું અને બોલી ઉઠ્યો,

"અરે ! અગિયાર વાગી ગયા ને !"

એટલામાં ફરી ખડકી ખખડવાનો અવાજ આવ્યો.

વિજ્યાએ ખડકી અધખુલ્લી ખોલીને જોયું તો પાડોશમાં રહેતાં માશી ઉભાં હતાં.

"બા મને કાલે રાત્રે મળ્યાં હતાં. તે કહીને ગયાં છે કે મારી છોડી એકલી છે તે જોતાં રહેજો. પરવારી એટલે એમ થયું કે લાવ થોડી વાર તારી પાસે બેસી

આવું" એમ બોલીને માશીએ ધક્કો મારીને ખડકી ખોલી નાખી અને સડસડાટ અંદર આવી ગયાં અને પરસાળ તરફ જોયું.

"અલી, આ ભાઈ કોણ છે ?"

"માશી એ તો અમારી દુકાને કામ ઉપર રાખેલા છે તે ભાઈ છે. એમણે મેટ્રીકની પરીક્ષા આપી દીધી. કાલે મારે ગણિતનું પેપર છે. એટલે દાખલા સમજવા મેં જ બોલાવ્યા છે. અમે કાલની પરીક્ષાની તૈયારી જ કરીએ છીએ. વિજ્યા માશીની આગળ આવીને ઉભી રહી અને તેમના બે હાથ ઝાલી હસતાં હસતાં, પ્રેમથી સમજાવતી હોય તેમ કહેવા માંડી.

માશીએ મોં મચકોડ્યું. જસુ તરફ તીખી નજર નાખીને થોડીવાર જોઈ લીધું પછી વિજ્યા તરફ ફર્યાં અને બોલ્યાં,

"તો તો પછી હું જાઉં. તારે કાલે પરીક્ષા છે અને તૈયારી કરવાની હશે તેથી અહીં બેસીને તને વાતે વળગાડું એ પણ ઠીક ના કહેવાય." એમ કહીને ખડકી તરફ વળ્યાં. વળી પાછાં વળ્યાં અને બોલ્યાં, "કાંઈ કામ હોય તો બૂમ પાડજે. ઘરકામ-રસોઈનું તો બધું પતી ગયું હોય એમ લાગે છે." એમ કહીને આજુબાજુ-અંદર બધે નજર ફેરવી પછી બહાર નીકળી ગયાં. વળી પાછાં વળીને વિજ્યાને ધીમેથી કહેવા માંડ્યાં,

"આ ભાઈ જતો રહે એટલે એવું હોય તો મારા ઘેર આવતી રહેજે. ત્યાં બેસીને વાંચજે."

"સારું" કહીને વિજ્યાએ લાગલી જ ખડકી બંધ કરી દીધી.

જસુ તો વાઢ્યો હોય તો લોહીના નીકળે તેવો ભોંઠો પડી ગયેલો. બોલ્યા ચાલ્યા વગર બધું જોઈ જ રહેલો.

"ચાલો, આગળ દાખલા ગણીએ." એમ બોલતી હસતી હસતી વિજ્યા જસુ સામે નીચે બેસી ગઈ.

"ના, હવે હું જાઉં." જસુ ધીમું બબડ્યો.

"કેમ ? હજુ તો એક આખું પ્રકરણ બાકી છે. અલ્યા, તમને તો બધા દાખલા આવડે છે, હોં !" વિજ્યા જાણે કે જસુ ને પાનો ચઢાવતી હતી.

અને એ છેલ્લું ગણિતનું પ્રકરણ પણ પત્યું. ઘડીયાળમાં બંને જણે સાથે નજર કરી તો એક વાગવામાં હતો.

"ચાલ વિજ્યા, હવે હું રજા લઉં. ખાવા જવાનોય વખત થઈ ગયો છે. બા રાહ જોતી હશે." જસુ બોલ્યો.

"હા, મારા રાજ્જા" અને એકદમ જ ખોળામાં નોટ હતી તેને અવગણીને વિજ્યાએ જસુ તરફ નમી અને તેના હોઠ ઉપર હળવું ચુંબન ચોંડી દીધું. પછી તો જસુ પણ શાનો કાબુમાં રહે ? તેણે રીતસર વિજ્યાને પોતાની તરફ ખેંચી બંને વચ્ચે નોટો, પુસ્તકો ધસડાયાં. વિજ્યાએ તેને બાજુમાં હડસેલ્યાં અને વિજ્યાને જસુએ બાથમાં લીધી. બંનેના પગ એકબીજામાં ભેરવાયા. અને પછી તો ચુંબનો, આલિંગન, ઉરમર્દનમાં બંને જીવ અટવાયા ! બંને હાંફ્યાં. બંનેના શ્વાસ અને ઉચ્છવાસ સામસામે અથડાવા લાગ્યા, ઉંહકારા અતિધીમા હતા પણ સતત સામસામે પડકારો ફેંકતા યોધ્ધાઓ જેવા બંને પક્ષે થતા હતા. જાણે ગણિતનાં તમામ પ્રકરણો પુરા કર્યાં તેનો આનંદ અને ગુરુ-દક્ષિણા સામસામે વહેંચાતાં હતાં !

ત્યાંજ ખડકી ખખડી ! અને બંનેના રંગમાં ભંગ પડ્યો. બંને છૂટાં પડ્યાં. જસુ ઉભો થઈ ગયો. વિજ્યા પણ ખસી ગઈ. પુસ્તકો એક બાજુ વ્યવસ્થિત ગોઠવ્યાં. બંને એકબીજાને તાકી રહ્યાં હતાં. બંનેએ નોંધ્યું કે હજુયે તેમના કપાલ પ્રદેશ ઉપર પ્રસ્વેદબિંદુઓ ઝબકતાં હતાં અને કપોલ લાલ-ગુલાબી જણાતા હતા. થોડીવારે બંને હસ્યાં. વળી ખડકીનો દરવાજો ખખડ્યો. જસુ જ દોડ્યો, આગળો ઉઘાડ્યો. સામે સવારે આવેલાં માશી જ ઉભાં હતાં. જસુ નીચી નજરે એક બાજુથી બહાર નીકળી ગયો અને સડસડાટ પાછું જોયા વગર પોતાના ઘર તરફ ચાલવા માંડ્યો.

જસુને જતો માશી, ખાસ્સી વાર, તેની પુંઠ પાછળ જોઈ રહ્યાં. પછી અંદર નજર કરી. કોઈ દેખાયું નહીં તેથી છેક અંદર આવ્યાં. પરસાળ ચઢ્યાં. ચારે બાજુ નજર કરી તો એક બાજુ પુસ્તકો-નોટોનો થોક પડેલો હતો. બાકી બધું વ્યવસ્થિત હતું. વળી અંદરના રૂમમાં પ્રવેશ્યાં. જોયું તો એકબાજુની છો કરેલી ચોકડીમાં વિજ્યા બેઠેલી હતી. તેની સામે થાળી હતી. થાળીમાં ભાખરી શાક

હતાં. બાજુમાં પાણીનો લોટો-પવાલું હતાં. વિજયા ખાતી હતી. જાણે તેણે માશીની હાજરીની નોંધ પણ ના લીધી હોય તેમ નીચા મોં એ જમી રહી હતી.

"અલી, કેમ આટલું મોડું કર્યું, ખાવાનું ?"

"આ ભાઈ આવેલા ને !" વળી બટકું મોમાં મુકી બોલી, "તે ગણિત ના દાખલા શીખતી હતી. હમણાં જ શીખવાનું પુરું થયું અને તે ગયા એટલે ખાવા બેઠી." વિજયાએ હસતાં હસતાં જવાબ આપ્યો. તે માશીએ સાંભળ્યો તો ખરો પણ તેમની નજર ઘરમાં ચારેકોર હજુયે ફર્યે જતી હતી. તેમને જે જોવા જોઈતું હતું તેવું કાંઈ જાણે કે મળ્યું નહીં તેથી કે કોણ જાણે કેમ પણ તેમનું મોં થોડું કટાણું થઈ ગયું.

"સારું, સારું, ખાઈ લે, તું તારે !" એમ કહીને જાતે ને જાતે પાછાં વળી ગયાં ને ખડકી આડી કરી ને બહાર પણ નીકળી ગયાં. તેમને સ્વગત બબડતાં વિજયા દૂરથી યે આછેરું સાંભળી ગઈ, "જુવાન છોડી એકલી ! અને પાછો લઠોરિયો ત્રણચાર કલાક ઘરમાં રહ્યો ! બધું ધારી ધારીને જોવું તો પડે ! ડોશી આવીને મને પૂછે અને કહે કે તમને સોંપીને ગઈ'તી તે શું ધ્યાન રાખ્યું ?"

અને તે સાંભળીને વિજયા મનમાં મનમાં હસી પડી અને બબડી, "માશી, એ તો તું ટપકી પડી નહીંતર બધું પતી જાત, તને ગંધેય ના આવત !"

બપોરે વિજયાને હતું કે જસુ આવશે પણ તે ના આવ્યો.

પછી તો ચાર-પાંચ દિવસ વિનુભાઈ સાથે જસુ દુકાને જ રહ્યો. ના તો જસુનો ઘર તરફ જવાનો મેળ પડ્યો કે ના તો વિજયા દુકાન તરફ ડોકાઈ. તેના પછીના પંદર દિવસ જસુ માશી-મામાના ઘેર ફરવા નીકળી ગયો. આવીને માંડ બે દિવસ દુકાને ગયો હશે અને તેનું મેટ્રીકનું રીઝલ્ટ આવ્યું. પછી તો માર્કશીટ કઢાવી મિત્રો સાથે કૉલેજમાં ગયો. કૉલેજ, હોસ્ટેલમાં એડમીશન લીધાં, ફી ભરી પુસ્તકો ખરીદ્યાં અને આવી બધી પ્રવૃત્તિમાં બીજા પંદર દિવસ પસાર થઈ ગયા. વળી અઠવાડિયા જેવું જસુને દુકાને જવાનું તો થયું પણ વિજયાનાં દર્શન નહીં થયેલાં. વળી બે-ત્રણ દિવસ કપડાં વગેરે ખરીદીમાં ગયા અને પછી તો કોલેજ શરૂ થઈ ગઈ. જસુભાઈ હોસ્ટેલમાં જતા રહ્યા.

આ બાજુ વિજ્યાને જસુને મળવાની ચટપટી તો ઘણીયે થતી પણ દાદા-બાને લીધે ઘરમાંથી બહાર નીકળી શકતી નહોતી. વચ્ચે માશી અને બાને વાતો કરતાં તેણે જોયેલાં. માશી મોઢું ફુલાવી ફુલાવીને સાવ નીચા અવાજે કાંઈક કહેતાં તેણે નોંધેલું. પણ તેના કાન સુધી તૂટક અસ્પષ્ટ શબ્દો ટકરાતા હતા પણ કાંઈ સ્પષ્ટ સંભળાતું નહોતું. અને ત્યારથી દાદીમાની તેના તરફ થોડી કડક નજર થયેલી તે અનુભવતી હતી. પછી તો તેની પરીક્ષાનું પરિણામ પણ આવી ગયું અને ખરેખર તેને ગણિતના વિષયમાં જ વધારેમાં વધારે ગુણ મળેલા. આ ખુશીના સમાચાર જસુને આપવા તે બપોરે દુકાન સુધી દોડતી એકી દોટે આવેલી.

"કેમ હાંફતી હાંફતી આવી, બેટા ?" વિનુભાઈ પણ તેના દેદાર જોઈને પૂછી બેઠેલા.

"જસુ નથી ?" વિજ્યાએ સીધું જ પૂછેલું.

"ના એ તો કોલેજ ભણવા જતો રહ્યો. ત્યાંજ હોસ્ટેલ માં રહે છે." વિનુભાઈ એ જ જણાવેલું. "કેમ કાંઈ કામ હતું ?"

"ના, ના. આ તો તમને એકલા દીઠા એટલે પૂછ્યું." કહીને તે દુકાનમાં આવેલી. અંદરના ખંડમાં જઈ પાંચેક મિનિટ આધુપાછું કરીને "ભાઈ, હું જાઉં ત્યારે" કહીને ઘેર જવા દુકાનેથી નીકળી ગયેલી. પણ ઘર તરફ જતાં તેની ચાલ સાવ ઢીલી પડી ગયેલી. જેમ રણમાંથી પાછો ફરતો હારેલો, ઘવાયેલો યોધ્ધો ! થાક્યો-પાક્યો, કણસતો, નિરાશ યોધ્ધો !

ઘેર આવીને બાજુની સીડી સડસડાટ ચઢી ગઈ અને ઉપરના ખંડમાં પાથરેલા પલંગમાં વિજ્યાએ પડતું મુક્યું. ઓશિકામાં મોં ઘાલીને તે ધરાઈને રડી. ઓશિકાનું કવર પણ ભીનું થઈ ગયું. પછી તો વિજ્યા કલાકેક ભીના ઓશીકા ઉપર ઉંધુ માથું નાખી, ઉંધી જ, એમને એમ કલાકેક, ગુમસુમ પલંગમાં પડી રહી. થોડીવારે તે ઉભી થઈ, ચોકડીમાં જઈ હાથ-મોં ધોયાં. રૂમની એક બારી રસ્તા ઉપર પડતી હતી. તેણે તે બાજુ નજર દોડાવી. પણ તેને જોવું હતું તેવું કાંઈ જોવા ન મળ્યું. તે બારી સામે જ ઉભાં ઉભાં ફરી રડી પડી. રડતાં રડતાં બબડી,

"હવે મારા મનનો માણીગર શું મને જોવા નહીં મળે !" એ હવે ફરી ધ્રુસકે ધ્રુસકે રડવા માંડી. પણ અવાજ મોંની બહાર ના નીકળે તેની તે કાળજી

રાખતી હોય તેમ તેણે હથેળી મોં ઉપર ઢાંકી રાખી હતી. આમ બીજો અડધો કલાક વીત્યો. પછી તો તે કોણ જાણે કેમ એકદમ સ્વસ્થ થઈ ગઈ. આંખનાં આંસુ લુછી નાંખ્યાં. મક્કમતાથી મેડીનાં પગથિયાં ઉતરવા માંડી. વિજ્યા નીચે આવી. પરસાળમાં માશી અને દાદીમા સામસામે નીચે બેઠાં હતાં. "છોડી, ધીરે ધીરે ઉતર, દાદરો તોડી નાખીશ." માશી પુંઠ ફેરવીને હસતાં હસતાં વિજ્યા તરફ જોઈને કહેવા માંડ્યાં.

"મારા બાપનો દાદરો છે. તમારો દાદરો તો નહીં તૂટેને !" વિજ્યાએ જાણે રોષમાં જવાબ દીધેલો અને અંદરના રૂમમાં જતી રહેલી.

કોણ જાણે કેમ વિજ્યાને તે માશી તરફ ભારે દાઝ થતી હતી.

"બેટા, તે દિવસે આપણા ઘેર કોણ આવેલું ?" દાદીમાનો અવાજ વિજ્યાના કાને પડ્યો. "તે દિવસે અમે બધાં બહારગામ ગયેલાં અને તું એકલી હતી અને તારે પરીક્ષા હતી તે દા'ડાની વાત કરું છું, બેટા !"

વિજ્યાને મનમાં તો થયું કે કહી દઉં કે "એ તો તમારો થનાર જમાઈ હતો." પણ તે બહાર આવી અને બારણાની સાખને અઢેલીને બોલેલી, "એ તો દુકાને આવે છે ને તે જસુ હતો. એણે મને ગણિત શીખવાડેલું. તેથીસ્તો તે વિષયમાં વધારે માર્ક મલ્યા."

"હા, હા. જયંતિમુખીનો જસલો ! તો તો વાંધો નહીં" કહીને દાદીમા માશી સાથે બીજી વાતોમાં વળગેલાં.

• • •

# 7. ભુલ્યું ભુલાય નહીં

જસુ હોસ્ટેલમાં જતો રહ્યો. વિનુભાઈ પહેલાની જેમ એકલા દુકાન ચલાવતા થયા. જયંતિભાઈ પહેલા પણ એકલા જ ખેતર સાચવતા હતા અને હવે પણ તે રૂટીન ચાલું રહ્યું. જસવિદ્યાબેનને તો ભલુ તેમનું ઘર અને ભલુ ઘરકામ ! બહાર દુનિયામાં શું ચાલે છે, ગામમાં શું ચાલે છે તેનાથી આ ત્રણેય જીવ સાવ નિર્લેપ હતા. જસુ પહેલીવાર તો પંદર દિવસે એક વાર ઘેર આવેલો. રાત્રે મોડો આવ્યો અને ઘરમાં ધુસી ગયેલો. સવારે જયંતિલાલ સાથે ખેતરમાં ગયેલો. તે જોઈને જયંતિભાઈને પણ નવાઈ તો લાગેલી. પણ ખેતરમાં માંડ કલાક રોકાયો અને ગામમાં આવી ગયેલો. વિનુભાઈની દુકાન તરફ પગ ખેંચાયેલા પણ 'નિજ' નું દર્શન એમ રસ્તામાં થોડાં પડ્યાં છે ? પાંચ મિનિટ વિનુભાઈ સાથે હાય-હેલ્લો કરીને જસુ નીકળી ગયેલો. પણ એમ મનડું માને ખરું ? પગ તો હાલવા માંડ્યા વિજ્યાના ફળીયા તરફ ! રસ્તા ઉપર પડતી બારી તરફ નજર લંબાવી, ઝીણી આંખો કરી, છેક ઉંડે સુધી આંખો ખેંચી ખેંચીને જોયું. પણ હાય ! તે નજરે ના ચઢી તે ના જ ચઢી. હા ! એમ આડું જોતાં જોતાં ચાલતા જતા જસુનો પગ સુતેલા કૂતરાની પૂંછડી ઉપર પડ્યો. તે પણ ભડક્યો અને કૂતરું પણ ભડક્યું. કૂતરું ઉંહકારા કરતું, ભસતું ભસતું દૂર જતું રહ્યું અને જસુ હવે જાગૃત થઈ ઘર તરફ વળ્યો અને સાંજે છેલ્લે બસમાં તો તે નીકળી પણ ગયો.

સાંજે વિનુભાઈએ ઘેર આવીને વાત ઉઘાડેલી કે જસુ તેમને મલવા દુકાને આવેલો ત્યારે વિજ્યાના કાન સરવા થયેલા. તેને માઠું પણ લાગેલું.

"કેમ છેક દુકાન સુધી લાંબો થયો તે અહીં ના આવી જવાય ? તેનો ચહેરો ભાળેય મહીના ઉપર થયું હશે ? પુરુષની જાત જ આવી હોય ! વળી પાછો ભણવામાં પડી ગયો હશે. આમ તો હોંશિયાર છે ને પાછો ?"

""અલી, મલ્યો હોત તો તું શું કહેત ?"

"કાંઈ નહીં. તેમને ધરાઈને જોઈ લેત. ખબર-અંતર પૂછત. બધાં ઘરમાં હોય એટલે થોડું એમના ગોગળે વળગી પડત ?"

“એકાદ તેમનો ફોટો આપ્યો હોત તોયે સારું. હૈયા સરસો ફોટો ચોંપીને પણ મન વાળી લેત !”

“તે તેં ક્યારે માગ્યો અને એમણે ના પાડી ?”

“આમ તો બધી ઘણી હોશિયારી છે તે એમને એટલીયે ખબર પડવી જોઈએ કે જુવાન છોડી એ દલડું દીધું છે અને પોતાનું હૈયું લીધું છે તો એકાદ ફોટા જેવી જાતની નિશાની તો એના ખોળે મુકીએ ! બધું આપણે શીખવાડવું પડે ?”

“આમ, બેધડક દુકાને પહોંચી ગયા ત્યારે શરમ ના આવી તે ઘેર આવતાં પારોઠનાં પગલાં ભર્યાં હશે ?”

“જે હોય તે, એ કાં તો મને વિસારે મુકી ભણવામાં પડી ગયા હશે, હોસ્ટેલમાં મિત્રો સાથે ગામ-ગપાટા મારતા હશે. શહેરના મોજશોખમાં ડુબી ગયા હશે અને આ ગરીબડી એમને જોવા માટે તરફડે છે તે વાત જ સાવ ભુલી ગયા હશે.”

“ના, ના સાવ એવું તો ના હોય. એ પણ મને મલવા વલખાં તો મારતા જ હશે !”

“જા...જા... એ હવે ભણી ગણીને ગ્રેજ્યુએટ થઈને જ તને મોં બતાવશે, જો જે.”

“એવું ના વિચાર ! ત્યાં સુધીમાં તો તેમના વગર મારા પ્રાણ જ આ દેહમાંથી નીકળી જાય. એટલું બધું, ત્રણ-ચાર વરસ, એમને મલ્યા વગર કેમનું જીવાય ?”

“ફટ્ ભુંડી ! ઘડીક ગલગલિયાં કર્યાં એટલામાં તું તારું સોના સરીખું દલડું દઈ બેઠી ?”

“હા....હા....હા.... સાડી સત્તર વાર હા ! એ જ મારા મનનો માણીગર છે, મારા દેહનો સ્વામી છે, મારો ભાવિ પતિ છે, મારો જીવન સાથી છે. ફક્ત જસુ અને બીજો કોઈ નહીં. બીજા બધા મારે મન ભાઈ કે બાપ ! બસ ! હવે તું રાજી થઈ ?”

“પણ એ મારો કાળજાનો કટકો ફરી ક્યારે દર્શન દેશે ?” અને આમ

વિજ્યા વિચારોના વાવંટોળમાં ધુમરીઓ ખાવા માંડી. ઘડીક હસતી, ઘડીક રડતી, ઘડીક ઉદાસ થઈ જતી તો ઘડીક ગુસ્સે પણ જઈ જતી

"જો હવે ફરી વખત ગામમાં આવે અને મને મલ્યા વગર ગયો તો તેની ખેર નથી."

"તે તું શું કરી લેવાની ?"

"એના ઘેર જઈને એનાં મા-બાપ સામે જ તેના બે ગાલ ઉપર બે થપ્પડો ચોડી દઈશ, શું સમજી ?"

"પછી ?"

"ના...ના...હોં, એવું નહીં કરું. તેના પગે પડીને એને કરગરીશ, કાલાવાલા કરીશ. એને સ્પષ્ટ કહી દઈશ. હું તેના વગર રહી શકું તેમ નથી. બનતું હોય તો સાથે હોસ્ટેલમાં લઈ જા. એ એનું ભણશે અને હું મારું ભણીશ."

"પછી ?"

"હા, અલી, એમ તો થોડું જવાય ? અને બધાંના વચ્ચે એવું કહેતાં જીભ પણ શાની ઉપડે ?"

"તો પછી ?"

"જો જે, આ વખતે કાંક ઉતાવળમાં હશે પણ આવતા ફેરે એ આવશે એટલે મને મળવા જરૂર આવશે. મારું મન અને મારું હૈયું બંને એ વાતમાં હોંકારો પુરે છે."

અને આ બાજુ જસુએ પણ નક્કી જ કરેલું કે આ વખતે ઘેર જાઉં ત્યારે હિંમત કરીને પણ વિજ્યાને જોઈ આવવી. જે થવું હોય તે થાય ?

મહીના પછી જસુ આવેલો. બીજા દિવસે સવારે તૈયાર થઈને તે વિજ્યા ના ઘર તરફ વળ્યો. રસ્તામાં જ પેલાં માશી મળેલાં. જસુએ તેમની સામે જોઈને પણ હળવું સ્મિત આપેલું. પણ માશી મોં મચકોડીને આગળ ચાલતાં થયેલાં. જસુ છેક ખડકી પાસે આવી ગયેલો. ખડકીનાં દ્વાર ખુલ્લાં જ હતાં. વિનુભાઈ દુકાને ગયેલા. દાદા અંદર પૂજામાં હતા. દાદી અંદરના ખંડમાં હતાં. વિજ્યા દોરી પર કપડાં સુકવતી હતી. ખડકી બહાર પણ નહીં અને અંદર પણ નહીં

એમ ઉંબરાના પત્થર ઉપર ઉભા રહી જસુ એ બધું અંદર-બહારથી પહેલા નિરીક્ષણ કરી લીધું. વિજ્યાની પુંઠ જસુ તરફ હતી. તેને જંગલી વિચાર આવી ગયો કે પાછળથી વિજ્યાને બાથમાં લઈ લઉં ! પણ તેણે જાત ઉપર ખૂબ સંયમ રાખ્યો. એટલામાં વિજ્યાની નજર ફરી અને જસુ ઉપર ગઈ. તે તો રાજીના રેડ થઈ ગઈ.

"આવો આવો. અંદર આવો. કેમ ત્યાંજ ઉભા રહી ગયા ?"

વિજ્યા ઝટપટ અંદર ગઈ. ખુરશી લઈ આવી પરસાળમાં મુકી. પાણીનો ગ્લાસ લાવી. જસુએ ગ્લાસ લીધો, પાણી પીધું અને પરત આપ્યો. બંને એ અંગુલિ સ્પર્શનો લ્હાવો લીધો.

"કોણ છે, બેટા ?" દાદાએ પૂજા કરતાં કરતાં પૂછ્યું.

"એ તો જસુભાઈ આવ્યા છે." વિજ્યાના અવાજમાં, ચાલમાં કાંઈક અનોખી સ્ફુર્તિ આવી ગયેલી. પછી તો દાદીમા આવ્યાં, દાદા આવ્યા. ચા-પાણી થયાં.

"મારી વિજ્યા કહેતી હતી કે તમારા લીધે જ તેને ગણિતમાં સારા માર્ક આવ્યા." દાદા એ કહેલું.

"વિનુ પણ તમારાં ખૂબ વખાણ કરે." બા પણ  વાતે વળગ્યાં.

"ચાલો, ત્યારે હું જાઉં" કહીને જસુ ઉભો થયેલો.

"સમય મલ્યે આવતા-જતા રહેજો, ભાઈ" દાદીમાએ વિવેક કરેલો." "અત્યારે તો શહેરમાં હોસ્ટેલમાં રહીને ભણો છો ને !"

જસુએ ડોકું હલાવી 'હા'માં જવાબ આપેલો. અને તેણે પુંઠ વાળી પરસાળ છોડેલી. પગથિયું ઉતરતાં તેણે પાછળ જોયું તો વિજ્યા પાછળ પાછળ જ આવતી હતી. બા-દાદા ઘરમાં ગયાં એટલે વિજ્યાનો ચહેરો રડમસ થઈ ગયો. જસુએ તેનાં આંસુ લૂછ્યાં.

"ગાંડી, હું ભણવા ગયો છું. મને ચેનથી ભણવા દે અને તું પણ મેટ્રીક થઈ જા. આમ મારા હૈયાની રાણી ઢીલી ના હોય, સમજી ?" એમ કહી વિજ્યાના માથે હાથ મુકી જસુએ પુંઠ ફેરવી લીધી. પણ ચકોર વિજ્યાની આંખો એ જસુની આંખમાં ઉપસી આવેલાં ઝળઝળીયાં પકડી પાડ્યાં. જસુ ખડકી બહાર જતો રહેલો. પાછળથી વિજ્યાનો અવાજ તેના કાને પડતો હતો,

"તમારી જ છું અને તમારી જ રહેવાની એ વાતે જરાયે ચિંતા ના કરતા. પણ સારા માર્કે ગ્રેજ્યુએટ થઈ જાઓ. તમારે તો મોટા શેઠ બનવાનું છે." જસુએ ફેરવેલી પુંઠે હાથ ઉંચો કરેલો. થોડીવારે ખડકીનાં દ્વાર ભીડાયાનો અવાજ સંભળાયેલો.

પણ પછી ના તો જસુએ વિજ્યાને મલવાનો પ્રયત્ન કરેલો કે ના તો વિજ્યા જસુ ને મલવા તલસેલી. બંને અંતરના પ્રેમ ના બળે, એકબીજાને સુખી કરવાના આશયથી જ, જાણે એકબીજાને ભુલી ગયાં અને અભ્યાસમાં જ તલ્લીન થઈ ગયાં. એમ ત્રણેક વરસમાં ત્રીસેક વાર એકબીજાનો ભેટો થયેલો. બંને મલતાં ત્યારે સામ-સામે ઉભાં રહેતાં, હસતાં, બોલતાં, વાતો કરતાં, એકબીજાની ખબર-અંતર પૂછતાં. પણ ના કોઈ વેવલાઈ, ના કોઈ વાસનામાં પૂર, ના કોઈ તલસાટ ! શાંત, સૌમ્ય, સબળ, શુદ્ધ પ્રેમ !

અને આમ આંખના પલકારામાં ત્રણ વરસ વીતી ગયાં. જસુભાઈ બી.કોમ ગ્રેજ્યુએટ થઈ ગયા. વિજ્યા પણ મેટ્રીક પાસ થઈ ગયેલી. તેમના ઘરમાં બે વિભાગ પડી ગયેલા. વિનુભાઈ તો વિજ્યાને કોલેજમાં ભણવા મોકલવા તૈયાર જ હતા. પણ બા હવે કામમાં પહોંચી વળતાં નહોતાં અને છોડીને કોલેજ કરવા શહેરમાં મોકલવામાં એમનો જીવ નહોતો ચાલતો. જો કે દાદા તો આ બાબતે નિર્લેપ હતા.

"તમને બધાંને ઠીક લાગે તેમ કરો. પણ એ જોજો કે છોડીનું દિલ ના દુભાય."

અને ઘણા બધા મનો-મંથનમાં એક વર્ષ બગાડ્યા પછી વિજ્યા ને શહેરની કોલેજમાં આગળ ભણવા મુકી.

"મારા હૈયાનો હાર પણ શહેરમાં અને હું યે મુઈ ત્યાં" આ વિચારે જ વિજ્યા તો રાજીના રેડ થઈ જતી હતી.

પણ વિજ્યા સવારની બસમાં શહેર પહોંચતી, ગણોને દોડતી દોડતી જ ગામમાં બસ પકડતી અને શહેરમાં પણ ઉતરીને એકી દોટે કોલેજ પહોંચતી. રીસેસમાં ટીફીન ખાઈ લેતી. છૂટીને ઝટપટ બસ સ્ટેન્ડ આવી જવું પડતું. અને મોડી સાંજે થાકીપાકી ઘેર આવતી. તેમાં પાછું ઘરકામ-લેસન તો મોં ફાડીને

સામાં બેઠાં જ હોય ! રાત્રે પથારીમાં પડે તેવી ઉંઘી જતી અને સવારે ઉઠીને બીજા દિવસનો બીજો દોર ! આમાં સાહ્યબાને મલવાનાં, જોવાનાં, સાથે ફરવાનાં, બગીચામાં મહાલવાનાં મનમાં ગમે તેટલાં સપનાં જાગતાં હોય, મનમાં મનોરથ મહાલતા હોય, અંતર ના ઉમળકા ઉછળતા હોય પરંતુ કેમનું ગોઠવાય ?

આ બાજુ જસુ એમ.કોમ કરવા વિચારતો હતો અને તેની સાથે સાથે સારી પ્રતિષ્ઠિત કાંઈક શીખવા મલે તેવી કંપનીમાં પાર્ટ-ટાઈમ નોકરી કરવા પણ વિચારતો હતો. જેથી રહેવા હોસ્ટેલ મલે અને હાથખર્ચી, ભણવાના ખર્ચ જેટલું કમાઈ લેવાય.

અચાનક જ તેના મનમાં પ્રોફેસર જનકરાય દવે યાદ આવ્યા. બીજા જ દિવસે તે તેમની કેબીન પાસે જઈને ઉભો રહ્યો. પ્રોફેસર લેક્ચર લેવા કલાસમાં ગયેલા. તેથી સામે મુકેલા બાંકડા ઉપર તેને અડધો કલાક બેસવું પડેલું. એટલામાં કલાસ છૂટયો. છોકરા-છોકરીઓ સીડીનાં પગથિયાં ઉતરતાં હતાં. તેની નજર સીડી ઉપર ગઈ. નૈસર્ગિક રીતે જ જસુની નજર નીચે ઉતરતી છોકરીઓ તરફ ચોંટી ગયેલી. તેણે એ ઉતરતી છોકરીઓના ઝુંડમાં નવી સવી લાગતી વિજયાને પણ જોઈ. તે પાટલી ઉપરથી અડધો ઉભો થઈ ગયો. પણ પછી સ્થળ-સ્થિતિ-સમયનું ભાન આવતાં પાટલી ઉપર જ બેસી રહ્યો પણ વિજયા સાથે ફરતી નજરો ને ના અટકાવી શક્યો.

દૈવ યોગે વિજયાની દૃષ્ટિ તે તરફ વળી તેણે જોયું. તેણે ઓળખ્યો.

"અરે, આ તો મારો જસુ ! અહીં ક્યાંથી ?"

અને તે ફંટાઈ જસુ પાસે આવી બાંકડા ઉપર જસુની પાસે અડીને બેઠી.

"અભિનંદન. મારા જસુ શેઠ ગ્રેજ્યુએટ થઈ ગયા."

"તને પણ અભિનંદન. મેટ્રીક પાસ થઈ ગઈ તેના."

"છેક બાર મહીના પછી." વિજયાની આંખોમાં મસ્તી હતી. પછી ગંભીર થઈ ને બોલી. "અહીં ક્યાંથી ?"

"સાહેબ ને મલવું છે."

"કેમ ?"

“એમ કોમ કરવું છે અને સારી કંપનીમાં નોકરી પણ કરવી છે.”

“કેમ નોકરી કરવી છે ? શેઠ નથી બનવું ?”

“શરૂઆતમાં અનુભવ લેવા નોકરી તો કરવી પડશે ને !” જસુના અવાજમાં થોડું ચિડિયાપણું ઉમેરાયું.

એટલામાં પ્રોફેસર દવે સાહેબ આવી ગયા અને સીધા કેબીનમાં જતા રહ્યા. પરિસ્થિતિ જોઈને જસુ બોલ્યો, “સારું, પછી મલીએ.” અને તે કેબીનમાં ધુસ્યો. વિજયા બહાર બેસી રહી. પંદર-વીસ મિનિટ વીતી ગઈ. “બોચિયો પિસ્તાલીસ મિનિટનો પુરો પિરિયડ ભરીને જ બહાર આવશે. મારે તો બસ જતી રહેશે.” એમ બબડીને વિજયા ઉભી થઈને જતી રહી.

જસુ કેબીનમાં ગયો. પ્રો. જનકરાયની સામે ઉભો રહ્યો.

“કોણ ભાઈ ? શું કામ હતું ?”

“હું ફલાણા ગામના જયંતિભાઈ જાનીનો જસુ. ફલાણી કોલેજમાંથી બી. કોમ પાસ કર્યું. એમ.કોમ. કરવા વિચારું છું.”

“હં” એમ કહીને પ્રોફેસરે જસુને પગના તળીયાથી માથાની ચોટી સુધી નજર ફેરવી જોઈ લીધો.

“આપ મારા પ્રેરણામૂર્તિ છો. વર્ષો પહેલા હું અને મારા પિતાજી ખરીદી કરવા શહેરમાં આવેલા. ત્યારે તો હું ધણો નાનો હતો. ત્યારે તમે સપનાં જોવા શીખામણ આપેલી.”

“તેં કોઈ સપનું જોયું ?” વચ્ચે જનકરાય બોલ્યા. “હા. મેં મોટી પેઢીના શેઠ બનવાનું સપનું જોયું છે. તેથીસ્તો મારા બાપા નોકરી છોડી ખેતીમાં વળગ્યા પણ મને ખેતી કરતાં વેપારમાં રસ પડ્યો છે. થોડું ઘણું શિખવા ગામના નાના વેપારી વિનુભાઈ ઠાકરની કરીયાણાની દુકાનમાં ત્રણેક મહીના નોકરી પણ કરી જોઈ. પણ કાંઈ નવું જડ્યું નહીં.” જસુ ઉભા ઉભા જ આટલું બધું બોલી ગયો.

“સારું સારું. ખુરશીમાં બેસી જા અને મને સાંભળ. પછી તને ઠીક લાગે તેમ કરજે.”

જસુ પ્રોફેસરના હાથના ઈશારા અને સુચના મુજબ સામે પડેલી ખુરશી ઉપર સંકોચાઈને બેસી ગયો. પછી પ્રોફેસરે ચાલું કર્યું.

"જો ભાઈ, મોટું વટવૃક્ષ રાતોરાત બનતું નથી. પહેલા બીજ વવાય. ખાતર-પાણી નાંખો એટલે બીજ ના અંકુર ફૂટે પછી નાનો છોડ થાય. તેને સાચવો એટલે તે વધતો જાય. પછી વૃક્ષ થાય, ઝાડ થાય અને આમ વર્ષોની મહેનત પછી, કાળજી પછી, વાતાવરણની મદદથી અંતે તે વટવૃક્ષ બને છે.

આવું જ પેઢી અને પેઢીના શેઠનું છે. તારામાં બીજ તો વર્ષો પહેલાં રોપાઈ ગયું છે. અને આજે તેં વાત કરી તે સાંભળતાં સ્પષ્ટ થયું કે બીજનું અંકુરણ પણ થઈ રહ્યું છે. હવે તેમાં મહેનત અને નાણાં રૂપી ખાતર-પાણી નાખો, બુદ્ધિથી સાચવણ કરી ઉગવા દો. શરૂઆત નાનાથી થાય, તે વાત હંમેશાં યાદ રાખવી." આ બધું બોલતાં બોલતાં જનકરાયની નજર જસુ સામે હતી, જબાન કાંઈક બોલ્યે જતી હતી પણ મન જુદી જ દિશામાં વિચારી રહ્યું હતું.

"મારી નાનકી જયા માટે છોકરો લાયક છે."

થોડુંક અટકીને વળી પ્રોફેસર બોલવા માંડ્યા. "શહેરમાં પહેલા નાની હાટડી ભાડેથી લે. થોડોક માલ જથ્થાબંધ ભાવે ખરીદીને મુક. વેપલો શરૂ કર. શરૂઆતમાં નફો પણ થશે, કાંતો ખોટ પણ જશે. મૂડી રોકાઈ પણ રહે. પણ શીખવા મલશે. નોકરિયો કર્યે કાંઈ નહીં આવડે. પોતાનું ડૂબે, તરે કે વધે ત્યારે જ શિખાય."

"તો પછી એમ.કોમ કરવાનું માંડી વાળું ?"

"ના. મેં એવું ક્યાં કહ્યું ? સવારે કોલેજ અને બપોરે સાંજે ધંધો અને રાત્રે લેસન કરવાનું ! મહેનત કર્યા વગર તો એકેયમાંયે નહીં ચાલે, પછી તે ખેતી હોય, વેપાર હોય કે નોકરી હોય ! જોકે ખેતી જેવું ઉત્તમ કશું નહીં તેમ વર્ષોથી કહેવાતું આવ્યું છે. પણ કુદરત-જીવાતનો માર અને વચેટીયાઓની ચાલાકી ને લઈને ખેતીમાં હવે ક્યાં ભલીવાર રહ્યો છે ? પોતે ઉત્પાદન કરવું અને વેચવું એ પણ એક પ્રકારનો વેપાર જ છે. પણ તેમાં મૂડી બહુ જોઈએ. સરકારી લફરાં પણ ભારે. નોકરીમાં તો પહેલા દા'ડા થી તે છેલ્લા દન સુધી ઘાંચી ના બળદિયાની જેમ ગોળ ગોળ જ ફરવાનું રહે ! તેથી તમારે કાંઈ જ નહીં કરવાનું. વેપારમાં જથ્થાબંધ ભાવે ખરીદો એટલે સસ્તું પડે અને છૂટકભાવે વેચો એટલે મળતર રહે. વિતરક એજન્સી લઈ લેવાની. માલ વેચી આપવાનું પણ વળતર મલે અને

આમ ને આમ આગળ વધાય. નાનામાંથી મોટા થવાય. હા ! બુદ્ધિ અને મહેનત બેયે સાબદાં રાખવાં પડે. ધંધામાં જ ગળાડૂબ રહેવું પડે. લ્હેર, મજા, શોખ બધું ભુલી જવું પડે. મા-બાપ, ઘર, ભૂખ, ઉંઘ, થાક, બૈરું-છોકરાં, મિત્રો, લફરાં, હરવા ફરવામાં અટવાઈ ગયા તો ગયા. સાચી લગન અને સાચી નીતિ હોય તો માળવું પણ જીતી લવાય, સમજ્યો છોકરા ?''

''પણ દુકાન ક્યાં શોધવી ? શરૂઆતમાં માલ ક્યાંથી લાવવો ? ઘરાક કેમ વાળવા ?''

દુકાન તને હું ભાડે અપાવી દઈશ. અને તે પણ મોખાની જગ્યાએ. શરૂઆતનો માલ મારી શાખ ઉપર તને ઉધારમાં અપાવી દઈશ. નીચો નફો રાખો અને માલ ચોખ્ખો અને પુરો આપો. ઘરાકી તો આપોઆપ તમારી બાજુ વળી જશે. હા ! બાઈ માણસ તરફ નજર ચોખ્ખી રાખવી અને ચોરીની વૃત્તિથી દૂર રહેવું. પછી જુઓ વેપલાનો જાદુ ! હા ! તમારું નસીબ તો છેલ્લે સારો કે ખોટો રોલ ભજવશે જ !''

''તો ફરી ક્યારે મલું ?''

''જયંતિભાઈ પરમીશન આપે તો કાલે જ.'' આમ કહીને જનકભાઈ ઉભા થઈ ગયા. તેમને ઉભા થતા જોઈને જશુ પણ ઉભો થયો અને અદબ વાળીને ઉભો રહ્યો. જનકરાયે પોતાનું કાર્ડ આપ્યું અને બોલ્યા,

''આ મારા ઘરનું સરનામું છે. તારું અને તારા બાપાનું મન માને તો ગમે ત્યારે મને મલજે. નાતનો જુવાનિયો આગળ વધતો હોય તો મારાથી બનતું બધું કરી છૂટીશ. ચાલ હવે હું ક્લાસમાં જાઉં છું. આ પિરિયડ ફ્રી હતો એટલે આટલી વાત થઈ શકી. એટલે હવે ઘેર આવજે. નિરાંતે બેસીશું અને આગળનું ગોઠવીશું.'' કહીને પ્રોફેસર કેબીન બહાર નીકળી ગયા.

જસુએ સાંજે ઘેર આવીને જયંતિભાઈ અને જસવિદ્યાબેનને વાત કરી. દીકરો આગળ વધતો હોય તો કયાં મા-બાપ ના પાડે ! એમાં વળી આવા ભણેલા-ગણેલા નાતિભાઈનું માર્ગદર્શન હોય અને મદદ પણ મળતી હોય તે તો સોનામાં સુગંધ ભર્યા જેવું કહેવાય.

''તને ફાવતું હોય તો આગળ વધ, બેટા'' જસવિદ્યા બોલેલાં.

"જો જે, નફોયે જાય ને મૂડીય ડુબે એવું ના થાય. નહીંતર નાતવાળો જ તમારી આબરૂ પણ ડૂબાડશે અને બજારમાં ઉગતી શાખ પણ તૂટી જશે. તેથી સમજી-વિચારીને આગળ વધજો, ભાઈ !" જયંતિલાલે સલાહ પણ આપેલી.

જસુ એક વખત જનકરાયના ઘેર મલેલો. ચા-પાણી નાસ્તો પણ કરેલાં. ખૂબ દબાણ કરેલું છતાંય જમવા નહોતો બેઠો. પછી તો પ્રોફેસર ના ઘેર નવો સવો લેન્ડલાઈન ફોન આવેલો તે નંબર નોંધી લીધેલો અને કોલેજની કેબીનમાં મુકેલા ફોનના ડબલા નો નંબર પણ લઈ લીધેલો. તેથી એસટીડી-પીસીઓ બુથ ઉપરથી ફોન કરીને જ વાત થતી અને સૂચના મુજબની જગ્યા અને ટાઈમે મલવાનું થતું. આમ દસ-પંદર દિવસની મથામણ-દોડાદોડી પછી જસુને એકબાજુ એમ.કોમ.માં એડમીશન પણ મળ્યું અને દુકાન પણ ભાડે મલી. ટેમ્પરરી થોડું ઘણું ફર્નીચર, ધોડા, ગાદી, તકીયો, ગલ્લો, ત્રાજવાં વગેરે ગોઠવાયાં અને થોડોક સામાન પણ દુકાનમાં આવી ગયો. જસુ સવારે આઠ વાગે કોલેજમાં આવી જતો. બાર વાગે છૂટી દુકાને આવતો. ટીફીન જમી લેતો. પછી ઘરાક સાચવવાનાં અને નવરાશમાં વાંચવા-લખવાનું થતું. અને નસીબની બલિહારી તો જુઓ ? પંદર-વીસ દિવસમાં બધો માલ ખપી ગયો. અનાજ, દાળ, કઠોળ, ચોખા, ખાંડ વગેરેના કોથળા તળીયે હતા. નહાવા-ધોવાના સાબુ, શેમ્પુ, દાઢી સામાન, મસાલા, ચોકલેટ વગેરેનો સ્ટોક હવે ધોડામાં નહીંવત હતો. ગોળના રવા ખલાસ થઈ ગયેલા. એકવાર જનકરાય ફરતા ફરતા દુકાન પર આવેલા સ્ટોકની સ્થિતિ જોયેલી અને વાતે વળગેલા.

"માલના પૈસા ચુકવી દીધા ? લાઈટબીલ આવ્યું ? દુકાનનું ભાડું ભર્યું ?

માલના પૈસા તો સામે પગલે જઈને આપી આવ્યો છું.

લાઈટબીલ પણ ભરી આવ્યો અને દુકાનનું ભાડું પણ આપી આવ્યો."

"નાણાં ચુકવ્યાં એની રસીદો લીધી ?"

જસુ ખોળાખંખોળા કરવા માંડ્યો. ગલ્લામાંથી વળી ગયેલાં, થોડાક ફાટી ગયેલાં કાગળિયાં કાઢ્યાં અને જનકરાય સામે ધર્યાં.

"જો ભાઈ, માલ ખરીદો અને વેચો, ઘરાકી સાચવો એટલું જ વેપારમાં પુરતું નથી. ખરીદીનાં બીલ, ચુકવણીની રસીદો અને આવકની તારીખવાર અને

વિગતવાર નોંધો કરવી પડશે. ચોપડા તૈયાર કરવા પડશે. નામું લખવું પડશે. નફા-નુકસાનનું સરવૈયું તારવવું પડશે. બીલ ફાઈલ, રસીદ ફાઈલ, વેચાણ નોંધોની અલગ અલગ ફાઈલો બનાવવી પડશે. આજથી જ તે બધું તૈયાર કરવાનું શરૂ કરો. એ તો ફાઈલો બનાવશો, લખશો એટલે હાથ બેસી જશે. બી.કોમ થયેલા છો એટલે સાદું નામું તો તને આવડતું જ હશે ને ?''

''અને હવે તમે જાતે માલની ખરીદી કરવા નીકળો. સસ્તો અને સારો માલ આપે તે આપણો ! ધંધામાં ભાઈબંધી ના ચાલે. ભાવ વધારે અપાય પણ હલકો માલ નહીં ચલાવી લેવાનો. માલ છેક દુકાન સુધી આવી ગયો હોય તો પણ પાછો મોકલી શકાય, સમજ્યો ?''

અને આમ કહીને જનકરાય તો જતા રહ્યા પણ જે આઈટેમોનો ઉપાડ વધારે હતો તેની ખરીદી જસુએ વધારે કરી. જેમાં નફાનો ગાળો વધારે રહેતો હતો તે માલ પણ વધારે વહોર્યો અને ફરીથી પંદર-વીસ દિવસની ખરીદ-વેચાણની કસરત ચાલી. પછી તો ઘરાકી પણ વધવા માંડી. માલના ઓર્ડર લેવા સામેથી જથ્થાબંધ વેપારીઓના માણસો દુકાનના થડે આવવા માંડ્યા. માલ દુકાનેથી જ નોંધી જતા અને પહોંચાડતા હતા. જસુની દોડાદોડી ઘટી પણ ઘરાકી વધેલી હોવાથી હવે તો સ્હેજ પણ બેસવા મલતું નહોતું. પછી વાંચવા-લખવાનો તો વખત હોય જ ક્યાંથી ? તેથી લેસન તો ઘેર જઈને રાત્રે જ કરવું પડતું.

આટલી દોડાદોડીમાં જસુના મગજમાં વિજ્યાનો વિચાર-માત્ર પણ આવતો નહોતો. તો આ બાજુ વિજ્યા પણ અભ્યાસમાં પરોવાઈ ગઈ હતી. ''કાંઈક બની જાઉં પછી એની સામે જઉં'' આવી આંતરીક ખુમારી જસુના મનમાં રમતી હતી. તો ''છોને તે આગળ વધતો ! હમણાં તો મારેય ગ્રેજ્યુએટ થઈ જવાય તો સારું !'' એમ વિચારી વિજ્યા પણ મનમાં ઉભરતા જસુના વિચારો, તડપને દૂર હડસેલી દેતી હતી.

વખત જતાં વાર લાગે છે ? જસુભાઈ એમ.કોમ થઈ ગયા. વેપાર-ધંધામાં પણ સારી ફાવટ આવી ગઈ. પાંચ રૂપિયા ખિસ્સામાં પણ ફરતા થયા. બજારમાં શાખ પણ બેઠી અને આબરૂ પણ ઉભી થઈ. ગણોને કે નસીબે પણ યારી આપી. પોતાની દુકાનની અડોઅડ ખાલી પડેલી દુકાન પણ ભાડે રાખી લીધી. પોતાની સાથે ભણતા અને ભણવામાં હોંશિયાર છોકરાને મદદ માટે

દુકાને બોલાવતો થયો. ભણવા જોગ અને હાથખરચી જેટલું તેને પણ મલી રહે તેવું ગોઠવેલું. તે છોકરો પણ કામગરો, પ્રામાણિક, આજ્ઞાકિંત અને શાંત સ્વભાવનો હતો. આ બાજુ વિજ્યા પણ કોલેજના છેલ્લા વર્ષમાં આવી ગયેલી. બે-ત્રણ વખત ગામમાં તો બેએક વખત શહેરમાં બંને વચ્ચે મુલાકાત થયેલી. પણ 'હાય-હેલ્લો'થી આગળ નહોતાં વધેલાં. છતાંય બંનેની આંખોમાં એકબીજા પરત્વેનો નિર્ભેળ, શુધ્ધ પ્રેમ સ્પષ્ટ રીતે છલકાતો. થોડું પરસ્પર હસી લેતાં, "શું ચાલે છે?" એમ પુછી એકબીજાની હાલની પરિસ્થિતિ - વિગતો જાણી લેતાં. બંને વિકાસના પંથે છે તે જાણી અંદરથી સંતોષ અનુભવતાં અને છૂટાં પડતાં. હવે જાણે કે બંનેમાંથી સ્પર્શ લાલસા, પ્રેમ ઘેલછા, વાસના એ સંપૂર્ણ વિદાય ના લઈ લીધી હોય તેમ તેમની વાતચીત અને વર્તન ઉપરથી સ્પષ્ટ તરી આવતું હતું. જો કે આ બેએક વર્ષના ગાળામાં જાનકીદેવીના દબાણને વશ થઈને જનકરાય બે વાર જસુને ઘેર જમવા પણ લઈ ગયેલા અને પ્રોફેસરના માર્ગદર્શન, હુંફ, સહકારથી જ તે વેપારમાં આગળ વધી શક્યો છે તે નગ્ન સત્ય હોઈને જસુ પણ શરમને લઈને, મર્યાદાને કારણે, ઉપકાર વશ હોવાથી ના નહોતો પાડી શકેલો.

જાનકી દેવીને આ છોકરો પોતાની જયા માટે ગમી જ ગયેલો. તે તો મનોમન જસુને ભાવિ જમાઈ જ માનવા માંડેલાં અને તે રીતે જ જસુને માનથી બોલાવતાં, પ્રેમથી બેસાડતાં, વાતો કરતાં, જમાડતાં. એકવાર તો એમણે ચોખ્ખું કહી જ દીધેલું.

"હવે ઘેર આવો ત્યારે તમારા બા-બાપુજીને પણ સાથે લેતા આવજો." અને પછી ફકફક હસી પડેલાં. વળી આ મુદ્દા ઉપર જાનકી દેવી દરરોજ જનકરાય સાથે પણ ચર્ચા કરતાં અને ઘણીવાર તો જીદ કરતાં, ગુસ્સે પણ થતાં.

"પંતુજી એટલે પંતુજી. લાંબી સુઝ પડે જ નહીં ને ! નજર તળે કાંકરા જેવું છોકરું છે અને ગાઈ-વગાડીને ચોખ્ખે ચોખ્ખી મારા મનની વાત કરું છું પણ સાહેબના પેટનું પાણી પણ હાલે છે ? એવું હોય તો એકાદ વાર જયંતિભાઈના ઘર બાજું આંટો મારી આવો. તમારા મોંમાં મગ ભર્યા હોય તો મને સાથે લઈ જાઓ. એ તો અમે બૈરાં બૈરાં વાત કરી લઈશું. છોકરો સંસ્કારી, તેજીલો અને સાદો-ભોળો છે. વળી તમે વાતો કરો છો એ પ્રમાણે તો નસીબદાર અને ખંતીલો પણ કહેવાય. પછી આનાથી વધારે સારું આપણી જયાડી માટે શું જોઈએ ?"

પણ જનકરાય, જાનકીની બધી વાતોમાં હા-હા કર્યે જતા હતા પરંતુ આગળ કાંઈ ડગલું માંડતા નહોતા.

"છોકરોય કેટલો દેખાવડો લાગે છે ? ઘર આંગણે તેડાવીએ તોયે શોભે તેવો છે." જાનકી જસુનાં વખાણ કરતાં થાકતાં નહોતાં. "તેની સામે આપણી જયાનો દેખાવ જુવો..! એ છોકરો પોસ્ટ ગ્રેજ્યુએટ થઈ ગયો. એકલા હાથે વેપાર ખેડે છે. અને તારી છોડી બબ્બેવાર પરીક્ષા આપી ત્યારે માંડ માંડ મેટ્રીક પાસ થઈ છે. તેનું પણ ધ્યાન રાખ." જનકરાય ચિઢાઈને જવાબ વાળતા.

"તે બૈરાને ભણીને શું કામ છે ? રોટલા ટીપવાના, ધણી સાચવવાનો અને છોકરાં ઉછેરવાનાં હોય. એમાં કયું ભણતર કામમાં આવે છે ? અને બૈરાનું રૂપ તો કેટલા વરસ ટકે ? એક બે છોકરાં થાય અને લગનનાં દસ વરસ વીતે એટલે રૂપની વાતો તો પુરી થઈ જાય." જાનકી દેવી પોતાના નિર્ણયનો બચાવ કરતાં.

"તો યે, એકબીજાનો મનમેળ તો હોવો જોઈએ ને ?" પ્રોફેસર હજુયે શરણું સ્વીકારતા નહોતા.

"તે તમે છોકરાને પુછી જુઓ અને હું આપણી જયાડીના મનનો તાગ લઈ લઉં. પછી તો તમને કાંઈ વાંધો નથી ને !" આમ જાનકી દેવી દલીલો ચાલુ રાખતાં. જો કે જનકરાયને પણ જસુ માટે માન હતું અને તેમના હૃદયના એક ખૂણામાં આ વાતની લાલસા પણ હતી. તેથી સ્તો તે જસુને પોતાના દીકરા જેવો ગણીને આગળ વધવામાં મદદરૂપ થતા હતા. છતાંયે પોતે કરેલા ઉપકારને વશ થઈને જસુ, જયા માટે હા પાડે તેવું કદી ઈચ્છતા નહોતા. તેથી જ બધું સમય ઉપર છોડી ચુપચાપ બેસી રહ્યા હતા.

પણ હવે વિજ્યાને ચટપટી ઉપડી હતી. તે ગ્રેજ્યુએટ પણ થઈ ગઈ. અભ્યાસ પણ પુરો થઈ ગયો. ઘરકામ સિવાય કાંઈ રહ્યું નહીં. નવરું મન, ચઢતું યૌવન અને જસુ તરફનો પહેલી નજર તો પ્રેમ - એ ત્રણે વાનાં ભેગાં થયાં.

હવે તો એ પણ ભણી રહ્યા. એમનું સપનું પણ પાર પડ્યું. પેઢી ના શેઠ પણ થઈ ગયા. હવે તો એમણે મારા વિશે કાંઈક વિચારવું જ રહ્યું ને !"

"શહેરની ઝાકમઝાળ, કોલેજના મિત્રો, વેપાર ધંધામાં એ મને સાવ ભુલી તો નહીં ગયા હોય ને ?"

"ના, ના મારો જસુ એવો નથી !"

"તો પછી મને મલવા કેમ નથી આવતો ?"

"તો તું સામેથી મળવા જા."

"એમ કાંઈ જવાય ? શરમ ના આવે ? મનનો માનીતો, હૈયે વસેલો, જેને ભરથાર માની બેઠી છું. એને સામેથી મલવા જવું પડે ? હું છોકરી થઈને એને મલવા જઉં એ કેવું લાગે ?"

"તો પછી ટુંટિયું વાળીને એકબાજું પડી રહે અને તે આવે તેની રાહ જોતી બેસી રહે."

"પણ હવે આ મનડું માનતું નથી, હૈયું હાથમાં રહેતું નથી, આ જુવાની ચટકા ભરે છે તેનું શું ?"

"તો કુદી પડ ! જા એને જઈને વળગી પડ."

"પણ એ નવરા પડે ત્યારે ને ? એ તો એના વેપલામાં ડૂબી ગયો છે. એની દુકાન અને એ, એ શિવાય એના મગજમાં બીજું ક્યાં કોઈ આવે છે ?"

આમ નવરી પડી વિજ્યા મનોમન વલોપાત કરતી હતી. તો સામા છેડે જસુને પણ વિજ્યાની યાદ હવે આવતી હતી. માલ વેચવા વાળા સામે પગલે દુકાને માલ ઉતારી જતા. ગ્રાહકો પણ ફીક્સ થઈ ગયા હતા. તે બધા તેની દુકાન શિવાય બીજેથી માલ નહોતા લેતાં. બીજો છોકરો મદદમાં રાખેલો તેથી જસુ હવે થોડો નવરો પણ રહેતો અને ગાદી ઉપર તકીયે અઢેલીને મોટે ભાગે બેસી રહેતો. ભણવાનું તો હવે પતી ગયેલું. એટલે બધો સમય દુકાને જ રહેતો. હિસાબ-ખિતાબ, ચોપડા, નામું, ફાઈલીંગ જેવાં કામો પણ દુકાને રાખેલ છોકરો કરી લેતો. તેથી નવરો પડતો જસુ હવે વિજ્યાના વિચારોમાં વારંવાર ડૂબી જતો.

"એક વાર એને મલી આવું. ધરાઈને એની સાથે વાતો કરી આવું અને હજુયે એના હૈયે મારા માટે એવીને એવી લાગણી છે કે મને ભુલી ગઈ છે તે તો ચકાસવું પડે ને ? અને જો તે ભાવુક થઈ જાય તો.... હા, હા. થોડી મજા પણ લુંટી આવીએ !" આમ જસુ મનમાં ને મનમાં ગલગલિયાં અનુભવતો તકીયે અઢેલી ગાદી ઉપર બેઠેલો મરક મરક હસતો હતો.

એટલામાં તો તેની સામે વિજ્યા સાક્ષાત પ્રગટ થઈ. જસુને પણ નવાઈ લાગી. "અહીં ક્યાંથી ? અને એ પણ અત્યારે ?" તે અચંબો પામી ગયો. વિજ્યા તો સેન્ડલ કાઢી સડસડાટ દુકાનની અંદર આવી ગઈ અને સાડી સંકોરી જસુને અડોઅડ ગાદી ઉપર બેસી ગઈ. "કેમ ના આવીએ ? શહેર કાંઈ તમારું એકલાનું થોડું છે ?" વિજ્યા હસતાં હસતાં મશ્કરા અવાજમાં બોલે જતી હતી. "તમને તો અમારી ખબર કાઢવાનો ક્યાં ટાઈમ મલે છે ? તમે તો હવે મોટા શેઠ થઈ ગયા ! રૂપિયો, ધંધો, દુકાન એ શિવાય બીજું કાંઈ તમને સુઝે છે ?" જસુ ખરેખર હતપ્રભ થઈ ગયેલો. શું જવાબ આપવો, શું કરવું, તે અંગે તેને કાંઈ જ સુઝતું નહોતું. થોડીવાર રહીને તે સ્વસ્થ થયો. ગલ્લા તરફ ખસી સંકોચાઈને બેઠો. પછી વિજ્યા સામે જોઈને બોલ્યો,

"કેમ એકદમ અહીં આવી ?"

"તમને મલવા." હજીયે વિજ્યા જાણે મસ્તીમાં જ હતી.

"તો યે ? બીજું કાંઈ કામ લઈને આવી છે ?"

"ના બીજું કાંઈ કામ નથી. ફક્ત તમને જોવા, મલવા જ આવી છું. ગળાના સોગંદ !" એમ કહીને વિજ્યાએ પોતાના ગળા ઉપર પાંચે આંગળીઓ ભેગી કરીને મુકી. તે જોઈને જસુ ખરેખર હસી પડ્યો. પછી બોલ્યો,

"હવે આગળ શું પ્રોગ્રામ છે ?"

"તમે કહો તેમ !" હજીયે વિજ્યાના આંખના ઉલાળા, સતત જસુના દેહને સ્પર્શ કરતું હલન-ચલન, ચહેરા ઉપર મસ્તી ચાલું હતાં.

"ક્યાં જવું છે, કહે !" જસુ હવે ગંભીર થઈ ગયેલો.

"તમે જ્યાં લઈ જાઓ ત્યાં."

"બગીચામાં જઈને બેસીએ ?"

"ચાલો" એટલું બોલીને વિજ્યા તો સડપ દઈને ઉભી થઈ ગઈ, સેન્ડલ પણ પહેરી લીધાં અને શટર બહાર આવીને ઉભી રહી ગઈ. સાથે રાખેલા છોકરાને જરૂરી સુચનાઓ આપી જસુ પણ નીકળ્યો.

બંને જણાં નીકળ્યાં બગીચા તરફ.

"ઘેર દાદીમાને કહીને આવી છે ?" રસ્તામાં જસુ અને વિજ્યા અડોઅડ ચાલ્યે જતાં હતાં. બંને થોડીવાર તો મૌન રહ્યાં. ઘડી ઘડી એકબીજાને જોઈ લેતાં, સામસામે મીઠું મીઠું હસી લેતાં, પાછી નજર ફેરવી લેતાં અને ચાલ્યે જતાં. છેવટે જસુએ મૌન તોડીને પૂછ્યું.

"હા. કહી દીધું કે તમારા ભાવિ જમાઈને મલવા શહેરમાં જાઉં છું." એમ કહીને વિજ્યાએ રીતસર ખભાથી જસુના ખભાને ધક્કો માર્યો અને મારકણુ હસી પડી. જસુ પડતાં પડતાં બચી ગયો.

"ના, ના. એવું તો તેં નહીં જ કહ્યું હોય." જસુ ખૂબ જ ગંભીર મુખમુદ્રા રાખી વિજ્યા સામે જોઈને પૂછતો હતો.

"તમારી ખૂબ યાદ આવતી હતી. હૈયું હાથ રહ્યું નહીં એટલે તૈયાર થઈને નીકળી પડી. બાએ પૂછ્યું પણ ખરું કે

"બેટા, ક્યાં જાય છે ?"

"કોલેજમાં. થોડું કામ છે." જવાબ દઈ દીધો. હોઠ સાજા તો ઉત્તર ઝાઝા. કૂતરું કાં તો ભસે કે લોટ ફાકે. મને મારા મનના મોરલા જોડે કળા કરવાની તીવ્ર ઇચ્છા થઈ ગઈ હતી તેથી કાંક તો રસ્તો કાઢવો પડે ને !"

એટલામાં બગીચાનો ઝાંપો આવી ગયો. એક ખૂણામાં વડલાના ઝાડ નીચે, ઉગાડેલી લોનમાં આ બંને પ્રેમી પંખીડાં બેઠાં. વિજ્યાએ તરત જ જસુના ખોળામાં માથું ઢાળી દીધું અને ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા માંડી. જસુ તેના બરડે હાથ પસવારતો રહ્યો. ખાસ્સી વાર સુધી જસુ વિજ્યાનાં હીબકાંનો અવાજ નિર્લેપ ભાવે સાંભળતો રહ્યો અને તેનો બરડો પસવારતો રહ્યો. અંતે વિજ્યા સ્વસ્થ થઈ બેઠી થઈ. વળી બંનેએ દૃષ્ટોદૃષ્ટ કર્યું, સ્મિતની આપલે કરી. પછી બંને થોડીવાર ગંભીર થઈ સુનમુન બેસી રહ્યાં. એકબીજાની આંગળીઓ, હથેળી પરસ્પર હાથમાં લઈને સભાનપણે રમાડ્યે જતાં હતાં. બંનેના ચહેરા ગંભીર હતા.

"તે તમને મારી યાદ કદીયે આવતી નહોતી ? મને મલવા આવવાની ઇચ્છા પણ નહોતી થતી ?" અંતે વિજ્યાએ મૌન તોડ્યું.

"એવું થોડું હોય ? યાદ તો કદી દૂર થતી જ નહોતી. અને મન મારીને ઇચ્છા દબાવી રાખવી પડતી હતી. પણ શું કરું ? ભણવાનું યે પુરું કરવાનું હતું

અને દુકાનને પણ એકલે હાથે સંભાળવાની હતી. ઘેર બાપાને ય જવાબ દેવો ના પડે ? અને પાછળને પાછળ ઉભા રહેલા પ્રોફેસર સામે પણ નીચું ના જોવું પડે એટલે દોડદોડ કર્યે જતો હતો. તારી યાદ ને લીધે તો દોડી શકતો હતો તું તો મારી શક્તિ હતી.'' જસુ ગંભીરતાથી અને હૃદયપૂર્વક બોલતો હતો. તે બાબત વિજયા એ પણ અનુભવી.

''અને મારો સ્વામી હવે શેઠ પણ થઈ ગયો ને સાહેબ પણ થઈ ગયો,ખરું ને ?'' વિજયા ખડખડાટ હસી પડી. પણ તરત જ તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. ''તારા વગર આટલાં વરસ કાઢ્યાં પણ હવે નહીં રહેવાય.'' એ રડતાં રડતાં ધીમા અને રડમસ અવાજે તૂટક તૂટક શબ્દોમાં બોલી ગઈ અને પોતાનું માથું જસુની વિશાળ છાતીમાં જાણે સંતાડી દીધું. આપોઆપ જસુના બંને હાથ વિજયાના બરડા પાછળ ભીડાયા, ભીંસાયા. હળવા આલિંગનના નિજાનંદનું બંને પ્રેમી પંખીડાં રસ પાન કરી રહ્યાં. થોડીવારે છૂટાં પડ્યાં.

''ચાલ થિયેટરમાં પિક્ચર જોવા જઈએ.''

''ક્યારે છૂટીએ ?''

''સાંજે સાત તો વાગી જાય.''

''ઘેર પહોંચતા આઠ થાય. દાદી-દાદાની રસોઈ બનાવવાની, મોટાભાઈ પણ દુકાનેથી આવી જાય. ના મેળ પડે !'' વિજયાએ ડચકારો કર્યો.

''તો હોટલમાં જમવા જઈએ.''

''હાસ્તો. હવે તો મારા શેઠ કમાય છે.'' વિજયા હસી પડી અને જસુના ગાલે તેણે હળવી ટપલી મારી. ''પણ ઘેર જઈને ખાવાનું તો છે જ !''

''તો શું કરીએ ? તું કહે તેમ !''

''બેસોને ! જોડે આમ બેસી જ રહીએ.'' અને વિજયા છેક જસુની પાસે આવી ગઈ. જાણે કે લપાઈ ગઈ !

પછી તો થોડી હળવી ધીંગામસ્તી થઈ, વાતો થઈ. લાગણીઓ વાચિક, કાયિક રીતે પ્રદર્શિત થતી રહી.

''બસ, સો વાતની એક વાત. હવે તમારા વગર હું એકલી નહીં રહી શકું.'' વિજયા જાણે હઠે ચઢી, જીદે ચઢી અને બાળક જેવી ચેષ્ટાઓ કરવા માંડી.

"ઠીક છે. તું તારા મનની વાત દાદીમાને કહે. એ એમના દીકરા વિનુભાઈ શેઠને કહેશે. પછી વડીલો કાંઈક વિચારશે."

"અને તમે શાણી સીતા થઈને મુંગા મંતર બેસી રહેશો ?"

"મારે શું કરવાનું ?"

"તમે તમારી બાને વાત કરો કે તમારું મનડું મારામાં ચોંટી ગયું છે. એટલે એ તમારા બાપાને કહેશે જ. બેય બાજુ વાત પહોંચશે તો જ કાંઈક આગળ વધશે. સમજ્યા, મારા રાજા ?" કહીને વિજયાએ જસુના ગાલ ઉપર હળવો ચીમટો ભર્યો અને લુચ્ચું હસી પડી.

"સારું. ચાલ હવે ઉઠીએ. મારે પણ દુકાને જવું પડશે. તને બસ સ્ટેશન મુકીને પછી દુકાને જાઉં." આમ કહીને જસુ ઉભો થઈ ગયો. સાથોસાથ વિજ્યા પણ ઉઠી અને સેન્ડલ પહેર્યાં, સાડી સરખી કરી, હાથથી જ માથાના વાળા સરખા કર્યા અને આગળ આગળ ચાલવા માંડી.

"એ તો મેં બસ સ્ટેશન જોયું છે. તમતમારે સીધા દુકાને જતા રહો." એમ બોલતી બોલતી વિજ્યા ઝડપથી ચાલવા માંડી. પાછળ પાછળ જસુ જાણે તણાયે જતો હતો.

ઘેર પહોંચી બીજા દિવસે નક્કી થયા મુજબ અનુકૂળ સમય જોઈને વિજયાએ દાદીમાને વાત કરી અને હૈયાની વાત બહાર કાઢી.

"મા વગરની દીકરી ! મનની વાત બાપને થોડી કહેવા જવાની હતી ? મારા આગળ દિલ ખોલ્યું. છોકરાં તો બંને ઠરેલ અને સંસ્કારી છે. અને જયંતિભાઈ અને જસવિદ્યાને હું ક્યાં ઓળખતી નથી ? હા ! ખેતીનો ભાર ખરો ! બાકી કુટુંબ, ખાનદાન અને બેયે માણસ સીધાં." આમ વિજયાના હૈયાની વાત દાદીમાએ વિનુભાઈના કાને નાખી. "કરો કંકુના બેટા. હવે રાહ ના જોવાય. તારી છોડી સાડી પહેરે છે ત્યારે તો ભડભાદર બૈરા જેવડી દેખાય છે, સમજ્યો ? જાણીતું-વીણીતુ છે. છોડીના બાપે જ પહેલ કરવી પડે. કુંવારી કન્યા માટે તો હજાર જગ્યાએ પૂછવું પડે. બાકી તો ભોળાનાથે ગોઠવ્યું હોય ત્યાં જ હાથ પીળા થાય." આમ માજી વિનુભાઈને મોડી રાત્રે સમજાવતાં રહ્યાં અને વાત વિનુભાઈના ગળે પણ ઉતરી.

તો આ બાજુ જસુને બા સાથે વાત કરવામાં સંકોચ થતો હતો. તેથી વહેલી સવારે નાહી-ધોઈ તૈયાર થઈ જયંતિલાલ સાથે ખેતર જવા ઉપડ્યો. સાંજે જ ઘેર આવીને તેણે જણાવી દીધેલું. આવતી કાલે દુકાને જવાનું નથી. રજા રાખી છે. શહેરની તમામ દુકાનો બંધ રહેવાની છે. તેથી કોઈએ કાંઈ આગળ પૂછપરછ કરી નહીં.

રસ્તામાં બાપ-દીકરો સુનમુન એકબીજા સાથે ખેતર તરફ ચાલ્યે જતા હતા. જયંતિલાલે તીરછી આંખે બે-ત્રણ વાર જસુના ચહેરા તરફ નજર ફેરવી લીધેલી. તેના હોઠ ફફડતા હતા પણ અવાજ નહોતો નીકળતો. તેને કાંઈક કહેવું હતું એમ એમને લાગ્યું. તેથી તે ઉભા રહ્યા. જસુના ખભા ઉપર હાથ મુક્યો. એકનું એક સંતાન હતું. ભણેલો-ગણેલો જણ હતો. તેની બાહોશી, ખંત, આવડત, હોંશિયારી તેણે વેપારમાં સાબિત કરી બતાવી હતી. અને અત્યારે તેના ચહેરા ઉપરની મુંઝવણ, અસમંજસતા, સંકોચ જોઈને જયંતિલાલને થોડી ચિંતા પણ થવા માંડી. તે પૂછી બેઠા.

"બેટા, શું વાત છે ? તારે મને કાંઈક કહેવું છે ?"

"હા." જસુ નીચી નજર રાખી પગના અંગુઠે ધરતી ખોતરતો હતો તે જયંતિલાલે નોંધ્યું.

"બોલ શું કહેવું છે ? સોળ વરસનો દીકરો થાય એટલે બાપે પણ તેની સાથે મિત્ર જેવો જ વહેવાર રાખવો જોઈએ. તું જેટલી નિખાલસતાથી તારા ભાઈબંધને કહેતો હોય એમ જ તારા મનની વાત મને જણાવ."

પછી તો ચાલતાં ચાલતાં જસુ તૂટક-તૂટક, અસંબધ્ધ વાક્યોમાં, મર્યાદાપૂર્વક બધી વાત કરવા માંડ્યો.

વિનુભાઈ શેઠની દુકાને જતો હતો તે વાત કરી. તેમની દીકરી ત્યાં આવેલી અને પછી બે-ત્રણ વખત મળેલાં. તેની પરીક્ષા વખતે ગણિતના દાખલા શીખવાડેલા. પછી તો તે કોલેજમાં જતો રહ્યો. તે પણ ભણતી રહી અને જસુ પણ ભણવામાં, વેપારમાં પડી ગયેલોં તે વાત કરી. એ સંજોગોમાં મળતાં નહોતાં. છોકરી દેખાવડી છે, હોશિયાર છે, કામગરી છે, સંસ્કારી છે એવી વકીલાત પણ કરી. વિનુભાઈ પણ આબરુદાર માણસ છે તેમ બોલી ગયો. વળી આપણી

નાતનાં જ છે. છોકરીની પણ હા છે. જો વાત આવે તો તેને પણ ગમે છે એમ અંતે જણાવ્યું. આખા રસ્તે કોઈ જ પ્રત્યુત્તર, પ્રત્યાઘાત આપ્યા શિવાય જયંતિલાલ જસુને સાંભળતા રહ્યા. પછી તો ખેતર આવી ગયું. જયંતિભાઈ ખેતીના કામમાં પડી ગયા. જસુ થોડીવાર ઓરડીમાં બેઠો. અને અડધો કલાક પછી "હું ઘેર જાઉં છું." એમ કહી ઘેર આવતો રહેલો.

બપોરે જયંતિભાઈ રોટલા ખાવા ઘેર આવ્યા. જમ્યા અને આડા પડ્યા. તેમની આંખ-મીંચાઈ ગયેલી. જસવિદ્યા પણ રસોડામાંથી પરવારી સાંધવાનું કામ લઈને એક બાજુ બેઠેલાં. એટલામાં તો ઝાંપો ખખડ્યો. ઝાંપાની સામે જ બેઠેલા જસુની નજર તે તરફ ગઈ. તો સામે વિનુભાઈ અને તેમનાં બા ઉભાં હતાં. માજી ઝાંપો ખોલવા મથી રહ્યાં હતાં. જસુ દોડતો ઝાંપા પાસે ગયો. "આવો, આવો" કહીને બંનેની પાછળ પાછળ પરસાળમાં આવ્યો. જસવિદ્યાબેન પણ ઉભાં થઈ ગયાં. જયંતિભાઈ પણ જાગી ગયા અને ખાટલામાં બેઠા થઈ ગયા. વિનુભાઈ જયંતિભાઈની પાસે બેઠા. માજી જસવિદ્યા બેને પાથરેલા આસન ઉપર નીચે બેઠાં. બધાંને પાણી પાઈને તે પણ માજી જોડે બેઠાં.

"હું બહાર જઈને આવું છું" એમ કહીને જસુ ઘરની બહાર નીકળી ગયો. સડસડાટ વિનુભાઈ શેઠના ઘર તરફ તેનાં ડગલાં મંડાતાં હતાં. તેણે ખડકી ખખડાવી. વિજ્યા એ જ ખડકી ખોલી. જસુ અંદર આવ્યો. આગળો ભીડી સીધી વિજ્યાને બાથ ભરીને ઉંચકી લીધી અને પરસાળનું પગથિયું ચઢી ગયો. વિજ્યા બે હાથે તેના ખભે ગુમ્બા મારવા માંડી અને ઝડપથી તેની બાથમાંથી છૂટી દૂર જઈને ઉભી રહી. તેણે સલવાર-ખમીસ પહેર્યું હતું.

"દાદા ઘરમાં છે."

"એમ ?" તે અંદર ગઈ અને બહાર આવી.

"એ તો અંદરના ઓરડે પંખો ચાલુ કરી ધસધસાટ ઉંઘે છે."

"તો ?"

"ચાલ મેડી ઉપર જઈને બેસીએ." રીતસર વિજ્યાએ જસુનો હાથ પકડીને પગથિયાંમાં ઉપર ખેંચ્યો અને મેડીનું બારણું અંદરથી બંધ કર્યું. અવાજ ના થાય તેમ બંને ઉપર ચઢી ગયાં. વિજ્યાએ રસ્તા તરફ પડતી બારી બંધ કરી, પંખો ચાલુ કર્યો. મેડા ઉપરના પલંગમાં બંને જોડાજોડ સુઈ ગયાં.

"વિનુભાઈ અને બા મારા ઘેર આવ્યાં છે." જસુ બોલ્યાં.

"મેં જ મોકલ્યાં છે. તમે વાત કરી ?"

"બાપાની સાથે સવારે જ વાત થઈ છે."

"બધા મંજુર છે ?" વિજયાએ પ્રતિપ્રશ્ન કર્યો.

"બાપા કશું બોલ્યા નહોતા. વિરોધ પણ નથી કર્યો."

"તો તો આજે આપણું પાક્કું !" અને વિજયાએ સુતા સુતા જ જસુને બાથમાં લીધો અને જસુ ના દેહ ઉપર પોતાની કમનીય કાયા ગોઠવી દીધી.

બંને પ્રેમી પંખીડાં આનંદમાં હતાં, મસ્તીમાં હતાં, રાજી રાજી હતાં અને આ અતિરેકમાં ધીંગામસ્તીએ ચઢ્યાં. મર્દન, આલિંગન, ચુંબન, સ્પર્શ વધતાં ચાલ્યાં. બંનેનાં વસ્ત્રોએ સ્થાનાંતર ભ્રષ્ટ થયાં. મદન બાણ વછુટ્યાં. "હવે તો તું મારી થઈ ગઈ જ સમજ."

"અને હવે હું તમારા હવાલે." અને આમ હૈયાં ઓતપ્રોત થયાં. મન વિહવળ થયાં. યુવાન સ્ત્રી દેહનું આકર્ષણ એમ થોડું ઝાલ્યું રહે ? અને યૌવનસભર નવયૌવના તેની દૈહિક ભૂખ ભાંગવા ભાન ભુલી. બે દેહ એક થયા. અતૃપ્ત કામી સ્ત્રી દેહે તૃપ્તિનો આસ્વાદ માણ્યો અને પુરુષ દેહે તેનું પૌરૂષત્વ સ્ત્રીત્વમાં આરોપ્યું. અને યથાર્થ થઈ બંને જીવ નિજાનંદના મહાસાગરમાં, એકમેકને બાથમાં લઈને તરવા માંડ્યા. ના કાળનું ભાન, ના સ્થળનું ભાન, ના સ્થિતિનો ભાસ ! બંને સ્ત્રી-પુરુષ દેહ એકબીજાને વીંટળાઈને અચેતન અવસ્થામાં લાંબા ગાળા સુધી પડી રહ્યા. શ્વાસોચ્છવાસની બે ધમણો જે ઉગ્ર થયેલી તે ધીમી પડતાં પડતાં હવે સાવ શાંત, સૌમ્ય, મૃદુ, એકરસ થઈ ગયેલી બંને જીવ અનુભવી રહ્યા હતા.

"બેટા, વિજયા" દાદાનો ક્ષીણ, ધીમો અવાજ ઉપર આવ્યો અને અચેતન દેહના કર્ણપટલને સ્હેજ સહજ અથડાયો. વિજયા સફાળી બેઠી થઈ ગઈ. શાંત બંધ આંખે પડી રહેલા જસુના કપાળ ઉપર હજુ એક પ્રસ્વેદ બિંદુ ચમકી રહ્યું હતું. વિજયા એ તે બિંદુ ઉપર હળવું ચુંબન કર્યું. ત્યાં ફરી દાદાનો અવાજ આવ્યો. બંને હવે જાગૃત બન્યાં. ઝડપથી સ્વસ્થ થયાં, સરખાં થયાં. "એ આવી, દાદા." કહીને વિજયા ઝડપથી દાદરનાં પગથિયાં ઉતરી હળવેકથી મેડીનું બારણું ખોલ્યું. આજુબાજુ જોયું. હજી દાદા ઉંડા ઓરડામાં જ હતા. જો કે જસુ

પણ તેની પાછળ પાછળ જ હતો. વિજયાએ હળવેકથી ખડકી ખોલી જસુને બહાર જતા રહેવા ઈશારો કર્યો અને તે બહાર નીકળી પણ ગયો. વિજયા ધીરે રહીને ખડકી આડી કરી અંદર ઓરડામાં ગઈ.

જસુ સડસડાટ પોતાના ઘર તરફ વળ્યો. તો સામે જ પેલાં બાજુવાળાં માશી નજરે પડ્યાં. તે પોતાના હૃદયનો એક ધબકાર ચુકી ગયો. પણ તરત જ તેણે પોતાને સંભાળી લીધો અને નીચી નજરે ઘેર પહોંચી ગયો.

તે છેક ઝાંપા પાસે પહોંચી ગયો ત્યારે તેના કાને જસવિદ્યા બેનના શબ્દો પડતા હતા.

“તમારી બધી વાત સાચી. અમે બધું સાંભળ્યું, બા. પણ તમારી દીકરી ભણેલી ગણેલી અને અમારે ખેતી અને ઢોરોનું કામ. આ તો સો વરસનું સગું. છોકરાંને તો આ ઉંમરે બધું ગમી જાય પણ આપણે મોટાં યે તો ઘણું લાંબુ વિચારવાનું હોય, ખરી વાત કે નહીં, વિનુભાઈ ? નાત એક છે, બેય છોકરાં રૂપાળાં-દેખાવડાં છે, બંને ઘરમાંય કાંઈ એબ નથી, છોકરાં ના જીવ મળી ગયા છે તે વાત પણ ગાંઠે બાંધી. પણ એમ ફટ દઈને અમારાથી હા પાડી દેવાય નહીં. અમારે પણ સગાં-વહાલાં ને પૂછવું પડે કે નહીં ?

“સારું, ત્યારે જે હોય તે સારા સમાચાર મોકલાવજો.” કહીને માજી ઉભાં થયાં અને પછી તો વિનુભાઈ પણ ઉઠ્યા અને જયંતિભાઈને રામ રામ કરીને ચાલવા માંડ્યા.

જસુ ઝાંપો ખોલી કોઈનીયે સામે નજર મેળવ્યા વગર ઘરમાં જતો રહ્યો. વિનુભાઈ અને માજી પણ જતાં રહ્યાં. પાછા વળતાં જયંતિભાઈ જસવિદ્યાને પૂછતા હતા,

“તે તને હા કહેવામાં શું વાંધો હતો ?”

“આમાં તમને પુરુષોને કાંઈ ખબર પડે નહીં. એ છોડીની મા નથી. આ ડોશી કેટલું કાઢવાની છે ? કાલ ઉઠીને સુવાવડ હોય તો બધુંયે મારી એકલીના માથે પડે. વળી એને ભાઈ પણ નથી. જસુડાને સાસરીમાં ક્યાં જઈને ઉભા રહેવાનું ? કોનો ટેકો ? બહેન-ભાણિયાંના વહેવાર કોણ કરશે ? છોકરાંના મોસાળમાં તો કાલે તાળુ વખાઈ જવાનું. એટલે બધુંયે સોનાનું હોય તોયે એકવાર

નહીં પણ હજારવાર એ છોડી માટે સોઈ-ઝાટકીને ના, ના અને સાડી સત્તરવાર મારી ના છે. પછી મારા ઉપરવટ જઈને તમને બાપ-દીકરાને હા પાડવી હોય તો પાડી આવો.''

આ બધું સાંભળીને જસુ તો વાઢ્યો હોય તો લોહી ના નીકળે એવો થીજી ગયો.

• • •

# 8. વિજ્યા જે'શંકરને વરી

જે નવી સ્થિતિ-પરિસ્થિતિ ઉભી થઈ તેમાં જસુને વિનુભાઈની દુકાને જવું ઠીક લાગ્યું નહીં. તેથી રાત્રે જ તેણે જાતે જ નિર્ણય લઈ લીધો કે કાલે સવારે દુકાને જવુ નથી. જરૂર પડે તો જયંતિલાલ સાથે ખેતરમાં જવું નહીંતર કાલે ને કાલે શહેરમાં જતા રહેવું. અને સવારે ઉઠતાં વેંત શહેરમાં જતા રહેવા નો વિચાર અગ્રેસર બન્યો. ઉઠીને તરત જ જસવિદ્યાબેનને જસુએ જણાવ્યું કે તે હવે શહેરમાં રહેશે.

"બેટાં, ત્યાં ક્યાં રહીશ ? ક્યાં ખાઈશ ?" જસવિદ્યાબેન પણ આખરે મા હતાં તેથી ચિંતા ભર્યા અવાજમાં જસુ ને પુછી બેઠાં.

"હું આગળ ભણીશ. કોલેજ-હોસ્ટેલમાં આજે જ એડમીશન લઈ લઉં છું." એટલું કહી જસુ નહાવા માટે બાથરૂમમાં ધુસી ગયો.

એટલામાં જયંતિભાઈ જસવિદ્યાબેન પાસે આવ્યાં. જસવિદ્યા તેમની તરફ ફર્યાં અને બોલવા માંડ્યાં.

"તમારો કુંવર હવે શહેરમાં જ રહેવાની વાત કરે છે. તમે સાંભળ્યું ?"

"હા."

"તે તમે કાંઈ એને નહીં કહો ? આગળ ભણવું છે અને હોસ્ટેલમાં એડમીશન લેવાની વાતો કરે છે. લોકોના પગ ચાટશે એના કરતાં ઘરનું સંભાળીને બેસે અને ઘરના રોટલા ખાય તો બચત ના થાય ? શરીર પણ સારું રહે અને આપણી નજર સામે પણ રહે તો આપણને પણ કાંઈ ચિંતા નહીં." જયંતિલાલ જસવિદ્યાબેનની વાતો તરફ લક્ષ આપ્યા વગર ખેતરમાં જવાની તૈયારી કર્યે જતા હતા. તે જોઈને જસવિદ્યા વધુ આકરાં બન્યાં.

"જેવો દીકરો એવો બાપ ! બે માંથી એકેયને મારી વાત ક્યાં કાને ધરવી છે ? હું તો ગુલામડી રાખેલી છું તે બનેની ચાકરી કર્યા કરું."

"જુવાન છોકરો થયો. હવે તેને ઠીક લાગે તેમ કરે. તેમાં વચ્ચે માથું નહીં મારવાનું."

"ના...ના... મને બધીયે ખબર પડે છે. કાલે મેં તમારી બંનેની ઉપરવટ જઈને પેલી ડોશીની વાતમાં નન્નો ભણ્યો તેનો બદલો લેવાય છે. પણ તમારે અને તમારા દીકરાને જેમ કરવું હોય તેમ કરો, એ વાતમાં મારી હા કદીયે નહીં થાય, સમજ્યા ? મને ખબર છે કે આ વાતમાં બાપ-દીકરો એક થઈ ગયા છો."

આવા બધા બબડાટ વચ્ચે જયંતિલાલ ખેતરમાં જવાની તૈયારીમાં અને જસુ શહેરમાં કાયમી રહેવા જવાની તૈયારીમાં પડ્યા હતા. બેમાંથી એકેય જણ જસવિદ્યાને જવાબ આપતા નહોતા. છતાંય જસવિદ્યાનો વાણીપ્રવાહ અવિરત ચાલ્યા કરતો હતો. અડધો કલાકમાં તો જયંતિભાઈ ખેતરે જવા નીકળી પણ ગયા. જતાં જતાં જસુના માથે હાથ ફેરવતા ગયેલા. બીજો અડધો કલાક વીત્યો અને જસુ પણ એક બેગ હાથમાં ઉંચકી અને હેન્ડબેગ ખભે ભરાવી એક હાથે જસવિદ્યા બેનને પગે લાગી ઘરની બહાર નીકળી ગયો. મોં ફુલાવીને બબડતાં બબડતાં જસવિદ્યાબેન ઝાંપો વાખીને ઘરકામમાં વળ્યાં.

જસુભાઈ શહેરમાં ઉતર્યા. સીધા પોતાની દુકાન ઉપર ગયા. તેમનો મિત્ર દુકાન ઉપર હતો. હેન્ડબેગ અને બેગ બાજુએ મુકી જસુ મિત્ર સાથે વાતે વળગ્યો. એટલામાં તો જનકરાય પ્રોફેસરનું સ્કુટર દુકાન પાસે આવીને ઉભું રહ્યું. બંને મિત્રોનું તેમની તરફ ધ્યાન ખેંચાયું. તેમનો ચહેરો હસતો લાગ્યો. તેથી ચિંતાનું કાંઈ કારણ નથી તેમ જસુને લાગ્યું. સ્કુટર સાઈડમાં પાર્ક કરીને જનકરાય દુકાનમાં પ્રવેશ્યા. જસુના મિત્રએ ઉભા થઈ ખુરશી ખાલી કરી આપી. પ્રોફેસર ખુરશી ઉપર બેઠા.

"પાણી લાવું ?" જસુએ વિવેક કર્યો.

"ના...ના... ઘેરથી સીધો જ અહીં આવું છું."

"શું સેવા હતી ? કહો, વડીલ." જસુએ નમન મુદ્રા કરી પ્રતિપ્રશ્ન કર્યો.

"વાત તો બહુ લાંબી છે. અહીં મજા નહીં આવે." કહીને પ્રોફેસર જસુના મિત્ર તરફ નજર કરી.

"એમનો કાંઈ વાંધો નથી. મારો ખાસ મિત્ર છે અને આ વેપાર-ધંધામાં ભાગીદાર પણ છે." જસુએ સ્પષ્ટતા કરી.

"પણ તમે ફ્રી હોવ તો ઘરે જ આવો ને ?" પ્રોફેસર ગુંચવાતા હતા અને

તૂટક તૂટક શબ્દોમાં કહેતા હતા. કાંઈક મુંઝવણ તેમના મનમાં છે તે વાત તેમનો ચહેરો જોઈને જસુ સ્પષ્ટ રીતે તારવી શક્યો.

"ઠીક છે. હું હમણાં જ આવ્યો છું. થોડું માલ-વેચાણ-ખરીદી-હિસાબનું સમજી લઉં પછી કલાકમાં ઘેર પહોંચું."

"હા, ચાલશે. હું પણ ત્યાં સુધીમાં મારું કામ પતાવીને ઘેર આવી જઈશ." એમ કહીને જનકરાય ખુરશીમાંથી ઉભા થયા અને દુકાનની બહાર નીકળ્યા. સ્કુટર પાસે ગયા. વળી પાછા આવ્યા અને બોલ્યા "તમારે જમવાનું મારે ઘેર જ છે. લાંબી ચર્ચા થશે તેથી ત્રણ-ચાર કલાક લાગશે તે ગણત્રીએ જ નીકળજો." આમ કહીને પ્રોફેસરે પોતાનું સ્કુટર ચાલુ કરી સડસડાટ મારી મુક્યું.

"આને વળી પાછું મારું શું કામ હશે ?" એવા વિચારમાં જસુ ચઢી ગયો. "મારે કોલેજ-હોસ્ટેલના એડમીશન માટે જવું હતું અને વળી વચ્ચે ક્યાંથી ટપકી પડ્યા ? હશે, ભગવાન કરે તે સારા માટે ! તેમની પણ સલાહ-માર્ગદર્શન લઈ લઉં અને સારી કોલેજ-હોસ્ટેલની માહિતી પણ મલી જશે. એવું હશે તો પ્રોફેસર ફોન કરીને ભલામણ પણ કરે એવો માણસ પણ છે." આમ વિચારી જસુ મિત્ર સાથે ધંધાકીય ચર્ચામાં પડ્યો. પછી માલના ઓર્ડર ફોન ઉપર આપ્યા, ઉઘરાણી માટે ફોન થયા, વેચાયેલા માલની ડીલીવરી પણ ટેમ્પા, હાથલારી, રીક્ષાઓ ઉભી રાખીને મોકલી દીધી. માલ ખરીદી થયેલી તેના પેમેન્ટના ચેક તૈયાર કર્યા. આમને આમ દોઢ-બે કલાક વીતી ગયા. હાથના કાંડે બાંધેલી ઘડિયાળ તરફ નજર ગઈ તો જસુ ઝબકીને જાણે જાગ્યો, "અલ્યા, હવે મારે જવું પડશે. દવે સાહેબ મારી રાહ જોઈ રહ્યા હશે. હવે આગળનું તું સંભાળી લેજે." એમ પોતાના મિત્ર/ભાગીદારને કહીને જસુ રોડ ઉપર જતી રીક્ષા ઉભી રાખી તેમાં તાબડતોબ બેસી ગયો.

અને તે પ્રોફેસરના બંગલે ઉતર્યો. ત્યારે ખરેખર જનકરાય તેની રાહ જ જોતા હતા અને બંગલાના ઝાંપાથી બારણા વચ્ચે આંટા ફેરા મારતા હતા. તેમની નજર રીક્ષા ઉપર પડી. ઉતરતા જસુ ઉપર પડી. "લ્યો, એ આવી ગયો. ચાલ ભાઈ ચાલ. જમવાનું તૈયાર જ છે. પહેલા જમી લઈએ." કહીને ઝાંપો ખોલી જસુ અંદર પ્રવેશ્યો તેની પાછળ પાછળ તે બંગલામાં આવવા લાગ્યા. વોશબેઝીનમાં હાથ મોં ધોઈ જસુ બહાર આવ્યો. પ્રોફેસર નેપકીન લઈને સામે

જ ઉભા હતા. પછી બંને જણા ડાઈનીંગ ટેબલ ઉપર ગોઠવાયા. જાનકીદેવી અને જયાએ બંનેને ફટાફટ પીરસી દીધું. જયા આવતાં-જતાં, જસુની પાસે જતાં શરમાતી હતી. તે જોઈને જાનકી દેવી મરકમરક હસતાં હતાં. તે આજે ખૂબ જ ખુશખુશાલ લાગતાં હતાં.

"બરાબર જમજો." જાનકી દેવી બોલ્યાં, "અમારી જયાએ બનાવેલી રસોઈ છે." આમ કહીને જસુ સામે થોડીવાર જોયું અને પછી પ્રોફેસર સામે જોઈને હસી પડ્યાં.

જયા કશુંયે બોલતી નહોતી પણ પ્રોફેસરની બાજુમાં નીચું મોં કરીને પગની આંગળીઓ હલાવતી ઉભી રહી હતી. ઘડી ઘડી બંનેની થાળીમાં જોઈ લેતી કે કોઈ આઈટેમ ખલાસ તો નથી થઈને ! પરંતુ જાનકી દેવીની ચકોર અને અનુભવી આંખો આગોતરું અનુમાન કરીને શાક, દાળ, પુરી, કચુંબર જેવી આઈટેમો લઈ આવતાં અને "ના ના" કહેતા રહે છતાંયે પીરસી દેતાં. તેથી જયાના ભાગે તો ખાલી થયેલા પાણીના ગ્લાસ ભરવાની જ કામગીરી રહેતી. આમ જમવાની કામગીરી પતાવી બંને જણ ડાઈનીંગ ટેબલ ઉપરથી ઉભા થયા અને સામેના સોફા ઉપર ગોઠવાયા. જયા મુખવાસની ડબ્બી લાવી. તેને બંને જણે ન્યાય આપ્યો.

થોડીવાર બંને વચ્ચે ચુપકીદી રહી. અંતે જસુ એ જ વાતનો દોર શરૂ કર્યો,

"બોલો, સાહેબ શું વાત હતી ?"

"હા, હા. પાછું તમારે દુકાને કામ હશે નહીં ને ? મેં તો આજે રજા જ રાખી છે." કહીને પ્રોફેસર સોફા ઉપરથી ઉભા થયા અને બોલ્યા, "ચાલો, અંદર બેસીએ. શાંતિથી વાત થાય." એમ કહીને તેમના બેડરૂમ તરફ ચાલ્યા અને પાછળ આવવા જસુને પણ ઈશારો કર્યો. બંને બેડરૂમમાં પ્રવેશ્યા. જનકરાય પલંગમાં આડા પડ્યા. જસુ પાસેની ખુરશીમાં ગોઠવાયો અને પ્રોફેસર તરફ જોઈ રહ્યો.

"જસુ, મને તારા માટે માન છે. વળી તું નાતીલો છે. મહેનતું, પ્રામાણિક અને શાંત સ્વભાવનો છે. આગળ વધવાની ધગશ પણ તારામાં છે. એટલે મને

તારા તરફ વિશેષ લાગણી છે.'' પ્રોફેસરે ભાષણ ચાલુ કર્યું અને જસુ નિર્લેપભાવે સાંભળી રહ્યો.

''હમણાં મારા એક મિત્ર ગુજરી ગયા. અઠવાડિયું થયું હશે. મૂળ વેપારી માણસ પણ દિલનો રાજા ! અમારી કોલેજમાં ફંકશનોમાં તેમને હું ઘણીવાર આમંત્રણ આપતો. છોકરાઓને ઈનામ આપવાનું હોય, કોલેજમાં કાંઈ જરૂરિયાત હોય, નાટક હોય, મેળાવડો હોય, એ ભાઈ મારી વાત ટાળે નહીં અને અવશ્ય હાજરી આપે. ફક્ત હાજરી જ આપે એટલું જ નહીં પણ પોતાના તરફથી ઈનામોની જાહેરાત કરે. ડોનેશન-દાનની જાહેરાત કરવામાં પણ પાછું વળીને જુવે નહીં. તેને લીધે કોલેજ સંચાલકો, પ્રિન્સિપાલ, વિદ્યાર્થીઓમાં તેમની શાખ વધેલી. વળી મારા મિત્ર તરીકે તેઓ પોતાની ઓળખ આપતા, મારા આમંત્રણને માન આપીને આવેલા તેમ કહેતા તેથી મારા કોલર પણ ઉંચા રહે અને સૌ કોઈ મને પણ તેટલા જ માનથી જોતા થયેલા. તેમની વેપારી પેઢી શહેરમાં ખૂબ મોટી ગણાતી અને વેપાર-ધંધામાં પણ તેમણે એટલી જ નામના કાઢેલી. તેમને એકનો એક દીકરો. એકનું એક સંતાન હોય, ઘરમાં પૈસાની છનમછના હોય, લાડેકોડે ઉછેર થયેલો હોય, તેથી કોઈ તેની વાતનો વિરોધ કરે નહીં. જેથી નાનપણમાં જ જિદ્દી થઈ ગયેલો. આગળ જતાં ભણ્યો પણ નહીં. માંડ માંડ દસમું પાસ કર્યું. મિત્રોની સોબત થઈ. રાત્રે મોડે સુધી રખડવાનું શરૂ થયું. પછી તો પત્તા રમવાનું, દારૂ પીવો, માંસ-મચ્છી ખાવાં એ બધું રોજિંદુ બની ગયું. નવી બાઈક ખરીદી અને સવાર-સાંજ, બપોરે-રાત્રે મિત્રો સાથે ફર્યા કરતો. મારામારી, ગુંડાગર્દીના રવાડે ચઢી ગયો. છોકરીઓનાં લફરાં ઉભાં થયાં. એક વખતે ખૂબ પી ગયેલો, છતાંયે બાઈક લઈને નીકળી પડ્યો. છોકરીના લફરામાં કે ઉઘરાણીયાઓ સાથે મારામારી કરી બેઠો. માથામાં ખૂબ વાગેલું. લોહી દદડે. દવાખાને દાખલ કર્યો. પણ બચ્યો નહીં. વીસ વરસનો એકનો એક દીકરો આ નામી શેઠે ખોયો. ત્યારથી જ શેઠ મનથી નબળા પડી ગયેલા. છતાં ધંધામાં જીવ પરોવી રાખતા અને દુઃખ ભૂલવાનો પ્રયત્ન કરતા. એમને એમ બીપીનું દર્દ પેઠું. ઘેર ઘરવાળાંનો દુઃખી ચહેરો જોતા અને મનમાં ને મનમાં કકળી ઉઠતા. પણ હવે શું ? જે થવાનું હતું તે તો થઈ ગયું. એક વાર પેઢી ઉપર બેઠા હતા અને એટેક આવ્યો. પાંચ-દસ મિનિટમાં તો ખેલ ખલાસ !

માણસ ઘણો ભોળો, માયાળું, દયાળું, મહેનતું ! બધાં સાથે તેને સારાં સંબંધો. બેસણામાં હજારેક માણસ આવેલું. હું પણ ગયેલો.'' પ્રોફેસર વાત કરતાં કરતાં અટક્યા.

જસુને હજુ એ વાતની ખબરના પડી કે સાહેબ તેમના મિત્રની આ વાત તેને શું કામ સંભળાવે છે ? છતાંય તેણે શાંતિ રાખી. કશુંયે બોલ્યા વગર તે પ્રોફેસર સામે જોઈ જ રહ્યો. થોડીવારે પ્રોફેસરે ફરી શરૂ કર્યું.

''વાત એમ છે જસુભાઈ શેઠ, એ મારા મિત્રની પેઢી ઉપર કોઈ બેસનાર નથી. તેથી આવી ધરખમ પેઢી વેચવા કાઢી છે. અને તમારે તે પેઢી ખરીદી લેવાની છે.'' પ્રોફેસર અડધા બેઠા થઈ ગયા અને જસુ સામે જોઈને હસતાં હસતાં બોલવા લાગ્યા. જસુને એમ લાગવા માડ્યું કે દવે સાહેબ તેની મશ્કરી કરે છે. છતાંય ચહેરાના અને મનના આંતરીક ભાવ સંતાડી સામે થોડું હસ્યો. તે જોઈને વળી સાહેબે આગળ ચલાવ્યું.

''પેઢી મોખાની જગાએ છે. નોકર-ચાકર-મુનીમ બધા વિશ્વાસુ માણસો છે. ખરીદી અને વેચાણનું માર્કેટ વર્ષો જુનું જામેલું છે. વળી પેઢીની શાખ પણ ખૂબ ઉંચી છે. ફક્ત વહીવટ જ સંભાળવાનો છે. અને તે ક્ષમતા મેં તમારામાં જોઈ છે તેથી તમને કહું છું. મશ્કરી નથી કરતો. આગળ વધવાની તક સામેથી આવીને ઉભી છે તો ઝડપી લો, ભાઈ !'' ફરી પ્રોફેસર અટક્યા અને જસુનો ચહેરો વાંચતા હોય તેમ તેની સામે તાકી રહ્યા. પણ તેમણે જોયું કે જસુ નિર્લેપ ભાવે, એક ચિત્તે તેમને સાંભળી રહ્યો હતો. વિશેષ કાંઈ જ નહીં.

''જુઓ ભાઈ, આવડી મોટી પેઢી અને શહેરની વચ્ચોવચ આવેલી છે. ધીકતો ધંધો છે. આ તો મુખ્ય માણસ જતો રહ્યો અને હવે સાચવનાર કોઈ નથી તેથી કાઢી નાખવી પડે એવું જ છે. જો તમારા જેવો હોંશિયાર દીકરો હોત અને જીવ્યો હોત તો બેઠા બેઠા કમાવાનું હતું. પણ શેઠનાં નસીબ ! તેથી ઝાઝુ વિચાર્યા વગર જસવંતલાલ કરો કંકુના. કિંમત સાવ નાખી દેવા જેવી મુકી છે. હવે આવી જગા અને આટલી મોટી પેઢીના છ-સાત લાખ તો માંગે જ ને ?''

''પણ પૈસા ક્યાંથી લાવવા ?'' જસુથી ધીમા અવાજે બોલાઈ ગયું.

''હા. એ વાત તો ખરી.''

"વળી ઘેર પણ પૂછવું તો પડે ને ! આટલો મોટો સોદો ?"

"હા, હા. એમાં પણ ના નહીં." પ્રોફેસર થોડું અટક્યા. "મારેય બે છોકરા ડૉક્ટર, એન્જિનિયરનું ભણે છે. દીકરીનાં લગન પણ કરવાનાં બાકી છે. આ બંગલાની લોન હજુ તો ભરું છું. એટલે મારાંથીયે કાંઈ બને તેમ નથી. પણ તમે બેંકની લોન લઈ લો. બેકાર ગ્રેજ્યુએટ તરીકે લોન મળશે અને ખરીદવાની પેઢીનો દસ્તાવેજ જ બેંકમાં ગીરો મુકી દેવાનો. બે સક્ષમ મિલ્કતવાળા જામીન જોઈએ તો એક હું છું અને બીજા તમારા બાપુજીને તૈયાર કરો. આજે જ શેઠાણી અને મુનીમને મલી લો અને કાગળીયાં તૈયાર કરાવો. બેંકની લોન મંજુર થાય એટલે દસ્તાવેજ કરી દેવાનો. પેઢી ઉપર બેસીને કમાઓ અને બેંકના હપ્તા ભર્યે જાઓ. કોઈનીયે સામે હાથ લાંબો કરવાનો નહીં અને મિલ્કત ઉભી થઈ જાય. બોલો હવે કાંઈ વાંધો છે ?"

"સારું, ઘેર પુછી જોઉં અને વિચારીને કાલે બધાને મલવાનું રાખીએ." કહીને જસુ ખુરશી ઉપરથી ઉભો થવા લાગ્યો. ત્યાં તો જાનકી દેવી બેડરૂમમાં આવ્યાં.

"શું શીખવાડો છો ?" એમ કહેતાં હસતાં હસતાં અંદર આવ્યાં અને જસુ સામે જોઈને બોલ્યાં, "પુરો એક કલાકનો પિરિયડ લઈ લીધો હશે. કંટાળી ગયા ને ? બેસો જયાએ ચા મુકી છે. ચા પી ને જ જાઓ." અને જસુ ખુરશી ઉપર ફરી ગોઠવાયો. ચા ને ન્યાય આપીને તેણે પ્રોફેસર સામે જોયું અને બોલ્યો,

"હાલની ચાલુ દુકાનોનું શું કરવાનું ?"

"આપણી પેઢીમાં ભેળવી દેવાની અને ભાડાથી રાખેલી દુકાનો છે તે ખાલી કરી નાખવાની, સમજ્યા ?"

"જી" કહીને જસુ ઉભો થવા જતો હતો ત્યાં ફરી પ્રોફેસર બોલ્યા, "આ પેઢી ઉપર તમને ફુલ નવરાશ રહેશે. આગળ ભણવું હોય તો પણ ભણી શકશો."

માથુ હલાવી હા પાડીને જસુ ઉભો થયો. પ્રોફેસર જાનકી દેવી અને જયા તેને મુકવા છેક ઝાંપા સુધી આવ્યાં.

સાંજે જસુ ફરી ઘેર ગામડે આવ્યો. ઝાંપામાં જસુને જોઈને જસવિદ્યાબેનને નવાઈ લાગી. જયંતિભાઈ પણ ખાટલામાંથી ઉભા થઈ ગયા. "કેમ આજે જ

પાછો ?'' એમ બોલ્યા પણ ખરા. પણ જસુએ કાંઈ જવાબ ના આપ્યો. જમી પરવારીને ત્રણે જણાં સાથે બેઠાં. જસુએ આખા દિવસ દરમિયાન થયેલી વિગતો જણાવી. પ્રોફેસરની, પેઢીની ખરીદીની, લોનની, જામીનની વિગતવાર વાત કરી. ''ભાઈ તને ઠીક લાગે તેમ કર.'' એ જયંતિભાઈનો ફાઈનલ જવાબ હતો. ત્યારે જસવિદ્યાબેન કાંઈક જુદી જ ગણત્રીમાં પડી ગયેલાં અને જસુના માથે હાથ ફેરવી કહેતાં જતાં હતાં,

''પ્રોફેસર ભણેલો, ગણેલો છે. વળી વગ વાળો પણ છે. તેના છોકરા પણ સારું ભણે છે. એ બધાંયે દુનિયા જોઈ છે. વળી અનુભવી પરગજુ અને સાલસ સ્વભાવનો છે. નાતમાં બોલકો ગણાય પણ તેની ગણત્રી ઠરેલમાં થાય છે. એટલે તું તારે એના પગલે ચાલ. તારા બાપાને તો હું સમજાવી દઈશ. તું કહીશ ત્યાં સહી કરી આપશે. તું તારે આગળ વધીને કર ફતેહ ના !

અને રાત્રે જસવિદ્યાએ એમના ગણિતમાં જયંતિલાલને બધું સમજાવ્યું અને જયંતિલાલ માની પણ ગયા. સવારે બાપ-દીકરો વહેલા શહેરમાં આવી પણ ગયા. જનકરાયને સાથે રાખી ને પહેલા શેઠાણી અને મુનીમને મલ્યા. પછી બેંક મેનેજરને મલી આવ્યા. ખાવા-પીવાનું તો પ્રોફેસરના ઘેર જ થયું. બીજા દિવસે તો સાથે જસ-વિદ્યા પણ આવેલાં. તેમને જયામાં રસ હતો. આવું સારું સગું, સારું ઘર અને તે પણ પાછું નાતનું જ ! છોડી દેખાવમાં થોડી કમ પણ જસુ જુથમાં પડી જાય. ભવિષ્યમાં એકલો ના પડે. સુખે-દુઃખે ટેકો રહે. આમ જયંતિલાલને પણ ત્રણ-ચાર વખત આવવું પડ્યું. જનકરાય તો સાથે હોય જ. એક-બે વાર જસવિદ્યાબેન પણ આવેલાં અને જાનકીબેન સાથે તેમને પણ ઘરોબો થઈ ગયેલો.

બધું સમું સુતરું પાર પડ્યું. શેઠાણી અને મુનીમે પણ બધી વાતોમાં હા ભણી અને બેંક મેનેજરે પણ માંગ્યા મુજબ લોન મંજુર કરી આપી. પેઢીનો દસ્તાવેજ પણ થઈ ગયો. અને જસુભાઈ ખરેખર મોટી પેઢીના માલિક, શેઠ થઈ ગયા.

આ બાજુ જાનકી દેવીને ચટપટી ઉપડેલી અને સામા છેડે જસવિદ્યાને રઘવાટ ઉપડેલો. આમ છતાં કોઈ સામસામે ઘણી વખત મલ્યાં પણ મન ખોલીને વાત નહોતાં કરતાં. જસવિદ્યા જયંતિલાલને ઘોંચ પરોણા કર્યા કરે અને જાનકી

દેવી પ્રોફેસરનું માથું ખાધા કરે. અંતે પ્રોફેસર સપત્ની જયંતિલાલના ઘેર આવેલાં અને જયા અને જસુભાઈ નું વેવિશાળ થયેલું.

આ વેવિશાળની વાત વિજયાના કાન સુધી પહોંચી. સાંભળીને તે ખૂબ અકળાઈ, જસુ ઉપર ખૂબ ગુસ્સો પણ ચઢ્યો. તેની પોતાની ઉભી થયેલી નાજૂક સ્થિતિની અકળામણ તો પાર વગરની હતી જ. હવે તો દરરોજ પેલાં બાજુવાળાં માસી અને દાદીમા કલાકો સુધી વાતો કરતાં હતાં. ઘરમાં આવતા ત્યારે વિનુભાઈનો ઉદાસ, દુઃખી ચહેરો જોઈને પણ વિજયાનો જીવ બળીને ખાક થઈ જતો હતો. પેટમાં ભાર લાગતો હતો. ભૂખ અને ઉંઘ તો વેરણ થઈ ગયાં હતાં. કોલેજમાં જવા-આવવાનું યંત્રવત્ થતું હતું. મનના મોરલાને મલવાની વાત તો બાજુ ઉપર રહી, તેને જોયે પણ બે મહીના ઉપરનો સમય વીતી ગયેલો. આ વખતે તો માસિક પણ નહોતું આવેલું અને ઉપર દસ-બાર દહાડા વીતી ગયેલા, તેનું પણ ટેન્શન હતું.ઘરકામમાં પણ જીવ ચોંટતો નહોતો. દાળ-શાકમાં મીઠું-મરચું ઓછું વત્તું પડી જતું. રોટલી દાઝી જતી, દાળનો વઘાર કરવાનો ભુલી જતી. કપડાંમાં કાંતો સાબુ ઘસ ઘસ કરતી કે સાબુ લગાવ્યા વગર ધોકા મારમાર કરતી. વાસણ માંઝેલાં હોય તે ફરી ધોવા બેસી જતી. કચરો વાળીને ડસ્ટબીનમાં નાખવા જવા ને બદલે છેક બહાર રસ્તા ઉપર નાખી આવતી. તેની આંખોની આજુબાજુ કાળાં કુંડાળાં થઈ ગયાં હતાં. શરીર જાણે સાવ થાકી ગયેલું લાગતું હતું. શરીરમાં તાકાત જ રહી નહોતી. મન તો સાવ પડી ભાંગ્યું હતું. બસ, એક જ ઈચ્છા થતી હતી કે કોઈના ખોળામાં માથું મુકીને ધરાઈને રોઈ લઉં. પણ એવું કોઈ નહોતું હવે તો દાદીમાના ચહેરા ઉપર પણ તેને પહેલા જેવી લાગણી-પ્રેમ દેખાતાં નહોતાં. પિતાજી પણ પહેલાંની જેમ ક્યાં માથે હાથ મુકતા હતા ? જાણે આખું જગત તેના વિરુદ્ધમાં પડી ગયું હોય તેમ તેને લાગતું હતું. કોઈ કોઈ વાર તો મનમાં ખરાબ વિચારો આવી જતા. શાક સમારતાં સમારતાં ચપ્પાથી કાંડાની ધોરી નસ કાપી નાખવાની ઈચ્છા થઈ આવતી. ગામના ખાલી કૂવા પાસે રાત્રે જઈને તેમાં ભૂસકો મારવાનું મન થતું. માંડ એક રોટલી, થોડું શાક બપોરે ખાતી. રાત્રે તો ''ભૂખ નથી'' કહીને ઘણીવાર સૂઈ જતી. અને આ બધી તકલીફો વચ્ચે જસુના વેવિશાળની ઉડતી વાતો મલી અને વિજયાનું સાવ ફટક્યું.

"સાવ બાયલો પાક્યો. મા નો છેડો ના છૂટ્યો અને મને રખડતી કરી. મારી દાદી અને બાપો તો સામે પગલે કરગરતાં ગયાં અને મારા કહેવાથી એ પથરા જેવાં માણસો આગળ ખોળો પાથર્યો. પણ જડ તો જડ જ રહ્યાં. નન્નો તો ના ભણ્યાં એટલું જ, બાકી સમજદાર તો તરત સમજી જ જાય ને ? બાપા અને દાદી બધું સમજી ગયેલાં, એટલે તો ઉભાં થઈ ગયેલાં. પછી મારાંનો વાંક કેમ કઢાય ? તે દિવસે બપોરે જ આવેલો. હું યે મુઈ ગાંડી ગંતર થઈ ગયેલી તે એને વળગી પડી અને ભાન ભુલી ! હશે, જે થવાનું હતું તે થયું. પણ કાલે સવાર પડે એટલી વાર. ગમે ત્યાંથી એ ભડવાને શોધી કાઢું અને એની ફેંટ પકડું. એ એના મનમાં સમજે છે શું ? વેવિશાળ એક બાજુ રહ્યું, એનો હાથ પકડીને કોર્ટમાં જઈને લગન કરી લઉં. પછી તો એની મા ના હાથ હેઠા પડશે ને ? અને પછી એ પણ થોડું બીજું લગન કરવા જશે ?

પેલા પ્રોફેસરની છોડીમાં શું ભલીવાર છે તે આ ભાઈએ હા પાડી હશે ? બહાર તો એવી વાતો થાય છે કે આ છોકરીના દેખાવમાં કે ભણવામાં કાંઈ શક્કરવાર નથી. બહાર વાતો થાય છે કે પ્રોફેસરે ઘેર બોલાવીને બે-ત્રણ વાર સારું સારું ખવડાવ્યું અને દુકાન નાખવામાં, ભણવામાં, પેઢી ખરીદવામાં પાછળને પાછળ દોડેલો, એટલે ભાઈ ફસાયા. બીજું શું ? ખાવામાં કાંઈક ખવડાવી પણ દીધું હોય ! પછી તો એની આંખે ભાળે અને એની વાતોમાં હા એ હા કર્યા કરે. અને પ્રોફેસરે એનો હલકો માલ આમ ભટકાડી દીધો હશે."

પણ પાછા તેના વિચારો બદલાતા.

"જસુને મોટા શેઠ બનવાનું સપનું તો મેં જ બતાવેલું ને ? એ જીવ તારા વચનને કેમ ઉથાપે ? મોટા શેઠ બનવા ભણવું પડે, દુકાન ચલાવવી પડે, મોટી પેઢી પણ ખરીદવી પડે કે નહીં ? અને આ જણ તેને મદદ કરતો, ટેકો કરતો, તેનું સપનું સાકાર કરવા સાથે ને સાથે દોડતો પણ હતો. અને તેં સોંપેલું કામ એણે તો કરી દેખાડ્યું ને ? વળી એ વાત પણ આવેલી કે છોકરી જોવા જવા, છોકરી સાથે વાતો કરવા, છોકરીને લઈને બહાર ફરવા જવા, પિક્ચર જોવા જવા બંને પક્ષેથી ઘણીવાર તક મલેલી પણ જસુએ ક્યાં તૈયારી બતાવેલી ? બધી વખતે નન્નો જ પકડી રાખેલો ને ? એની મા આગળ કાંઈ બોલી શક્યો નહીં અને ઉપરવટ જઈ મારો હાથ પકડવાની જીદ ના પકડી એટલો એનો વાંક !"

"પણ એ વાંક નાનો સુનો છે ? એવું ગજું નહોતું તો તે દિવસે મેડી ઉપર પાછળ પાછળ કેમ આવેલો ? આવ્યો તો આવ્યો પણ...!"

"તેં એને જકડીને તેં પકડેલો અને તારી જાત ઉપર તેં જ તાણીને નાખેલો, એનું શું ?"

"જે હોય તે. કાલે તેને ગમે તે ભોગે, ગમે ત્યાંથી પકડવો છે. એની મા સામે બેઠી હોય તો પણ કોલર ઝાલીને ઉઠાડીશ. પ્રોફેસરના ઘેરથી પણ હાથ પકડીને ઉઠાડીશ. પેઢી ઉપર હશે તો પણ ઉભો કરી દઈશ. એ મારો હતો, મારો છે અને એને મારો એકલીનો બનાવીને જ રહીશ. હવે તો દાદીમા, બાપા કે બાજુવાળાં માશી કાંઈ આડું અવળું બોલશે તો તેમને બધાંને પણ ચોખ્ખે ચોખ્ખું સંભળાવી દઈશ કે એ મારો ધણી છે."

અને આવા વલવલાટમાં મોડી રાત સુધી વિજ્યા પડખાં ફેરવતી રહી, વિચારતી રહી, બબડતી રહી. મોડી રાત્રે આંખ મીંચાઈ. પણ સ્વપ્ન સૃષ્ટિમાં સરી પડતી, કાં તો અર્ધતંદ્રાવસ્થામાં વિચાર-ચિત્રો જોતી રહેતી. ઘડીકમાં જસુને વહાલ કરતી. તેનાં પડખે લપાઈ જતી, તેના દેહના ફરતે અસંખ્ય ચુંબનોનો વરસાદ વરસાવી દેતી. તો ઘડીકમાં જસુ સામે ગુસ્સાભરી નજરે જોઈ રહેતી, તેના બંને ગાલ ઉપર વારાફરતે જોરજોરથી થપ્પડો મારતી, તેની છાતીમાં ગુંબા મારતી. પછી તેની સામે ઉભી રહી નીચી નજરો રાખી ધરાઈને રડતી. તેનાં આંસુ જસુના પગનાં પાવલાંને પખાળતાં તે તેની શુષ્ક નજરે જોઈ રહેતી. તો ઘડીકમાં જસુની પાછળ આવી તેના બરડે લપાઈ જતી અને તેના બે હાથની હથેળીઓથી જસુની આંખો દબાવી દેતી અને ખડખડાટ હસી પડતી. તો ઘડીકમાં ઉભેલા જસુના પગ પાસે નીચે પલાંઠી વાળીને બેસી જતી અને પછી ડોક ઉંચી કરી જસુ સામે જોઈને મરક મરક હસતી, આંખો નચાવતી. કમર ઉપર બે બાજુ બે હાથ રાખી, લટકાં-મટકાં કરતી. સ્વપ્નમાં જસુ રાજાના ડ્રેસમાં ઘોડેસવાર થઈને તેની સામે આવતો જુવે છે. એક હાથમાં ઘોડાની લગામ છે, માથે સાફો બાંધેલ છે, કેડે તલવાર લટકે છે, પગે ચુડીદાર પાયજામો છે, ડીલે રેશમી ઝભ્ભો છે, ઝભ્ભાનાં બટન સોનાનાં છે. જસુની નજર તેની સામે જ છે. ઘોડો રવાલમાં છે. તેણે પોતે પાનેતર પહેરેલું છે. પાનેતરનો છેડો માથે ઓઢેલો છે. તે મુક-અવાકશી રસ્તા વચ્ચે ઉભી છે. હવે તો ઘોડો છેક તેની નજીક આવી ગયો છે.

જસુ એક હાથ લંબાવી તેને કેડમાંથી ઝાલી લે છે, ઉંચકે છે અને ઘોડા ઉપર, આગળ, પોતાના ખોળામાં બેસાડી દે છે.

"ક્યાં લઈ જાય છે ?" ગભરાયેલી અવસ્થામાં તે પૂછી બેસે છે. "આ આકાશ અને ધરતી જ્યાં ભેગાં થાય ત્યાં ?" જસુ પુરા જુસ્સાથી બોલે છે. તેની નજર સામે છે, વિજ્યાની નજર જસુના ચહેરા ઉપર છે. અને એકદમ ઘોડો અટકી જાય છે. જસુ લગામ જોરથી ખેંચે છે. વિજ્યા પણ આંચકો અનુભવે છે. તેની નજર જસુના ચહેરા ઉપરથી હટી જાય છે. તે રસ્તા ઉપર જુવે છે. તેણે જોયું કે રસ્તાની વચ્ચોવચ જસુની મા ઉભેલી છે. જસુ તેને ઘોડા ઉપર સુવાડી પેંગડામાં પગ ઘાલીને ઘોડા ઉપરથી નીચે ઉતરી જાય છે. જસુને તેની મા પાસે જતો વિજ્યા જોઈ રહે છે. આ બાજુ ઘોડો તેના ઉપર સુતેલી વિજ્યાને લઈને ધીમી રવાલે ત્રાંસી દિશામાં ચાલવા માંડે છે. વિજ્યા ઘોડા ઉપર ઉંઘી સુતેલી છે. તેણે આંખો બંધ કરી દીધી છે. "હવે તો આ ઘોડો જ્યાં દોરી જાય, લઈ જાય તે ખરું !" એમ મનોમન રડતાં રડતાં બબડે છે. "એ ગઈ !" વિજ્યા જસુની ચીસ સાંભળે છે. તે પાછું વળીને જસુ તરફ જુવે છે. જસુને દોડવું છે, તેની પાસે આવવું છે પણ તેનાં પગ જમીન સરસા ચોંટી ગયા છે. વિજ્યાએ દૂરથી જસુનો રડતો ચહેરો જોયો અને તેની આંખ ઉઘડી જાય છે. વળી સ્વપ્ન, વળી તંદ્રાવસ્થા, વળી પાસે જસુ. આમને આમ રાત વીતી ગઈ. ભળભાંખરું થયું. તારા ઝાંખા પડ્યા. ચંદ્રમાં પણ ફીક્કા થઈ ગયા.

વિજ્યા પલંગમાંથી ઉઠી. મેડીની બારી ખોલી. અજવાળાએ અંધકારને હટાવવામાં વિજય મેળવ્યો હોય તેવું જણાતું હતું. સુરજદેવની પધરામણી પહેલાં પક્ષીઓ એ માળા ત્યજી દઈ કલરવ શરૂ કરી દીધો હતો. વિજ્યાએ પણ આળસ મરડી. હાથ ઉપર ગયા, પહોળા થયા, વળી નીચે આવ્યા. ડોક ડાબે-જમણે ફેરવી. આંખો તો ભારે ભારે લાગતી જ હતી. "આજે મારો પણ મારી આજુબાજુ છવાયેલા અંધકાર ઉપર જરૂરથી વિજય થશે. મારો 'રામ' મારો થશે જ." આવા વિચારો પાછા મનમાં ઉમટ્યા. એટલામાં જ તેને ચક્કર આવ્યા હોય તેવું લાગ્યું. તે પોતાનું સમતોલન ક્ષણવાર માટે ગુમાવી બેઠી. પાછળ પલંગનો તેણે હાથથી ટેકો લીધો અને પલંગમાં બેસી ગઈ. માનોને પલંગમાં ફસડાઈ પડી. વિજ્યાને પોતાને પણ નવાઈ લાગી કે આમ કેમ થયું ? પછી મન વાળ્યું કે રાત્રે

કશુંયે ખાધું નથી અને આખી રાત ઉજાગરા જેવું થયું છે તેથી આમ થયું હશે. થોડીવારે તેને કળ વળી એટલે દિવાલનો ટેકો લઈ ઉભી થઈ અને હળવે હળવે મેડીનાં પગથિયાં ઉતરવાં માંડી. નીચે આવી દાતણ-પાણીનું પતાવ્યું, ચા મુકી, દાદા-દાદી વિનોદભાઈને ચા ના કપ પહોંચાડ્યા. પછી પોતે ચા પીવા બેઠી. હજી તો માંડ અડધી રકાબી ચા પીધી હશે અને તેને જોરથી ઉબકો આવ્યો. ચા અને પિત્ત જેવું મોં માંથી નીકળ્યું. દાદીમા એ તે જોયું. તે વિજ્યા પાસે આવ્યાં, બરડે હાથ ફેરવ્યો, પાણી પાયું. પવાલું લઈ વિજ્યા બહાર ચોકડીમાં ગઈ. હજીયે ઉબકા આવતા હતાં પણ કાંઈ નીકળતું નહોતું. તોયે તે થોડીવાર બેસી રહી. પછી કોગળા કરી ઘરમાં આવી. તેના હાથ-પગ પાણી પાણી થઈ ગયા હોય તેમ લાગતું હતું. તે થોડીવાર રસોડાની પાળીને અઢેલીને નીચે બેસી રહી. દાદીમા વળી તેની પાસે આવ્યાં. તેની નાડ ઝાલી અને કાંઈક પરખવા માંડ્યાં.

''થોડીવારે દાદીમાએ વિજ્યાનો હાથ છોડી દીધો અને બહાર પરસાળમાં જતાં રહ્યાં. તેમના ચહેરા ઉપર વિચિત્ર ભાવો ઉપસી આવતા હતા. ''જે શંકા હતી તે જ બન્યું લાગે છે. પાડોશણે મને બે-ત્રણ વખત ચેતવી પણ હતી પણ મેં તેની વાત કાને ધરી નહીં. હશે, હવે તેરી બી ચુપ અને મેરી બી ચુપ. વિનોદિયા ને હવે ઝડપથી દોડાવવો પડશે. જે મલે ત્યાં આનું ગોઠવી દેવું પડશે. હવે ટાઈમ બગાડ્યે પોસાય એમ નથી. નહીંતર બાંધી મુઠી ખુલી જશે તો લાખનાં છીએ તે કાખનાં થઈ જઈશું.'' ડોશી એકલાં એકલાં બબડ્યે જતાં હતાં.

લાગ જોઈને ડોશીએ વિનોભાઈને મોઘમ ઈશારો કર્યો, ''આ છોડીનું અઠવાડિયામાં સગું કરી દે ને મહીનામાં એના ઘેર વળાવી દે. નહીંતર ગામમાં મોં બતાવવા લાયક નહીં રહીએ ને ચારેય જણાને ઝેર ઘોળીને પીવું પડશે.''

અને બીજા-ત્રીજા દિવસે વિનોદભાઈ ધંધા-ઉઘરાણી માટે હરિવલ્લભ વ્યાસ પૂજારીના ગામમાં ગયા. બે-ત્રણ ઓળખીતા વેપારીઓ સાથે વાત ઉઘડી. પૂજારીના દીકરા જયશંકરનાં વખાણ સાંભળ્યાં. રાત્રે બાની હા થઈ એટલે વિજ્યાનું જયશંકર સાથે નક્કી કર્યું.

દિવસે દિવસે વિજ્યાની તબિયત બગડતી ગઈ. દાક્તરને ત્યાંથી દવા લઈ આવ્યા. તેથી ઉબકા-ઉલટીમાં રાહત જણાઈ. પણ ભારે અશક્તિને લઈને વિજ્યા ઘરની બહાર નહોતી નીકળી શકતી. પછી જસુને મલવાની તો વાત જ

ક્યાંથી થાય ? ઘરમાં પણ વિજ્યા ધીરે ધીરે મેડીનાં પગથિયાં ચઢીને પલંગમાં પડી રહેતી. તેને તેના જ શરીરે લાચાર બનાવી દીધી. જો કે દાદીમા કે દાક્તરે તેને કશુંયે કહેલું નહીં છતાંયે તેને પોતાને જે રીતે પેટમાં ભાર લાગતો હતો, શરીરમાં અશક્તિ લાગતી હતી, માથું ભારે ભારે લાગતું હતું, મોંમાં વારંવાર ઉબકા આવતા, મરચ વળતી અને છાતીના ઉભારમાં પણ ઘડીક દુખાવા જેવું લાગતું, કઠણાશ પકડાઈ જતી તો ઘડીકમાં ઢીલી ઢફ છાતી લાગતી, ડીંટડીઓ કાળી થઈ ગયેલી અને તેમાં ભીનાશ વરતાતી હતી, તે બધું જોતાં તથા માસિકની તારીખો ઉપર પણ પંદર-વીસ દિવસ વીતી ગયેલા તેથી અજુગતું બન્યાની શંકા મન-મસ્તિષ્કમાં વંટોળની જેમ ધુમરાતી હતી. આવી શારીરિક અને માનસિક અવસ્થામાં "શિવજીનાં દર્શન કરવા જઈએ. સૌ સારાંવાનાં થઈ જશે." એમ કહીને પિતાજી સોખડા મહાદેવનાં દર્શને લઈ ગયેલા. પરંતુ કેમ લઈ ગયા, ત્યાં શું થયું, ઘરમાં શું ચર્ચા ચાલે છે, દાદી-બાપા વચ્ચે શું ચર્ચાય છે, શું રંધાય છે - તે બધું જાણવા, સમજવા જેટલી શારીરિક-માનસિક શક્તિ જ વિજ્યામાં નહોતી. તેથી સમગ્ર ઘટનાક્રમથી વિજ્યા સંપૂર્ણ બિનવાકેફ જ રહેલી એમ કહોને કે તેને બધી વાતોથી જાણી જોઈને અજાણ રાખવામાં આવેલી.

દાક્તરની દવાની અસર કહો કે હેડની ચડ-ઉતર કહો, જે હોય તે પણ ચાર-પાંચ દિવસ વિજ્યાને શરીર આમ કઠ્યું પણ છઠ્ઠા દિવસે તો તે સાજી સમી થઈ ગઈ. ઘરમાં હરતી-ફરતી થઈ ગઈ. ઘરકામ પણ પહેલાંની જેમ નિયમિત કરવા માંડી. હવે તો બહાર આવીને ખડકીની બહાર કાઢેલાં પગથિયાં અને ઓટલા ઉપર પણ બેસતી. બધાંની સાથે હસતાં હસતાં વાતો-ચીતો પણ કરતી. તેના મનમાં જે શંકાનું ભૂત જાગેલું તે પણ જાણે જતું રહ્યું હોય તેમ લાગતું હતું. તેના દેહમાં બીજો દેહ આકાર તો નથી લઈ રહ્યો તેવો ભ્રમ હવે તો તેને પણ ભ્રમ જ હતો તેમ લાગવા માંડેલું.

પણ હવે થયેલી આવી તંદુરસ્ત અવસ્થા તેને માટે શ્રાપરૂપ બની. તેને હવે ખબર પડી કે તેની સગાઈ થઈ ગઈ છે અને ઘડીયાં લગન લેવાયાં છે. ઘરમાં લગનની તૈયારીઓ જોર-શોરથી ચાલુ થઈ ગઈ છે. અને આ બધું જોઈ, સાંભળીને તે આકુલ-વ્યાકુળ બની ગઈ. પરંતુ ઘરમાં કોઈ તેની સાથે સીધી રીતે વાત પણ નહોતું કરતું. તેથી તે ખૂબ જ અકળાઈ ગઈ. તેના મનમાં બધાંની તરફ ખૂબ ગુસ્સો ઉભરાયે જતો હતો.

"મારાં લગન, મારી જાણ બહાર, મને પૂછ્યા વગર, મને છોકરો-ઘર બતાવ્યા વગર ગોઠવાયાં અને તે પણ મારાં જ કહેવાય એવા બાપા અને દાદીમા મારફતે ? કોના ઉપર ભરોસો મુકવાનો ? જસુડો તો પારકો હતો, એની મા ને અને મારે શું સંબંધ ? મરી જાય તો નહાવાનું પણ ના આવે ! એ બધાં મને તરછોડે એ વાત તો ઠીક પણ વહાલસોયો બાપ અને માથું ખોળે મુકીને મનની વાત કહેવાય અને સાંભળે એવી દાદીમા, પોતાનું જ લોહી ઉઠીને મને અંધારામાં રાખે ? દુકાનમાં માલના સોદા કરે તેમ ઘરની દીકરીનો સોદો કરી આવ્યા ?" અને વિજ્યાની કમાન છટકી. એક તો જસુ ઉપરનો ગુસ્સો મનમાં અંદરને અંદર ધુમરાયે જતો હતો, એવામાં તબિયત બગડી અને અવનવા વિચારોથી મુડ બગડેલો હતો, એવામાં જસુના વેવિશાળની વાત સાંભળીને અકળામણ વધી ગયેલી હતી અને આ બધું ભેગું થઈને બેનબાના મગજનો પારો છેક ઉપર ચઢી ગયેલો. સાંજે વિનોદભાઈ દુકાનેથી ઘેર આવ્યા અને જમી પરવારીને દાદીમા સાથે વાતો કરવા બેઠા એટલે તરત જ વિજ્યા ત્યાં આવીને ઉભી થઈ ગઈ અને ગુસ્સા ભર્યાં છતાં ધીમે અવાજે બોલવા માંડી,

"બા, બાપુ, દાદા, તમે બધાયે શું ધાર્યું છે ? બે-ચાર દા'ડા હું માંદી પડી એટલામાં તો મારું ગોઠવી પણ દીધું ? અને લગનમાંયે ભારે ઉતાવળ કરો છો ? મને નથી છોકરો બતાવ્યો, ના ઘર-ગામની વાત કરી. બસ, અડધી રાતે વિચાર આવ્યો અને બધું વેતરી નાંખ્યું ? મને ગમે છે, નથી ગમતું તે જાણવાની પણ જરૂર ના લાગી ?"

વિનોદભાઈ અને દાદા કશુંયે બોલ્યા નહીં. પણ દાદીમાથી ના રહેવાયું. તેમણે આંખો પહોળી કરી દીધી. તેમના નાકનાં ફોયણાં ફુલી ગયાં. તેમની આંખોમાંથી અંગારા વરસતા હોય તેવું વિજ્યાને દૃષ્ટિગોચર થયું. તેમના હોઠ ફફડવા માંડ્યા પણ કશુંયે બોલી શક્યાં નહીં. થોડીવારે સખત બનેલો ચહેરો નરમ પડ્યો અને દાદીમા ધ્રુસકે અને ધ્રુસકે રડવા માંડ્યાં.આ જોઈને વિજ્યા પણ નરમ પડી અને દાદીમા પાસે બેસી ગઈ. વિજ્યાએ જોયું કે વિનોદભાઈનો ચહેરો પણ સાવ ઉતરી ગયો હતો. તે અવાચક હતા પણ તેમની ઉંડી ઉતરી ગયેલી, શુષ્ક આંખોમાં પારાવાર દુઃખ અને લાચારી તરી આવતાં હતાં. દાદાની આંખો પણ ભીની થયેલી જણાતી હતી. થોડીવારે દાદીમા શાંત પડ્યાં. તેમણે વિજ્યાના માથે હાથ ફેરવ્યો અને બબડ્યાં.

"બેટા, જ્યાં જાય ત્યાં સુખી થજે."

પછી કદી વિજ્યાએ લગ્નની કાર્યવાહીનો વિરોધ નહીં કરેલો. તો કદી ઉમળકાભેર લગ્નની તૈયારીમાં ભાગ પણ નહીં લીધેલો. બધી તૈયારીઓ ચાલતી હોય તે મુક સાક્ષીની માફક વિજ્યા જોઈ રહેતી. મનમાં ઘણીવાર જસુ ઉપર ગુસ્સો આવી જતો. "પણ હવે ગુસ્સો કરીને શું ફાયદો ? એ એના રસ્તે જાય છે અને હું મારા માટે નક્કી થતા જતા રસ્તે ચાલીશ. બસ કે રેલગાડીમાં થોડીવાર માટે પાસે પાસે મુસાફરની જેમ બેઠાં, થોડીવાર હસ્યાં, રમ્યાં, થોડી વાતો થઈ. બાકી તો પછી સૌ સૌના રસ્તે ! હશે, એ જ્યાં જાય, જ્યાં હોય ત્યાં સુખી રહે, બીજું શું ?" આમ વિચારી વિજ્યા મનમાં ઉઠેલા જસુ તરફના ગુસ્સાને ઓગાળી દેતી અને એમ કરતાં કરતાં લગ્નનો દિવસ આવી પહોંચ્યો.

જયશંકર જાન લઈને વરઘોડે ચઢીને આવ્યા અને હીરાબા વહુને લઈને ફરી મંદિરની ઓરડીમાં પહોંચી ગયાં.

આમ વિજ્યા જયશંકરને વરી.

પહેલી રાત્રે જ વિજ્યાએ જયશંકરને કહી દીધું કે "મને હેરાન ના કરતા. મારી તબિયત સારી નથી." અને એ ગરીબડો જીવ ટુંટિયું વાળીને રૂમના એક ખૂણામાં પડી રહ્યો. વચ્ચે અઠવાડિયું પિયર રહી આવેલી. પણ પછી તો મંદિર, ચોક, ઓરડીમાં વિજ્યાનું જીવન સમેટાઈ ગયું. ના કદીયે વિજ્યાએ જયશંકરને પતિ તરીકે આવકાર્યો કે ના તો જયશંકરે ધણીપણું દાખવી વિજ્યા ઉપર આક્રમણ કર્યું. અને ખરેખર હેડ બદલાઈ એટલે ફરી વિજ્યા માંદા જેવી રહેવા માંડી. તેથી જયશંકર વિજ્યાની દિલ દઈને સેવા કરતો હતો. હીરાબા પણ તેને સાચવતાં અને હરિવલ્લભ પણ હડીયો દોટો કાઢતા. બંને વડીલો તેને દીકરીની જેમ જ સાચવતાં. અઠવાડીયું ઉબકા-ઉલટી, અશક્તિ જેવું ચાલ્યું. ફરી પાછી વિજ્યા સાજી થઈ ગઈ. પણ તેણે જયશંકરને કદી પડખે ના સુવા દીધો. અને જયશંકર પણ સમજુ, ધીરજવાળો, સંયમી, સેવાભાવી, સજ્જન વ્યક્તિ સાબિત થતો રહ્યો. લોકલાજે બે માણસ રાત્રે ઓરડીમાં-એક રૂમમાં સુતાં હતાં એટલું જ.

છતાંયે હીરાબા તો ખુશખુશ રહેતાં હતાં અને દરરોજ સવારે વિજ્યા ઓરડીમાંથી બહાર નીકળતી ત્યારે મનમાં મોટા લાડવા વાળતાં હોય તેમ મોઢું ભર્યું ભર્યું હસતું રાખી વિજ્યાના માથે પ્રેમથી હાથ ફેરવતાં હતાં.

• • •

# 9. જસુભાઈની જાન

જસુભાઈનું વર્ષો જુનું એક સપનું સાકાર થઈ ગયું. તેનો હાશકારો અને આનંદ બંને તેમના ચહેરા ઉપર સ્પષ્ટ તરી આવતાં હતાં. નવી પેઢી, મોટી પેઢી, નામના વાળી પેઢી, સુવાંગ એકલા પેઢીના માલિક, ધીકતો ધંધો, આ અને આવું બધું સ્હેજ વાતમાં ખોળામાં આવીને પડે ત્યારે એવું લાગે કે ઉંઘતાં ઉંઘતાં બગાસું આવ્યું અને પતાસું આખુંયે મોંમાં આવી ગયું. નાની-કાચી માંડ બાવીસ-ત્રેવીસની ઉંમરે નથી કાંઈ દુનિયાદારીનું ભાન, નથી કાંઈ વહેવાર-વટની સમજ, નથી કાંઈ વેપારી ધંધાકીય આંટીઘૂંટીનું ઉંડું જ્ઞાન ! છતાં સદ્નસીબે ગણો કે પરભવનાં પુણ્યના બળે ગણો, પ્રોફેસરના આંધળા ટેકાનું ફળ ગણો કે મા-બાપના આશીર્વાદ અને સંમતિને લઈને ગણો, જસુભાઈ હવે મોટી પેઢી ધરાવતા મોટા શેઠ થઈ ગયા તે વાત નક્કર સત્ય હતી.

પરંતુ જસુભાઈ આ મહાસિદ્ધીને વિજયાએ આપેલ પ્રથમ સ્વપ્નદર્શન અને તેનું બતાવેલું સપનું ગમે તે ભોગે પુરું થાય તે માટે તેણે કરેલી પ્રાર્થના ને જ કારણરૂપ ગણતા હતા. તેથી પેઢી ઉપર જાય, ગાદી-તકીયા ઉપર બેસે એટલે પ્રથમ મનોમન વિજયાને માનસિક નમન કરી દેતા હતા. આંખો બંધ હોય, બંધ આંખો સામે નટખટ વિજ્યા દશ્યમાન થાય, તેવી જ હસતી-રમતી, આંખો ઉલાળતી, લટકાં લેતી, ગોળગોળ ફેરફુંદડી ફરતી, જાણે સાક્ષાત મા ભવાની બાલ-કુમારિકા-નવયૌવના સ્વરૂપે ! લાલરંગની ચણિયાચોળી પહેરેલી હોય, માથું ખુલ્લું હોય, આંખોમાં અમી હોય, નજર શુદ્ધ-સાત્વિક હોય, નટખટ-રમતિયાળ છતાંય સૌમ્ય અને તેજસ્વી લાગતો ચહેરો હોય, હાથમાં લાલ રંગનાં કંકણ હોય, પગમાં નુપૂર ઝણકાર કરતાં હોય, કમરમાં કંદોરો અને ગળે ઝુલતો અને નાભિ સુધી લટકતો સુવર્ણ હાર હોય એવાં બાલસુંદરી નજર સમક્ષ તરવરે અને જસુભાઈ વિજ્યાના આવા રૂપાળા-રમણીય-જાજરમાન સ્વરૂપને માનસિક વંદન કરતા.

આમ માનસિક વંદના પતાવી સામેના ગોખમાં મુકેલ શિવલિંગ અને મા અંબિકાની મૂર્તિને નમન કરતા, દીવો-અગરબત્તી પ્રગટાવતા. પાછા ફરી તકીયાને અઢેલીને ગાદી ઉપર બિરાજમાન થતા. પોતે અગાઉ રાખેલી બંને ભાડાની

દુકાનો ખાલી કરી નાખેલી અને તેમાંનો માલ-સામાન પણ આ પેઢી ઉપર લાવી દીધેલો. ત્યાંના ભાગીદાર, મિત્ર, સહપાઠીને પણ પેઢીમાં વાણોતર- એકાઉન્ટન્ટ તરીકે નોકરીએ રાખી લીધેલો. ચાલુ પેઢીના મુનીમ, વાણોતર, નોકર-ચાકર તો ચાલુ જ રાખેલા. તેથી પૂજા-પાઠ પતાવી જસુભાઈ વારાફરતે બધાંને બોલાવતા, માલ-સ્ટોક-ખરીદી-વેચાણ-હિસાબ-પેમેન્ટ-ઉઘરાણી, ઓર્ડર વિશે ચર્ચા કરતા, જાણકારી મેળવતા, સૂચનો કરતા. જો કે મોટાભાગનો વહીવટ તો મુનીમના નિર્ણય મુજબ જ ચાલતો. છતાં મુનીમ પણ અગાઉના શેઠને પણ જાણ કર્યા વગર, મંજુરી લીધા વગર આખરી નિર્ણય નહોતા લેતા. અને તે શિરસ્તો નવા શેઠ જસુભાઈ સાથે પણ ચાલુ રાખેલો. જસુભાઈ પણ અગાઉના શેઠની માફક જ સ્ટાફ ઉપર ભરોસો મુકતા અને દરેક નાના-મોટા તમામ કર્મચારીને વ્યક્તિગત મલીને ખબર-અંતર પૂછતા, સૌની સમાન કાળજી લેતા. આમ પેઢીના માલિક અને સ્ટાફ વચ્ચે એક પરિવાર જેવું વાતાવરણ જે અગાઉં હતું તે જસુભાઈએ જાળવી રાખ્યું.

મોટી પેઢી એટલે મોટો વહીવટ ! જસુભાઈ સવારે આઠથી રાત્રે આઠ વાગ્યા સુધી પેઢીમાં બેસતાં. બપોરે જમવા જવાનો પણ ઘણીવાર ટાઈમ મલતો નહીં. ત્યારે કાંતો ગામડેથી ટીફીન લઈને જયંતિભાઈ આવતા કે ઉભા ઉભા પ્રોફેસર ટીફીન પહોંચાડી જતા. સતત વેપારીઓને મલવાનું, સ્ટાફ સાથે ચર્ચા, ગોડાઉનમાં માલસ્ટોકની ચકાસણી વગેરેમાં સમય પસાર થઈ જતો. ટીફીન લઈને કોઈ આવે ત્યારે ખબર પડતી કે જમવાનો સમય થઈ ગયો છે. એટલા બધા જસુભાઈ નવી પેઢીના ધંધામાં ઓતપ્રોત થઈ ગયેલા. સાંજે ઘેર જઈને જસવિદ્યાબેનના હાથની રસોઈ ધરાઈને જમતા. જમ્યા પછી ખાટલામાં પડે તેવા ઉંઘી જતા. ઘણીવાર જસુભાઈ પ્રોફેસરના ત્યાં પણ રોકાઈ જતા અને ત્યાં પણ જમવાનું, ઉંઘી જવાનું, સવારે તૈયાર થઈને પેઢી ઉપર આવી જવાનું. ના કોઈનીયે સાથે વાત કે ચીત ! કોઈકવાર આંખો ખેંચી ખેંચીને પણ પ્રોફેસર સાહેબને સાંભળવા પડતા. પણ પ્રોફેસર બોલતા હોય અને જસુભાઈની આંખ મીંચાઈ જતી. તેથી થાકીને જનકરાય તેમના બેડરૂમમાં જતા રહેતા.

આમ અઠવાડિયામાં બે-ત્રણ વાર પ્રોફેસરને ત્યાં રોકાવાનું થયું તે જસુભાઈને બરાબર ના લાગ્યું. વળી દરરોજ માત્ર જમવા અને સુવા ઘેર જવું પણ યોગ્ય

નહોતું લાગતું. તો કોઈ વાર દૂરથી આવેલા વેપારીને રોકાવાનું થાય ત્યારે પણ હોટલ શોધવી પડતી. તેથી એક બંગલો ગેસ્ટહાઉસ તરીકે ભાડે રાખવાનો વિચાર જસુભાઈના મનમાં ઉદ્ભવ્યો. બીજા દિવસે તેમણે મુનીમને વાત કરી. સાંજ સુધીમાં તો તેમની પેઢીની નજીક જ એક વિશાળ બંગલો ખાલી પડે રહેલો હતો તેની ભાળ મળી. તેના માલિકનું આખુંયે કુટુંબ વર્ષોથી અમેરિકા રહેતું હતું. તેમના એક સંબંધી તેનો વહીવટ સંભાળતા હતા. અને એ ભાઈ પાછા જસુભાઈની પેઢીમાં જ નોકરી કરતા હતા. બીજા દિવસે તે આખો બંગલો ભાડો રાખી લીધો. બંગલો ફરનીચર, રાચરચીલા સાથે હતો. માળી, રસોઈયો-ચોકીદાર-નોકર જેવા ત્રણ-ચાર માણસો રાખી લીધા અને જસુભાઈનું નવું કાયમી આવાસ પણ ઉભું થઈ ગયું.

જોકે આ નવા બંગલાનો વધારેમાં વધારે વિરોધ બે જણે કરેલો. એક તો પ્રોફેસરનાં પત્ની જાનકીદેવીએ અને બીજો જસુભાઈનાં માતૃશ્રી જસવિદ્યાબેને. જો કે બંનેની વિચારવાની પદ્ધતિ, વિરોધનાં કારણો સાવ અલગ અલગ હતાં. અને તેને લઈને જ એક રાત્રે જસુભાઈ નવા બંગલામાં રોકાયેલા ત્યારે ભારે દબાણ કરીને જાનકીદેવી પ્રોફેસરને લઈને ત્યાં આવેલા અને જસુભાઈને ભારે ઠપકો પણ આપેલો.

‘‘કેમ, અમારું ઘર પારકું લાગ્યું કે નવો બંગલો ભાડે લીધો ? આ તમારા રાખેલા રસોઈયા કરતાં તો મારી જયા સ્વાદિષ્ટ રસોઈ બનાવે છે, હોં ! તમે અમારી સાથે આવો જુદાગરો રાખશો એવી ધારણા અમે નહોતી બાંધેલી. બરાબરને, પ્રોફેસર સાહેબ ?’’ અને આમ છેલ્લે પોતાની રજુઆતમાં પ્રોફેસરનો પણ ટેકો લઈ લીધેલો. પરંતુ જસુભાઈએ હસતું મોં રાખેલું અને સામે જાનકીદેવીને કાંઈ જવાબ વાળેલો નહીં. તેમને ચા-પાણી-નાસ્તો કરાવ્યાં. છેલ્લે બે હાથ જોડી પ્રોફેસર સાહેબને કહેલું, ‘‘હું તમારા માટે ઘરના માણસ જેવો છું પણ રાત્રે રોકાતા બીજા વેપારીઓ તો પારકાને ? તેમને માટે પણ આવી વ્યવસ્થાની જરૂર હતી જ. વળી રાત્રે હું પણ અહીં સાથે રહું તો તેમના બધાંની સાથે ઘરોબો પણ પેદા કરી શકાય અને ધંધા-વેપારની એકલા-એકાંતમાં વિગતવાર વાતો પણ થઈ શકે. તેથી જ આ સાહસ કર્યું છે. મેં બરાબર નિર્ણય લીધો છે ને, સાહેબ ?’’ અને પ્રોફેસર જસુભાઈની વાત સાંભળીને ખુશ પણ થયા અને સંમત પણ થઈ

ગયેલા. જેથી જાનકીદેવીને હથિયાર હેઠાં મુકી દેવાં પડેલાં. છેલ્લે બંને હસતાં હસતાં બંગલેથી વિદાય થયેલાં.

જ્યારે જસવિદ્યાબેનને જસુભાઈની ચિંતા વધારે રહેતી. ''મુછાળી માના રોટલા ખાશે, આખો દા'ડો વૈતરુ કરશે, પછી તબિયત બગાડશે. જેવું બન્યું હોય તેવું કાચું કોરું ખાવું પડતું હશે. વળી ભાઈ શરમાળ છે. જે પીરસ્યું હોય તે ખાઈને ઉભો થઈ જતો હશે. કોણ દબાણ કરીને ખવડાવે ? અડધો ભૂખ્યો રહેતો હશે. સાજો-માંદો હોય તોયે કોણ જોનારું ?'' આવા મનમાં ગોટાળા વાળતાં અને જયંતિલાલ આગળ બબડ્યે જતાં. તે સાંભળી સાંભળીને કંટાળીને જયંતિભાઈ જસવિદ્યાબેનને લઈને રાત્રે રોકાવા બંગલે આવેલા. બીજા દિવસે પણ રોકાયેલા. પરંતુ જસવિદ્યાબેને રસોઈ, સફાઈ, બાગ-બગીચો, ઘરના રાચ-રચીલા અને બંગલાના ભારે વખાણ કરેલાં. ''સ્ટાફ પણ ભારે માયાળુ, વિવેકી, સમજુ અને કામગરો છે.'' એમ સંતોષ વ્યક્ત કરી જસુભાઈની ચિંતામાંથી મુક્ત થઈ સાંજે ઘર તરફ રવાના થયેલાં.

આમ પેઢી, ધંધો અને બંગલાની દુનિયામાં જસુભાઈ ખોવાઈ ગયા. જાણે કે બહારની દુનિયા સાથેનો તેમનો સંપર્ક જ કપાઈ ગયો. ના તો વિજ્યાના કાંઈ સમાચાર મલતા કે ના તો જયાની સેવા સરભરા મલતી. હા ! ઘણી વખત રાત્રે બંગલામાં એકલા સુતા હોય ત્યારે ઘડી-બે ઘડી માટે વિજ્યા યાદ આવી જતી એટલું જ. પછી તો થાક્યા પાક્યા તેમના મન અને શરીર ઉપર નિદ્રાદેવી કબજો જમાવી દેતાં.

વખત વીતતો ગયો. જયંતિલાલ અને જસવિદ્યાબેનને પણ લાગ્યું કે હવે જસુભાઈ ધંધામાં ઠરીને ઠામ થયા છે. છોકરાની ધંધાકીય કુશળતા, આવડત, મહેનત, લગાવ વગેરે જોઈને જયંતિભાઈને હવે નવા ધંધાની કે જસુભાઈની ચિંતા રહી નહોતી. વળી જસુભાઈની પેઢી ઉપર આવક પણ વધવા માંડેલી. લોનના હપ્તા, સ્ટાફનો પગાર, દુકાનનો ખર્ચો, નવા બંગલાનું ભાડું અને જસુભાઈની હાથખર્ચી કાઢતાં પણ મોટી રકમ ખાતામાં જમા રહેતી. તેથી એકવાર જસુભાઈએ જયંતિભાઈને બોલાવીને બે-ત્રણ લાખ રૂપિયાની રકમ ઘેર લઈ જવા જણાવ્યું ત્યારે પહેલા તો દીકરાની કમાણી જોઈ ખુશ થયા. સામે પડેલી રકમ જોઈને તેમને લઈ લેવાનું મન પણ થયું. પણ પાછો કાંઈક વિચાર આવ્યો એટલે

હાથમાં લઈ લીધેલી રકમ પાછી ટેબલ ઉપર મુકી દીધી અને બોલ્યા,

"પારકા ધણીને જામીન બનાવી આપણે લોન ઉપાડી છે અને લોનની રકમનું વ્યાજ પણ ચઢે છે. જો રકમ વધારાની હોયતો લોનમાં ભરપાઈ કરી દો. મુદ્દલ ઘટશે એટલે વ્યાજ પણ ઘટશે. અને હપ્તાની રકમ ના ઘટાડતા જેથી જલ્દી લોન પુરી થઈ જાય અને જામીન થયેલા સામે નજર મિલાવી શકાય. બરાબર ને, ભાઈ ?" અને જયંતિલાલની આ વાત જસુભાઈએ ગાંઠે બાંધી. જે ઝડપથી પેઢીનો ધંધો વિકસતો હતો તેનાથી પણ વધું ઝડપે નફાનો ગાળો પણ વધતો જતો હતો. શાખ ઉપર માલ મલતો અને શાખ ઉપર જ માલ ચપોચપ વેચાઈ પણ જતો. સામા પગલે ઉઘરાણી પણ આવી જતી અને નાણાંનું ટર્નઓવર થયે જતું. જેથી બાકી લોનની રકમ તો વ્યાજ સહિત ત્રણ-ચાર મહીનામાં ચુકતે થઈ ગઈ. આ જોઈને બેંકવાળા પણ ખુશ થઈ ગયા અને તેમણે બીજી જોઈએ તેટલી લોન આપવા-મંજુર કરવા તત્પરતા બતાવી.

"સારું, જ્યારે જરૂર પડશે ત્યારે આપનો સંપર્ક સાધીશું." એમ મીઠી વાણી વાપરીને જસુભાઈ બેંક મેનેજરની કેબીનમાંથી બહાર નીકળી ગયેલા.

આ બધા બનાવોના સમાંતરે જસુભાઈના જીવનમાં ત્રણ-ચાર મોટા બનાવો બન્યા.

તેમની ઓફીસમાંજ નોકરી કરતા તે ભાઈએ એક દિવસ મુનિમ સાથે વાત કરી. એટલે મુનિમ તેમને લઈને જસુભાઈ શેઠની કેબીનમાં આવ્યા. જસુભાઈ હાલ જે બંગલામાં ભાડે રહેતા હતા તેના માલિક તો સહકુટુંબ વિદેશમાં રહેતા હતા. અને દૂરના સંબંધી તરીકે તે ભાઈ બંગલાનો વહીવટ કરતા હતા. અઠવાડિયે-દસ દિવસે મકાનમાલિક સાથે તેમને ફોન ઉપર વાત થતી. ત્યારે જસુભાઈની હોશિયારી, આવડત, ધંધાકીય ધગશ, પેઢીનું સંચાલન, નફો, જસુભાઈનો સ્વભાવ, સદ્‌ગુણો વિશે પણ ચર્ચા થતી. ત્યારે વિદેશમાં વસતા આ માલિક, તેમના પુત્રો અને આખુંયે કુટુંબ હવે તો ત્યાં વર્ષોથી સ્થાયી થઈ ગયેલું અને ત્યાં આર્થિક-સામાજિક સંબંધોથી સેટ થઈ ગયેલા. તેથી માંડ પાંચ-સાત વરસે દેશમાં અઠવાડિયું - દસ દિવસ માટે ફરવા આવતા. અગાઉ તેમના ગામનું ઘર-ખેતર-વાડી બધું વેચી દીધેલું. હવે ખાલી શહેરમાં આ એક બંગલો હતો. તે પણ કાઢી નાખવાની ઈચ્છા દર્શાવેલી. ત્યારે પેઢીના આ માણસે કહેલું

કે તેમને બંગલો કાઢવો જ હોય તો તેમના શેઠ જસુભાઈને વાત કરે અને તે અનુસંધાને તેમણે પહેલા મુનીમને પૂછ્યું અને હવે જસુભાઈને પૂછવા આવેલા.

તે સાંજે જસુભાઈ ઘેર ગયેલા. હવે તેમણે ફીયાટ કાર પણ ખરીદેલી અને ગાડી માટે ડ્રાયવર પણ રાખેલો. જસુભાઈ ગાડી લઈને જ ગામડે ગયેલા. તેમની ગાડી વિનુભાઈની ખડકી આગળથી જ પસાર થયેલી. જસુભાઈની નજર એ બાજુ પડેલી પણ ખરી, ખડકી પણ ખુલ્લી જ હતી પણ વિજ્યા ન દેખાઈ તેથી નજર હટાવી લીધેલી. ઘેર જઈને જયંતિલાલ અને જસવિદ્યાબેનને બંગલા વિશે વિગતવાર વાત કરી.

જસવિદ્યાબેન તો સાંભળીને ખુશ થઈ ગયેલાં. પોતાનો દીકરો પોતાનું ઘરનું ઘર અને એમાંયે પાછો મોટો-વિશાળ બંગલો ખરીદે તે વાત જાણીને કઈ માને આનંદ અને હરખ ના ઉમટે ? જયંતિભાઈએ પણ તે વાતમાં સંમતિ આપી અને શિખામણ આપી કે ધંધાની મૂડી બંગલો ખરીદવામાં ના વેડફતો. જરૂર પડે તો પેલા ઓળખીતા બેંક મેનેજરને મલીને લોન જ ઉપાડી લેજે. એ તો હપ્તા અને વ્યાજ તો ક્યાંય ભરાઈ જશે, મૂડી સલામત રહેશે અને મિલકત ઉભી થશે તે નફામાં !'' જસુભાઈને પણ પિતાજીની આ શીખ શીરાના કોળિયાની માફક ગળે ઉતરી ગઈ.

''ભાઈ, મારે પણ તમને એકલા બે-એક વાતો કરવી છે.'' બંગલાની ચર્ચા પુરી થઈ એટલે જસવિદ્યાબેને જસુભાઈને માથે હાથ ફેરવતાં ફેરવતાં કહેલું.

''હા,ભાઈ, મા-દીકરાની વાતમાં હું વચ્ચે નડતો હોઈશ, એમજ ને ?'' એમ કહીને જયંતિલાલ હસતા હસતા ઉભા થઈ ગયા અને પૂજા રૂમમાં સાંજની દીવો-અગરબત્તી કરવા વળ્યા એટલે જસવિદ્યાબેને વાત શરૂ કરી.

''જો બેટા, ધીરે ધીરે બધું સમુસુતરું પડતું જાય છે. મારા ધાર્યા પ્રમાણે તું ઉછર્યો, ભણ્યો, ધંધે પણ વળગ્યો, સારું કમાતો પણ થઈ ગયો. હવે તો પોતાનું ઘરનું ઘર પણ તારે થઈ જશે. વચમાં એક આડશ આવેલી. પેલા વિનુડાની છોડીનું ભૂત તને વળગેલું. પણ તું પાછો વળી ગયો એ સારું થયું. એમાંથી છૂટ્યો તો તું બે પાંદડે થયો. અને હવે તો સાંભળ્યું છે કે તેની સગાઈ પણ થઈ ગઈ અને અઠવાડિયા-દસ દિવસમાં એનું લગન પણ થઈ જશે. એટલે

એક કાશ ગઈ ! હવે તું તારું વિચાર. વચ્ચે જનકભાઈ પ્રોફેસર અને એમનાં ઘરવાળાં અહીં અમને મલવા આવેલાં. તેમની દીકરીનું તારા માટે માગું લઈને જ આવેલાં. એ બંને જણ તો તને પૂછવાનું કહેતાં હતાં પણ મેં જ ચોખ્ખી ના પાડી દીધી અને નક્કી જેવું જ કરી નાખ્યું છે. બાપડો તારા ભણવાથી માંડીને ધંધો શરૂ કરાવવા, પેઢી ખરીદવામાં, લોન મંજુર કરાવવામાં કોઈ સ્વાર્થ વગર પરગજુ માણસની જેમ દોડ્યો છે. વળી તે પોતે, એની ઘરવાળી, એનાં છોકરા, બધાંયે સારું ભણેલા છે. પાછું ઘરેય તાજુ અને તું તો ઠીક તારાં છોકરાં સુધીયે બધાં ટેકામાં ઉભાં રહે તેવાં ! એટલેસ્તો તને પૂછવા વારોય નથી રાખ્યો અને હું આગળ વધી છું. છતાંયે તારા બાપા અને પ્રોફેસર બંને જણે નક્કી કર્યું છે કે તને સાથે લઈને એકવાર તેમના ઘેર જઈએ અને બધું ફાઈનલ કરી નાખીએ.'' જસવિદ્યાબેન તેમના ઉત્સાહમાંને ઉત્સાહમાં જસુના માથે, બરડે હાથ ફેરવતાં જતાં હતાં અને વાત કહ્યે જતાં હતા.

પરંતુ તે સમયમાં જસુના ચહેરાની રેખાઓ, ભાવ બદલાતા જતા હતા. પણ અતિ ઉત્સાહમાં જાણે કે જસવિદ્યાબેનનું ધ્યાન જસુભાઈના ચહેરા ઉપરના બદલાતા ભાવો તરફ હતું જ નહીં. વિજ્યા અંગેની બાની ટીપ્પણી સાંભળી જસુભાઈને બા ઉપર માઠું લાગ્યું અને ગુસ્સો પણ આવી ગયેલો. વળી તેની સગાઈ થઈ ગઈ અને લગ્ન પણ લેવાવવાનાં છે તે જાણીને તો જસુભાઈની આંખમાં ઝળઝળિયાં આવી ગયેલાં. તેમના ચહેરા ઉપર ઉદાસીનતા છવાઈ ગયેલી. માથે જાણે આભ તૂટી પડ્યું હોય તેમ તે નર્વસ થઈ ગયેલો. પણ પ્રૌઢ વેપારીની અદાથી તેણે પોતાની જાત ઉપર સંયમ રાખ્યો. બાકીની પ્રોફેસર અને જાનકીદેવીના આગમનની વાત, તેમની દીકરીના માગાની વાતમાં તેને બહુ રસ પડ્યો નહીં. જો કે તે પ્રોફેસરના ઘેર ત્રણ-ચાર વાર ગયેલો, જમેલો, રોકાયેલો પણ ખરો અને તેમની દીકરી જયાને જોયેલી પણ ખરી. પરંતુ આ દિશામાં એણે કદી વિચાર પણ નહીં કરેલો કે તે દૃષ્ટિએ જયાને જોયેલી પણ નહીં. તેણે કદી જયા સાથે એકાંતમાં કે જાહેરમાં કોઈ વાતચીત પણ નહીં કરેલી. વળી તેને પોતાના અભ્યાસમાં, ધંધામાં જ રસ હતો અને પ્રોફેસર તેમાં તેમને મદદરૂપ થતા હતા, થયા પણ હતા. તેથી તેમનું માન રાખવા અને પોતાનો હેતુ પાર પાડવા માટે જ તેમના ઘેર ગયેલો, જમેલો, રોકાયેલો, અને તેમને સાંભળતો. બાકી કોઈ

આવો વિચાર તેના મગજમાં કદી ઉદ્‌ભવેલો પણ નહીં. તેથી જ તેણે જસવિદ્યાબેનની આ રજુઆતમાં પણ કાંઈ ખાસ રસ દાખવ્યો નહીં.

જસવિદ્યાબેન થોડીવાર ચુપ રહ્યાં પરંતુ જસુભાઈ તરફથી કાંઈ જ પ્રત્યુત્તર ના મલ્યો કે તેના ચહેરા ઉપર પણ કાંઈ ઉત્સાહ, શરમ, ઉત્સુકતા જેવા ભાવ જોવા ના મલ્યા એટલે તે ફરી બોલ્યાં,

"બોલો ભાઈ, પછી તમારો શું વિચાર છે ? આપણે પણ કાંઈક ફાઈનલ જવાબ તો આપવો પડશે ને ? દીકરીના બાપને એમ કાંઈ થોડો લટકાવી શકાય ?"

જસુભાઈને બા ઉપર ખૂબ જ ગુસ્સો આવ્યો. "વિજયાની વાત લઈને વિનુભાઈ અને તેનાં દાદીમા આવેલાં ત્યારે મારી પણ હા હતી અને બાપા પણ સંમત હતા ત્યારે જીદ પકડીને તેં 'નન્નો' પકડી રાખેલો. અને હવે તને બધુ અનુકૂળ લાગે છે ત્યારે મને જાણ કર્યા વગર જ અગાઉથી જ નક્કી જેવું તો કરી રાખ્યું છે, ત્યારે દેખાવ ખાતર મને હવે પૂછે છે ? પેલી છોકરીની જિંદગી તો બરબાદ કરી નાખી. હવે એનું તો જે થવાનું હશે તે થશે. બાકી હું રહ્યો છું તો મને પણ ગમે તે પાળિયા સામે વધેરી નાખ. હવે મનેય શું ફેર પડવાનો છે કે પેલી મારી પાછળ ગાંડી થઈ ગયેલી વિજયાડીને પણ શું ફરક પડવાનો ?" આવા વિચારોમાં જસુ અટવાયો.

ફરી જસુભાઈ તરફથી કાંઈ જવાબ નહીં મળવાથી જસવિદ્યાબેન અકળાયાં છતાં સંયમ રાખી વહાલથી જસુભાઈના માથે હાથ ફેરવીને પૂછવા માંડ્યાં.

"બોલ ભાઈ, મગનું નામ મરી પાડ."

પણ જસુભાઈ નીચી મુંડી કરીને બાની સામે બેસી જ રહ્યો. મનમાં અંદર ઘણો ગુસ્સો ઘુમરાતો હતો, અકળામણ વધતી જતી હતી, હમણાં કાંઈક આકરું બોલાઈ જવાશે એવી ભીતી વધતી જતી હતી. આંખમાંથી આંસુ બહાર આવી જશે તેવો ડર સતાવતો હતો. ગળે તો ડૂમો બાઝી જ ગયેલો. તેથી તો તે બાને જવાબ પણ નહોતો આપી શકતો.

દીકરાની આ સ્થિતિ જોઈને બા બોલ્યાં,

"ઠીક છે તારી મરજી ના હોય તો..."

"ના, હવે તો તમને ઠીક લાગે એમ જ કરો. હું એમના ઘેર આ કામે

તો નહીં જ આવું.'' વચ્ચે જ જસુ બોલી ઉઠ્યો. ''વિનુભાઈની અને દાદીમાની વાતમાં મારી મરજી જાણી-સમજીને આગળ વધ્યાં હોત તો કેવું સારું થાત ?'' ફરી જસુ ભૂતકાળમાં સરી પડ્યો.

''અલ્યા, પરણવા તો તારે આવવું જ પડશે ને !'' કહીને જસવિદ્યાબેન ખડખડાટ હસી પડ્યાં, ''આપણી નાતમાં ખાંડું મોકલવાનો થોડો રીવાજ છે ? ઠીક છે એ તો અમે અમારી રીતે વાત કરી લઈશું અને લગન પણ જોવડાવી દઈશું અને મારા વહાલા એ ધાર્યું હશે તો નવા બંગલામાંથી જ તારો વર-ઉઘલાવો પણ કરીશું, બસ !''

''તારી વાત પતી હોય તો હું હવે નીકળું.'' કહીને બા-બાપુજીને પગે લાગીને જસુભાઈ ગાડીમાં ગોઠવાયા. ડ્રાયવરે ગાડી સ્ટાર્ટ કરી. ફરી વિજયાની ખડકી આવી. ફરી જસુભાઈની નજર તે તરફ વળી. પણ વાંઝણી નજર પાછી ફરી.

બીજા દિવસથી જસુભાઈ પેઢીના બંગલાની ખરીદીની કામગીરીમાં, બેંકની લોન મંજુર કરવામાં લાગી ગયા.

આ બાજુ જાનકીદેવીને ચટપટી ઉપડેલી. ''જયંતિભાઈ અને જસવિદ્યાબેનનો ફાઈનલ જવાબ હજુ સુધીયે આવ્યો નહીં. પેઢી લીધા પછી એ છોકરાએ બંગલો ભાડે રાખ્યો. પછી તો એ પણ આ બાજુ લમણો વાળીનેય જોતો નથી. એના પપ્પા, પ્રોફેસર તેના માટે આટલું દોડ્યા ત્યારે બધું તેના હાથવગુ થયું છે. પણ એ ગુણ યાદ રાખીને પણ તેણે આ બાજુ મળવા ના આવતું-જતુ રહેવું જોઈએ ? પણ એવા સ્વાર્થી લોકો, બીજું શું ? ગરજ મટી એટલે વૈદ વેરી જેવું !'' આવી બધી ગડમથલમાં જાનકીદેવીનો આખોયે દિવસ પસાર થઈ જતો. છેલ્લે ખૂબ અકળાયાં એટલે રાત્રે પ્રોફેસરનો જીવ ખાવા માંડ્યાં.

''આમ રુંધાની જેમ કેમ પડી રહ્યો છો ? પેલા જયંતિને તો ફરી મલી આવો ! કાંઈક જવાબ આપે તો આપણને પણ ખબર પડે. એટલે સુધી લાંબા ના થવું હોય તો એના છોકરાની પેઢી ઉપર આંટો મારી આવો. હવે એનું કામ પુરું થઈ ગયું એટલે એ તો શાનો આવે ? આપણું કામ બાકી છે. હવે આપણે ગરજ રહી એટલે આપણે જ ધક્કા ખાવાના ને ! તેનું કામ હતું ત્યારે પણ દોડ્યા અને આપણા કામ માટે પણ આપણે જ દોડવાનું રહ્યું. નાતવાળો, નાતવાળો

કરીને ગાંડા થઈ જતા હતા. અમે મા અને દીકરી પણ એ છોકરા માટે ઉભા પગે રહેલાં. સગો બાપ ના કરે તેટલો ટેકો તમે કર્યો છે. બધુંય ઘડી ના છઠ્ઠા ભાગમાં એ છોકરો ભુલી ગયો ને ? શીખો, દુનિયાનું જોઈને પણ હવે કાંઈક શીખો. તમારું કામ રખડતું રહ્યું અને એ ધણી તમારી પાસેથી હળવે હળવે બધું કામ કઢાવી ગયો. પછી તું કોણ ને હું કોણ ? માણસ કેવું વિચિત્ર થઈ ગયું છે !''

''તો તને એવું લાગતું હોય કે એ છોકરો અને એ ઘર વિચિત્ર છે તો જયાની વાત પડતી મેલ. એવા ઘેર છોકરી નહીં નાખવાની, બીજું શું ?'' પ્રોફેસર અકળાઈને બોલ્યા.

''ના, ના, બોલ્યા પડતું મેલ. આવો રળતો, કમાતો, હોંશિયાર છોકરો હાથમાંથી જવા દેવાય ? તમારામાં તો બુદ્ધિનો છાંટોયે છે કે નહીં ? બોલ્યા, પડતું મેલ. બહુ ડહાપણ બતાવ્યા વગર કાલે ને કાલે એ છોકરાની પેઢી ઉપર પહોંચો અને માંડીને બધી વાત કરો.'' જાનકી દેવીના મગજનો પારો ઉંચે ચઢતો જતો હતો.

''તે મારે ત્યાં પેઢી ઉપર જઈને એ છોકરાને શું કહેવાનું ? મેં તારાં આટલાં કામ કરી આપ્યાં, મારી વગ વાપરી, મારી ઓળખાણો બતાવી ત્યારે તું ભણ્યો, ધંધો વળગ્યો, પેઢી ઉપર બેઠો. હવે એના બદલામાં મારી છોડીનો હાથ પકડ એમ કહું ?''

''હા, એમ કહેજો. પહેલા ત્યાં જાઓ તો ખરા ?''

''સારું કાલે એ બાજું આંટો મારી આવીશ. બસ !'' કંટાળીને પ્રોફેસરે ટુંકમાં પતાવ્યું અને પાસું ફેરવીને સુઈ ગયા. તે વખતે તો જાનકી દેવી ચુપ થઈ ગયાં અને સ્વગત થોડીક લવારી કરીને તે પણ અવળી દિશામાં પાસું ફેરવીને સુઈ પણ ગયાં. પરંતુ સવારે તૈયાર થઈને પ્રોફેસર બહાર જવા નીકળ્યા એટલે તેમણે તરત જ યાદ દેવડાવ્યું.

''રાત વાળી મારી કહેલી વાત યાદ છે ને ? સૌથી પહેલા એ કામ જ પતાવજો.''

''હા, ભાઈ હા, બરાબર યાદ છે અને એ બાજુ જ નીકળું છું.'' એમ કહીને પ્રોફેસરે સ્કુટર સ્ટાર્ટ કર્યું.

પ્રોફેસર પેઢી ઉપર પહોંચ્યા. હવે તો બે-ત્રણ વાર તે અહીં આવેલા એટલે સ્ટાફ પણ ઓળખી ગયેલો કે આ વડીલ શેઠના સંબંધી કે અંગત માણસ છે. તેથી સીક્યોરીટીવાળાએ પણ રોક્યા નહીં. સ્કુટર પાર્કીંગમાં પાર્ક કરી તે સીધા જસુભાઈની કેબીન તરફ વળ્યા. તેમણે દૂરથી જ જોઈ લીધું કે કેબીનમાં જસુભાઈ સાથે જયંતિલાલ પણ અહીં જ બેઠા છે. તેથી થોડા મલકાયા અને સ્વગત બોલ્યા પણ ખરા, "લ્યો, બેયે જણ, બાપ અને દીકરો અહીં જ મલી ગયા." તે કેબીનમાં પ્રવેશ્યા. તેમને જોઈ જસુભાઈ અને જયંતિલાલે આવકારો દીધો અને ખુરશી બતાવી તેમાં બિરાજમાન થવા જણાવ્યું. બાજુમાં બેંકના મેનેજર કોઈ ફાઈલ લઈને બેઠેલા. તે પણ પ્રોફેસરના પરિચયમાં જ હતા. તેથી તેમણે પણ પ્રોફેસરની સામે જોઈને મીઠું સ્મિત આપ્યું અને બોલ્યા,

"લ્યો, તમારા બીજા જામીન પણ સામેથી વગર બોલાવ્યે આવી ગયા."

"કેમ ? શામાં પાછો મને જામીન બનાવો છો ?" પ્રોફેસરે પણ હળવા મૂડમાં સ્મિત સહીત પ્રતિપ્રશ્ન કર્યો.

"આ તો જસુ હાલ જે બંગલામાં ભાડે રહે છે તે મકાન તેના માલિકે વેચવા કાઢ્યું છે. એવા સમાચાર મલ્યા. એટલે લોનની પ્રોસીજર માટે બેંકના મેનેજર સાહેબનો સંપર્ક કરેલો અને થોડા કાગળો મોકલાવેલા. તે એ આખી ફાઈલ લઈને સાહેબ પોતે અહીં આવ્યા. અમે તો ત્યાં જવા જ વિચારતા હતા." જયંતિલાલે વિગત જણાવી.

"આવા સારા ગ્રાહકો માટે તો સામેથી સેવા આપવી જ પડે ને !" સાહેબે પણ હળવા વાતાવરણમાં ઉમેરો કર્યો.

પછી તો જસુભાઈએ મકાન અંગેની બધી વાત અથ થી ઈતિ સુધી પ્રોફેસર સાહેબને જણાવી. ખરીદવામાં બધાની સંમતિ મલી ગઈ તે વાત પણ થઈ. ધંધાની મૂડી અને નફો સલામત રાખી લોન લઈને મકાન ખરીદવા વિચાર્યું છે તેમ પણ કહ્યું. બેંક મેનેજરનો પણ સારો, સહકાર, માર્ગદર્શન મલ્યાં તેમ પણ સંભળાવ્યું. જે સાંભળીને મેનેજર સાહેબના ચહેરા ઉપર સંતોષની લાગણી પ્રગટી. "અગાઉની જેમ બે જામીન લેવા વિચાર્યું છે અને સાહેબને લઈને તમારે ત્યાં જ આવવા વિચારતા હતા." એમ છેવટે જયંતિલાલ બોલ્યા અને વાતનું સમાપન કર્યું.

"એટલામાં તો અહીં જ આપનાં પણ દર્શન થઈ ગયાં." જસુભાઈ એ મસકો માર્યો.

"હા, હા. બરાબર છે. લાવો સાહેબ, મારે ક્યાં સહીઓ કરવાની છે ?" એમ કહીને પ્રોફેસરે ખિસ્સામાંથી હિંદીપેન કાઢીને ખોલી. પછી તો મેનેજર ફાઈલના કાગળો ફેરવતા ગયા અને પ્રોફેસર સહીઓ કરતા ગયા. એ કામ પત્યું એટલે પ્રોફેસર અને જયંતિલાલે હસ્તધૂનન કર્યું.

"સગો ભાઈ ના કરે તેવો તમે સહકાર આપ્યો છે." જયંતિલાલે વિવેક કર્યો.

"એમાં શું ? આ તો મારી ફરજ છે." પ્રોફેસર પણ હસતાં હસતાં બોલ્યા. પછી થોડું અટક્યા. કાંઈક યાદ કર્યું. મનમાં જાણે શબ્દો ગોઠવવા માંડ્યા. પણ કાંઈ બોલી શક્યા નહીં. પણ તેમના ચહેરા ઉપર તરવરી રહેલા મનોભાવો ને જોઈ વાંચીને જાણે જયંતિલાલ થોડુંક સમજ્યા પણ ખરા, પણ એ પણ થોડીવાર નીચું જોઈને બેસી જ રહ્યા, કાંઈ જ બોલ્યા નહીં. આમને આમ ચારેય જણ વચ્ચે ચુપકીદી દસ-પંદર મિનિટ ચાલી. સૌ પહેલાં બેંક મેનેજર ફાઈલ હાથમાં લઈને ખુરશીમાંથી ઉભા થયા.

"ચાલો, ત્યારે. હવે હું નીકળું. ચેક તૈયાર થશે એટલે તમને બોલાવી લઈશ."

"કેટલો વખત જશે ?" પ્રોફેસરે જ પ્રતિપ્રશ્ન કર્યો.

"સાહેબ, અઠવાડિયું તો ખરું." કહીને સૌને પ્રણામ કરી મેનેજર કેબીનની બહાર નીકળી ગયા.

બીજી પાંચેક મિનિટ વીતી એટલે પ્રોફેસર પણ ઉભા થયા. બંને જણે હાથ મિલાવ્યા. પ્રોફેસર કેબીનની બહાર નીકળ્યા અને પાછળ જોયા વગર પાર્કીંગ તરફ વળ્યા. પરંતુ તેમની પાછળ પાછલ જયંતિભાઈ પણ આવતા હતા.

છેક સ્કુટર પાસે ગયા ત્યારે પ્રોફેસરનું તેમની તરફ ધ્યાન ગયું.

"ઓહો ! તમે પણ મારી પાછળ જ છો ?"

"હા, જી. આપ અને આપનાં ધર્મપત્ની તે દિવસે અમારે ત્યાં આવેલાં અને આપની દીકરી માટે જે વાતો કરેલી તે બધી વાત અમે જસુને જણાવી છે. એ પણ બે-ત્રણ દિવસ પછી ઘેર આવેલો. પરંતુ તે આ બંગલાની ખરીદીની

વાત લઈને આવેલો એટલે અમે બાપ-દીકરો અઠવાડિયા-દસેક દિવસથી તેની પાછળ લાગેલા છીએ. તેથીસ્તો આપને ત્યાં આવવાનું બન્યું નથી કે સમાચાર પણ મોકલી શક્યો નથી. તો વડીલ, મને દરગુજર કરશો.'' એમ બોલીને જયંતિલાલે પ્રોફેસર સામે બે હાથ જોડ્યા. તો તરત જ પ્રોફેસરે તેમની જોડાયેલી હથેળીઓ ઉપર પોતાની હથેળીઓ ગોઠવી અને થોડુંક હસી પડ્યા અને બોલ્યા, ''કાંઈ વાંધો નહીં. એવું મનમાં નહી રાખવાનું. લ્યો, આજે આવ્યા જ છો તો આજે અમારે ત્યાં પધારો.''

''ના, ના. હવે તો હાથમાં લીધ જ છે તે પુરું કર્યે જ છૂટકો ! હજુ તો બેંક વાળો દસ દિવસ કહે છે. પછી અમેરિકાવાળાને બોલાવવો પડશે, દસ્તાવેજ કરાવવો પડશે !''

''એ તો બધું ચાલ્યા કરશે. પણ આપણી વાત વિશે પણ આગળ વિચારીએ.'' પ્રોફેસર થોડાક ગંભીર થઈ ગયા.

''જુઓ સાહેબ, તમારી મુંઝવણ ઉપર કેબીનમાં તમારા ચહેરા ઉપરથી હું સમજી ગયો છું. અમારા બે જણ તરફથી તો ચોખ્ખી 'હા' જ છે. પણ જસુ હજી ખોંખારીને બોલતો નથી. એટલે તો નીચે આવીને તેની ગેરહાજરીમાં આ વાત ઉઘાડી.''

''એમાં શું ? એમની ઇચ્છા ના હોય તો આપણે બળજબરી નથી કરવી. મિત્રો, જ્ઞાતિજન હતા તેમ રહીશું.'' પ્રોફેસર આમ તો હસતાં હસતાં બોલતા હતા પણ તેમના શબ્દો અને ચહેરા ઉપર નિરાશાની છાંટ જણાઈ આવતી હતી.

''ના, ના. એવું કાંઈ નથી. તેની 'ના' નથી પણ આ પ્રસંગોમાં હાજરી આપવાનું તેના માટે શક્ય ના બનતું હોય એવું મને એવી વાતો ઉપરથી લાગે છે.''

''હા, ભાઈ. નવો નવો અને લાંબો પહોળો ધંધો છે. વળી છોકરો મહેનતું અને દરેક બાબતમાં ગંભીર, જવાબદાર પણ છે. તેથી સમયની ખેંચ હશે તેમાં બેમત નથી. પણ જો તેમની તરફથી 'સંમતિ' હોય તો આપણે બીજી બધી વાતો પતાવી દઈશું. પ્રેક્ટીકલ બની જવાનું, જયંતિલાલ !''

''તો તો કરો તૈયારી. આમાંથી નવરા પડીએ એટલે લગન પણ લઈ લઈએ.'' જયંતિભાઈના માથેથી જાણે મોટો ભાર ઉતરી ગયો અને આ સાંભળીને પ્રોફેસર જનકરાય પણ હસું હસું થઈ ગયા. પણ પાછા ગંભીર થઈ ગયા અને

ઉંચું જોઈને જયંતિલાલ સાથે આંખ મિલાવ્યા વગર, સ્વગત બોલતા હોય તેમ બોલવા માંડ્યા.

"મારી દોડાદોડી, સહકાર, માર્ગદર્શનના અહેસાન તળે આમાં 'હા' ના પાડતા, હોં ! તમારા ત્રણેય જણનું દિલ માનતું હોય તો જ કહેજો."

"એવું નથી અને એવું લાંબું વિચારીને અમે 'હા' નથી પાડી. એટલે તમે હવે નચિંત થઈને તૈયારી શરૂ કરો. મારા વતીથી જાનકીબેનને પણ સંદેશો કહેજો અને સમજાવજો કે આવી ધમાલમાં પડ્યા છીએ એટલે જ રૂબરૂ મલવાનો મેળ પડી શક્યો નથી." આટલું કહી જયંતિલાલે પુંઠવાળી અને પ્રોફેસર સ્કુટર લઈને સીધા ઘેર પહોંચ્યા.

બંગલાની ખરીદીની અને જયાના વિવાહની બધી વાતો જનકરાયે જાનકીદેવીને વિગતવાર કહી. જો કે બંગલાની વાત સાંભળીને તેમણે આનંદ થયો પણ જયાની વાત સાંભળીને તો જીવ હેઠો બેઠો અને તેમના મનને હાશ કારો થયો. મનમાં ને મનમાં બબડ્યાં પણ ખરાં.

"અંબાજી દર્શન કરવાની મેં તો મનોમન બાધા પણ રાખેલી એટલે એ તો મારી મા આગળ ફરી વળી અને કામ પત્યું."

પછી તો જાનકીદેવીએ પ્રોફેસર સામે કલાક સુધી ઘણું બધું કહ્યા કર્યું. વિવાહની વિધી, જમાઈ માટેની ખરીદી, દીકરીનો કરિયાવર, સોના-ચાંદીનાં ઘરેણાં, કપડાંની ખરીદી, દરજીના લોહી ઉકાળા, મંડપવાળો, રસોઈયો, ગોર મહારાજ, કંકોત્રી, સગાં-વહાલાંના સંપર્ક વગેરે વગેરે અનેક વિષયો ઉપરના પોતાના વિચારો, અરમાનો, સમજ, શિખામણ જેવું ચાલ્યું અને પ્રોફેસર મૂક શ્રોતાની જેમ બધું સાંભળી રહ્યા અને થોડી થોડી વારે ડોકું હલાવ્યા કરતા.

"શું ખાલી ખાલી ડોકી હલાવે રાખો છો ? મેં કહ્યું એમાં કાંઈ સમજાણું ? કાંઈ યાદ રહ્યું ?" જાનકીબેને અંતે આવી તીખી ટકોર પણ કરી. તેમાં પણ પ્રોફેસરે હકારમાં જ માથું ધુણાવ્યું.

પછી તો વિવાહ વિધી પતી, ખરીદી થઈ, તૈયારીઓ પણ પતવા આવી પણ ક્યાંય જસુએ હાજરી ના આપી તે ના જ આપી. આ બધી પ્રવૃત્તિઓની તેને જાણકારી મલતી. તે રૂબરૂ જોતો પણ હતો પરંતુ તેની તરફ તે સદૈવ નિરસ

જ રહ્યો. તેના હૈયાનો કબજો તો વિજ્યા લઈને બેસી ગયેલી અને બહાર ખંભાતી તાળુ મારીને ચાવી તેના પોલકામાં સંતાડીને બેસી ગયેલી. હવે તેમાં જયાનો પ્રવેશ કેમનો થાય ?

"પણ હવે એ તો પારકી થઈ ગઈ છે, આ જિંદગીમાં જીવતા જીવત તો એ મલવાની નથી. તો જે ચાલે જાય છે તે મુક દૃષ્ટાની જેમ જોઈ રહેવા શિવાય બીજો કયો વિકલ્પ છે ? જેમ ચાલતું હોય તેમ ચાલવા દેવાનું !" એમ વિચારી અંતે જસુ વરરાજા તરીકે તૈયાર થવા માંડ્યો.

અને નવા ખરીદેલા બંગલામાંથી જસુભાઈની જાન નીકળી.

• • •

# 10. કાળાં કરતૂતની કહાણી

વિજ્યા જયશંકરને પરણીને સાસરે આવી. અઠવાડિયું રોકાઈ. જસુની યાદ, જસુ પતિ રૂપે ના મલ્યો તેનો વિષાદ, મનમાં ને મનમાં ઘર કરી ગયેલી પેલી આશંકા કે પેટમાં જસુની નિશાની તો નથી પાંગરતી ને અને તેને લઈને માનસિક ચિંતા, ઉચાટ તો વળી લગ્નની દોડાદોડી-ધમાલ, શારીરિક નબળાઈ, જસુની મા તરફનો ગુસ્સો, દાદી અને વિનુભાઈએ વિવાહ અને લગ્ન માટે કરેલી ઉતાવળ, જીવનના મહત્વના અંગત પ્રસંગથી પોતાને જ અજાણ રાખેલી, આ અને આવી અનેક બાબતો વિજ્યાના નાના, ઋજુ, સ્રીત્વ સભર, નાજુક, ભલા કોમળ મન-મસ્તિષ્કમાં ધુમરાયે જતી હતી. જેની સીધી અસરો તેની વાણી-વર્તન-શારીરિક ક્રિયાઓ ઉપર દેખાઈ આવતી હતી. તે ઘણીવાર અને મોટાભાગે એકલી ગુમસુમ, અવાચક અવસ્થામાં, મૂઢશી બેસી રહેતી અને આવું બધું કાંઈને કાંઈક વિચાર્યે જતી હતી. આ બધું સાસરિયાં એટલે કે હરિવલ્લભદાસ, હીરાબા અને જયશંકર જોતાં હતાં. પણ સાસરિયે આવી છે, મા વગરની દીકરી છે, દાદા-દાદી અને બાપની યાદ આવતી હશે એમ સમજીને તેને કાંઈ કહેતાં નહોતાં. કોઈવાર જયશંકર દિવસે એકાંતમાં તેના દુઃખમાં ભાગીદાર થવા, દુઃખ જાણવા, સાંત્વના આપવા નજીક જતો તો વિજ્યા તેને ધૂત્કારી કાઢતી અને રાત્રે તો તેનાથી સ્પર્શ થઈ જાય તો પણ તીખી, અણગમા ભરી નજરે તેને જોતી. તે સમયે જયશંકર નીચે અલગ પથારી કરીને પડી રહેતો અને શિવજીને યાદ કરતો કરતો નિંદ્રાવશ થઈ જતો. પરંતુ વિજ્યાની આંખોમાં ઉંઘ હોવા છતાં, ભારે પાંપણોના ભારને સહેતી સહેતી, પાસાં મરડતી, બદલતી, છત ને તાકી રહેતી. અવાજના નીકળે તે રીતે રડતી, અશ્રુધારા વહાવતી અને ઓશીકુ ભીનું કરતી. લાચાર, મજબુર, અસહાય સ્થિતિમાં પડી રહેતી અને અવનવા માનસિક તુક્કાઓ લડાવ્યે જતી. ઘડીક તેને નીચે પડી રહેલા જયશંકરને જોઈને દયા આવતી પણ તેની પાસે જવાનો તેના હૈયે ઉમળકો જ ઉઠતો નહીં. ગરીબ ભોળાં, સજ્જન સાસુ-સસરાની ભાવભરી નજરો અને વર્તન તેને ગમતાં પણ તેમની તરફ પણ વહાલનો દરિયો ઉછાળા મારી શકતો જ નહોતો. બસ, તેનું મન, તેના વિચારો,

તેનાં દિવા સ્વપ્નોનું કેન્દ્રબિંદુ એક અને માત્ર એક જ વ્યક્તિ હતો, તેનો આતમરામ, તેના મનનો માનીતો મોરલો, માત્ર તેનો જ માની લીધેલો, તેના હૈયાનો હાર, તેના મનનો માણીગર, જસુ જાની ! એ એક જ જાણે તેને માટે સત્ય હતું, બાકીનો બધો આ દેખાતો, માત્ર દેખાવનો, છેતરામણો આભાસ હતો !

"પણ હવે તે નથી મલવાનો !" આમ વિચારી તે ભારે નિસાસો નાખતી. "પણ તે મારામાં ફરી તો નથી રહ્યો ને ?" અને વળી આ આશંકા જાગતાં તે ફફડી ઉઠતી, ધ્રુજી ઉઠતી, ડરી જતી, ગભરાઈ જતી, મુંઝવણમાં આવી જતી અને ફરી તેના મનમાં જસુ તરફ ગુસ્સો પેદા થતો. ફરી લાચારી, મજબુરી, અસહાયતા અને નીરવ, મૂક રૂદન ! આમને આમ વિજયાની રાતો વીતતી. મોંય મોંય તો આખી રાત આંખ મટકું પણ મારતી નહીં. અને દિવસે નિર્જીવ ચાલતા મડદાની જેમ ફર્યા કરતી.

વચ્ચે બે એકવાર વિજયા બે-ત્રણ દિવસ માટે પિયર આવી ગયેલી. દિવસે વિજયાનો આવો ઉદાસ ચહેરો અને નિષ્ક્રિય વર્તન જોઈને હીરાબા સામેથી વિજયાને પિયર જઈ આવવા કહેતાં અને જયશંકરને પણ તેને પિયર મુકી આવવા મોકલતાં.પણ પિયરમાંતો વિજયાને જસુ વધારે યાદ આવતો. તેના માથે દાદીમા હાથ ફેરવતાં. દાદા પણ તેને ખુશ જોવા મથતાં. વિનુભાઈ પણ તેની સાથે દુકાનની-વેપારની વાતો કરતા. પણ તે થોડીવાર સાંભળતી અને પાછી ત્યાંથી ઉભી થઈ જતી. ઘડીક ચોકડીમાં જઈને બેસી રહેતી તો ઘડીક ખડકી બહારનાં પગથિયાં ઉપર બેસી રહેતી તો ઘડીકમાં મેડી ઉપર જતી અને પલંગ ઉપર પાથરેલ ચાદર તરફ જોઈ રહેતી તો ઘડીક બારી ખોલી બહાર રસ્તા ઉપર જોયા કરતી. જાણે તે કોઈની રાહ ના જોઈ રહી હોય ! અને આવું બે-ત્રણ દિવસ સળંગ ચાલતું. રાત્રે પણ તે એકલી મેડી ઉપર જઈને સૂઈ રહેતી. ઘણીવાર રાત્રે ચુપચાપ, ધીમા ડગલે વિનુભાઈ, દાદીમા ઉપર જોવા જતાં પણ ખરાં. તો તે જાગતી જ હોય ! વિજયાની આ સ્થિતિ જોઈને ત્રણેય જીવ દુઃખી થતા. માંડ બે-ત્રણ દિવસ ગયા હોય અને વિજયા પોતે જ હઠ પકડતી કે તેને સાસરે મુકી આવો. અને વિનુભાઈને તેને મુકવા જવું પડતું. બાજુવાળાં દાદીમાનાં બહેનપણી, પેલાં માશી પણ એકવાર બોલેલાં,

"જબરી છોડી છે ? સાસરીમાં પણ ઠરીને રહેતી નથી એ તો જાણે સમજ્યા તો વળી પિયરમાંયે ક્યાં એના જીવને જંપ છે ?"

આમ ને આમ પરણ્યે પણ બે માસ વીતી ગયા. ફરી હેડ ઉપડી, ઉબકા, ઉલ્ટી, દુખાવો, બેચેની, અશક્તિમાં ફરી વિજ્યા સપડાઈ. અને હીરાબા વિજ્યાની આ તકલીફો જોઈને તો ખુશ ખુશ થઈ ગયેલાં. જો કે આવું બધું જોઈને હરિવલ્લભ તો ચિંતામાં પડેલા અને આમ તેમને હાફળાં-ફાંફળાં અને ચિંતાગ્રસ્ત જોઈને હસતાં હસતાં હીરાબા તેમની પાસે ગયેલાં અને તેમના કાન પાસે મોં લાવીને કાંઈક કહેલું. હરિવલ્લભના કાનમાં હીરાબાએ જે ફુંક મારી તે જેવી અંદર ઉતરી એવી બધીયે ચિંતા તેમના ચહેરા ઉપરથી હટી ગઈ. અને હીરાબા સામે જોઈને મીઠું મલકાયા. છતાંયે ખાટલામાંથી ઉભા તો થઈ જ ગયા અને બોલ્યા,

"તો યે દાક્તરને ત્યાં તો જવું પડશે ને ?"

"એમાં તમને પુરુષોને ખબર ના પડે. એ તો જરૂર પડશે તો હું લઠ્ઠ જેવી બેઠી છું. તમતમારે ભગવાન ભોળાનાથનું રટણ કર્યા કરો." એમ કહીને એમનો ખભો પકડીને હીરાબાએ ખાટલામાં બેસાડી દીધેલા.

બી.કોમ થઈ ગયા પછી જયશંકર કાયમી નોકરી શોધતો હતો. હાલતો છૂટક જે પેઢી ઉપર નામું લખવાનું કામ મલે ત્યાં જતો. તેમાં ખાસ મળતર પણ નહોતું. ઘરના રોટલા નીકળે એટલું માંડ કમાઈ શકતો. છતાંયે કામની શોધમાં શહેરમાં જતો, પેઢીઓ ઉપર મલતો, ઓળખીતા, મિત્રોને મલતો અને આમને આમ એકાદ નાનું-મોટું કામ મલી રહેતું. એ છૂટી જાય તો બીજું મલી રહેતું. પણ એમ કાંઈ દળદર ફીટે ? સવારે અને સાંજે મંદિરની આરતી કરવાનું હવે તેણે પોતાના માથે લઈ લીધેલું. જેથી હરિવલ્લભને એટલી રાહત રહેતી.પણ વિજ્યાની નબળી તબિયત ને લીધે હીરાબાનો ઘરકામનો ભાર ઓછો નહીં થયેલો. જો કે ગામવાળાંના સાથ, સહકાર, સહાનૂભુતિને લીધે હાલમાં આર્થિક ખેંચ ખરી પણ સાવ ભૂખે મરવા વારો તો નહોતો જ ! છતાંયે જયશંકર પગભર થવા મનમૂકીને હડીયો કાઢતો અને પૂજા સમયે શિવજીને કરગરતો પણ ખરો.

તે સાંજે આવ્યો. નાહી-ધોઈને આરતીની તૈયારી કરવા મંદિર તરફ જતો હતો અને સાન કરીને હીરાબા એ તેને પાસે બોલાવ્યો. હસતાં હસતાં હીરાબાએ જયશંકરને પણ વિજ્યા વહુને સારા દિવસો છે તેની વધાઈ ખાધી. જયશંકર આ સાંભળીને આંચકો ખાઈ ગયો પણ તેણે જાત સંભાળી લીધી.

"મારે આરતીનું મોડું થાય છે. પછી આવીને વાત." એમ કહીને તે મંદિર તરફ ચાલી નીકળ્યો.

જયશંકરે સાંજની આરતી બંને આંખોમાં સતત વહેતી અશ્રુધારાઓ સાથે શરૂ કરી અને આરતીના અંત સુધી તેની આવી જ અવસ્થા રહી. હાથમાંની આરતી શિવલિંગ, ગણપતિ, દુર્ગાદેવી, હનુમાનજી, વિષ્ણુ, શનિદેવ, પીંપળો, શિવ ફોટા સામે ફરતી રહી. યથા સ્થાને જયશંકરના પગ પણ ઘૂમતા રહ્યા. આખીયે આરતીનું રટણ તેની જિહ્વા યંત્રવત્ કરતી રહી અને બંને નયનો ચોધાર આંસુએ રડતાં રહ્યાં. આરતી પુરી થઈ. ભગવાનને આશકા આપી અને પોતે લીધી. નૈવેદ્ય રૂપે એક ફળ, એક ડ્રાયફ્રુટ ડીસમાં લીધાં અને જળથી પ્રદક્ષિણા કરી. નૈવેદ્ય-ભોગ-પ્રભુને ધરાવ્યો. થોડોક પ્રસાદ પોતે પણ ગ્રહણ કર્યો. પછી ટટ્ટાર-સ્થિર થઈ શિવલિંગ સામે બે હાથ જોડી જયશંકર ઉભો રહ્યો. વહેતાં આંસુઓ સમેત બંને નયન બંધ કર્યાં મન શાંત કર્યું. બે આંખોની ભ્રમર વચ્ચે ધ્યાન ધર્યું અને આવી મનોસ્થિતિ, દેહસ્થિતિમાં તે પાંચ-દસ મિનિટ, હાલ્યા-ચાલ્યા-બોલ્યા-ગણગણ્યા વગર જ સ્થિર ઉભો રહ્યો. ધીરે ધીરે અશ્રુ બહાર આવતાં અટક્યાં. મન કલેશમુક્ત થયું. બુદ્ધિએ નાસ-ભાગ શરૂ કરી, તર્કોનો સાવ વિલય થઈ ગયો. ધીરે ધીરે મન શાંત થતું ગયું. અંતે તો તે, તેનો ચહેરો પ્રફુલ્લિત બની ગયાં. તેનો દેહ સ્ફુર્તિવાળો થઈ ગયો હોય તેવું તેણે અનુભવ્યું. ધીરે ધીર કોરી, શાંત આંખો આપમેળે જ ખુલતી ગઈ. શ્વાસોચ્છ્વાસ નિયમિત, ધીમા બન્યા. હૃદયના ધબકારનો લય હવે તે સ્પષ્ટ સાંભળી શકતો હતો. અને તે લયબધ્ધ ધ્વનિ એ તેને આનંદવિભોર બનાવી દીધો. તેણે અનુભવ્યું કે તેની આગળ-પાછળ, આજુ-બાજુ, ઉપર-નીચે કોઈ દિવ્ય શક્તિ અદશ્ય સ્વરૂપે અવિરત પણે ભ્રમણ કરી રહી છે. તે વિશાળ પણ છે અને સુક્ષ્મ પણ છે, શક્તિમાન પણ છે અને અશક્ત પણ, ગતિશીલ પણ છે અને જડ પણ છે. તેજના પુંજ જેવી લાગતી એ મહાશક્તિ જે ઘડીકમાં ઉંચા પર્વત-શૃંગ ઉપર બિરાજમાન

થયેલી અનુભવી તો ઘડી પછી ઉંડી ગર્તામાં ઝબકતી કાળી ડીંબાંગ શી પણ લાગી. તે તેને રક્ષે છે, દોરે છે, કાંઈક ચીંધે છે. તેની સાથે જ જાણે શ્વસે છે, રમે છે, રમાડે પણ છે. અને ઉઘડેલી આંખે તેના મન-મસ્તિષ્કમાં એક ચમકારો થયો. મલિન, કલુષિત, દુઃખ પામેલી અને ભાગી ગયેલી બુદ્ધિ શુદ્ધ, પાવન, શાંત, સ્થિર અને ધ્યેય લક્ષી બનીને ચમત્કૃતિ પામેલા તેના મન-મસ્તિષ્કમાં ફરી પ્રવેશતી, આરુઢતી, દિશા-નિર્દેશ કરતી તેણે અનુભવી. તેણે તે મનોસ્થિતિમાં પોતાના જીવનની, દેહની ધન્યતા અનુભવી.

અને પછી તો સ્વસ્થ ચિત્તે મંદિર-આરતી કાર્ય આટોપી તે પોતાની ઓરડી તરફ વળ્યો.

વિજ્યાએ રસોઈ બનાવી દીધેલી. હીરાબાએ થાળીઓ પીરસી દીધેલી. બા એ થોડો કંસાર પણ બનાવેલો. તેમણે સૌના ભાણામાં થોડો થોડો કંસાર પણ મુકેલો. બધાં સૌ સૌના આસન પર ગોઠવાયાં સૌએ સાથે બેસીને જમવાનું શરૂ થયું. હીરાબા ખુબ ખુશમાં જણાતાં હતાં અને ઘડી ઘડી હરિવલ્લભ સામે જોઈને મલકાઈ જતાં હતાં. પરંતુ હરિવલ્લભ સ્થિપ્રજ્ઞની જેમ શાંત હતા અને તેમનું ધ્યાન જમવામાં જ હતું. જયશંકરે પણ આરતીના અંતે જે અલૌકિતતાનો અનુભવ કરેલો તેને મનોમન વાગોળ્યે જતો હતો અને સાથે સાથે મોમાં મુકેલો કોળિયો પણ ચાવ્યે જતો હતો. વિજ્યા સાવ મૌન, મુક, બહારથી સ્થિર પણ આંતરમનથી જાણે કોઈ સળગતા થયેલા જ્વાળા મુખીની ટોચમાંથી બહાર નીકળતા જતા લાવાને દબાવીને તેની ઉપર બેઠી હોય તેવું અકલ્પનીય દુઃખ, મુંઝવણ, ઉચાટ, દર્દ અનુભવી રહી હતી. છતાંય એ કશુંયે ચહેરા ઉપર કે વર્તનમાં દેખાવા દેતી નહોતી. અને નીચી મુંડીએ, યંત્રવત્, જમવાની પ્રક્રિયા કર્યે જતી હતી. નહોતી તો હસી શકતી હતી કે નહીં તો રડી શકતી હતી. જાણે કે ભરદરિયે તેની કશ્તી-નાવ હલેસાં માર્યા વગર, પવનના જોરે અને પવનની દિશામાં તણાયે જતી હતી. ઘડી પછી તેની નાવ ડૂબશે કે તરશે, કિનારો જડશે કે ઉંડા દરિયામાં વધું ને વધુ દૂર જતી જશે, તેની નાવની ગતિ ઘટશે, વધશે કે સ્થિર થશે, તેની દિશા ફંટાશે, પાછા વળાશે કે ઉથલી પડશે, નાવ તૂટી જશે કે આમને આમ તેને આગળ ને આગળ તાણી જશે, તે વિશે તેણે હવે કાંઈ પણ વિચારવાનું જ જાણે

બંધ કરી દીધું છે. ઉપરવાળાએ ધાર્યું હશે તે થશે અને પડશે એવા દેવાશે ! વેઠવાનું આવશે તે વેઠી લઈશું. મોતથી વધારે શું આવી પડવાનું છે ? અને જીવીને પણ હવે શું ભોગવી લેવાનું છે ? નથી મા, ના બાપ પોતાનો થયો, ના થયાં મારાં પોતાનાં દાદા-દાદી, પોતાનો ગણ્યો તે પણ ના મલ્યો, હવે આ પેટમાં પાંગરતા જીવની માયામાં પડીને પાછું વધારે વેઠવાનું ? એનો બાપ જુદો, પાલનહાર જુદો, કોનું ફરજંદ, ક્યાં ઉછરશે ? હવે તો ભરદરિયે, ભટકતી-તૂટેલી, હલેસાં વગરની નાવમાં બેઠા બેઠા આ બધું જોતા રહેવાનું. દુઃખી થઈને પણ શું વળવાનું ? માયામાં લપેટાઈને પણ અત્યાર સુધી શું મેળવી લીધું ? શું ભોગવી લીધું ? હવે તો આવા કોઈ અભરખા જ નથી રહ્યા. એ એનું નસીબ લઈને આવશે અને વિધાતા લખશે એવા ભાગ્ય સાથે જીવશે, બીજું શું ?

આવી હૈયા વરાળો, પેટમાં લાયો લગાડતી હતી અને વિજ્યા જે કોળિયો ગળેથી ઉતારતી તે આવા સળગતા ચરૂ જેવા તેના પેટમાં છમ કરીને પડતો. અને એ છમકારો વિજ્યા સ્પષ્ટપણે અનુભવતી. પણ હવે તેને દુઃખ લાગતું નહોતું, અશ્રુ છલકી જવા તલપાપડ થતાં નહોતાં, ગળે ડૂમો પણ નહોતો ભરાતો. આ અતિદુઃખ, અતિ તર્ક, અતિ-વિચારવાયુને લઈને જાણે કે વિજ્યા સુખ, દુઃખ, માયા, નફરત, આનંદ, શોકથી સાવ પરે થઈ ગઈ હતી.

અને આમ જમવાનું પુરું થયું. વિજ્યા વાસણ ઘસવા ચોકડી તરફ જવા વળી એટલે હીરાબા એ તેનો હાથ પકડીને રોકી લીધી. અને જાતે જ તેમણે વાસણ ઘસી નાખ્યાં. કચરા-પોતું કરી વાસણ ઘોડામાં ગોઠવી પણ દીધાં. ત્યાં સુધીમાં વિજ્યાએ રૂમમાં જઈને ખાટલો પાથર્યો અને પરસાળમાં બે ખાટલા ઢાળી દીધા અને રૂમમાં જઈ ખાટલામાં આડી પડી. તો વળી હીરા પરવારીને જયશંકરને લઈને મંદિર તરફના ઓટલે જઈને બેઠાં અને દીકરાને શિખામણ દેવા માંડ્યાં,

"જો બેટા, વહુ બે જીવાતી છે. મારી આંખ ધોખો ખાય નહીં અને મેં તેના પેટ ઉપર હાથ ફેરવી જોયો. તે સવારે નહાવા બેઠી ત્યારે તેના ડીલને પણ જોયું. બધું સમુસુતરું પાર પડી જાય તે જોવાની જવાબદારી આપણી છે. તેને હવે રાજી રાખજે. તેના મગજ ઉપર ભાર રહે એવું આડું-અવળું કાંઈ બોલતો નહીં તેની ઉપર ગુસ્સો તો જરાય નહીં કરવાનો. કોઈ વાતે તેને હેરાન ના કરતો. વારંવાર ઉઠ-બેસ ના કરાવતો. કાંઈ કામ પડે તો મને બોલાવી લેજે. પણ એને

ના વીતાડતો. અને હવે થોડું સંયમમાં રહેવાનું. બેટા, તું તો મારો સમજુ દીકરો છે. તને વધું શું સમજાવવાનું હોય ?"

"પણ બા,...." વચ્ચે જયશંકર કાંઈક કહેવા જતો હતો પણ હીરાબા એ તેને અધવચ્ચેથી જ બોલતો અટકાવી દીધો અને તેમની હથેળી જયશંકરના મોં ઉપર મુકી દીધી.

"પણ ને બણ, કશુંયે નહીં. મેં કહ્યું તેમ જ વર્તવાનું. કાલે નવ મહીના પુરા થઈ જશે અને બાઈ છૂટી થઈ જશે. મા વગરની છોડી છે તે નહીં ભુલવાનું, સમજ્યો ? પછી તું તારે એની સાથે તને ઠીક લાગે એમ જીવજેને !" આટલું કહીને હીરાબા ઓટલા ઉપરથી ઉભાં થઈ ગયાં અને ઓરડી તરફ વળ્યાં. પાછળ પાછળ જયશંકર પણ ઘસડાયો.

પરસાળમાં બે બાજુ ઢાળેલા બે ખાટલામાં હીરાબા અને હરિવલ્લભ સુઈ ગયેલાં. વિજ્યાએ ઓરડીમાં ખાટલો પાથરી દીધેલો અને તેમાં સૂઈ પણ ગયેલી.

"બા, બાપુજી, કાંઈ કામ નથી ને ? હવે હું સુવા જાઉં છું." જયશંકરે પૂછ્યું.

"ના, ના, ભાઈ અમારે કાંઈ કામ નથી. તું તારે બારણું આડું કરીને સૂઈ જા. પાછું સવારે આરતી-પખાળ માટે તારે તો વહેલું ઉઠવાનું હોય છે." કહીને હીરાબાએ પાસું મરડ્યું અને જયશંકર સામે જોઈને બોલેલાં, "પણ મેં કહ્યું તે બધું યાદ રાખજે." પાછું પાસું ફેરવીને બબડતાં જતાં હતાં, "આવા સમયે ધણી જોડે હોય તો બાઈ માણસને પણ સારું લાગે. આ તો સવાર-સાંજ આરતીનો ટાઈમ હોય અને બપોરે નોકરીના કામમાં ઘરમાં ના હોય. નહીંતર બે માણસ ધીમા ડગલે અડધો કલાક સવાર-સાંજ આંટો મારવા જતાં હોય તોયે શરીર ભારે ના થઈ જાય અને એનું મન પણ હલકું ફુલ રહે. આવા ટાઈમે અમુક છોડીઓ તો કેવી કડેધડે હોય છે ! અમારા વખતમાં તો પેટમાં છોરું હોય અને ખેતરનીયે હડીયો કાઢીએ અને ઘરનું પણ કામ કરતાં જઈએ. સાથે સાથે ઢોર-ઢાંખર પણ સાચવતાં. કેમ આ જયશંકર જ પેટમાં હતો ત્યારે હું પણ ક્યાં પગ વાળીને બેસતી હતી ? સાસરે નહોતી સાસુ કે પિયરમાં નહોતી મા ! તોયે અમે છોકરો જણ્યો જ હતો ને ! આ તો હવે નવી શેલમાં તો આવું ઢીલું પોચું ચાલ્યા કરવાનું."

પણ જયશંકર તો ઓરડીમાં ધુસી ગયેલો અને બારણું પણ અંદરથી વાસી દીધેલું. તે વિજ્યા પાસે આવ્યો. તે ઉંઘી ગઈ હતી. સાવ ચત્તી પાટ સુઈ ગયેલી. તેની છાતી ધમણની જેમ ઉંચી નીચી થતી હતી. ઉરપ્રદેશો ઉપરથી સાલ્લો પણ ખસી ગયેલો. જેથી તેના ઉંચા-નીચા થતા ઉપસેલા છાતીના ભાગો સ્પષ્ટ દેખાતા હતા. તેના બંને પણ પહોળા પથરાયેલા હતા. નાભિ નીચેનો ઉદરનો ભાગ સહેજ ઉપસેલો જણાતો હતો. ત્યાં પણ સાડલો ખસી ગયેલો હોઈ ઉદર ત્વચાની કોમળતા, સ્નિગ્ધતા જયશંકરને આકર્ષતી હતી. તેની કેળના થડ જેવી જાંઘો, પાતળો કટિ પ્રદેશ, સુકોમળ પગની આંગળીઓ, બે નદીઓના સંગમ જેવો લાગતો, બે પગની જાંઘોને જોડતો, સમુદ્રની ખાડી પ્રદેશ જેવો જણાતો, એ ભાગ ઢંકાયેલો હતો છતાંયે ખૂબ જ આકર્ષક, લોહચુંબક જેવો ખેંચાણ અર્પતો જયશંકરને ભાસ્યો. તેણે માથાના છુટ્ટા, કાળા ભમ્મર જેવા, સુગંધી અર્પતા, લાંબા વાળ તરફ પણ અંતઃમનનું ખેંચાણ અનુભવ્યું. તેનો સુંદર ચહેરો બંધ આંખો, પરવળ જેવા ગુલાબી, ઉપસેલા, નહીં જાડા કે નહીં પાતળા, સ્નિગ્ધ અને સુંદરતાના પર્યાયવાચી ગણાય તેવા તેના ઓષ્ઠ, તેના ભરેલા બે બાજુના કપોલ, લાંબી ડોક તરફ જયશંકર ઘડીભર તાકી જ રહ્યો. પછી તેની કામદેવના બાણથી ઘવાયેલી લોલુપ નજર ઉછળતા ઉરપ્રદેશો ઉપર થઈને ઉદર ત્વચાને અડીને, નાભિની ખાડી પાર કરીને સંગમ પ્રદેશ વટાવી, બે જાંઘો ઉપર સમાંતરે નીચે ઉતરી અને કોમળ પાનીઓ સાથે રમવા લાગી અને જયશંકર બબડ્યો, ‘‘અહો રૂપમ્’’. વળી નજર વિજયાના કપાળે પહોંચી ગઈ અને જયશંકરના દેહ-મનમાં પ્રવેશી ચુકેલા કામની અસર તળે તે ઝૂક્યો. તેના હોઠ અને વિજયાના વિશાળ, તેજસ્વી છતાંય આકર્ષક ભાલપ્રદેશ વચ્ચે કાંઈ ઝાઝુ છેટું નહોતું. બંનેની નાસિકાઓ શ્વાસ લેતી અને ઉચ્છ્વાસ ફેંકતી હતી. એક જણ નિદ્રાવશ હતું અને બીજું જણ કામવશ થયેલું. અને તે શ્વાસોચ્છ્વાસની ગરમી હવે બંનેના કપોલ પ્રદેશોને દઝાડતી હતી. જયશંકર પુરુષ હતો. તેની ત્વચા રૂક્ષ હોય તે સ્વાભાવિક હતું. પણ સુંદર વિજ્યાની કોમળ ત્વચાએ તે ગરમી ઝડપથી પકડી અને તેની અર્ધનિદ્રા, તંદ્રાવસ્થા હટી ગઈ. તેણે હળવેક આંખ ઉઘાડી. અને જયશંકર આમ ઝૂકેલી અવસ્થામાં જે તે સ્થિતિમાં રોકાઈ ગયો, વિજ્યાની અર્ધખુલ્લી આંખ સામે મૂઢ શો, ભોંઠો પડ્યો હોય તેમ, દયામણા ચહેરે તાકી

રહ્યો. પણ તરત જ તેણે પોતાની જાત ઉપર કાબું મેળવી લીધો. જોર કરી, આંચકાથી, ખાટલાની ઈસનો ટેકો લઈ જયશંકરે પોતાનો આખોય દેહ, ચહેરા સહિત, વિજયાથી દૂર લઈ લીધો. ઓશિંગણે પડેલું ઓશીકું, પગમાં પડેલું ઓઢવા-પાથરવાનું બે હાથમાં લઈ જયશંકર નીચે પથારી કરવામાં પરોવાયો. વિજયા આ બધું અર્ધખુલ્લી આંખોથી જોઈ રહી હતી. પરંતુ એણે ના તો એક અક્ષર ઉચ્ચાર્યો, ના બેઠી થઈ, ના તો જયશંકરને પથારી કરવામાં મદદ કરવા ઉભી થઈ.

જયશંકરે નીચે પથારી પાથરી દીધી. વળી પાછો વિજયાના ખાટલા પાસે આવ્યો. તેણે જોયું કે વિજયાની બંને આંખોનાં પોપચાં બિડાયેલાં હતાં. તેણે હળવે હાથે તેના ઉઘાડા ઉરપ્રદેશને સાડલાથી ઢાંક્યો. પાંગથણેથી ધુંસો લઈ પગની પાનીથી લઈને છેક છાતી સુધી વિજયાને ઓઢાડ્યું. પછી પાછો ફર્યો અને પોતાની પથારીમાં આડો પડ્યો. વિજયાની આંખો બંધ હતી તેટલું જ બાકી તે જાગતી હતી. પણ ના તો તે હાલી કે ના કાંઈ બોલી !

આડો પડેલો જયશંકર વિચારે ચઢી ગયો.

"પુરુષ અને સ્ત્રીના દેહમિલન વગર સ્ત્રીના ઉદરમાં ગર્ભ કેમનો પ્રસ્થાપિત થાય ? અને દેહ મિલનની તો વાત છોડો, અમારા બે માણસ વચ્ચે તો દેહનો સ્પર્શ માત્ર પણ થયો નથી. તો આ બધું શું છે ? કોણ હશે એ પરપુરુષ જેણે આ સુકોમળ કુમારિકાને ચુંથી નાખી હશે ? અને સ્ત્રીના સહકાર વગર, મરજી વગર, સંમતિ વગર, કોઈ પુરુષની દેન છે કે તેના દેહને સ્પર્શી શકે ? તો છેક આ અવસ્થાએ પહોંચેલા એ દેહ-મિલનમાં વિજયાની સંમતિ ના હોય તે કેમ બને ? શું તેની મજબુરીનો કોઈએ લાભ લીધો હશે ? શું તેના દેહ ઉપર બળજબરી થઈ હશે ? કે પછી આ ભોળી પારેવડીને ભોગવીને એ નરપિશાચે તેને તરછોડી દીધી હશે ? બા કહેતી હતી તે સાચી વાત છે. "મા વગરની છોડી." કે પછી કામબાણોથી ઘવાઈને બે દેહ ભાન ભુલ્યા હોય અને પછી સંજોગો વિપરીત બન્યા હોય અને બંનેને લાચારી અને અસહાયતામાં, બળજબરીથી વિખૂટા પાડવામાં આવ્યા હોય !

જે હોય તે પણ નિર્દોષ, ભલી હીરાબાના ચહેરા ઉપર વર્ષો પછી જોયેલા આનદને, હરખને શા માટે તોડવો ? વરસોથી વેઠતા આવેલા હરિવલ્લભ બાપાના મુખ ઉપર કોતરાયેલી સંતોષની રેખાઓને કેમ વિખેરી નાખવી ? એ બે જણનો

શું દોષ ? તો આ હજી તો ઉદરમાં પાંગરતા જીવનો પણ શું વાંક ગણાય ? દેવ-દાનવ ના મેરૂપર્વત વતી આરંભાયેલા સમુદ્રમંથનમાંથી પહેલા તો હળાહળ વિષ જ પ્રગટેલું અને તે વિષકુંભમાંથી નીકળતી જ્વાળાઓને જોઈને તો દેવો અને દાનવો બંને ગભરાઈ ગયેલા, નાસભાગ કરવા માંડેલા. હમણાં સૃષ્ટિનો સર્વનાશ થઈ જશે તેવી ભીતી બધાંના મનમાં પ્રગટેલી. ત્યારે દેવોના દેવ મહાદેવ પ્રગટ થયા. વિષ બહાર રહે તો સૃષ્ટિનો વિનાશ નિશ્ચિત હતો અને કોઈના ગળેથી નીચે પેટમાં ઉતરી જાય તો જે ગ્રહણ કરે તેનું અસ્તિત્વ જ ના રહે તેવી સ્થિતિ હતી. અને શિવજીએ વિષ કુંભને પોતાનું વિશાળ મોં ખોલી, તેમાં ઠાલવી દીધો અને બધુંયે વિષ ગળામાં જ અટકાવી દીધું. વિષના પ્રભાવે તેમનું ગળું લીલું છમ થઈ ગયું. તેથીસ્તો તે નીલકંઠ કહેવાયા. સૃષ્ટિ પણ બચી ગઈ અને મહાદેવનું પોતાનું પણ અસ્તિત્વ રહ્યું.

મારી સૃષ્ટિ કેવડી ? હું, આ મારાં મા-બાપ, આ પરણીને આવેલ વિજ્યા, તેના બાપા, તેનાં દાદા-દાદી અને આ દેહમાં ઉછરતો અજાણ્યો જીવ ! આવડી મારી સૃષ્ટિ ! અને આ નગ્ન સત્યરૂપે પ્રગટેલું, અતિ કટું, સૌ કોઈનો નાશ કરવાની ક્ષમતા વાળું, સંસાર મંથનમાંથી પ્રગટેલું, ના બહાર રખાય, ના પેટમાં ઉતારાય એવું વિનાશકારી વિષ ! હું રોજ સવાર-સાંજ શિવજીની પૂજા કરું અને એમના જીવનમાંથી આટલોય બોધપાઠ ગ્રહણ ના કરી શકું, તો તો મારી બધી પૂજા, અર્ચના, પ્રાર્થના-બધુંયે માત્ર ને માત્ર આચાર કે દંભ જ ગણાય. ભલે કંઠમાંથી નીલકંઠ થવાય પણ આ સત્યરૂપી વિષને ગળામાં સંઘરી રાખવામાં જ મારું અને મારી આ સમગ્ર સૃષ્ટિનું કલ્યાણ છે, તે વાત નક્કી ! દરેક જીવના કલ્યાણ માટે કોઈને કોઈએ તો ઝેર પચાવવું જ રહ્યું. એ મહાદેવે પોતાની ત્રીજી આંખ ખોલી કામદેવને ભસ્મ કરી નાખેલો તેવી જ રીતે મારે પણ મારામાં ઉગતા મદનને ઠારી દેવો પડશે. શિવકાર્ય અને શિવશરણ સ્વીકારીને હું પણ જીવન જીવી નાખીશ.''

આવા વિચારો કરતો કરતો જયશંકર ક્યારે ઉંઘી ગયો તેનું તેને પોતાને પણ ભાન રહ્યું નહીં.

સવારે રોજની ટેવ પ્રમાણે, જયશંકરે પાંચ વાગે તો પથારી છોડી દીધેલી અને ઓશીકું, પાથરણાં ફરીથી એવી રીતે ખાટલામાં ગોઠવી દીધેલાં કે બહારથી

જોનારને તેણે અલગ પથારી કરી છે તેવો અણસાર માત્ર પણ ના આવે. ફરી નિત્યક્રમ ચાલુ થયો. નાહીધોઈ, આરતી-પૂજા પતાવી, જયશંકર મંદિરના ઓટલે બેઠો. હરિવલ્લભ ઘરના ગોખલામાં ગોઠવેલ દેવલાંની પૂજામાં બેસી ગયા. વિજ્યા અને હીરાબા ઘરકામ અને રસોઈમાં વળી ગયાં.

આમને આમ આ વખતે તો વિજ્યાએ સાસરીમાં સળંગ મહીનો પસાર કરી દીધો. હવે તો તેને શરીરે સારું લાગતું હતું. રાત્રે કે દિવસે પેટમાં કાંઈક ફરકતું હોય તેવું લાગતું ત્યારે થોડી બેચેની જણાતી. દુઃખનું ઓસડ દહાડા ! હવે જસુ પણ વારંવાર યાદ આવતો નહોતો. દિવસે ઘરકામમાં મન પરોવવા પ્રયત્ન કરતી અને રાત્રે પેટમાં ઉછરતા બાળકના વિચારો કરતી કે સજ્જન જેવા જયશંકરના વિચારે ચઢી જતી. હવે તો વિજ્યા પણ જયશંકરની જેમજ, હીરાબા, જયશંકર, હરિવલ્લભ અને નવા જનમનાર બાળકનો કાંઈ વાંક ગુનો નથી તેમ ગણી બધાં તરફ જોઈને થોડું હસી લેતી અને જરૂર પડ્યે 'હા' કે 'ના'માં જવાબ પણ આપવા માંડેલી. તેણે સગી માને ગુમાવેલી તેથી ઘણીવાર તેની યાદમાં પણ ગરકાવ થઈ જતી અને હીરાબામાં 'મા'ને નિરખવા પ્રયત્ન કરવા માંડેલી આમ વિજ્યાને હસતી, ફરતી જોઈને હીરાબા પણ ખુશ રહેતાં અને હરિવલ્લભનું ટેન્શન પણ ઘટેલું. વિજ્યામાં થતા જતા ફેરફાર-સુધારાને લઈને જયશંકરને પણ પોતે કરેલા ત્યાગ-બલિદાનની સાર્થકતા દેખાઈ.

વચ્ચે બે જણ, જયશંકર અને વિજ્યા, વિનુભાઈના ત્યાં, વિજ્યાના પિયરમાં જઈ આવ્યાં. દાદીમા એ ખૂબ દબાણ કર્યું એટલે રાત્રે બંને જણ રોકાયાં પણ ખરાં. જો કે હીરાબા એ જ કહેલું, "મારી ગણત્રી મુજબ તો ત્રીજો હવે પુરો થશે." પણ મનમાં ને મનમાં વિજ્યાએ ગણિત માંડેલું "ના, ના. ચોથો પુરો થવા આવશે." પરંતુ કશું પણ જાહેરમાં બોલ્યા વગર હીરાબાને સાંભળી રહેલી, "પછીથી તને ત્યાં નહીં મોકલું. બધો વહેવાર-વિધી પણ અહીં જ પતાવીશું અને સુવાવડ કરવા પણ હું લઠ્ઠ જેવી બેઠી છું. એ એકલાં તેનાં દાદીમા ના પહોંચી વળે. અને અહીં તો મારી પાછળ તો આખું ગામ બેઠું છે. પછી તો જેને ખબર કાઢવી હોય, તું યાદ આવી હોય અને મલવું હોય તો અહીં આવી જાય. તને હું ક્યાંય જવા દેવાની નથી એટલે આ વખતે જઈ આવો. અને દાદી દબાણ કરે તો રાત્રે રોકાઈ પણ જજો." અને આ સૂચનાને ધ્યાનમાં રાખીને જ બેય જણ

રાત્રે પણ ત્યાં રોકાઈ ગયેલાં.

ખાઈ-પરવારી થોડીઘણી દાદા તેમજ વિનુભાઈ સાથે વાતો કરીને જયશંકર તો મેડી ઉપર જઈને સુઈ ગયો. વિનુભાઈ અને દાદા પણ નીચે અંદરના ખંડમાં ઢાળેલા ખાટલાઓમાં આડા પડ્યા. વિજ્યાનો ખાટલો આગલા ખંડમાં પાથરેલો. તેણે આજે હઠ પકડેલી કે તે દાદીમાના ભેગા જ સુઈ રહેશે. પણ હકીકતમાં તો બેય જણ પરસાળમાં પડેલી ખાટ ઉપર રાત્રે માંડા સુધી બેસીને વાતે વળગેલાં. ઘડીક ઓશીકુ લઈ દાદીમા આડાં પડતાં તો ઘડીક દાદીમા બેઠાં થઈ વિજ્યાને આડી પડવા સમજાવતાં અને આમને આમ વાતો નો દોર ચાલ્યા જ કર્યો.

"તે હેં બેટા, તું કયા દહાડે ભાન ભુલીને આપણે આ દહાડો જોવા વારો આવ્યો ? ઘરમાં જ ભેગાં થયેલાં કે દુકાને ભેટો થયેલો કે બહાર શહેરમાં ? મને ને બાજુવાળા માશીને તો પાક્કા પાયે શંકા છે કે એ મૂઓ નખ્ખોદિયો જ આવાં કાળાં કરમ કરનારો છે અને મારી ભોળી પારેવડીને ફસાવી દીધી. અમારે પણ નીચા જોણું થયું અને ફુલ જેવી હીરાના તોલે પણ ના તોલાય તેવી રૂપાળી, દેખાવડી, હોશિયાર હતી તોયે છોડીને ના ગમતા ઘેર નાંખી આવવી પડી. બધું સારું, માણસો પણ લાખ રૂપિયાનાં, જમાઈ પણ ભલો, ભોળો, તોયે કાગડો દહીથરું લઈ ગયો જ કહેવાય ! અમે પણ શું કરીએ ? સંજોગો જ એવા ઉભા થઈ ગયા. તારા પેટમાં બીજો જીવ છે તેની માકી અનુભવી આંખોને તો તરત જ ખબર પડી ગયેલી. તેથીસ્તો તારો બાપ નહોતો માનતો તોયે તાબડતોબ દોડાયો. તારી તબિયતનાં ક્યાં ઠેકાણાં હતાં ? એટલે તો તને પણ અંધારામાં રાખી રાતોરાત જે મલ્યું તે વધાવી લઈ ગોઠવી દીધું. અને ઘડીયાં લગન પણ લઈ લેવાં પડ્યાં. ગમ્યું, ના ગમ્યું તોયે તને ત્યાં વળાવી દેવી પડી. નહીંતર ક્યાં ગામનાં પૂજારીનો છોકરો અને ઘાસેટીયું ઘર અને ક્યાં આપણું ઘર ? છોકરાનું ભણતર પણ મધ્યમ અને દેખાવમાં પણ તારી તોલે તો ના જ આવે ને ? 'મા'એ મોં મચકોડ્યું અને છોકરાએ તો આપણું ધનોતપનોત કાઢી નાખ્યું. એ મા ના પેટે અવતરેલોને ? બીજાનું જોવાનું જ નહીં ને ? પોતાની જીદમાં મા ચઢીને, દીકરો જુવાનીની મસ્તીમાં આપણું મોં કાળું કરી ગયો. પરિણામ કોને ભોગવવાનું આવ્યું ? એય એણે તો મોટા પ્રોફેસરની છોડી સાથે લગન પણ કરી લીધાં અને સસરાની જી-હજુરી કરતાં કરતાં પેઢી પણ ખરીદી લીધી અને શહેરમાં મોટો

બંગલો પણ લીધો. અલી એનો વર ઉઘલાવો પણ બારોબાર નવા બંગલેથી કાઢેલો. ગામના ઘર માથે તો હવે તાળું લટકે છે. લગન પછી મા-બાપને પણ શહેરમાં લઈ ગયો. ભરેલા ઘરની છોડી મલી તે ધરાઈને કરિયાવર પણ આવ્યું હશે. સગાં પણ પરગજુ અને પૈસાદાર મલ્યાં. એ તો બે પાંદડે અને સુખી પણ થઈ ગયો. રોવાનો વારો તો બેટા, આપણે આવ્યો. મારી ગોળીએ તો મલાઈદાર રેડા જેવું દૂધ હતું. તેને ખાટું કરી નાખ્યું. હવે મારે અને તારા બાપને ના છૂટકે ગોળીમાં પુરાયેલી ખાટી છાશ આમ પરગામના ઉકરડે જઈને લાચાર થઈને ઢોળી આવવી પડી. બેટા, તારા બાપને અને મને એ વાતનું ઘણુંયે દુઃખ થયું છે. તારો દાદો પણ કાંઈ બોલતા નથી એટલું જ બાકી મનમાં ને મનમાં ધણુંયે હોરાય છે. પેટ ફાટ્યું તે કોને દેખાડવા જઈએ ? આખું આભલું જ ફાટી પડ્યું ત્યાં ક્યાં ક્યાં થીગડાંયે દેવાં ? આ તો પરભવનાં પુણ્ય આગળ આવ્યાં તે અઠવાડીયામાં સગાઈ થઈ ગઈ ને મહીનો પુરો થાય તે પહેલાં લગનનું ગોઠવાઈ ગયું અને ઘીના ઠામમાં ઘી પડી રહ્યું.'' માજી થોડું અટક્યાં. ઝીણી નજરે વિજયાનો ચહેરો જોયો. તેની કૂખ તરફ નજર ફેરવી પછી પાછું ચાલું કર્યું.

''તેં તારી સાસુ કે જમાઈને તો કોઈ વાતે ગંધ નથી આવીને, બેટા ? નહીંતર તારો સંસાર ધૂળધાણી થઈ જશે.''

વિજયાએ કાંઈ જવાબ નહીં આપેલો અને નકારમાં માથું ધુણાવીને પતાવેલું. પણ તે મનમાં ને મનમાં વિચારતી હતી.

''સાસુમા ને તો ખબર ના પડે પણ મેં મારા ઘરવાળાને આજ સુધી અડવા પણ દીધો નથી અને એ ભલા માણસે એક જ ઓરડામાં ઘણી રાતો સાથે વીતાવી તોયે કદી સ્પર્શ કરવાનો પણ પ્રયત્ન નથી કર્યો તો પછી બળજબરીની તો વાત જ ક્યાં આવી ? અને આવા સમાચાર તો એને પણ મલ્યા જ છે. એની માએ પણ ફોડ પાડીને એને વાત કરી જ છે. છતાંયે એણે મને કદી કશુંયે પૂછ્યું પણ નથી કે નથી મેણાં, ટોણાં માર્યાં, નથી મારઝૂડ કરી, નથી કદી મારી તરફ મોં ફુલાવીને ફર્યો. ઉપરથી રાત-દહાડો મારી સેવામાં ખડે પગે રહે છે અને સતત મારું ધ્યાન રાખે છે. એમ કાંઈ ગાંડો થોડો છે કે એને કશીયે ખબર ના પડે ? એક મારો ગણેલો જસુ, જે આમ મને કૂવામાં ઉતારી રાશ કાપીને છૂમંતર થઈ ગયો અને તેના સંસારમાં ખુપી ગયો, મારા માટે તો અદૃશ્ય જ થઈ ગયો.

ત્યારે આ બીજો જણ, જે બધું જાણીને પણ, કશુંય નથી થયું તેમ દેખાડી, મારી આગળ-પાછળ ફર્યે જાય છે અને તે પણ સાવ નિસ્વાર્થભાવે. અરે ! જુવાન પુરુષ તો તે પણ છે, ગરીબ ઘરનો પણ છે,એ મને જાહેરમાં લગન કરીને લઈ ગયો છે તો પણ તેણે કદી મારા સ્ત્રી દેહને ભોગવવાની લાલસા માત્ર પણ નથી દેખાડી. તો પછી સારો માણસ મોટો માણસ, ખરો પ્રેમી કોને કહેવો ? છતાંય આ મર્કટ મનડું કે આ ધબકતું હૈયું ક્યાં આ તર્કને માને છે ? કાલે મારા જણેલા પરંતુ પારકા દીકરા કે દીકરીને એ જણ બાપનું નામ પણ આપશે અને આખી દુનિયાના ચોપડે એ બાળકના બાપ તરીકે તે જ ઓળખાશે. બાકી સાચી હકીકત તો મારા શિવાય કે મારાં પિયરિયાં શિવાય બીજું કોણ જાણે છે ? આમ તો જોઈએ તો મારો આતમરામ જ સાચો સાક્ષી ગણાય ને ? બાકી તો દાદીમા, માશી, બાપા, દાદા એ બધાં તો, હજીયે હું ખોંખારીને નામ ના પાડું ત્યાં સુધી તો તેમના મનના તુક્કા જ ગણાયને ? ભલું હશે તો બાળકના અસલી બાપ જસુને પણ હકીકતની ખબર કદાચ નહીં હોય ! આવી પરિસ્થિતિમાં પણ કદી કશુંય નહીં પૂછનાર, કદીયે બળજબરી પણ નહીં કરનાર, બધુંયે જાતે સહી લેનાર, મારો કહેવાતો ઘરવાળો દાદીમાને 'કાગડા' જેવો લાગે છે અને તું મૂઈ ભાન ભુલી દેહ દઈ બેઠી અને આ ભવાડો ઉભો કર્યો તોયે મને 'દહીથરું' ગણે છે. હશે, જેને જે કહેવું હોય તે કહે, અત્યાર સુધીતો બધાંની લાજ જળવાઈ રહી છે."

અને પછી તો હવે દાદાની તબિયત સારી રહેતી નથી, દાદીમાથી પણ બધાંનું ઘરનું કામ થતું નથી, વિનુભાઈને પણ હવે દુકાન-ધંધામાં બહુ રસ રહ્યો નથી, વિનુભાઈને પસ્તાવો થાય છે કે એમણે છોકરો ઓળખવામાં ભૂલ કરી, પોતાના દુકાને તૈયાર થયો, તેને પોતાના દીકરા જેવો માનેલો અને એણે જ ઘરમાં ઘો મેલી, બાપ-દીકરાનું ઘરમાં કાંઈ ચાલ્યું નહીં અને મારી છોડીને દુઃખના દરિયામાં ધકેલી દેવી પડી, એવી વિનુભાઈની ઉક્તિઓ, બીજા લ્હાય ઉકાળા પણ દાદીમા એ વિજ્યા આગળ રજૂ કરી પોતાનું મન હળવું કર્યું.

પણ વિજ્યાએ લાંબુ બગાસું ખાધું તે દાદીમા એ જોયું એટલે સૂઈ જવાની તૈયારી રૂપે અડધાં બેઠાં થતાં થતાં તે બોલ્યાં,

"ચાલ બેટા, હવે ઉઠ, સુઈ જઈએ. તારી આંખો પણ ઘેરાયેલી લાગે છે."

પછી તો દાદી-દીકરી એક જ ખાટલામાં સુઈ ગયાં. વિજ્યા દાદીમાને લપાઈને ઉંઘી ગઈ. આજે તેણે નિરાંતે ઘોર નિદ્રામાં આખી રાત વીતાવી.

રોજના સમયે સવારે વહેલા જયશંકર જાગી ગયેલો. અડધો કલાક તો પલંગમાં પડી રહ્યો. પછી મેડીએથી નીચે ઉતર્યો. તેનાથી અવાજ તો થાય જ. અને ચપળ વિજ્યા તરત જ દાદીમાના પડખેથી ઉભી થઈ ગઈ. બધાં નહાઈ-ધોઈ તૈયાર થયાં. જયશંકર અને વિનુભાઈ દુકાને ગયા. દાદા ગામમાં લટાર મારવા નીકળ્યા. મા-દીકરી એ રસોડું શરૂ કર્યું અને હાથોહાથ ઘરકામ આટોપી લીધું. પણ ના તો વિનુભાઈ એ કોઈ વાત ઉઘાડી કે ના તો જયશંકરે કાંઈ પ્રશ્ન કર્યો. ઘેર પણ દાદીમા અને વિજ્યા વચ્ચે પછીથી આ બાબતે કાંઈ જ ચર્ચા થઈ નહીં.

બપોરે જમીને થોડો આરામ કરી જયશંકર અને વિજ્યા ઘેર આવ્યાં અને સૌ સૌના દૈનિક ક્રમમાં જોડાઈ ગયાં.

સમય તો વીતતો ચાલ્યો. વિજ્યાનું ખોળાભરણું પણ શિવજીના મંદિરમાં જ થયું. જો કે વચ્ચે બે-ત્રણ વખત દાદી, વિનુભાઈ, દાદા વિજ્યાને મલવા આવતાં-જતાં રહેલાં. પણ તેમણે જોયું કે હીરાબાની જુની આંખો અને આવડતને લીધે તેમજ જમાઈની સેવા-ચાકરી-દોડધામ ને લઈને વિજ્યા માટે કાંઈ ચિંતા કરવા જેવું નથી. શરૂઆતમાં તો દાદીમાએ પણ હઠ પકડેલી કે "છોડીની પહેલી સુવાવડ તો પિયરમાં જ શોભે એટલે સીમંતની વિધી પતી જાય એટલે અમે જ વિજ્યાને તેડી જઈશું. કાલે ઉઠીને કોઈ મારી દીકરીને કહી જાય એ હું નહીં ચલાવી લઉં અને હજી હું જીવતી જાગતી બેઠી છું. ભલે એની મા નથી પણ હું એની માના તોલે આવું એવી નથી ?" પણ પછી બધાંયે તેમને સમજાવેલાં, મનાવેલાં, ટાઢાં પાડેલાં અને વિજયે એ પણ મંદિરમાં જ પ્રસવ થાય તેવી ઈચ્છા દર્શાવી. વળી જયશંકર અને વિજ્યાના સાસુ-સસરાનો સ્વભાવ આખા ગામની આ કુટુંબ માટેની ઓથ તો તેમને સીમંતના પ્રસંગમાં જ જોવા મળેલી. તેથી વિનુભાઈ વહેવારિક રીતે સીમંત પછી એક રાત માટે પિયરમાં લઈ ગયેલા અને બીજા દિવસે જમાઈ આવ્યા એટલે બધાંયે રડતી આંખે, સુખી થવાના આશીર્વાદ સાથે વિજ્યાને સાસરે વળાવેલી.

આઠમો પુરો થયો એવું ગણિત હીરાબાએ માંડ્યું અને ઉપર દસ દિવસ ગયા હશે અને વિજ્યાને પીડ ઉપડી. હીરાબા અને જયશંકર વિજ્યાના ખાટલાની

આજુબાજુ જાણે જડાઈ ગયાં !

"બેટા, બંધ આંખે બાળકના બાપનો ચહેરો નજર આગળ લાવ તો જલ્દી છૂટકારો થશે." હીરાબાએ વિજ્યાના કપાળે હાથ ફેરવતાં ફેરવતાં સૂચન કર્યું અને વિજ્યાએ ખરેખર જસુના ચહેરાને નજર આગળ તરવરવા દીધો. અને પંદર-વીસ મિનિટમાં તો પ્રસવ થયો. દીકરો અવતર્યો. બધાં રાજીના રેડ થઈ ગયાં. ગામમાંથી ભેગાં થયેલાં દસ-બાર બૈરાં, બહાર હરિવલ્લભ અને જયશંકર સાથે ઉભેલા પાંચ-સાત પુરુષો પણ ખુશ થઈ ગયાં. બધાંએ પેંડાની માંગણી કરી. મંદિરના મુખ્ય ટ્રસ્ટી તો ગામમાંથી પાંચ કીલો પેંડા ખરીદીને જ મંદિરમાં આવેલા અને સૌનાં મોં મીઠાં કરાવી વધેલા પેડા મંદિરમાં પ્રસાદી રૂપે મુકીને જતા રહેલા.

વિનુભાઈ, દાદીમા ખબર કાઢવા આવેલાં. દાદાની તબિયત બરાબર નથી તેમ વાત થયેલી. પણ દાદીએ ભાણો ખોળામાં લીધો, તેની મોકળાશ ધારી ધારીને જોઈ અને મનોમન બબડેલાં "એના બાપનું રુંવાટુંયે ચોર્યું નથી. મારી શંકા સો ટકા સાચી" અને તેમણે નાનકો હીરાબાને આપી દીધેલો. હીરાબા તો જાહેરમાં બોલેલાં, "વહુને મળતો થોડોયે આવે છે બાકી મારા જયશંકરની મોકળાશ અને આના મોઢામાં તો કશુંય સરખું દેખાતું નથી." ત્યારે બધાં હસી પડેલાં અને હરિવલ્લભ તો બોલી ઉઠેલા કે "દીકરો મા ઉપર પડે તે નસીબદાર ગણાય."

ફરી વર્ષો વીત્યાં. નાનકાનું નામકરણ થયું. બાર મહીનાનો થયો. પા-પા પગલી ચાલતો થયો. ત્રણેક વર્ષનો થઈ આખા મંદિરના ચોગાનમાં ફરતો થઈ ગયેલો. મંદિરના ગર્ભગૃહમાં હવે તો ધુસી જતો. ફળ, ફ્રુટ, પ્રસાદી જે ગામલોકો શિવ સામે ધરાવતા તે બધું નાનકો ઉપાડી લાવતો કે ખાઈ જતો. હવે તો પાંચ વર્ષનો થઈ ગયેલો. ગામમાં જતો થઈ ગયેલો. તેના જેવડાઓ સાથે ભાઈબંધી કેળવતો અને છોકરાંને પણ સાથે મંદિરમાં લેતો આવતો. તે ખૂબ જીદ્દી સ્વભાવનો, ધાર્યું કરનારો થઈ ગયેલો. "બા-દાદાનાં લાડને લઈને તે બગડી ગયો છે." એવું વિજ્યા વારંવાર કહેતી અને ખરેખર પહેલેથી જ વિજ્યાનો તેની તરફ ઓછો ભાવ હતો. તેથી તેની નાની નાની બાળ સહજ નબળાઈઓ પણ વિજ્યાને વધુ કઠતી હતી. જ્યારે નાનકાને જોઈને હીરાબાનું મોં ભરાઈ જતું અને હરિવલ્લભ પણ મલકાઈ જતા અને તેડી લેતા. ધણીવાર તો રાત્રે પણ નાનકો હીરાબાની

સોડમાં જ સુઈ જતો. અને દિવસે તો દાદા-દાદી પાસે જ વારાફરતે રહેતો.

એવામાં એક દિવસ એક મોટી કાર મંદિરમાં આવીને ઉભી રહી. કારનો અવાજ સાંભળીને જયશંકર મંદિરમાંથી બહાર આવી ગયેલો અને ઓરડીમાંથી વિજ્યા બહાર આવી. ગાડી ડ્રાયવર ચલાવતો હતો. ડ્રાયવર પાસે બેઠેલો વ્યક્તિ ઉતર્યો. વિજ્યાની તેના ઉપર નજર પડી. તે ઘડીભર ચમકી ગઈ. તે ઓળખી ગઈ. "આ તો મારો જસું !" તે મનમાં લવી વળી.

પછી તો પાછળ બેઠેલું વૃદ્ધ દંપતિ ઉતર્યું, એક જુવાન બાઈ હાથમાં બાળક લઈને ઉતરી. બધાં મંદિર તરફ ગયાં. જયશંકરે સૌને આવકાર્યાં. વડીલ જેવા લાગતા એ ભાઈને તેણે પ્રણામ કર્યા.

"ભાણાને આ સ્વયંભુ શિવલિંગને પગે લગાડવા આવ્યાં છીએ." તેમણે વળતી સ્પષ્ટતા કરી. બધાં મંદિરમાં ગયાં. દર્શન વિધી પતાવી. એ બધાં તો દર્શન કરીને નીકળી જ જવાનાં હતાં પરંતુ જયશંકર બધાંને ઓરડી ઉપર લઈ આવ્યો. બધાંને બેસવા ખુરશીઓ ગોઠવાઈ. ચા-પાણી થયાં. વડીલ વાતોડિયા હતા. તેમણે તો બેસતા વેંત જ ચાલુ કરી દીધેલું.

"આ મારી બાજુમાં બેઠેલાં છે તે મારા ધર્મપત્ની જાનકી દેવી છે. એમ.એ.થયેલાં છે. હું કોલેજમાં પ્રોફેસર છું. આ સામે બેઠા તે મારા જમાઈ છે. મોટા શેઠ છે. તેમની મોટી પેઢી છે. શહેરમાં તેમની પેઢીની બોલબાલા છે. મોટા બંગલાના માલિક પણ છે. બાજુમાં બેઠાં તે મારી દીકરી જયા છે. તેને ભાણિયો છે. સવા વરસનો થયો. મહાદેવ તો અમારા કુળદેવતા ! અને એમાંયે આ તો સ્વયંભુ શિવલિંગ ! એટલે બધાંને લઈને પગે લગાડવા આવ્યો છું. હવે આ ભાણાનું નામ પાડીશું. મારા જમાઈનું નામ જસુભાઈ જાની. અને હું પોતે જનકરાય દવે. વેવાઈ અને વેવાણ ગામડે ખેતીના કામ માટે મહીના-માસથી ગયેલાં છે. એટલે મને થયું કે અમે પણ દાદા-દાદી તો ગણાઈએ જ ને ? વળી બધાં હોત તોયે એક ગાડીમાં તો આવી શક્ત જ નહીં. જો વેવાઈ-વેવાણ હોત તો મોટી ગાડી ભાડે કરવી પડત. આટલાં તો એક ગાડીમાં સાંકડ-માંકડ ગોઠવાઈ ગયાં અને ક્યાં વળી વધારે દૂર જવાનું હતું ?" પ્રોફેસર તો હજીયે વાત ચાલુ રાખત પણ ચા આવી ગઈ એટલે વાતમાં વિક્ષેપ પડ્યો.

આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન વિજયાનો નાનકો તો પોતાના ભાઈબંધો સાથે ગાડીમાં ગોઠવાઈ ગયેલો અને ડ્રાયવર પાસે બેસીને "ગાડી કેમ ચલાવાય, કેવી રીતે ચાલે" એવા બાલીશ સવાલ-જવાબ કરતો હતો. વિજયા ઘડીક નાનકા તરફ જોતી તો ઘડીક જસુ તરફ તીરછી નજરે જોઈ લેતી. જયા તેના બાળકને રમાડવામાં મશગુલ હતી. જસુ નીચી મુંડીએ ખુરશીમાં ચુપચાપ બેસી રહેલો. હરિવલ્લભ અને હીરાબા પરસાળમાં ઢાળેલા ખાટલામાં બેઠાં હતાં.

થોડીવારે બધાં ઉઠ્યાં. જસુ પહેલો કાર પાસે પહોંચી ગયો. પાછળને પાછળ વિજયા પણ દોડતી દોડતી કારની નજીક આવી ગઈ અને છોકરાંને ધમકાવીને ગાડીમાંથી ઉતારી મુક્યાં. પણ નાનકો ગાડીમાંથી ઉતરવાની ના પાડતો હતો. હવે વિજયા અને જસુ પાસપાસે આવી ગયેલાં.

"કોનો છોકરો છે ?" જસુથી પૂછાઈ ગયું.

"તમારો જ છે." વિજયાના દેહના એક એક રોમેરોમે એક સામટો જાણે કે જવાબ વાળ્યો પણ તે જવાબને અવાજ ક્યાં હતો ? પછી તો વિજયા અકળાઈ અને નાનકાનો હાથ ઝાલી તેને બહાર જ ખેંચી કાઢ્યો. તે રડવા માંડ્યો. જસુ ને તે ગમ્યું તો નહીં પણ શું કરે ? વિજયા રડતા નાનકાને તેડીને સાડલો માંથે ઓઢીને ઓરડીમાં જતી રહેલી જસુએ જોઈ.

પછી તો બધાં મહેમાનો ગાડીમાં ગોઠવાઈ ગયાં. જયશંકરે આવજો-જજો કર્યું અને ગાડી જતી પણ રહી.

પણ તે રાત્રે આખી રાત વિજયા, સોડમાં ઉંઘેલા નાનકા માથે હાથ ફેરવતી ફેરવતી જાગેલી અને વારંવાર ધ્રુસ્કે ધ્રુસ્કે પેટ ભરીને રડેલી. આખી રાત સતત બબડતી હતી, "સગો બાપ ઉઠીને પૂછે છે કે કોનો છોકરો છે ?"

• • •

# 11. સંસારમાં સપડાયા

રંગેચંગે જસુને પરણાવીને હરખાતાં હરખાતાં જસવિદ્યાબેન આગળ આગળ બંગલે આવી ગયેલાં. અને નવી વહુના પ્રથમ ગૃહ પ્રવેશની વિધીની તૈયારીમાં લાગી ગયાં. વર-વહુને બંગલાના મુખ્ય દ્વારે ઉભાં રાખેલાં. નણંદ તો હતી નહીં કે બારણું રોકીને ઉભી રહે ! ત્યાં પણ જસુ ને સાળી પણ નહોતી કે બુટ સંતાડે ! આમ લગ્ન સ્થળે સર્વે સર્વા જાનકી દેવી હતાં અને અહીં જે વિધી કરે કે કરાવે સઘળામાં જસવિદ્યાબેનને જ ઉભા રહેવાનું હતું. વિધી પતાવી, બે હથેળીઓથી ટચાકા ફોડી વર-વધૂને ગૃહપ્રવેશ કરાવ્યો. પાછળને પાછળ આવેલા ટેમ્પામાંથી ઘરવખરી, દહેજ સામગ્રી વગેરે પેઢીના માણસો ઉતારી ઉતારીને બંગલામાં જસવિદ્યાબેનની સૂચના મુજબ ગોઠવ્યે જતા હતા.

"તિજોરી તો જસુભાઈના બેડરૂમમાં જ ગોઠવી દો."

"વાસણ-કુસણ પેલા સ્ટોરરૂમ બાજુ લઈ જાઓ."

"જો જો, સંભાળીને. કાચનું હોય, ફૂટી-તૂટી જાય તેવું કાંઈ હોય તો સાચવીને, બે જણા થઈને ઉપાડજો અને હળવેકથી નીચે મુકજો."

"સાંભળો છો ? પેલી દાગીનાની થેલી અને તમારી રૂપિયા, ચાલ્લાંનાં કવર વાળી સુટકેસ સીધી આપણા બેડરૂમવાળી તિજોરીમાં જ મુકી દેજો. એ તો હું નવરી પડે એટલે બધું વિગતવાર નજર તળે કાઢી લઈશ અને પછી તમારી પાસે નોટમાં ટપકાવડાવી દઈશ. પછી વહુને સોંપી દઈશું, સમજ્યા ?" છેલ્લે છેલ્લે જસવિદ્યાબેન જયંતિભાઈની છેક નજીક જઈને ધીમા અવાજે સૂચના આપવા માંડેલાં.

આમ બધું સમુ-સરખું કરી તે રસોડા બાજુ વળેલાં. રસોઈઆને કંસાર કરવાની સૂચના આપી પાછાં જસુના બેડરૂમ તરફ દોડ્યાં. અધખુલ્લુ બારણું ખખડાવી હસતાં હસતાં અંદર પેઠાં. જયા લગ્નના દાગીના, કપડાં સમેત હજી તો પલંગ ઉપર જ બેઠી હતી જ્યારે જસુએ ટેબલ-ખુરશી પકડી લીધાં હતાં અને પેઢીની ફાઈલો-કાગળો જોવામાં વ્યસ્ત થઈ ગયેલો તેમણે જોયો. બંનેની આ સ્થિતિ જોઈને જસવિદ્યા થોડીવાર મલક્યાં પછી જયા તરફ ફરીને બોલ્યાં,

"બેટા, દાગીના હળવેકથી હવે ઉતારી લ્યો અને ઠેકાણે મુકી દો. કપડાં પણ બદલી નાખો અને થોડાં ફ્રેશ થઈ જાઓ. ત્યાં સુધીમાં હું રસોઈ તૈયાર કરાવી દઉં છું. પછી જમીને ઉંઘી જાઓ. બરાબરને, ભાઈ !" એમ કહીને તેમણે જસુના ખભા ઉપર હળવેકથી હાથ મુક્યો. જસુએ નજર ઉંચી કરી અને જસવિદ્યાબેન સામે જોઈ જાણેકે મહાપ્રયત્ને થોડુંક મલકાયો પરંતુ તરત જ નજરો નીચે ઢાળી દઈ ફાઈલ ફેંદવા માંડેલો. આ જોઈને જસવિદ્યાબેન ના ચહેરા ઉપર ઉભરાતાં, ઉછળતાં હરખનાં મોજાં થોડાં નબળાં પડ્યાં. જસુનો રૂક્ષ ચહેરો, મહાપ્રયત્ને આવેલું હાસ્ય, ચહેરા ઉપર છવાયેલી ઉદાસીનતા જસવિદ્યાબેનની ચકોર આંખોથી છટકી નહોતી શકી. પણ આવા શુભપ્રસંગે, શુભ ઘડીએ તે બધું અવગણીને તેમણે જસુના બરડામાં ધબ્બો માર્યો અને ખડખડાટ હસી પડેલાં અને બારણા તરફ આગળ વધેલાં.

"મારો જસુ હજીયે સુધર્યો નહીં. ફાઈલો અને પેઢીના કામકાજમાંથી નવરો પડે તો સારું !" આમ બોલતાં બોલતાં તે બહાર નીકળી ગયેલાં.

પછી તો રસોડામાં ગયાં. તેમની સુચના મુજબ રસોઈયા અને નોકર-ચાકર વર્ગે કલાકેકમાં રસોઈ તૈયાર કરી દીધી. ડાઈનીંગ ટેબલ ઉપર બધુંયે ગોઠવાઈ ગયું અને પીરસાઈ ગયું. જસવિદ્યા વળી દોડ્યાં અને જયાને હાથ પકડીને બેડરૂમમાંથી બહાર લઈ આવ્યાં અને પોતાની બાજુની ખુરશીમાં તેને બેસાડી. પાછળ પાછળ જસુભાઈ આવ્યા. તેની તરફ ઈશારો કરી વહુની બાજુ વાળી ખુરશીમાં બેસવા કહ્યું. પણ જસુએ ના માન્યું અને જસવિદ્યાબેનની બીજી બાજુ વાળી ખાલી ખુરશીમાં ગોઠવાયો. જસુભાઈની પાછળ જયંતિલાલ આવ્યા. તેમની પાસે બીજો કોઈ વિકલ્પ જ નહોતો તેથી જસુની પાસે બેઠા. જસવિદ્યાએ નક્કી કરેલી બેઠક વ્યવસ્થામાં આમ ભારે ફેરફાર થઈ ગયો. પણ સમય-સ્થળની નાજુકતાને પારખીને તે ચુપ રહ્યાં પરંતુ તેમના ચહેરા ઉપર થોડોક રોષ છલકાતો જયંતિલાલની નજરે ચઢ્યો. તેને હળવો કરવાના પ્રયત્ન રૂપે તે બોલ્યા,

"જસુ બેટા, હવે શું શરમાવાનું ? અને કોનાથી શરમાવાનું ? જયા પાસે બેઠો હોત તો અમને આનંદ થાત !"

પરંતુ જસુએ કાંઈ જવાબ નહીં આપેલો અને પીરસેલા ભાણાને ન્યાય આપવાની તેણે શરૂઆત કરેલી.

અગાઉ બેડરૂમમાં જોયેલું દૃશ્ય તો હજુ જસવિદ્યાના માનસપટ ઉપર હજુ અંકાયેલું જ હતું. વહુ પલંગમાં શરીર સંકોચી, શરમાતી શરમાતી, નીચું જોઈને બેસી રહેલી અને જસુ ટેબલ ઉપર માથું નમાવી, ફાઈલો ફેંદ્યા કરતો ખુરશીમાં બેઠેલો. નવપરિણિત યુગલ ને મળેલા પહેલા એકાંત સમયનું દૃશ્ય આવું હોય ? અને અહીં જમવા ટાણે ડાઈનીંગ ટેબલ ઉપર પણ એક આ છેડે બેઠું હતું તો બીજાએ બીજો છેડો પકડ્યો ? સંસારમાં પગરણ માંડતું આ નવપરિણિત જોડું પહેલાં પગલાં આવી રીતે કેમ પાડે છે ? પણ જસવિદ્યાબેનને આ વિકૃતિ-પ્રકૃતિ અંગે કાંઈ નવાઈ ના લાગી. પરંતુ મનોમન બબડ્યાં તો ખરાં જ !

"હજીયે ભાઈના મનમાં પેલીનું ભૂત ફર્યા કરતું લાગે છે. કશો વાંધો નહીં. એ તો થોડો વખત આવાં નખરાં થશે. પછી તો સાપ જેવો દરમાં પેસશે એટલે સીધોદોર થઈ જશે અને આ વાંકી-ચુંકી ચાલ ચાલવાનું એની મેળે ભુલી જશે. આ તો છોકરું ગોળી-ચોકલેટ લેવાની હઠ પકડે અને તેના માટે જ, તેને શરદી ના થઈ જાય તેના સારું તેની હઠ પુરી ના કરીએ એટલે રડવાનું જ ! પણ પછી બીજું રમકડું રમવા આપીએ એટલે તેનું ધ્યાન નવા રમકડામાં વળી જાય, ગોળી-ચોકલેટની હઠ ભુલી જાય અને થોડીવારમાં રડતું પણ બંધ થઈ જાય, એના જેવી વાત છે. જ્યાં વહુ પડખામાં લેશે એટલે પુરુષ માત્ર પાણી પાણી થઈ જાય અને આગળનું બધુંયે ભુલી જાય તો જસુડાનું તો શું ગજું ?"

આમ હાથમાં કોળિયો લેતાં, મોંમાં મુકતાં, ચાવતાં અને ગળે ઉતારતાં જસવિદ્યાના મનમાં આવા આવા વિચારો ચાલ્યે જતા હતા. પરંતુ જયંતિલાલ તો એક લીટીમાં દીકરાને સલાહ આપીને પોતાની જમવાની ક્રિયામાં જ તલ્લીન થઈ ગયેલા.

જમ્યા પછી જસુ અને જયા તેમના બેડરૂમમાં ગયાં. ત્યારબાદ જયંતિલાલ-જસવિદ્યા થોડીવારે બીજા બેડરૂમ તરફ વળેલાં. જતાં જતાં જસવિદ્યાબાએ નોકરવર્ગને સફાઈ અંગે જરૂરી સૂચનાઓ આપી, કેટલુંક કામ જાતે પતાવી દીધું. બેડરૂમમાં આવી તિજોરી ખોલી દાગીનાની થેલી અને રૂપિયા-કવર ભરેલી સુટકેસ કાઢી અને બધી આઈટેમો, કવર વારા ફરતે ખોલી ખોલીને જોવા માંડેલાં. સોના-ચાંદીના ભારે ભારે દાગીના જોઈને તેમના ચહેરા ઉપર સંતોષની લાગણી પ્રવર્તતી હતી. ચાંલ્લા પેટે મળેલા રોકડા રૂપિયા અને કવરોનો ઢગલો જોઈને

તેમનો અહમ સંતોષાતો હતો.

તેમને સાસુ તરીકે મળેલી ભારે સાડી હાથમાં ફેરવતાં, ખોલતાં વળી ગડીબદ્ધ વાળતાં અને મનોમન પોરસાતાં હતાં. તે પણ મોયરામાં અને મોદ વચ્ચે બેઠેલાં હતાં અને પોતાની આજુબાજુ બેઠેલાં સ્ત્રી વૃંદ આગળ હરખાતાં હરખાતાં કહ્યે જતાં હતાં,

"મારા જસુને સારું સાસરું મલ્યું. કોઈ વાતે કહેવાપણું રહેવા દીધું નથી. જુઓ તો ખરાં એના ગળામાં કેટલો બધો ભારે સોનાનો દોરો પહેરાવી દીધો છે ! અને પાછી બે આંગળીએ બે મોટી મોટી વીંટીઓ તો લટકામાં તો ખરી ! હાથમાં પેલું પહેર્યું છે તે કડું પણ ચોવીસ કેરેટ સોનાનું જ છે, હોં ! સસરાએ રૂપિયા એકવીસ હજારનો તો ચાલ્લો કર્યો અને પેંટ, શર્ટ, કોટની જોડ તો ખરી જ ! આ તો જમાઈને આટલું આપ્યું. એમની દીકરીના શરીર ઉપર તો જુઓ મારી બાઈ ! આખે આખી જાણે કે સોના-ચાંદીથી ઢાંકી દીધી હોય એવું જ લાગે છે ને ! અને કોઈ કપડું હલકું નહીં. પાનેતર જ કેટલું ભારેમાંનું લાગે છે. રસોડાની તો કોઈ આઈટેમ આપવામાં બાકી નથી રાખી. એ ઉપરાંત તિજોરી, ફ્રીજ, એસી, ટીવી બધુંયે આજુબાજુ ગોઠવી દીધું છે ને ? આનું નામ સગો કહેવાય ! ખોટું ના બોલાય, માસ્તરે કે એની ઘરવાળીએ છોડી-જમાઈને આપવામાં પાછું વાળીને જોયું જ નથી. અને જાનની આગતા-સ્વાગતામાં પણ કોઈ કમી તો શોધી આપે ? જે હોય તે પણ માણસ દિલનો રાજા !"

અને એ જ વાત હરખાતાં હરખાતાં અને બધી વસ્તુઓ જોતાં, ગણાવતાં જસવિદ્યાબેન જયંતિલાલ આગળ અત્યારે બેડરૂમમાં પોરસાયે જતાં હતાં અને વેવાઈ-વેવાણનાં વખાણ કર્યે જતાં હતાં.

"જોયું, આવું સગું શોધાય. બાપ-દીકરો પેલી વંતરી પાછળ ગાંડા થયા હતા અને મારી પાસે 'હા' પડાવવા મથતા હતા એ સગામાં અને આ સગામાં કાંઈ ફરક લાગે છે ? આખોયે વેચાઈ જાત તોયે મારા જસુડાને આટલું ના આપી શકત. એ તો હું કડક થઈ ગઈ ને એને ઘરનાં પગથિયાં ઉતારી દીધો તો આજે તમે બાપ-દીકરો આ બધું મેળવી શક્યા. હવે તમારે જ ભોગવવાનું છે ને ! મારે થોડું મલેલું છાતીએ ભરાવીને બધે ફરવાનું છે ? આને કહેવાય બુદ્ધિ, ડહાપણ અને આવડત, સમજ્યા !"

જયંતિભાઈ બધું સમજતા હતા. જસુનો ચહેરો, તેનું વર્તન, તેની લગન પ્રક્રિયા દરમિયાનની ઉદાસીનતા, જયા વહુ તરફનું એનું બેધ્યાન તે જોતા પણ હતા અને તેની માનસિક અવસ્થા વિશે સમજતા પણ હતા. દીકરાની ખુશી તેના મનગમતા પાત્રને મેળવવાથી જ મલવાની હતી, નહીં કે આ સોના-ચાંદી, ચીજવસ્તુઓ રોકડ-કપડાંથી ! આ બધો સામાજિક વહેવાર નાતમાં મોટા ગણાવે એટલું જ, બાકી એનાથી બે માણસનાં હૈયામાં ઉમળકો ઓછો પુરે ? અને તેથીસ્તો જસવિદ્યાબેનના પોરસાતા, હરખાતા, બોલતા, ખુશખુશાલ ચહેરાને જયંતિભાઈ સ્થિતિપ્રજ્ઞ સાધુની જેમ નિર્લેપ ભાવે, ટગર ટગર જોઈ રહ્યા હતા. જયંતિભાઈ જસવિદ્યા જેમાંથી ખુશી મેળવી રહી હતી તેમાં પણ આડખીલી રૂપ બનવા માંગતા નહોતા તો વળી જસુના હૈયા ઉપર અત્યારે શું વીતતી હશે તેની કલ્પના, અનુમાન કરીને મનમાંને મનમાં મુંઝાતા હતા. એક બાજું ઘરવાળીનાં અરમાનો સંતોષાતાં જોઈ રહ્યા હતા તો બીજી તરફ પેટના દીકરાનાં સળગતાં સપનાં નીરખી રહ્યા હતા. આ સ્થિતિ એમને ખરેખર અવાક્ અને સ્થિતપ્રજ્ઞાના બનાવે તો બીજું શું થાય ?

જ્યારે જસુના બેડરૂમની સ્થિતિ વળી જુદી જ હતી. બંને જણ બેડરૂમમાં આવ્યાં. જયા પલંગમાં આડી પડી. તેને હતું કે હમણાં પાછળ પાછળ એ આવશે, રૂમમાં દાખલ થઈ બારણું અંદરથી બંધ કરી, સીધા પલંગમાં મારી પાસે આવી જશે. હું થોડી સંકોચાઈને આઘી ખસીશ તો એ વળી કુદકો મારી છેક મારી નજીક આવી જશે. મને બે ખભ્ભેથી પકડશે, બાથમાં લેશે, મને ભીંસી નાખશે, ઘણું બધું તોફાન મચાવી દેશે, મને ધક્કો મારી પલંગમાં સુવાડી દેશે પણ હું એમ જલ્દી માની જઈશ નહીં. હું મારો ચહેરો બે હથેળીઓથી ઢાંકી દઈશ. એ વળી જોર કરશે, મારા ચહેરા ઉપરનું હથેળીઓનું ઢાંકણ બળજબરી કરીને હટાવશે. પછી આક્રમક બનશે, મારા આખા શરીરને જોરથી દબાવશે, ભીંસશે. પગથી પગ, હાથથી હાથ, છાતીથી છાતી, ચહેરાથી ચહેરો એકરૂપ કરવા મથશે. મને પણ આ બધું કઠશે, છતાંયે ગમશે અને પછી તો હું વિરોધ કરવાનું છોડી દઈશ. શરમાતી, ગભરાતી, સહેતી હું બંધ આંખે એમને જે કરવું હોય તે કરવા દઈશ. ભલે છાતીમાં ગમે તેટલો દુઃખાવો થાય, ભલે હોઠ કાંપી ઉઠે, ભલે પગ અને હાથના હાડકાં અમળાઈ જાય, હું પણ તેમને ચીપકાઈ

જઈશ. અને આ મારા યૌવનસભર સ્ત્રી દેહને એમને સમર્પિત કરી દઈશ.

આ અને આવું બધું વિચારતી, શરમાતી, સંકોચાતી યુવાન જયા મનમાં ને મનમાં સ્વગત સપનાં જોવા લાગી. દામ્પત્યજીવનની પ્રથમ રાત્રીનો લ્હાવો માણવા તલપાપડ થઈ ઉઠી. આવી સ્વપ્નવત્ અવસ્થામાં એની આંખો આપોઆપ બીડાઈ ગઈ. તેનો ચહેરો હસું હસું થતો હતો, તેના હોઠ કંપતા હતા, તેના ઉભરેલા ઉરપ્રદેશ હળવે હળવે ઉંચા-નીચા થવા લાગેલા, ઘડીક બે પગ આંટી મારી દેતા તો ઘડીકમાં ખુલ્લા, પહોળા થઈ જતા. તેના બે હાથ ઘડીક બે બાજુ ફેલાઈ જતા તો ઘડીકમાં બે હથેળીઓ ભેગી થઈ છાતી ઉપર ગોઠવાઈ જતી. તે ઘડીક હસતી, ઘડીક કણસતી તો ઘડીક શરમાઈ જતી. બંને હથેળીઓથી તેનો પોતાનો ચહેરો ઢાંકી દેતી.

અને અંતે અધખુલ્લુ બારણું ખખડ્યું. જસુભાઈ રૂમમાં પ્રવેશ્યા. "હમણાં સીધા મારી પાસે આવશે" તે વિચારે, આવેશે જયાના હૃદયના ધબકારા વધારી દીધેલા. પણ તેના સરવા કરેલા કાને અંદરથી બારણું બંધ થવાનો, સ્ટોપર કે હડો મારવાનો અવાજ ના સાંભળ્યો. તોયે થોડીક વાર તેણે બંધ આંખે, ફરી કાન સરવા કરી, તેવો અવાજ સાંભળવા રાહ જોઈ. પણ જ્યારે એવું કાંઈ સંભળાયું નહીં ત્યારે તેણે જાતે બંધ આંખો ઉઘાડી અને આજુબાજુ નજર ફેરવી. તેણે જોયું કે હજુંયે બેડરૂમનું બારણું અધખુલ્લુ જ હતું. વળી નજર ધુમાવીને જોયું તો તેનો વાલમ ખુરશીમાં બેઠેલો હતો અને પેઢીનાં કાગળિયાં, ચોપડા, ફાઈલોમાં ફસાયેલો હતો. તેને વિચાર આવ્યો કે તે ઉભી થઈ તેની પાસે જાય અને તેનો હાથ પકડીને, ખેંચીને, ફાઈલોમાંથી બહાર કાઢીને, અહીં મારી પાસે પલંગમાં લઈ આવું અને તેમને સુવડાવી હું પણ તેમને લપાઈને સુઈ જાઉં. બાકીનું તો પછી બે યુવાન સ્ત્રી-પુરુષ દેહ સ્પર્શ અસરો હેઠળ આવશે એટલે સ્વભાવ-પ્રકૃતિના નિયમાનુસાર આગળ થતું હોય છે તેમ થશે. પણ જયા હવે કુમારી નહોતી, નવયૌવના થઈ ગઈ હતી. ઉંમર પ્રમાણે તથા સ્વભાવગત ફેરફારો અનુસાર માનુનીને શોભે તેવું સ્વાભિમાન સ્ત્રીત્વનું અભિમાન, પરણ્યા પછી બનેલી ધર્મપત્ની તરીકેની તેની પતિ-પુરુષ તરફની અપેક્ષાઓ, રીસામણા-મનામણાની આહ્‌લાદક, રમણીય પળો ભોગવવાની લાલસા વગેરે વગેરે તત્ત્વોએ જયાના માનસનો કબજો લઈ લીધો અને ક્ષણ પહેલાં પતિ તરફ દોરાવા તલપાપડ થયેલી જયા ફરી આંખો બંધ રાખી ઉંઘી ગઈ હોય

તેવો ઢોંગ કરી પલંગમાં પડી રહી.

એટલામાં નોકર પાણીનો જગ, પ્યાલા અને દૂધનો ગ્લાસ લઈને રૂમમાં પ્રવેશ્યો. અધખુલ્લું બારણું ખખડ્યું. જયાની આંખ ખુલી ગઈ. તીરછી નજરે તેણે નોકરને જોયો. લાવેલ વસ્તુઓ ટેબલ ઉપર જગ્યા કરીને, બધું મુકીને તે તરત જ રૂમની બહાર નીકળી ગયો અને બારણું બંધ કરતો ગયો. જયા થોડીવાર પાછી બંધ આંખે પડી રહી. પણ તેના જીવને જપ વળ્યો નહીં. તે પલંગમાંથી ઉભી થઈ અને એટેચ ટોયલેટ તરફ ગઈ. તેણે આંખો ઉપર પાણી છાંટ્યું, ચહેરા ઉપર ત્રણ-ચાર છાલકો મારી, નેપકીનથી ચહેરો લુછ્યો. તેને હતું કે હમણાં તેનો ઘરવાળો તેની પાછળ પાછળ આવશે. પણ એવું કાંઈ બન્યું નહીં. જયા પોતાનો જ ચહેરો સામેના દર્પણમાં થોડી વાર જોઈ રહી. પછી તેણે હળવો નિસાસો નાખ્યો. થાકેલા પગે, ધીમી ચાલે, અવાજ ના થાય તેની કાળજી લેતી લેતી તે બારણા સુધી ગઈ. બારણું અંદરથી બંધ કર્યું, સ્ટોપર લગાવી. જયા પાછી વળી. તેણે એક નજર ખુરશી-ટેબલ તરફ ફેરવી જોઈ. જસુ તો તેના કામમાં જ મગ્ન હતો. તે ખૂબ નિરાશ થઈ, માનો ને કે અંદરથી સાવ ભાંગી પડી. તેનું મન વિષાદ સભર બની ગયું. તેનું શરીર જાણે નબળું, અશક્ત, બીમાર જેવું થઈ ગયું અને તે થોડીક લથડી પડી. વળી વિચાર આવ્યો કે ખુરશી પાસે જાઉં,તેમની પાછળ જઈને ઉભી રહું, તેમને બે ખભાથી પકડી હચમચાવું, સ્ત્રી સહજ ઈશારા કરું, પાછળથી તેમના ખભે લપેટાઈ જાઉં ! "પણ એ કામમાં છે. ગુસ્સે થઈ જાય તો ?" એ બીક તેના મનમાં ઉગી અને તે માનસિક રીતે શાંત પડી, જાત સંભાળી લીધી, પલંગનો ટેકો લઈ લીધો અને ધીરે રહીને પલંગમાં ફસડાઈ પડી. આડી પડી, આંખો આપોઆપ મીંચાઈ ગઈ. ગળામાં ડૂમો ભરાઈ ગયો. આંખોમાં ઝળઝળિયાં પ્રગટ્યાં. થોડોક આમ વિષાદ ચાલ્યો પણ વળી સ્ત્રીત્વ જાગ્યું, અભિમાન જાગ્યું, સ્વાભિમાન છલક્યું. તેણે આંખો લુછી નાખી. ઉભરતાં અશ્રુબિંદુઓને અભિમાનના તાપે ઓગાળી દીધાં. અને અંતે તે રૂક્ષ, રીસાયેલો ચહેરો બનાવી, પાસુ મરડીને સુઈ ગઈ. ખરેખર જયા થાકેલી તો હતી જ તેથી થોડીક જ વારમાં તે નિંદ્રાધીન થઈ ગઈ.

જોકે એવું નહોતું કે છેલ્લા અડધા-પોણા કલાકની જયાની શારીરિક પ્રક્રિયાઓથી જસુ સાવ વાકેફ નહોતો. વળી તે એટલો તો સમજદાર હતો જ

કે જયાની માનસિક સ્થિતિનો અંદાજ ના લગાવી શકે. પણ હકીકતમાં તો તે પોતેજ અસમંજસ માનસિક સ્થિતિમાં હતો. શું કરવું, શું ના કરવું તેની ભારે મુંઝવણમાં હતો. તે હજુયે વિજ્યાના પ્રેમમાં, વિજ્યાની આશામાં, વિજ્યા સાથે માણેલી ક્ષણોની યાદમાં, વિજ્યાને કરેલા અન્યાયના પસ્તાવામાં, વિજ્યાને ભોગવીને અસહાય અવસ્થામાં છોડી દીધી તેવી ગુનાહિત મનોસ્થિતિમાં ગળાડૂબ હતો. અને આ તેની માનસિક અવસ્થા તેના ચહેરા ઉપર, તેની આંખોમાં, તેના વર્તનમાં ઉભરાઈને ઉપસી ના આવે અને આવી વિચિત્ર અવસ્થામાં તે જયા આગળ પકડાઈ ના જાય તેથીસ્તો તે પોતાની જાતને જયાથી દૂર રાખવા મથામણ કરતો હતો. વળી આમ વિષાદગ્રસ્ત ભાવોમાં લપેટાયેલો જસુ, પોતાની મનોસ્થિતિ અને પોતાની શારીરિક સ્થિતિને જોતાં, પોતાની જાતને નપુંસક પુરુષના લક્ષણો તરફ દોરાતો જતો અનુભવતો હતો. પુરુષત્વ જાગતું તો સામે છેડે વિષાદ ઉભરાતો. જાતને દગાબાજ, બાયલો, નપુંસક હોય તેવા હીનભાવમાં અટવાતો. વળી પ્રેમ વફાદારીના સાત્વિક ગુણો જાગતા અને "વિજ્યા શિવાયની અન્ય સ્ત્રી મારે મન મા-બેન સમાન" એવા વિચારોમાં અટવાતો અને જયા સુતેલી તે પલંગ તરફ પણ જોવાનું ટાળતો અને આવા ભીષણ મનોસંગ્રામમાંથી મનને વાળવા, શાંત કરવા તે પેઢીના કામમાં જ વ્યસ્ત રહેવા પ્રયત્ન કરતો હતો. બાકી ટેબલ ઉપર પડેલા કાગળો, ચોપડા, ફાઈલોને તપાસવાં એટલાં બધાં અગત્યનાં કે આવશ્યક નહોતાં.

પણ હવે તે પેઢીનું રેકર્ડ તપાસતાં, તપાસતાં પણ થાક્યો હતો. બીજી બાજુ મનોસ્થિતિને લઈને પણ માનસિક રીતે ત્રસ્ત થઈ ગયો હતો. તો વળી આખા દિવસની ધમાચકડીને લીધે શરીર પણ જવાબ આપી રહ્યું હતું. હવે તેને પણ ઉંઘ આવતી હતી. જો કે હજીયે વિજ્યાની યાદ તેનો પીછો છોડતી નહોતી. મનમાં ઉભરાતો ગુનાહિત ભાવ પણ સતત ધુમરાતો હતો પણ મન અને શરીર બંને આરામ અને ઉંઘની જાણે માંગણી કરી રહ્યાં હતાં. તેથી બધી ફાઈલો, કાગળો, ચોપડા સરખા ગોઠવી તે ખુરશી ઉપરથી ઉભો થયો. નજર પલંગ તરફ ફેરવીને જોયું તો જયા ધસધસાટ ઉંઘી ગઈ હતી. ટેબલ ઉપર પડેલા દૂધને એક જ શ્વાસે ગટગટાવી ગયો. પછી પલંગ તરફ ગયો. જયાના દેહને સ્પર્શ ના થાય કે તેની ઉંઘ ના બગડે તે રીતે, બીજા છેડે તે આડો પડ્યો અને વિજ્યાના

વિચારોમાં તે ક્યારે નિંદ્રાધીન થઈ ગયો તેની તેને પોતાને જ ખબર ના પડી.

અને તે સ્વપ્નમાં સરી પડ્યો.

અડાબીડ જંગલમાં તે ચાલ્યો જાય છે. સાંકડી એક જ વ્યક્તિ ચાલી શકે તેવી પગદંડી ઉપર આડાં-અવળાં પગલાં પાડતો, ધીમી ચાલે ચાલ્યો જતો હતો. સાંજ ઢળી ગઈ હતી. હજુ અંધારાએ પોતાનું સામ્રાજ્ય જમાવ્યું નહોતું. સુર્યાસ્ત તો ક્યારનોયે થઈ ગયો હતો. પણ હજું અજવાળું પુરતા પ્રમાણમાં હતું. પગદંડીની બંને દિશામાં નાખી નજર ના પહોંચે ત્યાં સુધી ઉંચાં, ઘટાટોપ વૃક્ષો હતાં. આકાશમાંથી પ્રસરતો ઉજાસ માંડ માંડ ધરતી સુધી પહોંચતો હતો. પગદંડીની સાવ નજીક બંને બાજુ નાના છોડ, ઝાંખરાં, કાંટાળાં ઝાડ પણ હતાં. ક્યાંય કોઈ ફુલ કે ફળ તો દૃષ્ટિગોચર થતું જ નહોતું. જસુ ઘણા સમયથી, દિવસો-મહીના-વર્ષોથી જાણે આ જંગલમાં કશાકની તલાશમાં ભટકી રહ્યો હતો. તેની દાઢી વધી ગયેલી હતી. માથાના વાળ લાંબા, ગુંચો પડેલા, ગંદા જણાતા હતા. તેના દેહ ઉપરનાં વસ્ત્રો ઝાડી-ઝાંખરે ભરાઈને મોટે ભાગે લીરેલીરા થઈ ફાટી ગયેલાં હતાં. તેના પગમાંથી વારંવાર પેસી ગયેલા કાંટાઓને લઈને લોહી દદડતું હતું. તેના શરીરે પણ ઘાવ, લીસોટા, ચીરા પડેલા હતા અને તેમાંથી ઝમેલાં અને પછી થીજી ગયેલા લાલ લોહીનાં ચકામાં ચામડી ઉપર સ્પષ્ટ વરતાતાં હતાં. તેની આંખો ઉંડી ઉતરી ગયેલી હતી છતાં તેમાં કાંઈક મેળવવા, જોવા, પામવાની અભિપ્સા, જીજીવિષા સ્પષ્ટ દેખાતી હતી. તેના શરીર ઉપરથી જણાતું હતું કે તેને સ્નાન કર્યે તો વર્ષો વીતી ગયાં હતાં. તેને ભૂખ-તરસ ઉંઘનું જાણે કાંઈ ભાન જ નહોતું. પરંતુ આ પરિસ્થિતિમાં પણ તેના પગ ધીમી, અથડાતી, લથડાતી ચાલે સતત ચાલ્યે જતા હતા અને નજર ચારે બાજુ ફર્યે જતી હતી. ‘‘એ હમણાં મલી જશે, બસ હવે થોડે દૂર જતાં જ તે દેખાશે.’’ એવી અમર આશાનો તંતુ તેને જીવાડતો હતો, ચલાવતો હતો. અને આવી માનસિક, શારીરિક સ્થિતિમાં તેણે સદંતર ભાન ગુમાવ્યું, તે લથડ્યો, પડ્યો. સાવ બેભાન અવસ્થામાં તે ત્યાં કેટલાં સમય માટે, કેવી અવસ્થામાં પડી રહ્યો તેનું તેને ભાન જ નહોતું અને જ્યારે તે ભાનમાં આવ્યો ત્યારે તે એક ઝુપડીમાં, એક ખાટલીમાં સુતો હોય એવું લાગ્યું. તેની આંખો સામે માત્ર એક જ ટુંકા વસ્ત્રથી, અર્ધનગ્ન દેખાતા સ્ત્રી દેહને ઢાંકવાનો નિષ્ફળ પ્રયત્ન કરતી, એક સુંદર, યુવાન છતાં ગરીબ સ્ત્રી

દેખાઈ. તેની હથેળી તેના કપાળ ઉપર હતી અને તે બાજુમાં ખાટલા ઉપર બેસીને તેની તરફ ઝુકેલી હતી. તેની અર્ધ ઉઘડેલી આંખે તે સ્ત્રીના અર્ધ ઢંકાયેલા નહીંવત ઢંકાયેલા ભરાવદાર ઉરપ્રદેશો તેણે જોયા અને તે જોતો જ રહ્યો. પછી નજર ઉઠાવી અને તે સ્ત્રીના ચહેરા સામે જોયું. તે ચમક્યો. "અરે ! આ તો એજ જેને મલવા, જોવા, મેળવવા વર્ષોથી દોડાદોડી કરું છું !" "વાહ તું મલી ગઈ ?" તે અડધો બેઠો થઈ ગયો અને લવી પડ્યો. તે સ્ત્રી એ પ્રેમપૂર્વક તેના ખભા પકડી તેને ફરી સુવડાવી દીધો. તેણે આંખો બંધ કરી અને સ્વગત બબડ્યો, "મારી વહાલી, મારી પ્રિયતમા, મારી વિજ્યા" અને થોડોક મલકાયો. પણ તેને જંપ વળ્યો નહીં. બે બાજુ અશક્ત થઈને પડેલા બંને બાહુ તેણે વધુ ફેલાવ્યા, પછી જોરે કરીને ઉંચા કર્યા અને તે નમેલી સ્ત્રીના ઉરપ્રદેશ, ઉભારોનો સ્પર્શ કરવા, ઉરપ્રદેશોનું મર્દન કરવાની લાલસાથી, પ્રવૃત્તિમય થયો. તે સ્ત્રીએ પણ કાંઈ વિરોધ ના કર્યો અને તેણે તે સ્ત્રીને બાથમાં લઈ પોતાની તરફ ખેંચી. તે સ્ત્રી પણ લોહચુંબક તરફ ખીલી ખેંચાય તેમ ખેંચાઈ અને તેની પડખે આવી સુઈ ગઈ. તેને લપેટાઈ ગઈ. તે પણ આ પુરુષ દેહના સ્પર્શથી, આલિંગનથી, ઉર મર્દનથી કામાતૂર થઈ ગઈ અને આ ભૂખ્યા, તરસ્યા, રઝળતા, ગંદા, ગોબરા પુરુષે અશક્તિ અને નબળાઈને જાણે તિલાંજલી આપી દીધી. તેનામાં જુસ્સો, હિંમત, પુરુષત્વ, સબળતા પ્રવેશ્યાં. તે ઉછળ્યો અને પાસે લપેટાઈને સુતેલા સ્ત્રી દેહને, ચોપટ કરી તેના દેહ ઉપર ચઢી, તેના એક એક અંગ સાથે જાણે ચોંટી ગયો. બંનેના દેહ ઉપર વસ્ત્રો તો કહેવા પુરતાં જ હતાં. બાકી તો સ્ત્રી અને પુરુષના બંનેના દેહ, અંશતઃ વસ્ત્ર લીરા બાદ કરતાં પૂર્ણતઃ નગ્નાવસ્થામાં જ હતા. દેહ, દેહને લપેટાયો, અંગ અંગ સાથે ઘસાયાં, મદનબાણ વાગ્યાં, અને તૃષાતુર સ્ત્રીત્વ વિવશ થઈ સમર્પિત થયું. પુરુષાતને તેનો પ્રભાવ વધાર્યો. બંને દેહ આક્રમક બન્યા, એકરસ થયા. ઘડી-બે ઘડીના ગતિશીલ શ્વાસોચ્છ્વાસ, એકબીજામાં સમાઈ જવાની બે નગ્ન દેહોની હોડ ! શાંત, નિરવ ઝુંપડીની હવા થોડીક વાર માટે અટકી ગઈ. વનમધ્યેના તોફાને ચઢેલા આ બે મદનબાણથી ઘવાયેલા જીવોના ઉત્પાતને જાણે નીરખી રહી. નથી સાંજ કે નથી રાત્રી આવા સંગમકાળે બંને દેહનો સંગમ થયો અને પાછું બધુંયે શાંત પડી ગયું. પુરુષ દેહ સ્ત્રીને લપેટાયેલી અવસ્થામાં જ, હાલ્યા-ચાલ્યા વગર, જડવત્ પડી રહ્યો. સ્ત્રી દેહ

પણ પૂર્ણ ધરવ પામેલી અવસ્થામાં, તૃપ્તિને વાગોળતો, પુરુષ નીચે કચડાતો, સ્હેજસહજ કણસતો છતાય જાણે કોઈ ઋષિ સમાધિસ્થ અવસ્થામાં નિજાનંદ માણતા હોય તેવી મનોસ્થિતિમાં પડી રહેલો. શ્વાસની ધમણો ધીમી પડતી ગઈ. બંને દેહને તૃપ્તિનો સ્વાદ પરખાયો અને હવે સ્ત્રી દેહને ભાર લાગવા માંડ્યો, મુંઝારો થવા માંડ્યો અને તેણે પુરુષ દેહને હડસેલ્યો. નિશ્ચેષ્ટ શો પુરુષ દેહ બાજુમાં સરક્યો, ગબડ્યો અને બંધ આંખે બબડ્યો, "વહાલી, તું આખરે મલી અને મને ફરી ધરવી દીધો."

અને જયા સફાળી પલંગમાંથી ઉભી થઈ ગઈ. પણ તેના સાડલાનો એક છેડો બાજુમાં સરકી ગયેલા, પોતાના ઉપરથી નીચે ગબડી પડેલા જસુના અર્ધનગ્ન દેહ નીચે દબાયેલો હતો. તેથી તે ઉભી રહી ગઈ. હળવેકથી જસુને ખસેડ્યો અને છેડો કાઢી લઈ સાડી સરખી કરી. પછી તે જસુના ચહેરા ઉપર ઝૂકી અને તેના કપાળ ઉપર જયાએ દીર્ઘ ચુંબન કર્યું. પછી હસતી હસતી ટોયલેટ તરફ જતી રહી.

અને જયાના આ દીર્ઘચુંબને જસુને તંદ્રાવસ્થામાંથી પૂર્ણ ભાનમાં લાવી દીધો અને સ્વપ્નસૃષ્ટિમાંથી વાસ્તવિક દુનિયામાં લાવીને પટક્યો. તેણે આંખો ખોલી. પોતાની અવસ્થા નીરખી. બાજુમાં જયાની ગેરહાજરી જોઈ. દૂર નજર કરી તો ટોયલેટની લાઈટ ચાલુ હતી. તેમાંથી ગણગણતી જયાનો ધીમો સુર સંભળાયો. તે અવાજમાં જયાની ખુશી વ્યક્તિ થતી તેને લાગી. પછી તો પલંગની સ્થિતિ, ઓશિકાંનાં સ્થાન, ચાદરની અવસ્થા જોઈને જસુ ચમક્યો. તે હજુયે શું થયું, કેમ થયું, કેવી રીતે થયું તે સમજી શકતો નહોતો. તેને હજુ એવું લાગતું હતું કે તેનું સ્વપ્ન ચાલુમાં છે. જાતે જ પોતાની સાથળ ઉપર ચુંટણી ખણી જોઈ. "ના, તે સ્વપ્નમાં નથી " તેની ખાત્રી કરી. પછી પાછો સ્વપ્નને યાદ કરવા લાગ્યો. "ઘોર જંગલ, સાંજનો સમય, તે ગબડ્યો. બેભાન થઈ ગયો. જાગ્યો તો એક વનમધ્યેની ઝુંપડીમાં સામે અર્ધનગ્ન સ્ત્રી તેના દેહ લાલિત્યથી લોભાયો. હાથ ઉંચકાયેલો...."

અને આમ પલંગમાં ચત્તોપાટ પડ્યો પડ્યો જે તે અવસ્થામાં યથાવત રહીને વિચારતો હતો ત્યાં તો સામેથી સ્વસ્થ થઈને જયા પલંગ તરફ આવી રહી હતી. "ના, આ વિજયા નથી. ઝુંપડીમાં તો વિજયા જ હતી. હું તેના દેહ

તરફ ખેંચાયેલો.'' તે સ્વગત મનોમન બબડ્યો.

નક્કી ઉંઘમાં લંબાયેલો મારો હાથ જયાના ઉરપ્રદેશ ઉપર જઈને પડ્યો હશે ! હું સ્વપ્નાવસ્થામાં વિજયાને ભોગવતો હતો પણ વાસ્તવમાં મિલન જયાના દેહ સાથે થયું લાગે છે ! અને આમ તૃષાતુર, નવપરણિત, યૌવનસભર, અરમાનોથી આવૃત્ત, નવયૌવના જયાના દામ્પત્ય જીવનની પ્રથમ રાત્રી તેને માટે સુફળ રહી !

હવે શું ? જે થવાનું હતું તે થઈ ગયું. પોતે સ્વપ્નાવસ્થામાં સંતુષ્ટ થયો અને એ બિચારી તરફડતી હતી, નિરાશ થઈને નિદ્રાવશ થયેલી, તેની ભૂખ સંતોષાઈ. તૃપ્તિ મલી તેથી ખુશ પણ થઈ ગઈ. દંપતિના પ્રથમ મિલનનો આસ્વાદ માણી તે પોતાની જાતને ધન્ય માનતી થઈ અને હું ? ધરાયો છતાંય અતૃપ્ત ! કેવો મૂઢ ? વાસ્તવને નજર અંદાજ કરી મૃગજળ પાછળ દોડતો, ભૂખ્યો, તરસ્યો, ભટકતો, અટવાતો હું સાચો પ્રેમી કે અદમ્ય લાગણીઓ હૈયે દબાવી દઈ પતિપરાયણ બની, વાસના અને અધિકારત્વ ઉપર સંયમ રાખી, અતૂટ શ્રદ્ધાસભર રહી, અંતે વાંછનીય તૃપ્તિ પ્રાપ્ત કરનાર જયા સાચી પ્રેમિકા ? કોણ ચઢ્યું ? કોનું જીવન, કવન, વર્તન સાર્થક ? હું લગનના માંડવે, અગ્નિની સાક્ષીએ, વૈદિક વિધિ અનુસાર, મંત્રોચ્ચાર સહિત જયા સાથે લગ્નગ્રંથીએ જોડાયો. મને, કમને, અનિચ્છાએ, દબાણવશ, સંજોગોવસાત, ઉદાસીન થઈને જે તે સ્થિતિમાં પણ જોડાયો તે હકીકત છે. મારા ભૂતકાળ સાથે, મારા વિક્ષેપિત પ્રેમ પ્રકરણ સાથે, મારા મનના વિજયા તરફના લગાવ સાથે આ નિર્દોષ પારેવડીને શું સંબંધ હતો ? મારી અવસ્થા કે ભૂતકાળ માટે તે કઈ રીતે જવાબદાર હતી ? તેને તો હજી તારા પ્રેમપ્રકરણની કશીયે ખબર પણ નથી. અને તેના તરફ તેં દુર્લક્ષ્ય સેવ્યું, તેનાં પહેલી રાતનાં અરમાનોને દીવાસળી ચાંપવા તું પ્રેરાયો ? શું તું આ નિર્દોષ બાળાને અન્યાય નહોતો કરી રહ્યો ? પ્રેમની તેં શું વ્યાખ્યા કરી છે ? તને ગમે તે પાત્ર, તને જેના તરફ લગાવ થયો તે દેહ, તારો પ્રેમ ધોધ જેના તરફ ઢોળાયો તે વ્યક્તિ, જો તારી ના થાય, ના થઈ શકે તો તારે મૂઢ બની જવાનું ? અકર્મણ્ય થઈ જવાનું ? પ્રેમમાં નાસીપાસ થઈને ફરજો પરત્વેથી ચ્યુત થઈ જવાનું ? નિર્દોષ તેમજ જે તારી સ્થિતિ માટે જવાબદાર નથી તેમને અન્યાય કરી બેસવાનો ? ના, જો તું આવું કરતો હોય તો તારો તે વ્યક્તિ તરફ

સાચો પ્રેમ જ નથી. કાંતો આકર્ષણ છે, વાસના છે, લાલસા છે, હઠાગ્રહ છે, પણ તે પ્રેમ તો નથી જ નથી.

અને આમ વિચારમાં ડૂબીને મૂઢશા પડી રહેલા જસુને જોઈને પહેલા તો જયા છળી ઉઠી. પછી હસી પડી અને મલકાતા ચહેરે પલંગ ઉપર જસુના સુતેલા દેહના પડખાને અડોઅડ બેઠી અને તેના માથાના વાળમાં પોતાની કોમળ આંગળીઓ ફેરવતી, શરમાતી શરમાતી બોલી,

“કેમ ? હજુ થાક નથી ઉતર્યો ?”

જવાબમાં જસુ અડધો બેઠો થઈ ગયો અને પાસે પડેલા ટેબલ ઉપર મુકેલી ઘડીયાળ ઉપાડીને સમય જોયો. સવારના પાંચ વાગી ગયા હતા. સમય જોઈને જસુએ ઘડીયાળ ફરી ટેબલ ઉપર મુકી દીધી. ત્યાં સુધીમાં તો જયા ફરી તેના પડખામાં લપાઈને સૂઈ ગઈ. અચાનક જ જસુના હાથ તેના બરડા ઉપર ફરવા માંડ્યા.

અને આમ જસુભાઈ સંસારમાં સપડાયા. વળી રાત પડી. વાઘ લોહી ચાખી ગયેલો. બિલાડો માખણમાં લપસી પડતો અને જયા ધરાઈ જતી. ત્રણ-ચાર રાતો આમને આમ વીતી ગઈ. આમ દેહમિલન થતાં રહ્યાં પણ વાર્તાલાપ કદીયે ના થયો. ના મન મળ્યાં કે ના હૈયાં !

જયાનો મોટોભાઈ તેડવા આવેલો અને તે પિયર પાછી ફરી. ફરીથી જસુ બેડરૂમમાં એકલો પડ્યો. આવા એકાંતમાં જસુને માટે બે જ સહારા હતા. કાંતો પેઢીની કામગીરી અને કાંતો વિજયાની મીઠી, તીખી, કડવી, દઝાડતી, મમળાવાતી, અભૂતપૂર્વ, રોમાંચક યાદો અને તેની સાથે વીતાવેલી એ લોભામણી ક્ષણો !

વચ્ચે વચ્ચે જયા બંગલે આવતી જતી રહેતી. જો જયંતિલાલ અને જસવિદ્યાબેન શહેરમાં હોય તો તેમની સાથે સમય વીતાવતી અને જસવિદ્યા સાથે વાતો કરતી, કામકાજમાં સાથ આપતી. જસુ તો આખો દિવસ પેઢી ઉપર હોય તેથી બે માણસને દિવસે તો મલવાનું થતું જ નહીં. રાત્રે જસુ ઘેર મોડો આવે તે પહેલાં જયા તેના પિયરમાં જતી પણ રહી હોય. ગામડે ખેતીની કામગીરી હોય ત્યારે ઘરડાં બેય જણ ગામનું ઘર ખોલતાં અને પંદર-વીસ દિવસ

ઘેર રોકાતાં. ત્યારે જયા બંગલે આવી જતી અને રાત્રે પણ રોકાતી. પણ બે એકલાં હોય તો પણ ના વાત કે ના ચીત ! ઘરકામ, બગીચો, ગાડી-સ્કુટરનાં કામ તો નોકરી રાખેલા માણસો જ કરી દેતા. પણ જયા રસોઈ જાતે જ કરતી. રસોઈયો મદદમાં ઉભો રહેતો ખરો પણ રસોડાનો ચુલો જયાએ પોતાના હાથમાં રાખેલો. એ જ રીતે જસુ જમવા બેસે ત્યારે તેને થાળીમાં જયા જાતે જ પીરસતી. બપોરે કાંઈ કામ ના હોય તો સ્કુટર લઈને મમ્મીને મલવા પિયર જતી પણ સાંજે સમયસર પાછી ફરી જતી. જાનકીદેવી તેને વારંવાર રોકાઈ જવા, ત્યાંજ જમી લેવા, જમાઈને અહીં જ બોલાવી લેવા દબાણ કરતાં. પરંતુ જયા કોઈવાતે માનતી જ નહીં અને છ વાગ્યા સુધીમાં તો બંગલે પહોંચી જતી. રાત્રે બે માણસ બેડરૂમમાં એક જ પલંગમાં સુતાં, દેહ મિલન પણ થતું પરંતુ બંને હસતાં હસતાં વાતે વળગ્યાં હોય, ધિંગા મસ્તી કરતાં હોય, રોમેન્ટિક મુડમાં સમય વીતાવતાં હોય તેવું કદીયે બન્યું નહોતું.

આમને આમ બે-એક વર્ષ વીતી ગયાં. જયાને સારા દિવસો રહ્યા. પિયરમાં અને સાસરીમાં બધાં ખુશ થઈ ગયાં. જ્યારે આવા મીઠા, સારા સમાચાર જયાએ રાત્રે શરમાતા શરમાતા જસુને કહ્યા ત્યારે પણ ના તો જસુના ચહેરા ઉપર જયાએ કોઈ ઉમંગ જોયો, ના ખુશી જોઈ, ના કોઈ ઉશ્કેરાટ કે આતુરતા જોઈ.

"સારી વાત છે. તબિયત સાચવજો." એટલું બોલીને પડખું ફેરવીને જસુ ઉંઘી ગયેલો. જોકે જસુના આવા પ્રસંગે પણ આટલા બધા ઠંડા વર્તનને જોઈને જયાને અચરજ તો થયું પણ પછી એણે પણ મન વાળ્યું.

"હશે, એ તો જેવો જેનો સ્વભાવ ! એ ઓછા બોલા, શરમાળ અને મુંજી પ્રકૃતિના છે. એમને તો એ ભલા અને એમની પેઢી ભલી. પહેલા દિવસથી જ જોતી આવી છું ને કે તેમનું ઘરમાં, કુટુંબમાં, સમાજમાં, સાંસારિક બાબતોમાં લક્ષ્ય ઓછું જ છે. પહેલાં એમનાં બા બધું સંભાળતાં હતાં અને હવે આગળ બધું મારે જ સાચવવાનું તેમ જ સંભાળવવાનું છે. હવે એ વાતનું શું ખોટું પણ લગાડવાનું ? ધંધો સંભાળે એટલું ઘણું છે. ઘરમાંતો હું બેઠી છું ને !

અને પુરા દિવસે દીકરો જન્મ્યો.

"એની મા ઉપર પડી" જસવિદ્યાબેન બોલેલાં પણ ખરાં. દીકરો સવા વરસનો થવા આવ્યો. કુળ દેવતા મહાદેવનાં દર્શન કરાવી નામકરણ કરવાનો સંકલ્પ હતો. બધાં નાનકાને લાલો કહેતાં. જસુ આગળ જયાએ એક બે વખત લાલા ને દર્શન કરાવવા લઈ જવાની વાત ઉઘાડેલી પણ તેણે સાંભળી ના સાંભળી કરી દીધેલી. છેલ્લે તો ઉડાઉ જવાબ આપી પેઢી ઉપર નીકળી ગયેલો.

"બા-બાપુજી અહીં આવશે પછી વાત !"

"પણ બા-બાપુજી તો ખેતીના કામમાં પરોવાયાં છે. તે ક્યારે આવે તેનું ક્યાં ઠેકાણું છે ?" જયાએ છેક બહાર આવીને દલીલ પણ કરેલી. "એવું હોય તો મારા પપ્પા-મમ્મીને તૈયાર કરું. દર્શન કરાવી આવીએ અને લાલાનું નામ પાડી દઈને એટલે એક મોટું કામ પત્યું કહેવાય."

"તને ઠીક લાગે તેમ કર." એટલું બોલતાં બોલતાં જસુભાઈ કારમાં બેસી ગયેલા અને કાર ચાલુ કરવા ડ્રાયવરને ઈશારો પણ કરી દીધેલો.

અને તે રીતે પ્રોફેસર અને જાનકીદેવી સાથે જસુભાઈ અને જયા લાલાને લઈને મહાદેવનાં દર્શન કરાવી, સંકલ્પ પુરો કરેલો. પ્રોફેસર અને જાનકીદેવીની સંમતિથી નક્કી થયેલ નામ સ્વીકારી લઈ જયાએ જસુભાઈની પરવાનગી માંગેલી તે વખતે પણ જસુભાઈએ સાવ નીરસતા જ દાખવેલી અને માથું હલાવીને ચૂપ રહેલાં. જેને જયાએ સંમતિ ગણી લઈ નામકરણ પતાવી દીધેલું.

પરંતુ ત્યાર પછી બે મહીને, ચાર મહીને, છ મહીને જસુભાઈ સામેથી મહાદેવનાં દર્શન કરવા જવાની દરખાસ્ત મૂકતા અને સૌ સહકુટુંબ ત્યાં જતાં, દર્શન કરતાં, મહારાજની ઓરડીએ ચા-પાણી કરતાં અને પાછાં આવી જતાં.

વર્ષો વીતતાં ગયાં. જયાને બીજો દીકરો જનમ્યો. તે પછી છેલ્લે દીકરી પણ અવતરી. ઉંમર થઈ, ખેતીના કામમાં એકલા હાથે પહોંચી વળાતું નહોતું, જયંતિભાઈ અને જસવિદ્યાબેનની તબિયત પણ ક્યાં સારી રહેતી હતી ? તેથી એકલા ગામડે ઘર ખોલીને રહેવું પણ અશક્ય બની ગયું હતું. ઢોર, બળદ, ગાય, ભેંસો તો ક્યારનાંયે કાઢી નાખ્યાં હતાં. ગામની નજીકની બે-ત્રણ વીધા ભોંય કે જેમાં બોર-કુવો હતો, ઓરડી પણ હતી તે કટકો રહેવા દઈ બાકીની ખેતીની જમીન જયંતિલાલે સ્વહસ્તે અને સ્વનિર્ણયે કાઢી નાખી. ઘરનું મકાન

ચોખ્ખું રહે તે હેતુસર મામુલી ભાડામાં ભાડે આપી દીધેલું.

"આવીએ ત્યારે પવાલું પાણી મલે અને ઘર ચોખ્ખું દેખાય એટલે ઘણું" એમ જસવિદ્યાબેન કહેતાં.

ખેતરની ઓરડીમાં એક આદિવાસી કુટુંબ પડી રહેતું અને ઠીક લાગે તે વાવતું અને એમાંથી જે વળતર નફો મલે તે વાપરતું.

વર્ષો વીતતાં ગયાં. પહેલા જસવિદ્યા જતાં રહ્યાં. બારેક મહીનામાં જયંતિલાલ પણ ઉકલી ગયા. જસુભાઈના બે દીકરા તો હાઈસ્કુલમાં આવી ગયેલા અને નાની ઢબુડી પણ પ્રાયમરી સ્કુલમાં જતી થઈ ગઈ હતી. જયાના બંને મોટાભાઈનું દાક્તરી અને એન્જિનિયરીંગનું ભણવાનું પુરું થઈ ગયેલું અને નોકરી-ધંધે વળગી ગયેલા. તેમના લગ્ન પણ થઈ ગયેલાં. સૌ સૌનો વસ્તાર સંભાળતા અલગ રહેવા જતા રહેલા. એકવાર પ્રોફેસરને છાતીમાં દુઃખાવો ઉપડ્યો. દવાખાને પહોંચતાં પહોંચતાં તો તેમણે દેહ મુકી દીધેલો. પ્રોફેસર ગયા તેના પંદર દિવસ પછી જાનકી દેવી બેઠાં બેઠાં ઉકલી ગયાં. આમ ચારેબાજુથી જયા એકલી પડી ગઈ.

જસુભાઈએ તેમનું મન પેઢીમાં વાળી દીધેલું અને જયા છોકરાં ઉછેરવા, ભણાવવામાં પડી ગઈ.

વખત જતાં છોકરા બેયે ભણી રહ્યા. એક તો બી.એ. થઈ એલ.એલ.બી. થયો અને બીજો બી.કોમ. થઈ ગયો. દીકરીએ પણ કોલેજ પુરી કરી. પણ આ ત્રણેય છોકરાં અભ્યાસમાં મધ્યમ રહ્યાં. કાંઈ વાત હોય તો મમ્મી એટલે કે જયાને પૂછતાં. કોઈવાર પપ્પા-જસુભાઈને પૂછી બેસતાં તો એક લીટીનો ફીક્સ જવાબ મલતો,

"તારી મમ્મી કહે તેમ કરો."

અને આમ ને આમ, આવી જ રીતે ત્રણે બાળકોનાં સગાં પણ જયાએ શોધેલાં, લગ્ન થયાં ત્યારે પણ બધી જવાબદારી જયાને માથે જ રહેતી. હા ! જસુભાઈ જોઈએ તેટલા અને જોઈએ ત્યારે જયાને પૈસા પહોંચી જાય તેવી વ્યવસ્થા અચુક કરતા. તેમજ જરૂર પડ્યે નોકર-ચાકર-પેઢીના માણસોને મદદમાં પણ મોકલી દેતા પણ પોતે આગળ પડી, ઉમંગથી જવાબદારી ઉપાડી હાજરી

આપી હોય, દોડાદોડી કરી હોય, રસ લીધો હોય તેવું ભાગ્યે જ બનતું. છોકરાં પણ સમજી ગયેલાં કે ઘર તો મમ્મી જ ચલાવે છે. પપ્પાને ક્યાં કોઈની ખબર જ હોય છે ? એ તો પેઢીના કામમાં જ રચ્યાપચ્યા હોય છે.

પછી તો ઘરમાં દીકરા મોટા થયા, વહુઓ આવી, દીકરી અને જમાઈ આવતાં, વસ્તાર વધ્યો, પૌત્રો, પૌત્રીઓ, ભાણિયા. ઘરમાં ફરતાં, આવતાં, રમતાં, ઝઘડતાં પણ બધા જસુભાઈ સાવ નિર્લેપ રહેતા. જયાની સૂચના થતાં મૌનવ્રત ધરીને તે હાજર થઈ જતા, છોકરા-વહુઓ-દીકરી જમાઈ પાસે થોડીવાર બેસતા, બધાં ને સાંભળતા પણ ખરાં, તેમની તકલીફો દૂર કરી આપતા, તેમની માંગણીઓ પુરી કરતા, તેમની જરૂરિયાતો પુરેપુરી સંતોષતા. પરંતુ કાંઈ બોલતાં નહીં. કોઈનેય કોઈ શિખામણ નહીં, કોઈ સૂચન નહીં ! કોઈનીયે તરફ કોઈ અપેક્ષા પણ નહોતા રાખતા. તે પોતાનાં મોટાભાગનાં કામ જાતે જ કરી લેતા. નાનાં ભુલકાંને ખોળામાં લેતા, રમાડતા, તેમની સાથે રમતા પણ ખરા. પણ બાળક સામેથી આવે તો જ, એમણે કોઈ બાળકને દોડીને આવીને તેડી લીધું હોય તેવું બન્યું નથી. મોટાં ને તો ઠીક, નાનાં ભુલકાંને કે ધર્મપત્ની હતાં છતાંયે જયાબેનને પણ જસુભાઈ કદી કોઈ કામ ચીંધતા નહીં. પરંતુ બધાં જસુભાઈની કાળજી રાખતાં અને તેમના નિત્યક્રમ, ટેવ, ગમા અનુસાર બધું સમયસર તેમની આગળ રજૂ કરી દેતાં. સામા પક્ષે જસુભાઈ જે તેની સામે હળવું હસી લેતા એટલું જ !

હવે તો જસુભાઈને પણ પચાસ-પંચાવન ઉપર થયેલાં. વનમાં તો ક્યારનાયે પ્રવેશી ચુકેલા, થોડા વખતમાં સાઈઠની ઉંમરે પહોંચશે. જયાબેન પણ ઉમરલાયક થઈ ગયેલાં. પૈસે-ટકે, સંતાન-ઘર, ધંધો-પેઢી, પત્ની, વહુઓ, દીકરી, જમાઈ, બાળકો-ભાણિયાં બધી વાતે જસુભાઈને કોઈ વાતનું દુઃખ નહોતું. છતાં તે ઘણીવાર ઉદાસ થઈ જતા. મૌન અવસ્થામાં એકલા, હીંચકો ઝૂલતા, બેસી રહેલા તો તે રોજ દેખાતા.

''જોડાજોડ ચાલીસ-વરસ કાઢ્યાં પણ આ માણસના મનનો તાગ ના પામી શકી.'' એમ જયાબેન બધાં સામે વારંવાર અફસોસ પ્રગટ કરતાં. પછી વાળી પણ લેતાં, ''હોય, એ જીવનો એવો સ્વભાવ ! પેઢી શિવાય ઘરની, ખેતરની, ગામડાના ઘરની, છોકરાંની કોઈ જવાબદારી આજસુધી કદી ઉપાડી છે ? જે હું

કરું તેટલું થાય. હવે છોકરા મોટા થયા, વહુઓ આવી. છોકરાંના છોકરાં ટાંપા ટૈયાં કરતાં થયાં તે ટેકો રહે છે. બાકી વર્ષો સુધી બધું એકલા હાથે જ ચલાવ્યું ને ! અને એ તો ખરુંને કે એમણે એકલા હાથે ધંધો ઉપાડી લીધો અને અત્યાર સુધી શાખ અને આવક પણ ટકાવી રાખ્યાં ? એ તો હવે છોકરા તૈયાર થઈ ગયા એટલે એમને પણ હાશ વળી છે ! નહીંતર એમણે પણ બધું એકલા હાથે જ ચલાવ્યું ને ?''

જયાબેન જ ચાર-છ મહીના થઈ ગયા હોય એટલે છોકરા વહુઓને સામેથી યાદ કરાવતાં કે ''હમણાંનાં આપણે મહાદેવના મંદિર બાજુ ગયાં નથી. તારા પપ્પાને પૂછી જોવુ અને તે પોતે જ મંદિર-દર્શનનો પ્રોગ્રામ ગોઠવતાં અને બધાં સહકુટુંબ દર્શને જઈ આવતાં.

આમ ને આમ જસુભાઈ અને જયાબેનનો સંસાર આગળ પણ ધપેલો.

• • •

# 12. ભુલ્યો ભુલ્યો રે તું ભામિની !

વિજ્યાની પહેલી સુવાવડ હતી તોયે હઠ કરીને હીરાબાએ વિજ્યાને પિયરના મોકલેલી. જરૂરપડ્યે ગામની ઓળખીતી બાઈઓનો સાથ લીધેલો. ઘરમાં સૂતક હતું તેથી મંદિરની પૂજા માટે ગામના એક કર્મકાંડી બ્રાહ્મણને સવા મહીના સુધી રોકી દીધેલો. તેથી હરિવલ્લભભાઈ તો સાવ નવરાશ હતી. તે મંદિર બહાર જતા અને પરિચિત મિત્રો સાથે સમય ગાળતા પરંતુ હીરાબા અને જયશંકર આખો દિવસ અને રાત્રે પણ વિજ્યા અને બાળકની સેવામાં ખડેપગે રહેતાં. જયશંકર વિજ્યાનો પડ્યો બોલ ઝીલતો. જો કે જ્યારથી ખબર પડી કે વિજ્યાને સારા દિવસો છે ત્યારથી જ વિજ્યાને કોઈ કામ કરવા દેતાં નહોતાં. અરે હીરાબા નવરાં ના હોય તો અને એક-બે વાર તો બધાનાં કપડાં પણ તેણે જાતે ધોઈ નાખીને સુકવી દીધેલાં. રાત્રે ખાટલા ઢાળવા, સવારે ઉભા કરવા એ કામ તો જયશંકરના માથે જ હતું. જયશંકરે નોકરી-ધંધાની તપાસ અર્થે બહાર જવાનું પણ હવે બંધ કરી દીધેલું હા ! સવાર-સાંજ મહાદેવની પૂજા અને આરતીમાં કદી ચૂક નહોતો પડવા દેતો. હીરાબા અને હરિવલ્લભ જયશંકરના વહુ તરફના આવા વર્તનથી સંતોષ પામતાં અને મનોમન પોરસાતાં હતાં.

“હશે, એ તો ધણીની ચાકરી વહુ કરે અને વહુને તકલીફ હોય, તો ઘરવાળો જ પડખે ઉભો રહે ને ! બે માણસ હળીમળીને રહે એટલે ઘણું !” એમ હીરાબા ઘણીવાર સ્વગત કહેતાં. ગામની બાઈઓ સાથે પણ વાત ઉઘડે તો હીરાબા છોકરા અને વહુનાં વખાણ કરતાં થાકતાં નહીં. “મારે તો ઘરમાં જ શિવ-પાર્વતીની જોડી છે. બેય જણાં ખૂબ જ સમજણાં, અને શાંત. કોઈ વાતે નહીં ઝઘડો, નહીં કંકાસ, ના બોલાચાલી, ના કોઈ જીદ ! અમારાં બે યે ઘરડાંનુંયે ધ્યાન રાખે. કદી બે માંથી એકેયને અમારી સામું ઉંચા અવાજે બોલતાં કદી તમે સાંભળ્યાં ? જેમ કહીએ તેમ કરે. કદી વહુમાં પણ કામચોરી નહીં. બાપડી એકલી કૂટાતી હોય તો આપણે થોડું કામ કરી લઈએ તો તેને રાહત થાય અને આપણે પણ કામ કરતાં રહીએ તો હાથ-પગ જકડાઈ ના જાય, એમ વિચારીને હું કાંઈ કામ કરતી હોઉં તો વહુ દોડતી આવીને મારા હાથમાંથી કામ

ઉપાડી લે અને મને આરામ કરવાનું કહે. તે અલી આપણે પણ કેટલો આરામ કરવાનો ? હવે તો ઘરમાં પડ્યે પડ્યે પણ કંટાળો આવે છે. આ તો પહેલા બે જીવાતી હતી અને હવે સુવાવડમાં છે અને પછી નાનું છોકરું હોય એટલે આપણો જીવ બળે એટલે બે કામ કરી લઈએ. અને એમાં થોડાં આપણે ધસાઈ જવાનાં છીએ ?''

તમારી વાત સાચી છે, હોં, હીરાબા ! તમારે તો વહુ અને દીકરો બેય જણ લાખેણાં છે. બાકી ગામમાં લોકોના છોકરા જોઈ આવો અને વહુઓ તો ઘેર ઘેર કપાતર જોવા મલે છે.'' સાડલા વતી, નાકનાં ફોયણાં માં છીંકણી ઓર્યા પછી, નાક લુછતા લુછતા એક ડોશી મોં મચકોડી, હાથ લાંબા ટુંકા કરી ડોળા નાના મોટા કરતાં કરતાં, અવાજમાં પણ ધીમો-ઉંચો સુર ગોઠવી હીરાબાની વાતોને ટેકો પણ પુરતાં.

જો કે ગામલોકો ખૂબ જ ભક્તિભાવ વાળા હતા. વળી આ મહાદેવના મંદિરમાં સ્વયંભુ શિવલિંગ હોવાથી તેનું માહાત્મ્ય ઘણું વધારે હતું. તેથી બહારગામથી પણ ઘણું લોક મંદિરે દર્શન કરવા, બાધા કરવા આવતું. તેથી મંદિરમાં આવક સારી હતી. વળી ગામના મંદિરના ટ્રસ્ટીઓ પણ પહેલા હરિવલ્લભ વ્યાસ અને હીરાબાથી અને હવે જયશંકરના સ્વભાવ, વર્તન, શુદ્ધતા, સંસ્કારથી ખૂબ જ પ્રભાવિત હતા. તેમજ તમામ ટ્રસ્ટી ઈમાનદાર અને દાન-પુણ્ય કરવા વાળા, ફાળો એકઠો કરવા પોતાના ખર્ચે દોડનારા, મંદિરને બાંધી આપેલ રકમ, અનાજ પણ તેઓ જાતે દોડીને, કરગરીને, રૂબરૂ મલીને મંદિરને પહોંચતું થાય તે માટે સદાયે તત્પર રહેતા. અને આમ જે મલતું તે આ કુટુંબના ભરણ-પોષણ માટે પૂરતું હતું. આકસ્મિક ખર્ચ, તકલીફ વખતે આ ટ્રસ્ટીઓ અને ગ્રામજનો આ કુટુંબ પાછળ ખડા પગે રહેતા અને હુંફ પણ આપતા. તેથીસ્તો હરિવલ્લભભાઈએ પણ આ બધું જોઈને મહાદેવની પૂજા શિવાય બીજે ક્યાંય લક્ષ્ય આપેલું નહીં અને ભક્તોની આગતા-સ્વાગતામાં લાગેલા રહેતા. તેમનામાંથી અહીં આવ્યા પછી લોભવૃત્તિ તો રહી જ નહોતી. તેથી બીજે ક્યાંયથી ધન-ઉપાર્જન કરવાનો, ધન-સંગ્રહ કરવાનો વિચાર માત્ર પણ નહીં આવેલો.

જયશંકર પણ ભણ્યો, ગ્રેજ્યુએટ થયો. પછી થોડા સમય સુધી નોકરી-ધંધામાટે ફર્યો. પરંતુ લગ્ન પછી તો તેણે તે બધું ઓછું કરી નાખેલું. સીમંત

ભરાઈ ગયું અને વિજ્યા અહીં જ રહેવાની છે તે નક્કી થઈ ગયું પછી તો જયશંકરે મંદિરના ચોગાનની બહાર નીકળવાનું પણ બંધ કરી દીધેલું. હીરાબાને કામમાં મદદ કરવી, વિજ્યાની ખડે પગે સેવા કરવી અને મહાદેવને સાચવવાના એ ત્રણ જ કામ તેના નિત્યક્રમમાં રહેલાં. ભક્તોની આગતા-સ્વાગતાનું કામ પણ ધણીવાર હરિવલ્લભભાઈ જ ઉપાડી લેતા.

સગાં વહાલાંમાં તો બીજું કોણ હતું ? હરિવલ્લભ અને હીરાબા માંડ દસ વરસના જયશંકરને લઈને આ મંદિરમાં આવેલાં. ગામવાળાંએ, ટ્રસ્ટીઓએ વારંવાર બંને જણને આ અંગે પૂછપરછ કરેલી કે "કયા ગામના, ક્યાંથી આવ્યા, કોઈ સગું-વહાલું ખરું ? કેમ ઘર-ગામ-દેશ-સગાં બધુંયે છોડવું પડ્યું ? કોઈએ કાંઈ ધાક-ધમકી આપીને પડાવી તો નથી લીધું ? એવું હોય તો બીશો પણ નહીં અને મુંઝાતાં પણ નહીં. આખું ગામ તમારા પડખે છે. ગમે તેવા માથાભારે ને પણ ધૂળ ચાટતો કરી તમારા હકનું તમને પાછું અપાવીશું." પણ બેય જણામાંથી કોઈએ આજદિન સુધી મગનું નામ મરીં નહીં પાડેલું અને હસતાં હસતાં કહેનારને જવાબ આપતાં,

"દુઃખના દહાડા આવી ગયા. ઉપર આભ ને નીચે ધરતી હતી. હાથે પગે આ નાના ને લઈને નીકળી પડેલાં. આશરો શોધતાં હતાં ત્યાં આ મંદિર આવ્યું અને તમે ઓથ આપી. એટલું અમારે માટે પુરતું છે. અને હજીયે તમે બધાં અમારી સૌની બાલાશ રાખો જ છો ને, બાપલા." અને બે હાથ જોડી કહેનાર ને રામ-રામ કહી ઉભાં થઈ જતાં.

તેથી કોઈ જુનાં સગાં-વહાલાં-ઓળખીતાંને હવે ક્યાં યાદ જ કરવાનાં હતાં ? અને નવાં સગામાં જયશંકરની સાસરીવાળાં અને એ પણ ત્રણ જણ હતાં, દાદીમા, દાદા અને વિનુભાઈ ઠાકર ! તો એમાં ડોસા બીમાર હતા એટલે આવી શકેલા નહીં અને વિનુભાઈ અને દાદી આવીને નાનકાને રમાડી ગયાં હતાં. હવે તો નાનકાને ત્રણ માસ પુરા થયા અને ચોથો મહીનો બેસી ગયેલો. તેથી હરિવલ્લભે જયશંકરને ટકોર કરેલી કે વિજ્યા વહુના દાદાની ખબર કાઢતા આવો અને ભાણાને પણ બતાવતા આવો. એકાદ-બે દિવસ મંદિરની પૂજા હું સંભાળી લઈશ. અને આમ ત્રણ જણ એક દિવસ વિજ્યાના પિયરમાં ગયાં. દાદાના ખોળામાં ભાણો મુકીને વિજ્યા દાદા સામે ખૂબ રડી. દાદાએ એક હાથે

ભાણો ખોળામાં પકડી રાખ્યો અને બીજો હાથ રડતી વિજ્યાના માથે મુક્યો. ના કશું બોલ્યા, ના સામે રડ્યા, ના કોઈ શબ્દ, ના ચહેરા ઉપર કોઈ ભાવ ! થોડી વારે વિજ્યા શાંત પડી અને દાદા સામેથી ઉઠી. વિજ્યા હવે સ્વસ્થ થઈ ગયેલી. તેણે જયશંકર સામે જોઈને ઈશારો કર્યો. જયશંકર પણ દાદાને પગે લાગ્યો. દાદાએ જમાઈને માથે પણ નિર્લેપ ભાવે હાથ મુક્યો, કોઈ આર્શીવચન વગર જ ! પછી તો વિજ્યાએ દાદી સાથે થોડી વાતો કરી. દાદીમાએ ભાણાને દાદા પાસેથી લઈ લીધો અને ધોડિયું બાંધીને સુવડાવી દીધો અને ધોડીયાની દોરી પકડી લીધી. વિજ્યા રસોઈ કરવા માંડી. જયશંકર દાદા સામે નીચું જોઈને બેસી રહ્યો. કોઈએ કોઈની સાથે વાત-ચીત કરવાની જાણે બાધા લીધી હોય તેમ સૌ સૌના કામમાં ચુપચાપ વ્યસ્ત હતાં. સાંજે વિનુભાઈ દુકાનેથી આવ્યા ''કેમ છો ? મજામાં.'' જેવી ઔપચારિક વાત થઈ. બધાં સાથે બેસીને જમ્યાં. રાત્રે જમાઈ-દીકરી અને ભાણો મેડીએ જઈને સુતાં. ઘરનાં ત્રણે નીચે રાત વીતાવી. વહેલી સવારે જયશંકર તૈયાર થયો અને બધાંની રજા લઈને પોતાના ઘેર જવા નીકળ્યો. પાછળ વિજ્યા પણ નાનકાને તેડીને નીકળી. દાદા પણ છેક ખડકી સુધી વળાવવા આવ્યા. દાદી બહાર ઓટલે ઉભાં પણ વિનુભાઈ છેક બસસ્ટેન્ડ સુધી મુકવા આવ્યા. બધા એકબીજાને હાથ ઉંચો કરી 'આવજો' કહેતાં હતાં એટલું જ ! બાકી કોઈ વાત નહીં, કોઈ શિખામણ નહીં !

દાદાને નાનકો બતાવી આવ્યા તેને માંડ પંદર દિવસ વીત્યા હશે અને દાદાના અવસાનના સમાચાર મલ્યા. જાણવા મલ્યું કે સવારે માળા ફેરવતાં ફેરવતાં એકદમ જ ઢળી પડેલા. ના કાંઈ બોલ્યા કે ના ચાલ્યા. હરિવલ્લભ, હીરાબા, જયશંકર, વિજ્યા અને નાનકો, પાંચેય જણ ફરી ત્યાં ગયાં. ખરખરો કરી બધાં પાછાં વળી ગયાં. હીરાબા એ જ કહ્યું તેથી વિજ્યા અને નાનકો ત્યાં રોકાઈ ગયાં. દાદાને ઉજવીને વિજ્યા અને નાનકો જયશંકર સાથે જ પાછાં આવી ગયેલાં. હવે ઘરમાં દાદીમા એકલાં અને રાત પડ્યે મા-દીકરો, વિનુભાઈ અને દાદી ! જોકે પંદર દિવસે-મહીને હરિવલ્લભ યાદ કરાવતા અને હીરાબા પણ દબાણ કરતાં ત્યારે ત્રણ જણ બે-ત્રણ કલાક માટે દાદીમાને મલી આવતાં. પણ તે પણ લાંબુ ચાલ્યું નહીં. અને માજી પણ ઉકલી ગયાં. હવે તો એકલા વિનુભાઈ રહ્યા. વેવાઈ-વેવાણ બંનેયે ખૂબ દબાણ કર્યું કે તે મંદિરમાં તેમની

સાથે આવીને રહે. પણ વિનુભાઈ ધરાર ના માન્યા. દાદીમાનાં બહેનપણી, બાજુવાળાં માશીના ઘેર જ ઘરની ચાવી રહેતી. ખડકી તો હંમેશાં આડી કરેલી જ રહેતી. સવાર-સાંજ એ માશી વિનુભાઈની થાળી ઘરમાં મુકી જતાં, કચરા-પોતું કરી જતાં, વાસણ ઘસી નાખતાં. પોતાનાં કપડાં તો વિનુભાઈ જાતે જ ધોઈ નાખતા. દિવસે તો દુકાનના થડે બેસી રહેતા. પણ રાત્રે ઘરમાં આવતા અને પરસાળમાં ખાટલો ઢાળીને પડી રહેતા. દર અઠવાડિયે જયશંકર એકલો તેમની ખબર કાઢી જતો. મહીને એકાદવાર વિજ્યા અને ભાણો આવતાં અને એકાદ રાત ટુંકી કરી આપતાં. વિનુભાઈ એકલા પડતા ત્યારે માતાજીનાં સ્તવન-કવન વાંચતા, ગાતા એમણે તેમનું મન માતાજીની પૂજા પાઠમાં વાળી દીધેલું. એકવાર વિજ્યા જ પૂછી બેઠેલી,

“બાપુ, ઘરમાં એકલું નથી લાગતું ?”

ત્યારે વિનુભાઈ હસી પડેલા અને બોલેલા,

“હું ક્યાં અહીં એકલો છું ? મારી માતા-ભવાની હાજરા-હજુર મારી સાથે તો છે !”

પણ વિજ્યાનો જીવ માનતો નહીં અને તેને સતત વિનુભાઈની ચિંતા રહ્યા કરતી. તેના સાસુ, સસરા એ પણ પ્રયત્ન કરેલો, ખુદ જયશંકરે પણ તેમને લઈ જવા કહેલું, વિજ્યાએ તો રડતાં રડતાં, કરગરતાં ઘણી વાર તેની સાસરીમાં આવવા વિનવેલા પણ વિનુભાઈ એકના બે ના થયેલા. તેથી વિજ્યા માટે હવે પિતા માટે આંસુ સારવા શિવાય બીજો કોઈ વિકલ્પ જ ક્યાં બચ્યો હતો ?

દિવસો તો વીતતા ગયા. મહીના પણ વીતવા માંડ્યા અને હવે તો દાદા-દાદી ને ગયે ત્રણ વર્ષ વીતી ગયાં. દુકાન અને ઘર બંને જગાએ વિનુભાઈ એકલા ફરતા હતા, અટવાતા હતા, મુંઝાતા હતા. પણ મા-જગદંબાનું શરણ લઈ લીધેલું, તેના ખોળે માથું મુકી દીધેલું. તે રાખે તેમ રહેવાનું છે એવી મનમાં ગાંઠ વાળી દીધેલી અને દિવસ પછી રાત પડતી, ફરી દિવસ ઉગતો, આમ કાળચક્રની ધરી ઉપર બેસી વિનુભાઈ એમનું શેષ જીવન વીતાવી રહ્યા હતા.

અને એક વહેલી સવારે મંદિરની ઓરડીનાં દ્વારા ખખડ્યાં. જયશંકર મંદિરમાં હતા. નાનકાને સોડમાં લઈ વિજ્યા અંદર ખાટલામાં જાગતી પડી રહી હતી. હરિવલ્લભ અને હીરાબા બહાર પરસાળમાં સુતાં હતાં. હજુ જાગ્યાં

નહોતાં. પણ એક ભાઈના પગરવથી અને બારણું ખખડવાના અવાજથી હીરાબા પણ જાગી ગયાં. વિજ્યા પણ બારણું ઉઘાડી બહાર આવી. તેને જોઈને પેલો ભાઈ હાંફતો હાંફતો તૂટક શબ્દોમાં બોલવા માંડ્યો.

"તમે જ વિજ્યા બુન ?"

"હા, હા. તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? શું વાત છે ?" હરિવલ્લભ પણ વાર્તાલાપ સાંભળી જાગી ગયા અને પેલા ભાઈ પાસે આવીને ઉભા રહ્યા. હીરાબા પણ વિજ્યા જોડે આવી ગયાં. મંદિરમાં ઘંટારવ અને આરતી ચાલુ હતાં.

"તમારા બાપુ વિનુભાઈ હવે નથી રહ્યા." એ ભાઈ એટલું જ બોલી શક્યો.

વિજ્યા પડતાં પડતાં રહી ગઈ. હીરાબાએ તેને પકડી અને અંદર લઈ જઈ ખાટલામાં બેસાડી. તે પણ પાસે બેઠાં. વિજ્યાએ "ઓ મારા બાપુ રે, મને એકલી મુકીને તમે પણ ચાલતા થયા." એમ બોલતાં બોલતાં ઠુઠવો મુક્યો. આરતી પતાવી જયશંકર દોડતો ઓરડી ઉપર આવી ગયો. માના રડવાનો અવાજ સાંભળી નાનકો પણ જાગી ગયેલો અને તે વિજ્યાના સાડલાને પકડીને રડવા લાગેલો.

"સમય બગાડશો નહીં. પરોઢીયે અધખુલ્લી ખડકીમાં દાખલ થઈ મેં જ વિનુભાઈને બુમ મારેલી. તેમને દુકાને લઈ જવા જ આવેલો. પણ તે બોલ્યા નહીં. પરસાળમાં જ ખાટલો ઢાળીને સુતા હતા. ઢંઢોળ્યા, શ્વાસ જોયો, નાડી પકડી પણ કાંઈ હતું નહીં. બાજુવાળાં માશીને બોલાવી ત્યાં બેસાડીને, માશીએ કહ્યું એટલે તમને બોલાવવા એકી દોટે આવ્યો છું." હરિવલ્લભે તે ભાઈને પોતાના ઢાળેલા ખાટલામાં બેસાડેલા. તેમણે ચાલુ રોકક્ળ વચ્ચે હરિવલ્લભભાઈને વિગતવાર વાત કરી અને ઉતાવળ કરવા ઈશારો કર્યો. મંદિરમાં થતી રોક્કળ સાંભળી કેટલાક ગામવાળા ભેગા થઈ ગયા. ગામમાં એક ભાઈ પાસે જીપ હતી તે તરત જ જીપ લઈ આવ્યો. બધાં ફટાફટ જીપમાં ગોઠવાઈ ગયાં.

વિનુભાઈના અગ્નિસંસ્કાર ભાણો-નાનકો અને જયશંકરના હાથે થયા. બધું આટોપી, ખડકી અને દુકાને તાળાં મારી, ચાવીઓ બાજુવાળાં માશીને ઘેર મુકી અને સાંજે બધાં ભૂખ્યાં-તરસ્યાં પાછાં મંદિરમાં આવી ગયાં.

વિજ્યાની પિયરની વાટ પણ બંધ થઈ ગઈ. હવે આ મંદિર ભલું, ઓરડી ભલી, ગામ લોકો ભલાં ! સગાં માં નાનકો, સાસુ-સસરા અને ધણી ગણો તો ધણી જયશંકરના બીજું કોઈ રાવ-ફરિયાદ સાંભળનાર, માથે હાથ ફેરવનાર, યાદ કરનાર, પાછળ રોનાર ! બધાંયે પોતાનાં ખરાં પણ પોતીકું તો કોઈ નહીં ને !

આવા વિષાદમાં વિજ્યા ઘેરાયેલી હતી. બાપનો વિયોગ તેનું હૈયું નહોતું સહી શકતું. દિવસ-રાત તેનું મન બાપને યાદ કરી કરીને અંદરને અંદર રડ્યા કરતું હતું. હવે તો તેને તેની પોતાની જાત ઉપર જ નફરત થવા માંડેલી.

"ડાકણની માફક હું બધાંને ખાઈ ગઈ ! હું જ અભાગણી છું. મારા લીધે કેટલા જીવ તરફડ્યા અને અંતે મૂઆ ! આ દેહે હું સ્ત્રી થઈને નથી અવતરી પણ કભારજા થઈને જન્મી છું. પહેલા મા ગઈ, હૈયું દઈ બેઠી તો ત્યાં પણ છેતરાઈ, આ કરેલું પાપ પ્રગટ્યું અને દીકરો થઈ ગોગળો ચુસવા વળગ્યું છે, એ લ્હાયમાં દાદોયે ગયો અને દાદી પણ ગયાં. એકલો અટૂલો બાપ કેટલું વેઠી શકે ? એ મારે કારણે જ કમોતે મુઓ. અને હું પાપિણી, શંખિણી, કભારજા, કાળમુખી, અભાગણી હજુ જીવતી છું. ઉપરવાળો મારા પાપની સજા મને કેમ નથી દેતો અને આ ગરીબડાંનાં લોહી ચુસી ચુસીને મારાં પાપની સજા એમને આપે છે ? હજીયે આ અબુધ અજાણ, સેવાભાવી ત્રણ જણાં મારી આજુબાજુ ફરે છે. ડોસાડોસીને તો કોઈ વાતની ગંધ પણ નથી આવી એટલે મને જોઈને અડધાં અડધાં થઈ જાય તે માનવામાં આવે પણ અડધું પડધું તો જાણીને બેઠેલા આ મારા ધણીને તો જુઓ ? જાણે કશુંયે બન્યું જ નથી તેમ મારી આગળ-પાછળ ફર્યે જાય છે, મારી સેવા ચાકરી કરે છે. મારા પિયારિયાંને પણ સાચવ્યાં. કદી મોઢામાંથી એ બાબતે આટલા વરસ પછી પણ કદી કોઈ વરાળ માત્ર પણ નથી કાઢી નથી કદી ધણીપણું દાખવ્યું, નથી ઉંચા અવાજે કદી બોલ્યો. અરે, આજદિન સુધી કદી મારા દેહને અડક્યો સુદ્ધાં પણ નથી. હું અભાગણી આવા ભલા, ભોળા, દેવ જેવા જીવને ના ભરખી જાઉં એનો હવે તો મને ડર લાગે છે."

અને આવા ગાંડા-ઘેલા વિચારોમાં અટવાતી વિજ્યા સાસરિયામાં દિવસો પસાર કર્યે જતી હતી.

એવામાં મંદિરમાં ગાડી આવી. જસુને જોયો, તેની વહુ, સાસુ-સસરાને જોયાં, જસુનો છોકરો ભાળ્યો. મારા નાનકાનો બાપ છે. મારો પોતીકો છે, હૈયું

થોડીવાર માટે ખીલી ઉઠ્યું. બધાં બેઠાં હતાં ત્યારે તે મને જોઈ લેતો હતો અને હું તેના ચહેરાને જોવા હજુયે તલસતી હતી. તેને આટલા વરસ પછી ફક્ત જોઈને પણ મનથી કેટલી શાંતિ અનુભવેલી. બધું દુઃખ થોડીવાર માટે જાણે સાવ ભુલાઈ જ ગયેલું ! પણ છેક નીકળતાં પોતાના જ લોહી માટે તેણે કેવું પુછેલું ? "આ કોનો છોકરો છે ?"

આ સાંભળીને મારા હૈયે જાણે ઉભો ચીરો પડી ગયેલો અને ધસમસતો ગરમ ગરમ લોહીનો ફુવારો છૂટેલો ! "અલ્યા, તારું જ લોહી છે અને તું જ નથી ઓળખી શકતો ?" પણ હવે તો તે સંસારી થઈ ગયો છે. મારે માટે પણ એ પારકો જણ ! હવે તેને શું કહેવાનું ? શાની ચોખવટ કરવાની ? એ તો વખત આવ્યે એનું લોહી જ બોલશે. અત્યારે કહીને નથી એનું ભલું થવાનું કે નથી મારું. તેનો ભર્યો ભર્યો સંસાર ઉજાડીને હવે મારે શું મેળવવાનું છે ? મારાં આ ચાર જણને હું હેમખેમ સાચવી શકું એ જ મારે તો ઘણું બધું છે. આ ગરીબડાં, ભોળાં-ભટાક, સંસ્કારી અને સેવાભાવી જીવોને દુઃખ દઈને હવે મારે વધારે પાપનાં પોટલાં નથી બાંધવાં. એ જાણે એનાં કરમ જાણે અને એનું ભાગ્ય જાણે ! જા, બાયલા જા. મારા હૈયાના એક અવાવરા ખૂણે તું પલાંઠી વાળીને બેસી ગયો છે તે મને પણ ખબર છે અને હવે તું મારો થઈને મને નથી મલવાનો એ પણ જાણું છું. છતાંયે તને જોવા, તને મલવા મનડું કદીક કદીક તડપી ઉઠે છે. હૈયું ધબકારો ચુકી જાય છે તે વાત પણ કબૂલ ! અત્યારે જે વેઠું છું, અગાઉં વેઠ્યું એ બધું તારા લીધે જ થયું ને ? છતાંય જા તું જા, મારા હૈયાના હાર, મારી પ્રીતના બેલી, તું જા, તું સુખી થા, તારો સુખી સંસાર ભોગવ. મારી કરેલી ભૂલનું પરિણામ હું વેઠી લઈશ, ભોગવી લઈશ, સહી લઈશ. જો આ જીવતો જાગતો મારો અને તારો દીકરો ! તેને ઉછેરીશ, ભણાવીશ, પરણાવીશ, નોકરી-ધંધે પણ વળગાડીશ. મા અને બાપ બંનેની ફરજ નિભાવીને મારી ભૂલનું પ્રાયશ્ચિત કરીશ. પણ તને નહીં કનડું તેની ખાત્રી ! જા, મારા વાલમ, મારી આંખના તારા, મારા હૈયાના ઉમળકા, તું હવે જા. મારા વિચારોમાંથી પણ હવે તું દૂર દૂર જતો રહે. હું અભાગણી છું, ડાકણ છું. ક્યાંક તને ના ડસી જાઉં, મારા હાથે ક્યાંક તારું ધનોત પનોત ના નીકળી જાય ! એટલે તો તને બે હાથ જોડીને કરગરું છું કે તું હવે મારાથી ક્યાંક દૂર દૂર જતો રહે. મને પણ ચાહ છે, છતાંય કહું છું કે કદી ફરી નજર સામે ના

આવતો. હું દુખિયારી જયા, જે હાલતમાં પડી રહી હોઉં ત્યાં પડી રહેવા દેજે. મારો ઉધ્ધાર કરવાની મનછા લઈને પણ કદી ના આવતો.

અને ઓરડીમાં જઈ, બારણું વાસીને, ખાટલામાં બેસીને, નાનકાને ખોળામાં થપથપાવે જતી વિજયા ધરાઈને રડેલી. તેની આંખમાંથી સરતી અશ્રુધારાઓ તેના ગાલ ઉપરથી સરકીને, ઉર પ્રદેશ અને ઉભારો વચ્ચેના માર્ગે થઈને છેક નાભિ સુધી પહોંચેલી તેણે પોતે અનુભવેલી. છતાંયે તે રડતી જ રહી, રડતી જ રહી.

ઘણું બધું રડી લીધા પછી તેનું હૈયું હળવું થયું તેનું મન પણ હળવું થયું. તે શાંત થઈ ગઈ અને તેણે મક્કમતાથી નિર્ણય લીધો કે મારી ભુલ કે જસુની ભુલ ભલે ઢંકાઈ ગઈ હોય, એ ભુલના કારણે જ મારી અને મારા પિયરિયાંની આ દુર્દશા થઈ હોય પણ હવે તેને લઈને ઉદાસ રહીને,અળગા રહીને, રૂક્ષ બનીને, તેની અસરતળે આ નાના ભુલકાને, વૃદ્ધ સાસુ-સસરાને અને દેવ પુરુષ જેવા મારા ધણી જયશંકરને સજા નથી થવા દેવી. એ નિર્દોષ વ્યક્તિઓ શા માટે સજા ભોગવે ? ખરો ગુનેગાર તો પોતાનો સંસાર લઈને બેસી ગયો, ધંધો ખીલવીને કમાઈ રહ્યો છે, બધી સુખ-સાહ્યબી ભોગવે છે, સંસાર પણ ભોગવે છે અને લીલા લહેર કરે છે તો એની યાદમાં આ ગરીબડાંને મારે શું કામ દંડવા ?

અને ખરેખર વિજયાએ તે રાત્રે તેનો અમલ કરવાનું પણ નક્કી કરી નાખ્યું. ''બધું ભુલીને હવે આ દેહ તેને સોંપી દઉં'' એમ વિચારતાં વિચારતાં તેણે પોતાની આંખો બંધ કરી દીધી અને પોતાને જાણે કે પોતાની જાત સાથે એકરૂપ કરવા મથવા માંડી.

સાંજે સૌ કાઈ પરવાર્યાં. બે ખાટલા પરસાળમાં અને એક ખાટલો ઓરડીમાં ઢાળીને જયશંકર મંદિરના ઓટલે જઈને બેઠો હતો. હીરાબા અને હરિવલ્લભ ઢાળેલા ખાટલા તરફ જઈ આડાં પડ્યાં. નાનકો અંદર જઈ ખાટલામાં ઉંઘી ગયો હતો. વિજયા એ મંદિરના ઓટલા તરફ ડગ ભર્યાં. ઓટલા ઉપર બેઠેલા જયશંકરની નજર તેની તરફ જ હતી. તે છેક નજીક પહોંચી ગઈ અને ધણી સામે થોડીવાર ઉભી રહી. પણ જયશંકરે પોતાની સ્થિતિમાં કાંઈ ફેરફાર કર્યો નહીં કે ના કશુંયે બોલ્યો. વિજયા જયશંકરને અડીને તેની પાસે ઓટલા ઉપર બેસી ગઈ અને બે પગ નીચે લબડતા રાખી પગ હલાવવા માંડી. તે થોડીક વાર આમ પગ હલાવતી રહી પણ તેની કોઈ અસર જયશંકર ઉપર થઈ નહીં. તેથી

તે અકળાઈ, તેણે નજર ઉંચી કરી અને જયશંકરના ચહેરાને તાકી રહી. હવે તેના હાલતા પગ સ્થિર થઈ ગયેલા. તે ઘણીવાર આમ તાકી રહી પણ ના તો જયશંકરના ચહેરાની કોઈ રેખા બદલાઈ, ના કોઈ હાવ-ભાવ બદલાયા ! તેના હોઠ ફરકતા હતા, આંખો સામે સ્થિર નજરે ક્ષિતિજ તરફ તકાયેલી હતી. જાણે કે ઋષિ એક ધ્યાન ધરીને ના બેઠા હોય !

અને આમ જયશંકરની નજર સામે અને વિજ્યાની નજર જયશંકરના ચહેરા ઉપર અનિમેષ પણે ચોંટી ગયેલી. બંનેની આ અવસ્થા દસ-પંદર મિનિટ ચાલી. ના કોઈ હાર્યું, ના કોઈ જીત્યું. પછી તો અચાનક જ જયશંકર ઓટલા ઉપરથી ભુસ્કો મારીને નીચે ઉતરી ગયો.અને ઓરડી તરફ ચાલવા માંડ્યો. પાછળ પાછળ વિજ્યા પણ ઓટલેથી ઉતરી અને જયશંકરને ધીમી ચાલે અનુસરતી ઓરડી તરફ ચાલી. જયશંકરે આડું-અધખુલ્લું મુકેલું બારણું ખોલી વિજ્યા રૂમમાં આવી. ત્યાં સુધીમાં તો જયશંકરે રોજના નિયમ મુજબ તેની અલગ પથારી નીચે પાથરવાનું શરૂ પણ કરી દીધેલું. નીચે પથારી પાથરતા જયશંકરને પાછળથી વિજ્યા જોઈ રહી.

"ધન્ય છે આ પુરુષને ! છ-છ વરસનાં વહાણાં વાયાં. એક જ ઓરડીમાં, જુવાન બૈરા જોડે આ જણ નીચે પડી રહે છે અને પાછો એ બાઈ માણસનો એ જગ-જાહેર ધણી છે. પણ નથી સ્ત્રી દેહની લાલસા કે નથી ધણીપણાનો ગર્વ !" અને હું કાળાં કામોની કરનારી, પારકાથી અભડાયેલી, પારકાનું પાપ પેટમાં સંઘરી અગ્નિની સાક્ષીએ આ સજ્જનને વરી ! એટલું ઓછું હોય તેમ પહેલી રાત્રે જ તબિયતનું બહાનું કાઢી આ જીવને અળગો કરેલો. એને તો ખબર હતી કે અમે બે કદીયે મલ્યાં નથી અને એની મા એ "દીકરાનો બાપ થવાનો છે" એવી વધાઈ ખાધી તોય મોંમાંથી આજદિન સુધી ચુકાંરો પણ નથી કાઢ્યો અને મન મૂકીને મારી અને આ પારકા લોહીની અવિરત સેવા કર્યે જાય છે. એટલું જ નહીં, મારા પાપને ઢાંકી, આ નબાપાને પોતાનું નામ આપી, ઉંચા માથે જીવાડશે. ધન્ય છે તને ! હવે તને દુણવાનું પાપ મારા હાથે નહીં થાય. ખરેખર તું માણસ નથી કોઈ અલૌકિક દેવપુરુષ જ છે."

વિજ્યા આમ વિચારતી વિચારતી ઉભી હતી ત્યાં સુધીમાં તો જયશંકરે પથારી પાથરી આડો પડી ગયેલો.

વિજયા હળવેકથી જયશંકરની પથારી પાસે ગઈ. પથારી પાસે તે પણ નીચે બેઠી. તેણે બેઠાં બેઠાં તેનું માથું જયશંકરની છાતી ઉપર મુકી દીધું.

“સ્વામી મને માફ કરો. હવે મારો સ્વીકાર કરો.” એમ બોલતી ગઈ અને ધીમા અવાજે ડુસકાં લેતાં લેતાં વિજયા રડવા માંડી. વિજયા રડતી રહી અને જયશંકર જે તે સ્થિતિમાં નિશ્ચેષ્ટ અવસ્થામાં હાલ્યા-ચાલ્યા વગર પડી રહ્યો અને રડતી વિજયાને જોઈ રહ્યો. ના તો વિજયાના બરડે, માથે, કપાળે હાથ ફેરવ્યો કે ના તો તેને રડતી બંધ કરવા એણે કાંઈ પ્રયત્ન કર્યો. ધીરે ધીરે વિજયા રડતી બંધ થઈ, હજુ હળવાં ડુસકાં ચાલું હતાં. માથું હજીયે જયશંકરની છાતી ઉપર જ હતું. ધીમે ધીમે વિજયાનાં ડુસકાં પણ બંધ થઈ ગયાં. તે બંધ આંખે જે તે સ્થિતિમાં પડી રહી હતી. ખાસ્સો સમય વીતી ગયો. પરંતુ જયશંકર ના હાલ્યો કે ના કાંઈ બોલ્યો.

વિજયા પણ થાકી. તેણે એકદમ પોતાનું માથું ઉંચકી લીધું અને જયશંકરના અડોઅડ તેની પડખે સૂઈ ગઈ. બંનેના દેહ એકબીજાને માથાની ચોટીથી પગની પાની સુધી સ્પર્શતા હતા. વિજયા જયશંકર તરફ દબાઈ અને દેહની ભીંસ વધારી અને જયશંકર ચમક્યો. તે સફાળો બેઠો થઈ ગયો. પથારીમાંથી ઉભો થઈ ગયો. માટલામાંથી પવાલું પાણી લીધું અને એકી ઘુંટડે પાણી પી ગયો. વિજયા હજીયે પથારીમાં બંધ આંખે પડી રહી હતી. તે તેણે જોયું. પછી ખાટલા તરફ આવ્યો. નાનકાને ખસેડીને તે ખાટલામાં સુઈ ગયો. વિજયાએ આંખ થોડી ખોલીને આ બધું જોયું. પણ હવે તેની હિંમત ચાલી નહીં. તે પથારીમાંથી ઉઠી શકી જ નહીં પછી તો ખાટલા તરફ આવવાની તો વાત જ ક્યાં કરવી ?

અને એ આખી રાત ઉઘાડી આંખે વિજયાએ વીતાવી. એ સતત વિચારતી રહી કે જે મલ્યો છે, પાસે છે તે સ્વીકારતો નથી અને જેણે સ્વીકારી હતી તે હવે મળવાનો નથી, કદી પાસે રહી શકવાનો નથી. કેવી વિચિત્ર વિટંબણા ! વાહરે, ભાગ્ય વિધાતા, તારા ખેલ પણ અજબ-ગજબના છે ! પહેલા કોણ સમજી શક્યું છે કે અત્યારે મને સમજાય ?

સવારે જયશંકર નિયમ મુજબ વહેલા ઉઠ્યો. નાહી ધોઈને તૈયાર થઈ મંદિરે પહોંચી ગયો. જાગતી પડી રહેલી વિજયા આ બધું પથારીમાં પડી પડી જોઈ રહી હતી. જયશંકરે પણ એક વખત પથારી તરફ નજર કરેલી. તેણે એ

પણ જોયું કે તે જાગતી પડી રહી હતી. બંનેની દષ્ટોદષ્ટ પણ થયેલી. પરંતુ તે તેના કર્મ, ફરજ તરફ જ જાણે સભાન હોય તેમ તેની દૈનિક ક્રિયાઓમાં વળી ગયેલો. અને વિજયા હજુયે વિચારતી જ રહી કે આ જીવ આમ કેમ વર્તી રહ્યો છે ? તેના મનમાં શું ચાલી રહ્યું છે ?

જયશંકર મંદિર તરફ વળ્યો એટલે વિજયા પણ ઝટપટ તૈયાર થઈ ગઈ. નહાઈ-ધોઈ, નાનકાને તૈયાર કરી દીધો. નવી લાલ સાડી પહેરી. જે હતા તે સોના-ચાંદીના શણગાર સજ્યા. માથે પાલવ ઓઢ્યો. આંખે મેંશ આંજી. સેંથામાં સિંદુર જાતે જ પૂર્યું. બરાબર સજીધજીને તૈયાર થઈ. નવો ચણિયો, નવું કાપડું પહેરેલાં. આમેય તે દેખાવડી, ઘાટીલી, રૂપાળી, એકવડી તો હતી જ, એમાં સાજ-શણગારે ઉમેરો કર્યો. તે થોડુંક મલકાઈ અને દર્પણમાં પોતાનું મોં નિરખ્યું. પોતાના રૂપ અને યૌવન પર પોતે જ મોહી પડી. હળવેકથી છાતી ઉપરની સાડીની કોર સરખી કરી. નીચા વળીને સાડી અને ચણિયાની નીચલી ધારો બરાબર ગોઠવીને સરખી કરી. પછી કેડ ઉપર બે હાથ મુક્યા. વિજયા ફેરફુંદડી ફરી અને ખડખડાટ હસી પડી. મનમાં સ્વગત વિચારવા લાગી.

“આજે મારા યોગીને ભોગી બનાવીને ના છોડું તો જોજે.”

તેણે જોયું કે નાનકો ખાટલામાં બેઠો બેઠો રમકડાં રમતો હતો. તે ઓરડીની બહાર આવી આંખ સુધી સાડીનો માથા ઉપરનો છેડો સરકાવી, બહાર પરસાળમાં ખાટલામાં બેઠેલા હરિવલ્લભભાઈ, સસરાને પગે લાગી. તેમને પણ પહેલા તો અચરજ એવું લાગ્યું. થોડા હસી પડ્યા. પણ વહુના ચહેરા ઉપરની ખુશી, ઉમળકો અને ઉમંગ જોઈને વધુ વિચાર્યા વગર તેના માથા તરફ હાથની હથેળી લંબાવી અને “રાજી રહેજો” એમ ગણગણ્યા. પછી વિજયા પગથિયાં માં બેઠેલાં હીરાબા પાસે ગઈ. તેમને પણ તે રીતે જ પગે લાગી. વિજયાના ચહેરા ઉપર તેજી જોઈ એ તો રાજીનાં રેડ થઈ ગયાં. બે હાથે વિજયાનું માથું ઝાલીને સુંઘ્યું અને તે હસી પડ્યાં. હીરાબા હસતાં હસતાં બોલ્યાં પણ ખરાં, “શું વાત છે બેટા ? કાંઈ નવાજુની ? નાનકાનો નાનો ભાઈ તો નથી આવવાનો ને ?” વિજયા શરમાઈ ગઈ અને પગમાં નમાવેલ માથે ડોકું હલાવી ‘ના’નો સંકેત આપ્યો અને ધીમા અવાજે બોલી, “એવા જ આશીર્વાદ આપો કે તમારા બોલ ઝટ ફળે.” અને ફટ દઈને ઉભી થઈ ગઈ અને મંદિર તરફ ચાલવા માંડી.

મંદિરના ગર્ભગૃહમાં બેસીને જયશંકર અભિષેક-સ્તવન-મંત્રોચ્ચાર-કવન-પૂજા કર્યે જતો હતો. તેનાં નેત્રો ખુલ્લાં જ હતાં. જયશંકરે પૂજા-મંત્રોચ્ચાર ચાલુ રાખેલા. પરંતુ પગરવને લઈને તેની નજર વિજયા તરફ વળી. પગમાં ઝાંઝર, કેડે કંદોરો, બંને હાથમાં લાલ, પીળી, વાદળી બંગડીઓ, નાકમાં નથની, માથે સિંદુર, નવું નક્કોર લાલ પાનેતર જેવી, ફુલ ડીઝાઈન કોરવાળી સાડી તેણે જોઈ. બે હાથે પ્રણામ મુદ્રામાં, આંખો બંધ કરીને, શિવધ્યાનમાં લીન વિજયાને તેણે પગથી માથા સુધી નીરખી. તેના ચહેરા ઉપર આજે ઘણા વર્ષે આટલી બધી શાંતિ, તેજ, રૂપ ઝળકતાં જોયાં. તેને પણ થોડી વાર માટે નવાઈ લાગી. પણ તે ચુપ રહ્યો અને શિવ-પૂજામાં તેનું મન પરોવી વિજયા તરફથી નજર હટાવી શિવલિંગ તરફ એક ધ્યાન કરી.

થોડીવારે વિજયાએ આંખો ઉઘાડી અને ગર્ભગૃહમાં પ્રવેશી અને પલાંઠી વાળીને બેઠેલા જયશંકરના પગના અંગુઠાને બંને હાથની આંગળીઓ ભેગી કરી ચરણસ્પર્શ કર્યો. અચાનક જ જયશંકરનો એક હાથ તેના માથા તરફ ઉઠ્યો. અડક્યો અને તરત જ દૂર થયો. ચાલુ સ્તવન અટક્યું અને બબડ્યો, "તારો ઉદ્ધાર થાઓ." અને ફરી આંખ મીંચીને પૂજા-સ્તવન ચાલું કર્યું. વિજયા થોડી ખુશ થઈ, પાછી નિરાશ થઈ ગઈ અને પછી ઉભી થઈને બહાર આવી મંદિર સામેનાં પગથિયાંની એક કોરે બેઠી. બસ, ત્યાં બેસી જ રહી. ના કોઈ વિચાર, ના કોઈ શબ્દ, ના કાંઈ હલન ચલન !

આમ પંદર-વીસ મિનિટ બેઠી હશે અને અચાનક સ્પર્શ અનુભૂતિ અને પગરવને લઈને ચમકી. બાજુમાં જોયું તો તેની પાસે પગ લબડાવીને જયશંકર બેઠેલો. વિજયા એ તેના ચહેરા સામે જોયું. તે ખૂબ ગંભીર લાગતો હતો. ઉંચે આકાશ તરફ મીટ માંડીને બેઠો હતો. હા ! વિજયાને અડોઅડ બેઠો હતો. વળી તેણે વિજયા સામે જોયું અને એક યોગી, સંત, ભક્ત, સજ્જન, ધીર ગંભીર વડીલ હોય તેમ, જાણે તેના અંતરાત્મામાંથી, હૈયાના ઉંડાણમાંથી બોલવા માંડ્યો.

"દેવી, તમે મારે મન પાર્વતિમાતા સમાન છો. લગ્નની પહેલી રાતે જ મને તેનો આભાસ થયેલો. તમે પત્ની સ્વરૂપે મને સાક્ષાત્કાર આપ્યો છે. તમે શુદ્ધ જ છો, ઉત્તમોત્તમ અને પૂર્ણ પવિત્ર સ્વરૂપા છો. આપનું પૂજન થાય, આપની સેવા થાય, આપનો આદર થાય, આપના પડતા બોલનું પાલન થાય,

આપને રાજી રખાય. સાથે રૂડું, રૂપાળું પુત્ર સ્વરૂપે ફળ લઈને આપ મારા ઘેર પધાર્યાં છો. તમે જ મને માનવમાંથી યોગી બનવાનો માર્ગ ચીંધ્યો છે. હવે હું આ દુન્યવી, સાંસારિક, દૈહિક માયાજાળથી ઘણો ઉપર ઉઠી ગયો છું. હવે હે માતા, તમે પોતે ઉઠીને મને ફરી એ માયામાં પાછા ફરવા ના લલચાવો. આ મારી ગૃહસ્થાભિમુખ સંન્યસ્ત અવસ્થામાંથી મને કદીયે ચલિત થવા ના પ્રેરશો. મારા ઉપર જીવીએ ત્યાં સુધી, સાથે રહીએ ત્યાં સુધી એટલી કૃપા દૃષ્ટિ રાખજો. સાંસારિક, કૌટુંબિક દૃષ્ટિએ તમે મારાં ધર્મપત્ની છો અને દેખાશો. તમારા દીકરાને જીવીશ ત્યાં સુધી બાપ તરીકેનું છત્ર ધરીશ. આપના ભૂતકાળ, ભુલો, સ્નેહીઓને વિશે મારે કશું નથી જાણવું અને એ બધાથી મને અજ્ઞાત જ રાખજો. હા ! એટલું માગું કે મારાં મા-બાપને રાજી રાખજો."

"એમનાં અરમાન પુરાં કરવા માટે જ આપના ચરણોમાં દાસી થઈને બેસવા આવી છું."

"કયાં અરમાન ?"

"બા ને નાનકાનો બીજો ભાઈ જોઈએ છે."

"તે શક્ય નથી." એમ કહીને જયશંકર એકદમ ઉભો થઈ ગયો.

"પણ કેમ ?"

"આપ અગાઉ કોઈને સમર્પિત થઈ ચુક્યાં છો, દિલથી પણ અને દેહથી પણ ! પરસ્ત્રી માત સમાન ! આપ મારે મન આદ્યશક્તિ જગદંબા જેવાં છો !" કહીને જયશંકરે વિજ્યા તરફ ફરીને પ્રણામની મુદ્રા કરી અને ઓરડી તરફ ઝડપી ચાલે ચાલવા માંડ્યો.

અને આ બનાવ પછી વર્ષો વીતી ગયાં. બંને પતિ-પત્ની થઈને સાથે જ રહ્યાં. એકબીજાની કાળજી લેતાં, સેવા-ચાકરી કરતાં, એકબીજાને પ્રેમ પણ કરતાં મા અને બાપ તરીકે નાનકાને ઉછેરતાં રહ્યાં, ભણાવ્યો, પરણાવ્યો, નોકરી શોધી આપી, પણ કદીયે દેહ મિલનની અપેક્ષા, આશા, પ્રયત્ન, વિચાર, ચેષ્ટા માત્રથી પણ બંને પાત્રો, અલગ થયાં ત્યાં સુધી દૂર જ રહ્યાં.

એ આખરી મિલાપ જુગુપ્સાના વિજ્યાના મહાપ્રયત્નના અંતે તે બબડેલી પણ ખરી,

"ખરો યોગી ! ખુદ પોતાની ભામિનિને પણ ભુલી ગયો અને સ્વને શિવચરણે પ્રયોજી જીવન સાર્થક કરવા નીકળી પડ્યો છે ! ધન્ય છે તને !"

• • •

# 13. ક્યાં ખોવાણા કાન !

વીસ-બાવીસના જસુભાઈ પચ્ચીસ-ત્રીસના થયા. ધંધે ઠરીઠામ થયા, લગ્ન પણ થઈ ગયાં, બંગલો પણ ખરીદાઈ ગયો, પ્રથમ સંતાન તરીકે દીકરો થયો. મનનું સપનું પુરું થયું. મોટાં શેઠ બની ગયા. આખા શહેરમાં હવે તો આવડી મોટી પેઢી જસુભાઈ શેઠની પેઢી તરીકે ઓળખાતી થઈ. બે પાંદડે પણ થયા. ઘરમાં સૌ કોઈ તમામ પ્રકારનાં સુખ-સગવડનાં સાધનો કાંઈ પણ ખટકાટ કે ક્ષોભ વગર ભોગવતાં હતાં. આમ જસુભાઈને ધન, સંપત્તિ, સ્વાસ્થ્ય, સંતતિ અને ભાર્યાનું પૂર્ણ સુખ મલી આવેલું અને તે બધુંયે પોતે ભોગવતા હતા. સતત સહકાર અને સાથ આપતા પિતાજી, એક વાત બાદ કરતાં બધામાં આગળ પડીને ઉભી રહેલી બા અને તેનો સ્નેહ, પરગજુ સસરા, માયાળુ સાસુ, પડતો બોલ ઝીલતા સાળાના આ વિશાળ વૃંદ વચ્ચે જસુભાઈ સુખમય જીવન વીતાવતા હતા. પેઢીમાં પણ મુનીમ, સ્ટાફ, મજુરો, બંગલે ડ્રાયવર, માળી, નોકર-ચાકર સૌ વિશ્વાસુ હતા. જાણે બહારથી જોનારને તો એવું જ લાગે કે જસુભાઈની કુંડળીમાં પૂર્ણ રાજયોગ હતો તે પ્રગટ થયો છે અને શેઠ અત્યારે ભોગવી રહ્યા છે. કોઈ વાતે આ વ્યક્તિને દુઃખ નથી, કોઈ વાતની ઉણપ કે ઓછપ નથી, કોઈ વાતે મનમાં હવે મુંઝારો શાનો હોય ?

અરે ભાઈ, ઉંમર થાય એટલે તો બધાંયે જવાનું તો છે જ ને ! એમ મા-બાપ પણ ગયાં, સાસુ-સસરા પણ ઉપર પહોંચ્યા. બે દીકરા અને એક દીકરી પણ ઉછર્યા, ભણ્યાં, પરણ્યાં, વસ્તારી પણ થયાં. ગામડે જુનું ઘર નાનાં પોરિયાં ને બતાવવા હજુ સાચવી રાખ્યું છે અને કૂવો-ઓરડી વાળું ખેતર પણ નથી કાઢી નાખ્યું. ઘણીવાર વેકેશનમાં જેને અનુકૂળ હોય તે બાળકો સમેત એ બાજુ આંટો મારી આવતાં. કોઈક કોઈક વાર તેમની સાથે જસુભાઈ અને જયાબેન પણ સાથે હોય. ત્યાં પણ જસુભાઈનો માન-મરતબો બધાં જાળવતાં. ગામમાં કે ખેતરમાં તેમની શાંત, સાલસ, સુખી, સમૃદ્ધ વ્યક્તિ તરીકેની છાપ ઉભી થયેલી. તો પેઢીમાં, વેપાર-ધંધાના સંબંધોથી જોડાયેલા, સમાજના, કુટુંબના દરેક વ્યક્તિના મોંએ તેમજ સગા-વહાલામાં પણ જસુભાઈના સ્વભાવ, પ્રકૃતિ, વિકાસ બાબતે

ચારેકોર વાહવાહ થતી હતી. "આનું નામ માણસ કહેવાય !" એમ સૌ કોઈ જસુભાઈની પાછળ પણ કહેતાં રહેતાં.

આમ બધું સોનાની થાળી જેવું જીવન જસુભાઈ વીતાવી રહ્યા હતા. અને હવે તો પચાસ-પંચાવન પણ વટાવી દીધેલાં. માથે બધા વાળ સફેદ થઈ ગયેલા. બંને આંખે મોતિયા પણ આવી ગયેલા અને તેનાં ઓપરેશન પણ થઈ ગયેલાં. મોમાં બે દાઢો પડી ગયેલી અને એક-બે દાંત પણ હજુ કોઈ કોઈ વાર કઠતા કે હાલતા હતા. પાચન શક્તિ તો ઉંમર સાથે મંદ પડતી જાય તે તો સ્વાભાવિક છે. પગે હવે પહેલા જેવી ઝડપી ચાલે કે દોડીને નહોતું જઈ શકાતું. શરીરમાં થોડી આળસ, થોડી અશક્તિ, ઉંમરને લઈને પ્રવેશેલી. થોડો મેદ પણ વધેલો. ચહેરો બદલાતો જતો હતો. કાંઈ ધીમું બોલાતું સાંભળવું હોય તો હવે કાન સરવા કરવા પડતા હતા.

આમ જયાબેન સાથે બાળકો સાથે, પેઢી-ધંધામાં જસુભાઈએ પચ્ચીસ-ત્રીસ વર્ષ તો વીતાવી દીધેલાં. પરંતુ બે બાબતોમાં કોઈ ફરક નહીં પડેલો. જયાબેનના શબ્દોમાં કહીએ તો,

"આ માણસે કદી દિલ ખોલીને વાત ના કરી. શી ખબર મનમાં કઈ વાતનો ભાર લઈને ફરે છે એ જ ખબર નથી પડતી. આપણે સામેથી કાંઈ પુછીએ ત્યારે જવાબ મલે અને તે પણ ડોકુ હલાવીને પતતું હોય તો બોલે તે બીજા ! બોલે ત્યારે પણ એક શબ્દથી પતતું હોય તો કદી આખું વાક્ય બોલેલા નથી. આ જણને મેં કદીયે હસતા મોંએ જોયો જ નથી પછી ખડખડાટ હસવાની તો વાત જ ક્યાંથી કરવાની ? જ્યારે જુઓ ત્યારે દિવેલિયું મોઢું રાખીને કાંતો એક બાજુ ચુપચાપ બેસી રહેલા હોય નહીંતર પેઢીના કામમાં માથું ઘાલી રાખેલું હોય. કોઈ અવસર પ્રસંગે, વાર-તહેવારે, સારા-માઠા સ્થળે, કદી એમના ચહેરા ઉપર હરખ કે શોક જોવા મળ્યા નથી. હંમેશાં જાણે કાંક વિચારમાં હોય, કોઈ બાબતે ટેન્શનમાં હોય, કોઈ જૂની યાદમાં અટવાયેલા હોય તેવો ગંભીર, ઉદાસીન, મુંઝવણ ભરેલો ચહેરો લઈને બધે ફર્યા કરતા હોય. રાત્રે મારી પાસે પણ મુંગા-મંતર જેવા બાજુમાં પડી રહે. આપણે પુછીએ તો જ જવાબ મળે નહીં તો જયશ્રીકૃષ્ણ ! સામેથી ઘણીએ વાર હું તેમને રાજી રાખવા મથી, હૈયાની વાત કહી દેવા સમજાવ્યા, પણ બોલે એ બીજા. આપણી સામે થોડીવાર તાકી રહે,

પછી થોડું હસે, ગાલ ઉપર હળવી ટપલી મારે અને પછી બબડે, ''ના, ના. એવું કાંઈ નથી. તું નાહકની ચિંતા કરે છે.'' એમ કહીને પાછા ચૂપ થઈ જાય. આપણે પણ પછી આગળ કશુંયે ના પુછીએ.''

જોકે પેઢીમાં પણ જસુભાઈનું વર્તન, સ્વભાવ અને ચહેરો આવાં જ રહેતાં. વખત જતાં બાળકો પણ ટેવાઈ ગયાં, વહુઓ આવી તે પણ સમજી ગઈ, નાનાં પોરિયાં પણ પછી તેમની સાથે વધારે જીદ ના કરતાં. પેઢી ઉપર પણ સૌ શેઠના સ્વભાવને સમજી ગયેલાં. જમાઈ, વેવાઈ, સાસુ, સસરા બધાંયે ધીરે ધીરે જસુભાઈના આ વર્તન, સ્વભાવને સ્વીકારી લીધેલાં. ફક્ત તેમનાં મા-બાપ અને એમાંયે જયંતિભાઈ જીવ્યા ત્યાં સુધી જસુના આવા ચહેરા અને વર્તનનું રહસ્ય સમજી શક્યા હતા. જસવિદ્યા બધું સમજી તો ગયાં જ હતાં પણ મન વાળતાં, ''એ તો પેલી લપ છોડાવી તો આજે સુખી થયો છે, નહીંતર એનું ભાગ્ય પણ ફુટી જાત.''

પહેલા દિકરાના નામકરણ અને કુળદેવતાના દર્શન વખતે લાંબા સમયે મનની માનિતીની ભાળ મલેલી. ત્યાર પછી તો એ મંદિરે ઘણીવાર જવાનું થયેલું અને છેલ્લા પચ્ચીસ વરસમાં પચાસ વખત ત્યાં જસુભાઈ ગયા પણ હશે. પણ સાથે જયા પણ હોય અને વસ્તાર પણ હોય. ત્યાં પણ વિજયા થોડી એકલી હોય ? પહેલા તેના સાસુ-સસરા હોય, ધણી હોય, તેનો દીકરો હોય. પછીથી જયશંકર અને નાનકો તો હોય જ. જ્યારે તેનો દીકરો મોટો થયો, પરણ્યો, શહેરમાં નોકરી મલી તેથી વહુ સાથે લઈને જુદો રહેવા ગયો ત્યારે જયશંકર તો મંદિરના ચોગાનમાં હોય જ ને ? તેથી એકમેકનાં દર્શન થતાં, નયનોનાં મિલન થતાં, ચહેરાના ભાવ જોઈ એકબીજાની માનસિક સ્થિતિનાં અનુમાન લગાવતાં, એટલું જ બાકી દિલ ખોલીને, હૈયે હૈયું ભીડાવીને, અડોઅડ બેસીને એકબીજાને વાત કરવા તો બંને જીવ તલપાપડ હતા જ ! અને એવા પ્રસંગો આ પચ્ચીસ ત્રીસ વર્સમાં માંડ ચાર-પાંચ વખત ઉભા કરેલા, ઉભા થયેલા અને બંને જણે સામસામે ગુસ્સો, શબ્દ બાણો, પ્રેમ, મીઠડી વાતો, સંભારણા, હુંફ, મદદ, સાંત્વના, ખુલાસા વગેરે સમયોચિત ઠાલવેલાં, માણેલાં, સહેલાં અને એ મીઠી યાદો, રોમાંચિત કરી દેતી ક્ષણોને પાછાં વર્ષો સુધી વાગોળતાં રહેતાં.

બે બાળકોના પછી જન્મેલી ત્રીજી દીકરીને લઈને જસુ અને જયા જ્યારે

મંદિરે ગયેલાં ત્યારે વિજ્યાનો ચહેરો પડી ગયેલો. જસુએ જ્યારે વિજ્યા સાથે આંખમાં આંખ પરોવવા તીરછી આંખે, અછડતો પ્રયત્ન કરેલો ત્યારે તે સાવ રડમસ થઈ ગયેલી અને સાડલાના છેડાથી મોં ઢાંકી દઈને ઓરડીમાં જતી રહેલી. ત્યારે જસુભાઈને ખૂબ જ દુઃખ થયેલું અને પ્રથમવાર તેમના મનમાં વિજ્યાને એકલા મલવાનો વિચાર આવેલો. ત્યારે જસુભાઈ માંડ પાંત્રીસના હતા.

અને એક વખત આવો મોકો મલી પણ ગયો.

જસુભાઈ બપોરનું ભોજન લઈ સ્કુટર લઈને નીકળ્યા. ડ્રાયવરને ગાડી લઈને પેઢી ઉપર જવા કહ્યું. "બે-ત્રણ કલાકમાં એક કામ પતાવીને સીધો પેઢી ઉપર આવું છું." તેમ ડ્રાયવરને જણાવ્યું. જો કે ડ્રાયવરે કાર લઈને સાથે આવવા તૈયારી પણ બતાવી પણ જસુભાઈ એ ઈશારાથી જ ના પાડી દીધી. સીધું મંદિરના ગામ તરફ સ્કુટર મારી મુક્યું. મંદિરનો ઝાંપો આડો કરેલો તેથી સ્કુટર ચોગાનની બહાર સ્ટેન્ડ ઉપર ચઢાવ્યું અને તે ચોગાનમાં પ્રવેશી અંદર જઈ ચારે બાજુ નજર ફેરવી લીધી. બપોરના બાર-એકનો સુમાર હતો. અત્યારે ભાગ્યે જ કોઈ ભક્ત કે ગામનું માણસ આ બાજું આવતું. મંદિરની જાળી પણ વાસેલી હતી. જસુભાઈના પણ આપોઆપ ઓરડી તરફ વળ્યા. પરસાળમાં કોઈ ના દેખાયું. ઓરડીનું બારણું અધખુલ્લું હતું. તેમાંથી તેમણે અંદર નજર કરી. વિજ્યા એકલી ખાટલામાં સુતેલી હતી. તેનું માથું ઓરડીના બારણા તરફ હતું તેથી પરસાળ તરફ તેની નજર પડતી ન હોતી. અને જસુભાઈ એ ઓરડીનું બારણું હાથથી ધક્કો મારી ખોલી નાખ્યું. અવાજ થતાં જ વિજ્યા ખાટલામાં બેઠી થઈ ગઈ. તેણે પરસાળ બાજું જોયું. પહેલાં તો તે ચમકી ગઈ. તેણે જસુને સામે ઉભેલો જોયો. જસુભાઈ વિજ્યા તરફ જોઈને મરક મરક હસતા હતા. વિજ્યાએ પણ ઉભા થઈને સામું સ્મિત વેર્યું.

"આવો" કહીને માટલા તરફ પાણી લેવા ગઈ.

જસુભાઈ ઓરડીમાં ખાટલા ઉપર બેઠા. પાણી પીધું. ઓરડીમાં આજુબાજુ નજર ફેરવી અને પુછી બેઠા,

"બીજાં બધાં ક્યાં ગયાં છે ?"

"હવે તો અમે ત્રણ જણ છીએ. ડોસા-ડોસી તો ઉકલી ગયાં. નાનકો

સ્કુલમાં ગયો છે. એ મંદિરના કામે ટ્રસ્ટીઓ સાથે શહેરમાં ગયા છે. શિવરાત્રી આવશે, મોટો મેળો ભરાશે, પૂજા-પાઠ ગોઠવાશે. એટલે ખરીદી કરવાની હશે, દાન-ફાળો ઉઘરાવવાનો હશે."

"નાનકો તો સાંજે પાંચ વાગ્યા પછી છૂટતો હશે ને ?"

"હાસ્તો એને ઘેર આવતાં સાડા પાંચ થઈ જાય. અને એમનું તો કાંઈ ઠેકાણું નહીં. સાત-આઠ પહેલાં તો નહીં જ આવે એમ કહીને નીકળ્યા છે."

થોડીવાર બંને ચુપ રહ્યાં. વિજ્યા નીચે બેઠી. તે હજીયે નીચું જોઈ રહી હતી. જસુભાઈ તેના ચહેરા તરફ ઝુક્યા અને એક હાથે તેની ચિબુક પકડી તેનું માથું ઉંચું કર્યું.

"તને ધરાઈને જોવા આવ્યો છું. હૈયું ખોલીને વાતો કરવા જ નીકળ્યો છું. તારી સુખ-દુઃખની વાતો સાંભળવા આવ્યો છું."

વિજ્યાની નજર સામે નજર મેળવી આંખમાં આંખ પરોવીને જસુભાઈ તો કડકડાટ બોલવા માંડ્યા.

વિજ્યા લાચાર આંખે જસુભાઈ સામે જોઈ રહી. થોડીવારે એટલું જ બબડી, "આટલા બધા વરસો પછી ?" અને નીચું જોઈ ગઈ. તેની આંખો માંથી અશ્રુધારાઓ વહેવા માંડી. જે તેના ગાલ ઉપર થઈને ચિબુક આગળ ભેગી થઈ જસુભાઈના હાથની આંગળીઓને ભીની કરવા માંડી.

"કેમ ? અહીં તને બહું દુઃખ છે ? જયશંકર મહારાજ તને બરાબર નથી સાચવતો ? કાંઈ આડું અવળું બોલે છે ? તારા સાસુ-સસરાને તો એક બે વખત જોયેલાં. તે લોકો તો સાવ સીધાં-સાદાં દેખાતાં હતાં ? ગામવાળાંની તો કોઈ તકલીફ નથી ને ? પૈસે-ટકે તકલીફ છે ?" પણ વિજ્યાએ જસુભાઈના એક પણ પ્રશ્નનો જવાબ ના આપેલો અને ધ્રુસકે અને ધ્રુસકે રડતી રહેલી.

તેથી જસુભાઈ થોડીવાર ચુપ રહ્યા. સમય વીતતો ગયો. વિજ્યાએ રડવાનું બંધ કર્યું. હજીયે તે નીચું મોં કરીને જ બેસી રહેલી. અંતે જસુભાઈ એ જ મૌન તોડ્યું.

"તને મલવા આવ્યો છું. તને સાંભળવા આવ્યો છું."

"શું કહું ? મહારાજ તો લાખેણો ધણી છે. અને મારાં સાસુ-સસરા તો

સગાં મા-બાપ કરતાંયે વધારે સાચવતાં હતાં. ગામવાળાંના આશરે તો આ ત્રીજી પેઢીએ ઉછરી જશે."

"તો પછી તને કઈ વાતનું દુ:ખ છે કે આમ આંસુડાં પાડે છે ?"

"તમારું !" હૈયેથી હોઠ સુધી જવાબ આવી ગયેલો વિજ્યાએ ટાળી દીધો અને બોલી,

"બેસો તમારે માટે ચા બનાવી લાવું." કહીને વિજ્યા ઉભી થઈ ગયેલી. તેણે ઝટપટ પ્રાયમસ ઉપર ચા મુકી. તૈયાર થઈ ગઈ એટલે કપ-રકાબીમાં લઈને જસુભાઈ સામે ચા ધરી. ચાને ન્યાય અપાયો, વિજ્યાએ વાસણ ઉટકીને ઠેકાણે મુક્યાં એને ફરી પાછી જસુભાઈ પાસે આવી નીચે બેસવા ગઈ.

તો જસુભાઈ એ તેનો હાથ ઝાલી લીધો અને બોલ્યા,

"ના, નીચે નહીં, મારી પડખે બેસ."

વિજ્યાએ ઝાટકો મારી હાથ છોડાવી લીધો અને બબડી,

"કોઈ જોઈ જાય તો કેવું લાગે ?" પાછી ગંભીર થઈ ગઈ. તેનો ચહેરો ફરી ઉદાસ થઈ ગયો.

"અહીં અત્યારે કોણ જોવાનું છે ?" જસુભાઈ હજીયે તેમની મસ્તીમાં જ બોલ્યે જતા હતા. વિજ્યાએ મંદિર તરફ આંગળી કરી ઈશારો કર્યો.

"ત્યાં કોણ છે ?"

"મહાદેવ !"

થોડીવાર જસુભાઈ ચુપ રહ્યા. પછી તે પણ જાણે કે સ્વગત બબડ્યા.

"એણે તો આપણાં હૈયાંમાં પ્રેમરસ પ્રગટાવેલો, મેળવેલો અને પછી એણે જ છૂટાં પણ પાડ્યાં. એ તો બધુંયે જાણે છે કે આટલા ભર્યા ભર્યા સંસારમાં મારા પાસે બધુંયે છે છતાંયે હૃદય તને જ ઝંખે છે, તું નથી તેથી ક્યાંય મારો જીવ ચોંટતો નથી. તારા વગર અંદરથી ને અંદરથી હું મને એકલો જ ભાળું છું. બધા સુખ-સાહ્યબી-સંસાર વચ્ચે પણ ઉદાસ થઈને ફર્યા કરું છું. આટલા વરસે પણ એણે ગોઠવેલો, પ્રગટાવેલો તારા તરફનો પ્રેમ, લગાવ, મોહ, દર્શનાભિલાષા હજુંયે ક્યાં છૂટે છે ? એટલે તું મારા ઉપર દયા ખાઈને મારી પાસે બેસ." કહીને

જસુભાઈએ વિજ્યાનો હાથ ફરી પકડ્યો અને તેને પોતાની તરફ રીતસરની ખેંચી.

તે ખેંચાણને પહેલા તો વિજ્યા વશ થઈ, થોડી જસુભાઈ તરફ ખેંચાઈ, નમી પણ ક્ષણવારમાં જ તેણે પોતાની જાતને સંભાળી લીધી અને પકડાયેલા હાથે જ નીચે બેસી ગઈ.

"હેયા મલ્યાં, દેહ પણ મલ્યા. હવે તો તમારો જીવ ધરાઈ જવો જોઈએ." એણે જસુભાઈ તરફ સ્થિર નજર કરી અને મક્કમ સ્વરે છતાં કરડાકી ભર્યા શબ્દોમાં બોલી.

"એમ કાંઈ ધરાવાય ?"

"એમ વિચારશો તો જીવશો ત્યાં સુધી ભુખ્યા જ લાગશો."

જસુભાઈ કાંઈ જ જવાબ નહોતા આપી શકેલા અને તેમણે વિજ્યાનો હાથ છોડી દીધેલો.

થોડીવાર બંને જણ નીચી નજરે એ સ્થિતિમાં જ બેસી રહેલાં.

"તો શું કરું ? તને ભુલી શકતો નથી, તારા વગર રહી શકતો નથી. તને જોવા, મલવા, સાંભળવા રાત-દિવસ તરફડું છું." વિહવળ થઈ જસુભાઈ બોલેલા "એ તમારો મોહ છે, વાસના છે, મારા પ્રત્યેનો શુદ્ધ પ્રેમ નથી." વિજ્યાએ સામે ધીર ગંભીર અવાજે, શાંતચિત્તે જવાબ વાળેલો.

"શું મને તારા પ્રત્યે પ્રેમ નથી ? રાત-દિવસ, ઉંઘતાં-જાગતાં, પેઢી ઉપર- ઘેર, જયા જોડે હોઉં, છોકરાં સાથે હોઉં, સુખમાં કે દુઃખમાં, આ કહેવાતા વૈભવ વચ્ચે, મારા મનમાં સદાય તું રમે છે. તારી યાદ, તારા જ વિચારો, તારી જ ઝંખના ! આને પ્રેમ ના કહેવાય તો શું કહેવાય ? મારા અંતરતમના તળિયે, મારા મનમંદિરમાં, મારા હૈયામાં તારા શિવાય બીજું કોણ પ્રવેશી શક્યું છે ? તું હતી ત્યારે અને હાલ નથી તો પણ હું હર શ્વાસે તારામય રહું છું અને તું પોતે ઉઠીને એમ કહે છે કે મને તારા તરફ પ્રેમ નથી ?" જસુભાઈ એકદમ તંગ થઈ ગયા. ચહેરા ઉપર ગ્લાનિ હતી, અવાજમાં વેદના હતી, બસ હમણાં રડી પડશે એવા કરગરતા, વિષાદભર્યા મુખારવિંદ સમેત તે ખાટલામાંથી ઉભા થઈ ગયા. ગળે ડૂમો ભરાયો હોય અને તેથી જ શબ્દો ઉચ્ચારી શકાતા ન હોય તેમ તેમણે

બોલવાનું બંધ કર્યું અને નીચે પગમાં નીચું મોં રાખીને બેસી રહેલી વિજયા સામે જોઈ રહ્યા.

અને અચાનક વિજયા ઉભી થઈ ગઈ. અધખુલ્લું બારણું અંદરથી વાસી દીધું અને સામે ઉભેલા જસુભાઈને વેલ જેમ વૃક્ષને વીંટળાઈ જાય તેમ જસુભાઈને વળગી પડી. જસુભાઈની યુવાન વિશાળ છાતીમાં તેણે પોતાનું મોં છુપાવી દીધેલું. અને પછી વિજયાએ થોડું રડી લઈ મન હલકું કર્યું. જસુભાઈ આ એકાએક પલટાયેલી સ્થિતિમાં હતપ્રભશા, સ્થિતપ્રજ્ઞ જેવા, હાલ્યા-ચાલ્યા, બોલ્યા વગર એમ ને એમ ઉભા રહ્યા. ના તો વિજયાને ભરડો લઈ આલિંગન કર્યું કે ના તો તેના બરડે હાથ ફેરવી સાંત્વના ના બે શબ્દ બોલ્યા.

થોડીવારે વિજયા છૂટી પડી અને ખૂબ થાકી ગઈ હોય તેમ ખાટલામાં સૂઈ ગઈ. જસુભાઈ તેના પડખામાં અડોઅડ બેઠા. વિજયાએ તેની આંખો બંધ રાખેલી. જસુભાઈ થોડા ઝુક્યા. થોડીવાર તે વિજયાનો ચહેરો જોઈ રહ્યા. પછી થોડું વધારે નમીને તેના કપાળ ઉપર હળવું ચુંબન કર્યું. વળી સ્થિર ટટ્ટાર થઈને વિજયાના વદનને નિરખતા થોડીવાર એમને એમ બેસી રહ્યા. અને મનોમન સ્વગત છતાં ધીમા અવાજે બબડ્યા.

"હા, તારું કહ્યું માનીશ. હવે તને, તારા દેહ માત્રને નહીં, તારા મન મંદિરને જ નહીં, પણ તારા અંતરને, આત્માને શુદ્ધ પ્રેમ કરીશ. તારા દેહની વાસના, લાલસા, મોહને રોકવા દિલથી પ્રયત્ન કરીશ. બસ, હવે તો તું રાજીને ?"

જસુભાઈનો ધીમો અવાજ સાંભળીને વિજયાએ આંખો ખોલી નાખેલી અને તેમના ધીર-ગંભીર ચહેરાને, એક અદના છતાંય ગુમાન થાય તેવા પ્રેમીના ચહેરાને, અંતર-મન-હૈયામાં સદાયને માટે કોતરાઈ ગયેલા ચહેરાને વિજયા જોતી રહેલી અને જસુભાઈના શબ્દોને સાંભળતી રહેલી. જાણે પોતાના મનના મોરલાનો ટહુકાર અને તેની પ્રેમ કરવાની આ અનોખી કળા, વનવગડામાં વર્ષાઋતુના પ્રારંભે, વાદળો નીરખી, એકલો એકલો નૃત્ય કરતો, પીંછાં ઉંચકીને ગોળ ગોળ ફરતો, કળા કરતો મયુર તેની રંગબેરંગી પીંછાંની કળા પ્રદર્શિત કરતો હોય અને પ્રકૃતિ પ્રેમી તેને મન દઈને, ભાવવિભોર થઈને નીરખે, ખુશ થાય, તેવી રીતે વિજયા જસુના શુધ્ધ, અતિશુધ્ધ, અણીશુધ્ધ પ્રેમની આ અનોખી કળાને નિરખી રહી, સાંભળતી રહી, મનમાં, હૈયામાં ઉતારતી રહી. વિજયા આ સાંભળી,

જોઈને ખુશ થઈ, મલકાઈ. હળવેથી હાથ ઉંચો કરી તેણે જસુભાઈના હાથની હથેળી, પોતાની હથેળીમાં લીધી, એકબીજાની હસ્ત-અંગુલિકાઓને એકબીજામાં ભીડી, દબાવી અને જાણે કોઈ નિજાનંદને માણતી, પીતી, વાગોળતી થોડીવાર બંધ આંખે લાશની જેમ, છતાંય શરીર સાવ ઢીલું કરીને પડી રહી. આમ ને આમ પંદરેક મિનિટ વીતી હશે. જસુભાઈ પણ વિજ્યાના આ આહલાદક સ્પર્શને જાણે માણી રહ્યા હતા.

ત્યાંજ બહારથી નાનકાનો અવાજ ઓરડીમાં પ્રવેશ્યો અને વિજ્યાના કાનમાં રેડાયો. તે સફાળી ઉભી થઈ ગઈ. બારણું ખોલીને નાનકો આવતો હતો તે બાજું જોતાં જોતાં પરસાળમાં આવી ગઈ.

જસુભાઈ એ ખિસ્સામાંથી પાકીટ કાઢ્યું. હજાર-હજારની બે નોટો પાકીટમાંથી લઈને ખાટલામાં ઓશિકા નીચે દબાવી અને ઝટપટ ઓરડીની બહાર આવી વિજ્યાની પાછળ ઉભા રહ્યા. ત્યાં સુધીમાં નાનકો પણ દોડતો આવી દફ્તર ખભે લટકાવેલું રાખીને વિજ્યાને વળગી પડેલો. આ દશ્ય જોઈને જસુભાઈ રાજી થયા. વિજ્યાએ નાનકાના કપાળે ચુંબન કર્યું.પછી પાછું વાળીને જોયું તો પાછળ જ જસુભાઈ હતા.

“ચાલો ત્યારે હું હવે નીકળું.” તે બોલ્યા.

વિજ્યા કશું જ બોલી નહીં અને ઘડીક જસુભાઈના ચહેરા સામે જોતી તો ઘડીક નાનકા સામે જોતી હતી.

“મમ્મી મને ભુખ લાગી છે” નાનકો બોલ્યો અને તેણે ખભેથી દફ્તર ઉતારી નીચે પરસાળમાં જ મુકી દીધું.

જસુભાઈ કોઈ પ્રતિભાવ આપ્યા વગર પગથિયાં ઉતરી ચોગાનમાં આવી ગયા.

“આમ આવતા-જતા રહેજો.” પાછળથી જસુભાઈના કાને વિજ્યાનો અવાજ અથડાયેલો. પણ પાછું વળીને જોયા વગર હાથ ઉંચો કરી પ્રત્યુત્તર આપ્યાનો સંતોષ મેળવી સીધા ઝાંપાની બહાર નીકળી ગયેલા. અને સ્કુટર ચાલુ કરીને સાંજે છ વાગ્યા પહેલાં તો પેઢી ઉપર આવી ગયેલા.

તે રાતે વિજ્યા આખી રાત જાગતી પડી રહેલી. બાજુમાં નાનકો સુતો

હતો. પથારીમાં જયશંકર પણ ઘોરતો હતો પણ વિજ્યાની આંખ મીંચાતી નહોતી. તેની નજર સામે બપોરનું જસુનું વર્તન, શબ્દો, ચહેરો, ભાવ, આલિંગન, ચુંબન, ચલચિત્રની જેમ નજર સામે ફરતાં હતાં.

"કેવો ભલો, ભોળો, સજ્જન, સંયમી પ્રેમી મલ્યો છે ? બીજો હોય તો વળગી પડે, મને ઝાલીને ખાટલામાં પછાડે, સુવડાવી દે. એકાંત હતું, માત્ર બે જ જણ હતાં. તે દિવસે, પિયરમાં, મેડી ઉપર જેમ મને વશ થયેલો તેમ હું પણ અત્યારે તેને વશ થઈ જાત. તે ધારત તો મારા દેહને ભોગવી શકત. તે પણ સંતુષ્ટ થાત અને મારી પણ ભૂખ ભાંગત. પણ ના, એણે એવું કશુંયે ના કર્યું. છેલ્લે છેલ્લે નાનકો આવી ગયો એટલે હું બહાર ગઈ ત્યારે ઓશિકા નીચે પૈસા મુકીને જણ ચાલતો થયો. પાછું વળીને એકવાર પણ મારી સામું ના જોયું."

"અને હું યે મુરખી નહીં ? એ જીવ કેટલી આશાએ આવ્યો હશે ? કેવું ગણિત માંડીને ઘેરથી એકલો નીકળ્યો હશે ? મને સાંભળવા, જોવા, સ્પર્શવા, માણવા જ એ જીવ કેટલો તરફડ્યો હશે ? કેટલો વિહવળ થઈને દોડ્યો હશે ? અને હું ભુંડી રોવા-ધોવામાં પડી ગઈ ! પણ શું કરું ? તેનો જોયો, પોતાનાને પાસે જોયો પછી ના તો હૈયું હાથ રહ્યું કે ના મન મક્કમ રહ્યું અને રડી પડાયું. એ તો બધું ઠીક જાણે પણ સતિ-સાધ્વીની જેમ ભાષણ આપવા બેસી ગઈ. શુધ્ધ પ્રેમની વ્યાખ્યાઓ કરવા બેસી ગઈ. તેના જે દોષ ગણાવતી હતી તે બધું તારે હૈયે, મનમાં, અંતરમાં નથી સંઘરાયેલું. તારા પણ ઓરતા એ જીવની જેમ તને ઉકળાટ નથી કરાવતા ? તારો દેહ પણ તેને ચોંટી પડવા નથી તરફડતો ? તારું હૈયું પણ તેને જોવા, મલવા નથી ઉછળતું ? તને આટલા વર્ષે મંદિરના ધામમાં, દેવપુરુષ જેવા સંયમી, સમજુ, વફાદાર, સેવાભાવી, ફરજપ્રેમી, સજ્જન પતિની હાજરીમાં, અરે, પડખે સુતેલા જાગતા નાનકાની હાજરીમાં પણ તારા મનના વિચારોમાં જસુ માટે મોહ નથી ? તેને જોવા, સાંભળવા, સ્પર્શ કરવાની લાલસા તને નથી ? તું પોતે પણ તેના મોહમાં, તારી દૈહિક, નૈસર્ગિક, સ્ત્રી પ્રકૃતિ અનુસાર ઉદ્ભવતી પુરુષ દેહની ભૂખ અને એમાંયે જસુના દેહ પરત્વેની વાસનાથી ક્યાં મુક્ત છે ? હવે તારો જ સવાલ તારી સામે ! તો શું તું જસુને શુધ્ધ પ્રેમ નથી કરતી ? હવે તે જીવને તેં જે શિખામણ આપી, સાધ્વી જેવું સ્વરૂપ ધારણ કરી ઉપદેશ સંભળાવ્યો તેનો તું પોતે તો પહેલા અમલ કર ?"

"ના, ના. એની યાદ, એના માટે તરફડવું, તેના વિરહની વેદના તો મારા જીવનનું અભિન્ન અંગ છે. તેને યાદ ન કરું, તેના વિચારો ના આવે, તેને ભુલી જાઉ એ શક્ય જ નથી."

"તો એ જીવ માટે કેમનું શક્ય બનશે ?"

"એટલે તો છેલ્લે નીકળતાં નીકળતાં ના કહી દીધું કે આમ આવતા-જતા રહેજો !"

"હા, એ આવશે જ, કેમકે એ તને ચાહે છે, તને અણીશુધ્ધ પ્રેમ કરે છે. માત્ર તને જોવા માટે આવશે. અને ગમે તે બહાનું કાઢી, એકલો નહીં તો બધાંની સાથે પણ આવે તો છે જ ને ? પણ તેં એના માટે શું કર્યું ? ધરાઈને એની સામે રડી અને પછી સાધુપુરુષની જેમ ઉપદેશ દીધો. તારે પણ તારો સંસાર છે અને એને એનો સંસાર છે, ધંધો છે, છતાંય એ તારી ભાળ લે છે, તારાં સુખ-દુઃખ સમજે છે. તને મદદ કરવા પણ તત્પર છે. એ ફક્ત એના મોહને લઈને નથી આવતો પણ તું સ્ત્રી છે, મજબુર છે, લાચાર છે, સાસરીમાં છે અને તેને તું પણ ઝંખતી હોઈશ. જેમ એ તારા માટે વિહ્વળ થાય છે તેમ તારા હૈયે પણ મિલન ઉત્સુકતા, વિરહ વેદના ઉઠતી હતી તેનો તેને ખ્યાલ આવતો હશે. તેથીસ્તો તને જોવા અને તને દર્શન દેવા, તારો કાન તારી પાસે દોડતો દોડતો આવી પહોંચે છે. સમજ્યાં રાધા રાણી ?"

આવા અનેક ગોટાળા તર્ક, મંથન તે રાતે વિજયાના મનોપ્રદેશમાં એક છેડેથી બીજે છેડે ચાલતાં રહ્યાં અને આખી રાત વીતી ગયેલી. પરોઢિયે કુકડો બોલ્યો અને પછી તો જયશંકર પણ ઉઠેલો. ત્યાં સુધીયે વિજયા તો બંધ આંખે જાગતી જ પડી રહેલી.

વળી વર્ષો વીત્યાં. છ મહીને, બાર મહીને જસુભાઈનું કુટુંબ આ બાજું આવી જતું અને બંને પ્રેમી જીવોનાં નયનોને તૃપ્તિ થતી. આમ બીજાં દસેક વર્ષ વીતી ગયાં. હવે તો નાનકો કોલેજ પુરી કરવા આવેલો. જયશંકર શિવજીની ભક્તિ કર્યે જતા હતા. તો નવરાશની પળોમાં ટ્રસ્ટીઓ પાસે હોય, વડીલો-ગ્રામજનો-ભક્તો વચ્ચે બેઠા હોય ત્યારે નાનકાની નોકરીની ચિંતા કરતા અને તે માટે માર્ગદર્શન માગતા. કાંઈ ઓળખાણ હોય તો ભલામણ કરવાનું કહેતા. તો સામે પક્ષે વિજયા જ્યારે તેના જેવડી કે મોટી ડોશીઓ, સ્ત્રી વૃંદમાં બેઠી હોય

ત્યારે નાનકાના લગનની વાત ઉઘડતી. સારી છોકરી ધ્યાનમાં હોય તો બતાવવા કહેતી. કેમકે હવે તો નાનકાને પણ વીસમું પુરું થયેલું અને એકવીસમું બેઠેલું. વિજ્યાએ પણ પિસ્તાલીસમું વટાવી દીધેલું.

અને એકવાર ગામના એક ભાઈ જસુભાઈની પેઢીમાં મજુર તરીકે નોકરી જતા હતા તે મંદિરમાં આવેલા. વાતો તો જયશંકર અને એ ભાઈ વચ્ચે ચાલતી હતી.

''હા, હા. એ શેઠ ઘણીવાર એમના ફેમીલી સાથે અહીં દર્શન કરવા આવે છે. તેમને આ મહાદેવ ઉપર ઘણી શ્રધ્ધા ! અને પાછા દિલના રાજા છે. દર વખતે કાંઈને કાંઈ આપતા જાય. મંદિરના ફાળામાં પણ તે પેઢીનું નામ પહેલું હોય જ.''

વિજ્યાએ તે ભાઈને ઓળખી લીધો. તેનું ઘર કઈ બાજું છે, કેટલા વાગે નોકરી જાય છે, ક્યારે પાછો આવે છે તે બધું તેણે જાણી લીધું. પણ તેની સાથે તે કદી વાત કરતી નહીં. તેણે એ પણ જોયું અને જાણ્યું કે તે ભાઈ સવારે બસમાં જ જાય છે અને સાંજે બસમાં પાછો વળે છે.

આમ તો સવારે આઠ-નવ વાગે નાનકો કોલેજ જવા શહેરમાં નીકળી જતો. તે પણ બસમાં જ જતો આવતો. તેણે તો બસનો પાસ જ કઢાવી લીધેલો. તે પહેલાં જયશંકર મંદિરમાં હોય ત્યારે વિજ્યા વહેલા વહેલા નાનકાની રસોઈ તૈયાર કરી દેતી અને તેનું લંચ બોક્સ તૈયાર કરી દેતી. બપોરે બે જણાં એકલાં હોય ત્યારે જયશંકર મોટે ભાગે પરસાળમાં, મંદિરના ઓટલે કે ગામના ચોરે સમય પસાર કરતા અને વિજ્યા ઓરડીમાં પડી રહેતી, આરામ કરતી, ઘરકામ કરતી. પાછાં સાંજે ખાવા ટાણે ત્રણેય ભેગાં થતાં.

પણ આજે વહેલી સવારે જ જયશંકર મંદિરમાં જતી વખતે કહેતાં ગયેલા કે તેમની રસોઈ પણ નાનકાની હારોહાર બનાવી દેજે. એ પણ નાનકા સાથે જ બસમાં શહેરમાં જવાના છે. ત્રણ-ચાર ઘેર ત્યાં ફરવાનું છે. એટલે આવતાં પણ ભાઈ સાથે જ પાછો આવીશ.

અને આમેય છેલ્લા અઠવાડિયાથી વિજ્યાનું મન જસુભાઈ ને જોવા અધીરું થઈ ગયેલું હતું. તેથી દોડતી ગામમાં જઈ પેલા ભાઈને કહી આવી કે ''તમારા શેઠને કહેજો કે આજે બપોરે મંદિર બાજુ આંટો મારી જાય.''

સમાચાર મલતાં જ જસુભાઈ બધું સમજી ગયા. શાણા ને સાન ! અને બપોરે બે વાગે ગાડી લઈને આવેલા. ગાડી મંદિરના ચોગાન બહાર ઉભી રાખી. સેલ્ફ ડ્રાઈવીંગ કરેલું, ડ્રાયવર લાવ્યા નહોતા.

પિસ્તાલીસ વર્ષે દેહ ઝંખના, કામ વાસના અછકલાઈ, આવેગો ધીમા તો પડ્યા જ હોય ! બે જણ પરસાળમાં જ સામસામે ખુરશી નાખીને બેઠાં. ના કોઈ ઉકળાટ, ના રૂદન, ના સ્પર્શ, ના વિહવળતા ! બંને ઉંમરલાયક, બંને ઠરેલ દેખાતાં હતાં. પણ બંનેની આંખોમાં પૂર્ણ, અણીશુધ્ધ, અવિરત વહેતો પ્રેમ જે છલકાતો હતો તે બંને અનુભવી શકતાં હતાં. ઘરની વાતો થઈ, કુટુંબની વાતો થઈ, સંસારની વાતો પણ ઉઘડી, મંદિરની વાતો થઈ, નાનકાની કોલેજ, નાનકાનું લગન, જયશંકરની સજ્જનતા, સાલસતા, ભક્તિની વાતો થઈ. ગામ લોકોની પણ વાત ઉઘડી. આર્થિક સ્થિતિ અંગે પણ ચર્ચા થઈ. વિજ્યાએ ચા મુકી તે પણ જસુભાઈ એ સાવ શાંત ચિત્તે પીધી. ચા બનાવવા જ્યારે વિજ્યા રૂમમાં ગઈ ત્યારે તેમના મનમાં વાસનાનો કીડો સળવળ્યો. પાછળ પાછળ અંદર રૂમમાં જવાનો વિચાર પણ આવ્યો પણ પાછો વિજ્યાનો ઉપદેશ યાદ આવ્યો. 'શુધ્ધ પ્રેમ' વાળી વાત યાદ આવી અને તે ખુરશીને ચીટકીને બહાર પરસાળમાં બેસી રહ્યા. વિજ્યા એ પણ મનમાં તો વિચારેલું કે હમણાં એ અંદર આવશે, મને પાછળથી પકડી લેશે, બાથમાં ભીડાવશે, એકાદ ચુંબન તો કરશે જ કરશે અને એવા ઓરતા મનમાં વાગોળતી રાહ જોતી તે પ્રાયમસ આગળ બેઠેલી ચા બનાવવાની પ્રક્રિયા કર્યે જતી હતી. ચા તૈયાર થઈ ગઈ, કપ-રકાબીમાં ગાળી પણ ખરી. "પણ એ તો અંદર જ ના આવ્યા !" એવો લાખમણનો નિસાસો નાખી ચા લઈને બહાર પરસાળમાં આવી. જસુભાઈ સામે જોઈ થોડુંક હસી પડી. "લ્યો ! ચા લઈ લો." એટલું બોલી. જસુભાઈ પણ હસી પડ્યા. ચા નો કપ લઈને, ચા ને ન્યાય આપી, ખાલી કપ-રકાબી વિજ્યાના હાથમાં મુકેલાં.

આમ બે કલાક જેટલો સમય પસાર થઈ ગયેલો. પછી તો વાતો ખૂટી પડી અને વારાફરતે કે એકી સાથે બંને એકમેકના ચહેરાને જોઈ રહેલાં.

"ચાલો, ત્યારે હવે હું નીકળું. સમાચાર મલ્યા એટલે મને થયું કે કાંઈ ખાસ કામ હશે." ઉઠતાં ઉઠતાં જસુભાઈ બોલ્યા.

"ઘણું બધું કહેવું છે. આ નાનકો તમારું લોહી છે. આ જયશંકર, મારો ધણી, જે મને ભાગ્યાધીન મલ્યો છે તે મને પારકી ગણીને, 'પરસ્ત્રી માત સમાન' ના ન્યાયે વર્ષોથી મારાથી અળગો જ રહ્યો છે. છેલ્લે મેડી ઉપર દેહની ભૂખ ભાંગેલી, તે આ ક્ષણ સુધી હું ઉપવાસ જ ભોગવી રહી છું. પણ આવું બધું તમને કહીને તમારો સુખી સંસાર મારે નથી ઉજાડવો. તમને દુઃખી થતા નથી જોવા. મારી હૈયા હોળી મને એકલીને દઝાડે એટલું જ ઘણું છે. નાનકાને બાપનું નામ મલી ગયું છે, મને માથાના છત્તરનું નામ છે. જે મલ્યો છે તેણે પણ કદી 'ખસ' પણ કહ્યું નથી, કદી કાંઈ આડુંઅવળું પૂછ્યું પણ નથી. તો પછી એ અંગારા બહાર કાઢીને એ બે જીવને પણ આ ઉંમરે શું કામ લોહી ઉકાળા કરાવવા ? તમારી ઘરવાળી પણ સીધી સાદી બાઈ છે. તેને દુઃખી કરવાથી હવે શું કાંદા કાઢી લેવાના ? હવે તો તેરી બી ચુપ ઔર મેરી બી ચુપ ! આટલાં દર્શન થતાં રહે, મલતાં રહીએ, વાતચીત થતી રહે એટલું ઘણું છે."

"ના, ના કામ તો કાંઈ નહોતું પણ અઠવાડિયા, દસ દિવસથી જીવ બળ બળ થતો હતો. એટલે જ તમને બોલાવેલા." વિજયા જાહેર માં બોલી. "અને હવે ?" જસુભાઈ ટીખળી ભર્યા ચહેરે બોલ્યા.

"મનની વાતો કરી. તમને જોયા, સાંભળ્યા. હવે તો તમે નથી જોતા, હું કેવી હલકી ફુલ થઈ ગઈ છું ?" સામે વિજયા પણ આટલું કહેતાં કહેતાં હસી પડી.

અને "આવજો" કહી જસુભાઈ મંદિરના ઝાંપા તરફ વળ્યા. અને ગાડીમાં બેસીને નીકળી ગયા.

આજે ખરેખર વિજયા ખુશખુશાલ, આનંદિત લાગતી હતી.

વળી સમય વીત્યો. નાનકાની કોલેજ પુરી થઈ. તેને શહેરમાં નોકરી મલી ગઈ. નોકરીના સ્થળે કંપનીવાળાએ જ રહેવા ક્વાર્ટર પણ આપેલું. પણ તે સાંજે ઘેર જ આવી જતો. તેની કંપનીમાંજ તેની સાથે ક્લાર્ક તરીકે નોકરી કરતી એક છોકરી સાથે તેને ઓળખાણ થઈ. બંનેના જીવ મલ્યા. બંને એકબીજાને ગમાડતાં થયાં, બંને એકબીજા સાથે પ્રેમતંતુથી બંધાયાં. એક દિવસે નાનકો મમ્મીની પાછળ પાછળ ફરવા લાગ્યો, મીઠું મીઠું બોલવા લાગ્યો, ઘડીક શરમાતો, ઘડીક દૂર જઈને ઉભો રહેતો, ઘડીક કાંઈક વિચારતો. મનમાં કાંઈક ગોઠવતો હોય

એવો ચહેરો કરતો વળી પાછો વિજયાની પાસે આવીને ઉભો રહેતો. તેનું આવું વર્તન જોઈને તે પૂછી બેઠેલી,

"શું વાત છે, બેટા ? તારે મને કાંઈ કહેવું છે ?" વિજયાએ નાનકાના ચહેરા તરફ જોઈને હસતાં હસતાં સીધું પૂછી જ નાખ્યું.

"હા, મમ્મી" એટલું બોલતા બોલતામાં તો તે વિજયા પાસે બેસી ગયો અને તેના ખોળામાં માથુ મુકી નીચે પગ લાંબા કરીને સૂઈ જ ગયો.

"તે કહી દે જે કહેવું હોય તે. એમાં આટલો બધો આધોપાછો કેમ થાય છે ? અને માથી વળી આટલું બધું શરમાવાનું હોય ?"

"બા તને કેમનું કહું ? સાચે સાચું કહીં દઉં ? તું હા તો પાડીશ ને ? તને દુઃખ તો નહીં લાગે ને ?" એમ તુટક તુટક શબ્દોમાં નાનકો ગળાં-ચળાં કરવા માંડ્યો.

"જે હોય તે ફોડ પાડીને વાત કરને !" વિજયા થોડું અકળાઈ અને તેને ખોળામાંથી બેઠો કરી સામે બેસાડીને મુંઝવણ ભરી આંખે નાનકા સામે જોઈને બોલી.

"તારા માટે મેં વહુ શોધી કાઢી છે." આટલું બોલતાં બોલતાં માં તો તેને ખૂબ મહેનત કરવી પડેલી, બોલ્યા પછી શરમાઈ ગયેલો અને ઉભો થઈને બહાર જતો રહેલો.

પણ આટલામાં તો વિજયા બધું સમજી ગઈ. "મેં ખોયું છે, હવે મારા નાનકાને નહીં ખોવડાવવા દઉં" એટલું બબડી સાંજે મંદિરના ઓટલે બેસી જયશંકરને જણાવ્યું અને સમજાવીને તેમની પણ સંમતિ મેળવી. વિજયા એ જ કહેલું તેથી એક દિવસ નાનકો છોકરી લઈને ઘેર આવેલો અને મમ્મી-પપ્પાની ઓળખાણ કરાવેલી.

"હું અહીં મંદિરમાં રહેવા નહીં આવું. શહેરમાં જ રહીશ. પહેલા ક્વાર્ટરમાં રહીશું. પછી પોતાનું ઘરનું ઘર લઈ લઈશું. આપણે બે જ, બીજું જોડે કોઈ ના જોઈએ, સમજ્યો ?" એ છોકરીએ ત્યારપછી નાનકા સામે આવી શરતો મુકી. તેણે કાંઈ પ્રત્યુત્તર નહીં આપેલો. પરંતુ પેલી છોકરીએ તેને સંમતિ ગણી લીધેલી. પછી તો વડીલો મલ્યા. સગાઈ થઈ ગઈ, લગન લેવાઈ ગયાં અને નાનકો

પરણીને મંદિરમાં આવ્યો. જાનમાં ગ્રામજનો, મંદિરના ટ્રસ્ટીઓ અને જસુભાઈના કુટુંબના સભ્યો આવેલા. પરણીને છોકરી મંદિરમાં આવી, મહાદેવનાં દર્શન કર્યાં, ઓરડીમાં તે બે જણના ખાટલા ઢળાયેલા. વિજ્યા અને જયશંકર બહાર પરસાળમાં સુતાં હતાં. બંનેના ખાટલા સામસામા છેડે હતા. છતાં બંને જાગતાં હતાં અને ઓરડીમાં વહુ-દીકરા વચ્ચે ચાલતી ચડ-ભડ સાંભળી રહ્યાં હતાં.

"મને અહીં ના ફાવે, તમને પહેલાં જ કહી દીધેલું કે શહેરમાં જ રહીશું. અને હા, સાથે કોઈના જોઈએ. તોયે પરણીને સીધી અહીં લાવ્યા. તારાં મા-બાપને તેં નહોતું કહેલું ? તેં ના કહ્યું હોય તો કહી દે નહીંતર હું મોંઢામોંઢ કહી દઉં. અહીં તો તું મારાથી આધો જ રહેજે. હા ! ક્વાર્ટરમાં રોકાયાં હોત તો વાત જુદી હતી."

અને સવારે વહુ વહેલી ઉઠી ગયેલી. તૈયાર થઈ બેગ ભરીને નાનકા સાથે જ શહેરમાં જવા બહાર નીકળેલી. વિજ્યાએ તો નાનકાનું લંચ બોક્સ તૈયાર કરી રાખેલું. તે સાથે લઈ જવાની પણ વહુએ નાનકાને ધસીને ના પાડી દીધેલી. "એ તો અમે હોટલમાં ખાઈ લઈશું. અને હવે અમે શહેરમાં, ક્વાર્ટરમાંજ રહીશું. તમે બે અહીનું સંભાળો, અમે અમારું સંભાળી લઈશું.તમારો દીકરો કમાય છે, અમે ભૂખ્યાં નહીં રહીએ. અને ત્યાં આવવાના ઉલાળા તો કરતાં જ નહીં. અમારું ક્વાર્ટર નાનું છે. વળી બેય જણને નોકરી છે. તમને ત્યાં કોણ પાલવશે ?" વહુએ મોટા અવાજે વિજ્યા અને જયશંકર સાંભળે એમ, નાનકો બાજુમાં ઉભો હતો તોયે, સાવ નિર્લજ્જ ચહેરે બધાને એકી શ્વાસે સંભળાવી દીધું. પછી બેગ હાથમાં ઉપાડી નાનકા તરફ ફરી "ચાલો હવે, બસ આપણી સગી નથી થતી કે તમારી રાહ જોશે." એમ કહી ઝાંપા બહાર નીકળી ગયેલી.

"બેટા, કાંઈ જોઈતું કરતું મંગાવી લેજે, આપી જઈશું." વિજ્યા પગથિયાં ઉતરી છેક ઝાંપા પાસે દોડતી આવીને વહુની પાછળ પાછળ જતા નાનકાને કહેવા માંડેલી.

હકારમાં માથું ધુણાવી, પાછું જોયા વગર નાનકો પણ વહુની સાથોસાથ થઈ ગયેલો.

ઢીલા પગલે, નિરાશ વદને વિજ્યાને પરસાળનાં પગથિયાં ચઢતી જયશંકર એકીટશે જોઈ રહ્યા હતા. તેમના ચહેરા ઉપર પણ ગમગીની તો છવાયેલી હતી જ.

છએક મહીના પછી જસુભાઈ સહકુટુંબ આવેલા. જયા અને વિજ્યા મલેલાં. નાનકા અને તેની વહુ વિશે થોડીક ચર્ચા થયેલી.

ત્યારબાદ એકલા જસુભાઈ ડ્રાયવર-ગાડી લઈને આવેલા. મોબાઈલ પણ આપી ગયેલા. અનુકૂળ સમય હોય, મન બહું ખાટું ખાટું થઈ ગયું હોય, ચારેકોરથી નિરાશા ઘેરી વળી હોય ત્યારે મન હલકું કરવા વિજ્યા જસુભાઈ ને ફોન જોડતી. આમ ત્રણ-ચાર વાર મથે ત્યારે એકાદ વખત વાત થઈ શકતી. "કેમ છો ? મજામાં." જેવી ઔપચારિક વાતો થતી. પણ ફોન મુકી દીધા પછી વિજ્યા એકલી એકલી ખૂબ રડતી. "વડ એવા ટેટા ને બાપ એવા બેટા. આખી જુવાની બાપની લ્હાયમાં રોઈ અને ઘડપણમાં દીકરા માટે ઝુરવાનું !" એમ બોલતી જતી અને રડતી જતી.

જ્યારે મનડું ખૂબ ભાર અનુભવતું ત્યારે રાધા ને કાન યાદ આવી જતો અને વિજ્યાનું અંતર પોકાર કરતું.

"ક્યાં ખોવાણા મારા કાન !"

અને જસુને જોવા, મલવા, સાંભળવા, તેની સાથે ધરાઈને મનમુકીને વાતો કરવા વિજ્યા તલસી ઉઠતી.

• • •

# 14. ફટ્ ભુંડા ! નૂર લજવ્યું

વિજ્યાના નાનકાનું રેકર્ડ ઉપરનું નામ જયવર્ધન અને તેણે પસંદ કરેલી અને પછી તેની સાથે જયવર્ધન લગ્નગ્રંથીથી જોડાયેલો તેને બધાં જુલી તરીકે ઓળખતાં હતાં.

જયવર્ધનના દેખાવ ઉપર, તેની શાલીનતા ઉપર, તેના શાંત અને સૌમ્ય સ્વભાવ ઉપર, તેની કંપનીમાં કામ કરવાની આગવી પરંતુ સચોટ કાર્ય શૈલી ઉપર જુલી એટલી આફરીન થઈ ગયેલી હતી કે તેની કોઈ હદ નહોતી. જયવર્ધન તો સમજુ, ઠરેલ, સંસ્કારી છોકરો હતો. તેનો ઉછેર એક નીચલા મધ્યમ વર્ગમાં થયેલો હતો. તેને રૂપિયાની કિંમત સમજાતી હતી. કેમ કરીને સામાના ખિસ્સામાંથી એક રૂપિયો આપણા ખિસ્સામાં સરકે છે, તેને માટે કેટલું બધું શરીર અને મન કસવું પડે છે તેનો તેને સંપૂર્ણ ખ્યાલ હતો. વળી પિતાજીની આર્થિક પરિસ્થિતિનો ચિતાર તેની નજર સમક્ષ હતો. માત્ર માતાને તેણે સ્ત્રી સ્વરૂપે જોયેલી તેથી સ્ત્રીત્વમાં કેવા ગુણો હોવા જોઈએ તેના પરિમાણો, તત્ત્વોને આંકતાં તેની નજર સામે તેની માતાનું ચરિત્ર જ પ્રમાણભૂત રહેતું અને એ ત્રાજવે તે જુલી ને જોખવા બેસતો તો જુલી સદંતર નાપાસ જ થતી.

એની સામે જુલીનો ઉછેર પણ મધ્યમકુટુંબમાં જ થયેલો પણ તે વાચાળ, ઉડાઉ, શોખીન, સ્વકેન્દ્રી, ઉછાંછળી, મનનું ધાર્યું કરનારી અને બીજા પણ તે રીતે જ જીવે તેવો હઠાગ્રહ રાખનારી હતી. તે તોફાનની જેમ આવતી, સતત ધુધવાટા કરતી, સ્વાર્થની આગળ બીજાની સ્થિતિનો લેશમાત્ર પણ વિચાર નહોતી કરતી. તેના ચહેરા ઉપર સ્ત્રી માટે અનિવાર્ય શરમ, લજ્જા, ગંભીરતાનો છાંટો પણ કદી દેખાતો નહોતો. કંપનીના કામમાં તે સાવ રેઢિયાળ હતી. પોતાનું કામ સમય જતાં થાકીને બોસ જાતે કરી લેશે અથવા બીજા કોઈ વેદિયા, મહેનતુ, આજ્ઞાંકિત કર્મચારી પાસે કરાવી લેશે એમ માનતી. અને તેના ફરજના કલાકો દરમિયાન ટાપટીપ કરતી, અન્ય પ્રવૃત્તિમાં ડૂબી જતી, બીજી કોઈ કર્મચારી સાથે વાતે વળગતી અથવા મોબાઈલ મંતરવા મંડી પડતી. વળી તે ગુરુતા ગ્રંથીથી પીડાતી હતી. તેનાથી વધારે સુંદર, વધારે બુધ્ધિવાળું, વધારે હોંશિયાર આ દુનિયામાં બીજું કોઈ

છે જ નહીં એવા ભ્રમમાં તે સતત જીવતી. પોતે બોલી, જાતે તેણે જે વિચાર્યું, જે આચર્યું તે જ શ્રેષ્ઠ ગણાવવું જોઈએ, સૌ કોઈએ તેમાં સંમત જ થવું જોઈએ અને સંપૂર્ણ પણે દલીલ-ખચકાટ વગર અનુસરવું જોઈએ એમ તે માનતી હતી. જેને લીધે કંપનીમાં જુલી ઘમંડી, તોછડી છોકરી ગણાતી હતી.

હવે આવાં જુલીબેન જયવર્ધનને હૈયું દઈ બેઠાં. પછી તો સામ, દામ, દંડ, ભેદ જેવી અનેક તરકીબો વાપરી જયવર્ધનને વશ કરવાના, પોતાના પ્રેમનો સ્વીકાર થાય તે માટે જુલીએ અથાગ પ્રયત્નો ચાલુ કરેલા. પરંતુ સ્વભાવ પ્રકૃતિ અનુસાર જયવર્ધન તેનો શાબ્દિક, શારીરિક રીતે કોઈ પ્રતિકાર નહોતો કરતો, તેને હડધૂત પણ નહોતો કરતો, તો તેની સામે તેની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી, લોલુપ થઈ તેને અક્ષરશઃ અનુસરવા પણ તૈયાર થતો નહોતો. જુલીને આ બાબત ખૂબ જ ખટકતી. તેનું અભિમાન આવા વખતે ઘવાતું અને તે શબ્દ પ્રહાર, હસ્તપ્રહાર કરીને આક્રમક બનતી અને અન્ય લોકો અને જયવર્ધનની નજરમાં નીચી પડ્યે જતી હતી. તેના આવા બેહુદા, અક્ષમ્ય, નાસમજ, અપરિપક્વ વર્તનને લીધે તે વગોવાતી. તેની આવી વિચિત્ર પ્રકૃતિને કારણે તેની ઘણી બધી બહેનપણીઓએ તેનો સાથ છોડી દીધેલો.

જો કે તે ખૂબ જ રૂપાળી હતી. રોજ નવા ડ્રેસ પહેરી લાવતી. રોજ નવી હેરસ્ટાઈલ કરી લાવતી. તેના લંચબોક્સમાં પણ દરરોજ નવી નવી આઈટેમ-વાનગીઓ ભરી લાવતી. રીસેશ સમય દરમિયાન જુલી તેને મનથી ગમી ગયેલા જયવર્ધનના ટેબલ-ખુરશી પાસે પહોંચી જતી. આગ્રહ કરી કરીને તેને નવી નવી વાનગીઓ ચખાડતી. પોતે કેવી લાગે છે, તેની હેરસ્ટાઈલ કેવી છે, આ ડ્રેસ તને કેવો ઓપ આપે છે તે અંગે જયવર્ધનની કોમેન્ટ જાણવા, સાંભળવા માટે હઠ લેતી. ત્યારે આપણો હીરો મીઠું સ્મિત આપતો અને 'સરસ' એટલા એક જ શબ્દથી પતાવી દઈને તેનાં રમતિયાળ, ટીખળી લટકાં, મટકાં, તેની ઉંડી, કાળી આંખો અને આકર્ષક ચહેરા સામે તાકી રહેતો અને તે જોઈને જુલી જયવર્ધન ઉપર આફરીન થઈ જતી. કોઈ કોઈ વાર એકાંત હોય ત્યારે જુલી પ્રેમાવેશમાં આવી જઈને જયવર્ધનના ગાલે, કપાળે, હથેળી ઉપર ચુંબન પણ ચોડી દેતી.

જયવર્ધન જુલીના રૂપથી, તેના રમતિયાળપણાથી તેની ખુલ્લા હૈયે, ખુલ્લા મનથી જીવવાની, વર્તવાની, બોલવાની અદાથી તેની તરફ ઢળેલો. તે વિચારતો

કે સમયાંતરે જ્યારે જુલી કલ્પનાની દુનિયામાંથી વાસ્તવિક દુનિયામાં પ્રવેશશે એટલે આપોઆપ ગંભીર થઈ જશે. હજી તે કોલેજકાળની અસર તળે જીવે છે. તેનામાં સ્ત્રીત્વ જાગૃત થશે ત્યારે માન-મર્યાદાનું ભાન આવશે. આ આશાએ જયવર્ધને જુલીના આવા સેંકડો દુર્ગુણોને નજર અંદાજ કરેલા અને આ રૂપાળી યૌવના માટે તેના હૈયે સ્ફુરેલા સ્પંદનોને પ્રેમાંકુર થવા દીધેલા. જે ઘણા સમય બાદ પ્રેમ કે ખેંચાણ, આકર્ષણના પરિણામ ફળ સ્વરૂપે દેખાયેલા. પછી તો બંને પક્ષે કહેવાતો પ્રેમ વિકસતો ગયો અને લગ્નગ્રંથીએ જોડાવાના અભરખા બંને હૈયાંમાં ઉદ્ભવ્યા.

પણ પ્રેમ આંધળો હોય છે તે વાત આ બંને પાત્રો માટે સાચી ઠરી. ના તો જુલીએ જયવર્ધનને પૂછ્યું કે ના તો જયવર્ધને જુલી પાસેથી જાણ્યું કે બંનેનાં માતા, પિતા, ઘર, વતન, જ્ઞાતિ, ધંધો, આર્થિક સ્થિતિ કેવી છે ? ક્યાં છે ? શું કરે છે ? પરંતુ જ્યારે વાત લગ્ન સુધી પહોંચી ત્યારે આ બધું બંનેને યાદ આવ્યું. તડફડ સ્વભાવ વાળી જુલીએ તો મા-બાપ સામે પ્રકૃતિ અનુસાર જીદ જ પકડી અને ‘સંમતિ મળી ગઈ છે’ એવી જાહેરાત જયવર્ધન સામે કરી દીધી. ભૂતકાળમાં જેણે પ્રેમને લઈને ખૂબ વેઠેલું છે તે સ્ત્રીએ પોતાના દીકરા નો પક્ષ લઈને તેના લગ્ન માટે સંમતિ મેળવી આપી. જાણકારીમાં જુલીએ જણાવ્યું તે મુજબ તે બ્રાહ્મણ જ્ઞાતિનાં છે, મધ્યમકુટુંબ છે, શહેરની એક સોસાયટીમાં નાનું સરખું મકાન ધરાવે છે એટલી વિગત જયવર્ધનને મલેલી. તે મુજબ જયશંકર અને વિજ્યા સાથે જયવર્ધન જુલીના ઘેર ગયેલાં. જુલીનાં માતા-પિતા પણ સરળ, સાદાં-સીધાં દેખાયાં અને તેમનું ચોકઠું ગોઠવાઈ ગયેલું. પછી તો લગ્ન પણ થઈ ગયેલાં.

લગ્ન અગાઉ સ્વમનોવૃત્તિ અનુસાર જુલીએ પોતાના ઘર, સંસાર, કુટુંબ બાબતે વાતો કરેલી પણ જયવર્ધને તેને ગંભીરતાથી લીધેલી નહીં અને ગાડી આગળ ગબડાવ્યા કરેલી. જુલીએ પોતે કે તેનાં માતા-પિતાએ માત્ર જયવર્ધનને જોઈને લગ્ન માટે તૈયારી બતાવેલી. બસ એક જ વાર જુલીના ઘેર વિજ્યા અને જયશંકર મલેલાં એટલું. બાકી મા-બાપ કે દીકરીએ જયવર્ધનનાં માતા-પિતા શું કરે છે, ક્યાં રહે છે, તેમની આર્થિક-સામાજિક સ્થિતિ કેવી છે તે જાણવાનો લેશ માત્ર પ્રયત્ન પણ નહીં કરેલો. કારણ કે જુલીએ જ સ્પષ્ટતા કરેલી કે તે લગ્નબાદ

શહેરમાં જ રહેશે. હાલ કંપનીના ક્વાર્ટરમાં રહેશે પછી ઘરનું ઘર લઈ લેશે. તે સાસુ-સસરાને સાથે નહીં રાખે. તેને ગામડું ગમતું જ નથી. તેથી તે કદી ગામડે સાસુ-સસરા પાસે નહીં જાય. તે બંને જણ જે કમાય છે તેના ઉપર બીજા કોઈનો હક્ક પણ નથી અને કોઈ કાંઈ માંગશે તો તે આપવાની પણ નથી. તેમ છતાં કોઈ દબાણ કરશે તો જોયા જેવી કરીને મુકશે. તે વાતે જયવર્ધન પણ વચ્ચે પડશે, સંમત થઈને લગ્ન થયા બાદ ફરી જશે તો તેને તરછોડી દેતાં પણ તેને વાર નહીં લાગે. તે વિભક્ત કુટુંબ જીવવાના મનોરથ ધરાવતી હતી અમે બે ને અમારાં સંતાનો એ અમારું કુટુંબ ! અમે રળીએ તે અમારું એકલાનું ! બીજાં જાય જહાન્નનમાં ! એ જાણે અને એમનું ભાગ્ય જાણે ! એનામાં આમ પરોપકાર અને સેવાવૃત્તિ, સહકારભરી ભાવનાનો સંપૂર્ણ અભાવ હતો.

અને આવા સ્વભાવ વાળી જુલી સામાજિક રીવાજો અનુસાર જયવર્ધનને પરણીને ગામડે આવી, મંદિરમાં દર્શન કરવા ગઈ અને પરણ્યાની પહેલી રાત મંદિરની ઓરડીમાં ઢાળેલ ખાટલીમાં ગાળવાની વાસ્તવિક સ્થિતિમાં આવી. જયવર્ધનનાં માતા-પિતાની વાસ્તવિક સ્થિતિથી જ્ઞાત થઈ એટલે સ્વભાવગત જુલીના મગજનો પારો સાતમા આસમાને પહોંચ્યો અને જયવર્ધન ઉપર અતિક્રુધ્ધ થઈ અને બેફામ શબ્દ પ્રહારો કરવા માંડી. તેની સામે જયવર્ધન કોઈ પ્રતિભાવ આપ્યા વગર તેના અજુગતા વર્તનને જોતો રહ્યો, સાંભળતો રહ્યો, શરમાતો, ડરતો, બીતો, છોભીલો પડતો રહ્યો અને મા-બાપ અને પોતાના ભાવિ વિશે ચિંતામાં પડી ગયો.

"આ જીદ્દી છોકરી નહીં સુધરે કે શું ? મેં હાથે કરીને મા-બાપનું ઘડપણ બગાડ્યું અને મારી ભરજુવાનીનાં સપનાંને જાતે જ દીવાસળી ચાંપીને ભડભડ બાળી નાંખ્યાં છે કે શું ? આવા ગુણહીન, સંસ્કાર હીન, સંયમહીન રૂપમાં ફસાયો, લપસ્યો અને ડૂબ્યો કે શું ?" જુલીનો જોરજોરથી વહેતો થયેલો બેફામ વાણી પ્રવાહ જયવર્ધનના કર્ણપટલને અથડાતો હતો પણ તેના મનમાં કાંઈક જુદું જ મંથન ચાલી રહ્યું હતું. તેને પોતાને તો જુલીના આવા બેહુદા વર્તનથી માનસિક કલેશ થતો હતો પણ તેને તે પોતે કરેલી ભૂલની સજા, પ્રાયશ્ચિત રૂપે વેઠે છે તેમ ગણીને મન વાળી લેતો. પરંતુ મારા પડતા બોલને જીલી લઈને કોઈ રકઝક વગર સંમતિ આપનાર મારાં વૃધ્ધ મા-બાપ પણ બહાર પરસાળમાં સુતાં

સુતાં સાંભળતાં હશે અને તેમને કેટલું દુઃખ થતું હશે તે વિચારે તે વધુ ગમગીન થઈ જતો હતો. “પણ હવે શું ? રાંડ્યા પછીનું ડહાપણ શું કામનું ? ભગવાને ધાર્યું હશે તે થશે.” એમ વિચારી તે પાસુ મરડીને આંખ બંધ કરી ઉંઘવા પ્રયત્ન કરવા લાગેલો.

સવારે પણ તે જુલીને રોકી શક્યો નહીં અને તેના સ્વચ્છંદી નિર્ણયને અનુસર્યો અને બંને જણ નોકરી પણ ગયાં. સાંજે છૂટીને ક્વાર્ટર પર જવા રીક્ષામાં નીકળ્યાં. ચાંલ્લાની આવેલી રકમ જયવર્ધન પાસે હતી અને હાથઘરણાની રકમ જુલી પાસે હતી. બંને ફરી બજાર નીકળ્યાં અને અત્યંત આવશ્યક સામાન ખરીદ્યો અને રીક્ષા કરીને રાત્રે ક્વાર્ટર ઉપર આવ્યાં. પછી થાક્યાં પાક્યાં સૂઈ ગયાં. દામ્પત્ય જીવનની બે મોંઘામુલી રાત્રીઓ કલેશ અને ચિંતામાં વીતી.

જયવર્ધન અને જુલીના ગયા પછી ચિંતાગ્રસ્ત દેખાતી વિજયાએ જયશંકર સામે જોયું. જયશંકરનું મોં પણ પડી ગયું હતું. તે પણ સાવ અકર્મણ્ય અને ગમગીન જણાયા. તેથી વિજયાએ પોતાના મનનો કબજો લઈ બેઠેલી ચિંતાઓને ખંખેરી નાખી અને હસતી હસતી જયશંકર પાસે આવીને ઉભી રહી અને બોલી,

“છોકરાં છે, આપણાં છે, અબુધ છે, એમની વાતોનો ભાર આટલો બધો માથા ઉપર નહીં લેવાનો ! શહેરમાં ઉછરેલી છોકરી છે. ઘરના ઘરમાં રહીને મોટી થયેલી છે. તેને આ મંદિરની ઓરડી ના ફાવે એમાં એ શું ખોટું કહેતી હતી ? પરણીને લાવ્યો એની પહેલી રાત હતી. જયવર્ધન કઈ રીતે તેને ટોકે ? ભઈલા એ ચુપ રહીને બરાબર કર્યું છે. એ તો બધું સમુ સુતરું થઈ જશે. તમે નાહકની ચિંતા કરો છો. ઉઠો હવે થોડા બહાર ફરી આવો એટલે વિચાર વાયુમાંથી બહાર અવાય.” એમ બોલી વિજયા ઘરકામમાં પરોવાઈ. પરંતુ વિજયાની વાતો જયશંકરના ગળે ના ઉતરી. તે વળી વિજયાની ચિંતા કરતા હતા.

“મારું તો લોહી પણ નથી પણ વિજયાએ તો એને નવ માસ પેટમાં સંઘરેલો. સગી મા માટે આ કાલે આવેલી છોકરી બેફામ બોલ્યે જતી હતી તોયે એ જુવાનિયાનું લોહી ના ઉકળ્યું ? અને આખી રાત બૈરાની સોડમાં પડી રહ્યો ? તારી નસોમાં દોડતું ધગધગતું માનું ધાવેલું ધાવણ ક્યાં સુકાઈ ગયું ? ફટ ભુંડા ! બૈરું તો બીજુંયે મલે, મા જીવનમાં એક જ હોય ! નીચી મુંડી રાખી, પટ્ટો પહેરેલા, પાળેલા કૂતરાની જેમ બૈરાની વાતમાં આવી તેની પાછળ પાછળ લાળ

પાડતો હાલતો થયો. માએ તારા જણતર વખતે જે નૂર વેડફેલું તે લજવ્યું ! જા, સુખી થજે એમ તો મારું હૈયું પણ કહે છે પણ માને ભુલીને તો સુખ પણ તારાથી જોજન દૂર ભાગશે. તું પુરુષ છે, ઘરનો રાજા છે. એને ભલે તું રાણી બનાવીને લાવ્યો હોય પણ ઘરનો વડો તો પુરુષ જ કહેવાય. રાજા થઈને રાણી આગળ દબાઈ જાય, રાણીના તરંગો મુજબ રાજ કરે તો તે રાજનું ભાવિ કેવું બને ? રાણીના માથે અંકુશ ભેરવી શકે તે રાજા ! પત્નીને નાથવી, સદ્‌ગુણ તરફ વાળવી, ફરજપરસ્ત બનાવવી તે ધણીનું કર્તવ્ય છે. તેને માટે બહાનાં, ડર બતાવો કે સમયને માથે, ભગવાનને માથે ઢોળી દો, ભાગ્યને દોષિત ગણાવો એ બધું પોતાના કર્મપથ માંથી વિચલન ગણાય. અને આ ગરીબડી, તરછોડાયેલી, મા વગરની, જન્મી ત્યારથી દુખિયારી બાઈ ઉપર જુલ્મ થશે તો મારો સામે બેઠેલો મહાદેવ રાજી નહીં રહે. જ્યારે એ કોપશે, તાંડવ કરશે, ત્રિશૂળ ઉગામશે, ત્રીજું નેત્ર ખોલશે ત્યારે તું તો ઠીક છે, તારી રૂપાળી ચિબાવલી પણ ઘડીના છઠ્ઠા ભાગમાં હતી-નહોતી થઈ જશે. માનું ઋણ શું કહેવાય તે વાત આ છોકરો જેટલો જલ્દી સમજી જાય તે એના પોતાના હિત માટે સારું છે. હશે ત્યારે, મારા રામે ધાર્યું હશે એ જ થઈને રહેવાનું છે ! વિજ્યા સાચું કહે છે. મારી ચિંતા કરવાથી શું વળવાનું છે ? ચાલ, હવે જીવ ઉઠ ! મને ઉદાસ જોઈને એ બાપડી એનું પોતાનું દુઃખ ભુલી જઈને મને હસતો જોવા કેવું બોલી ?

આમને આમ અઠવાડિયું વીતી ગયું, દસેક દિવસ થઈ ગયા. પણ ના તો જયવર્ધન કે જુલી આ તરફ આવ્યાં કે નહોતા તેમના તરફથી કાંઈ સમાચાર ! જોકે ચિંતા તો જયશંકરને પણ થતી હતી પણ તે કાંઈ બોલતા નહોતા પણ હવે તો ખરેખર વિજ્યા તો અકળાઈ જ ગયેલી. રઘવાટમાં અને રઘવાટમાં ફરતી, ઘરકામ કરતી વિજ્યાને જયશંકર એકીટશે જોઈ રહેતા. સાંજના સમયે શહેરમાંથી બસ આવવાના સમયે તે મંદિરના ઓટલે બેસી રહેતી અને મંદિરના ચોગાનના ઝાંપામાંથી બહાર નજરો લંબાવી લંબાવીને જોઈ રહેતી. ‘‘હમણાં નાનકો આવશે. વહુ નહીં આવે પણ નાનકો તો આવ્યા વગર રહે જ નહીં’’ બસનો સમય વીતી જતો ત્યારે પણ બબડતી, ‘‘એ તો બસ લેટ પડી હશે.’’ છેવટે અંધારું થઈ જતું છતાંયે વિજ્યા ઓટલે બેસી રહીને તેના નાનકાની રાહ જોતી. જયશંકર આ બધું જોતા અને વિજ્યાની સ્થિતિ જોઈને તેમના મનમાં જયવર્ધન અને જુલી તરફ નફરત અને ગુસ્સો વધ્યે જતાં હતાં.

રજાનો દિવસ પણ વીતી ગયો પરંતુ કોઈના આવ્યું તેથી તો વિજયા સાવ ભાંગી પડેલી. વિજયાનો નિરાશ ચહેરો જોઈને અંતે જયશંકરે જ સામેથી વિજયાને કહેલું,

"ચાલ તૈયાર થઈ જા. આપણે બે સામેથી છોકરાં પાસે જઈએ."

"ના"

"કેમ ? એ ના આવી શકતાં હોય તો આપણાથી ત્યાં ના જવાય ?"

"ના, ના. એવું નથી પણ અત્યારે રાત પડી ગઈ. કઈ બસ મલશે ? અને મારે પણ તૈયારી તો કરવી પડે કે નહીં ? તમારે પુરુષોને ખાસડાં પગમાં પહેર્યા એટલે તૈયાર ! અમારે તો ઘણું આટોપવાનું હોય. મારા નાનકાને મારા હાથની બનાવેલી સુખડી બહું ભાવે છે તેય તૈયાર કરી દઉં અને વહેલી સવારની બસમાં નીકળી જઈશું. બરાબરને ?"

આમ નક્કી કરી બેય જણ છૂટાં પડેલાં.

સવારે બસ પકડીને વિજયા અને જયશંકર શહેરમાં ઉતર્યા. બસસ્ટેન્ડથી રીક્ષા કરીને જયવર્ધનની કમ્પનીના ઝાંપે ઉતર્યા. સીક્યોરીટીવાળાની પૂછપરછ પતાવી અને તેની પાસેથી જ ક્વાર્ટર કઈ બાજુ આવેલાં છે તે જાણી લીધું. સવારે ભાખરી-શાક સુખડી બનાવીને વિજયા એ સાથે લઈ લીધાં હતાં. તે જયવર્ધનના ક્વાર્ટર ઉપર પહોંચ્યાં ત્યારે તેમણે ક્વાર્ટર ખુલ્લું ભાળ્યું.

"આજે નાનકા અને વહુએ રજા પાડી હશે કે શું ?" વિજયા વિચારવા લાગેલી.

બંને જણ ક્વાર્ટરમાં પેઠાં. બાજુમાં પડેલી ખુરશીમાં જયશંકર બેઠા. થેલીઓ નીચે મુકી વિજયા પાછળ આવેલા રસોડા, ચોકડી બાજુ ગઈ. ત્યાં કોઈ બાઈને વાસણ ઘસતી જોઈ. વિજયા સમજી ગઈ કે તે બાઈ કામવાળી જ હશે. રસોડામાંથી પાણીનું પવાલું ભરી જયશંકર પાસે આવી અને તેમને પાણી પાયું. થોડીવારે કચરા, પોતું, વાસણ, કપડાંનું કામ પતાવીને કામવાળી બાઈ જતી હતી તેને ઉદ્દેશીને વિજયા બોલેલી,

"સાહેબનાં માવતર છીએ. અને ઘરમાં જ છીએ એટલે બીજી કાંઈ ચિંતા ના કરતાં અને કામ પતી ગયું હોય તો બારણું - જાળી આડાં કરીને તમતમારે

જાઓ.'' એ બાઈ પણ બંને સામે જોઈને હસતી હસતી જતી રહી.

પછી તો બેય જણાંયે ઘેરથી સાથે લાવેલાં તે ભાખરી-શાક ખાઈ લીધું. વિજ્યાએ વાસણ ધસી નાખ્યાં અને વિજ્યા બેડરૂમમાં આડી પડી અને મેઈન રૂમમાં જયશંકર સોફામાં જ આડા પડ્યા. બે કલાક જેટલો આરામ કરી બંને ઉઠ્યાં. વિજ્યા બેડરૂમમાંથી બહાર આવી અને જયશંકરને પણ જગાડ્યા.

''ક્વાર્ટર તો સારું છે, નહીં ?'' જયશંકર આળસ મરડી બેઠા થયા અને વિજ્યાની સામે જોઈને પૂછવા માંડ્યા.

''બેસો, હું રસોડામાં જઈ ચા બનાવી લાવું.'' કહીને વિજ્યા રસોડામાં પેઠી. ખોળાખંખોળા કરીને ચા, ખાંડ, દૂધ, કપરકાબી, ગળણી, તપેલી શોધી કાઢ્યાં. દૂધ ફ્રીઝમાંથી મલ્યું. બાકીનું બધું રસોડા નીચે બનાવેલાં ખાનામાંથી મલી ગયું. અને વિજ્યા એ ચા તો બનાવી દીધી. આમ બપોરનાં ચા પાણી પત્યાં.

''વહુ-દીકરાને આવતાં સાંજે સાત તો વાગશે જ.'' વિજ્યા બોલી. પણ જયશંકરે સામે કોઈ પ્રત્યુત્તર ના આપ્યો.

''સાંજે જમવામાં વધારેલી ખીચડી મુકી દઉં ? તમે બહાર નાકે જઈને દૂધની બે-ત્રણ થેલીઓ લેતા આવો.'' એમ કહીને વળી પાછી વિજ્યા રસોડા અને ચોક તરફ વળી. ચા નાં વાસણ ધસી નાંખ્યાં. કુકર શોધી કાઢ્યું. મગદાળ અને ચોખા શોધ્યા. મસાલિયું પણ જડી ગયું. એ, અમે અને બે એ જણાં, એમ ગણત્રી મુકી ચાર જણની વધારેલી ખીચડી ગેસ ઉપર કુકરમાં મુકી દીધી.

આમ બધું કામ પરવારીને બેય જણાં મેઈન રૂમમાં ટી.વી. ચાલુ કરીને બેઠાં અને દીકરા-વહુની રાહ જોવા માંડ્યાં. ધડીયાળ સામે જોયું તો આઠ વાગી ગયા પણ બેમાંથી કોઈ દેખાયું નહીં. તેથી વિજ્યાએ જયશંકરને કહ્યું ''તમારી થાળી પીરસી દઉં. તમે જમી લો.''

''અને તમે ?''

''હું તો મારા નાનકાને સુખડી ખવડાવીશ પછી ત્રણે જણા સાથે ખાવા બેસીશું.'' એમ બોલીને વિજ્યા રસોડા તરફ ગઈ. જયશંકરે જમી પણ લીધું. હવે તો ધડિયાળમાં નવ વાગેલા. વિજ્યાને પણ ભૂખ તો કકડીને લાગેલી. છતાંયે ''ખાવા તો સાથે જ બેસીશું'' એવી મક્કમતા સાથે ભૂખ્યા પેટે ઓશીકુ

લઈ નીચે ફરસ ઉપર સૂઈ રહેલી.

દસ વાગવામાં દસ મિનિટ બાકી હતી અને ક્વાર્ટર બહાર સ્કુટર ખખડ્યું. જયશંકરે સોફામાં આડા પડ્યે પડ્યે બારીમાંથી હસતાં હસતાં, હાથતાળી આપતાં બેય જણને ક્વાર્ટરની જાળી ખોલતાં જોયાં. તે સડપ દઈને બેઠા થઈ ગયા અને વિજયાને પણ બુમ મારી કે ''ભઈલો આવી ગયો.'' એટલે વિજયા પણ ઉભી થઈ જઈ ઓશીકું બેડરૂમમાં મુકી આવીને જયવર્ધનને મળવા બેડરૂમમાંથી બહાર આવી મેઈન રૂમ તરફ વળી.

''આવો, આવો. ક્યારનાં આવ્યાં છો ?'' જયવર્ધન રૂમમાં પ્રવેશ્યો અને બા-બાપુજી ને જોઈ ખુશ થયો પ્રણામ કર્યા અને બંને સામે વારાફરતે જોઈ પૂછવા માંડ્યો.

''અમે તો બપોરનાં આવ્યાં છીએ.'' ઓશીકુ મુકીને વિજયા બેડરૂમ તરફથી મેઈન રૂમ તરફ આવતી હતી તેણે જ જયવર્ધનને જવાબ વાળ્યો.

જુલીએ આ બધું જોયું અને તે ધુંવાપુંવા થઈ ગઈ. તે પગ પછાડતી બેડરૂમમાં પેસી ગઈ અને બેડરૂમનો દરવાજો જોરથી પછાડી અંદરથી બંધ કરી દીધો. જયશંકર અને વિજયાએ પણ તેનું આ વર્તન જોયું પણ નજર અંદાજ કરી વિજયાએ જયવર્ધનને કહ્યું,

''ભાઈ, તને ભૂખ લાગી હશે, નહી ને ? તારા માટે તને ભાવતી સુખડી બનાવી લાવી છું. અને બધાંને માટે ખીચડી પણ મુકી છે. હાથ પગ ધોઈ લે અને વહુને બોલાવી લાવ. આજે તો મારા હાથે પીરસીને તમને બંનેને જમાડું.'' વિજયા જયવર્ધનના ડીલે તેનો હાથ પસવારી વહાલ વેર્યે જતી હતી. પણ જયવર્ધનનો ચહેરો ટેન્શન વાળો દેખાતો હતો અને તે ઘડીએ ઘડીએ બેડરૂમ તરફ જોતો હતો.

વિજયા રસોડા તરફ ગઈ. જયશંકર મેઈનરૂમમાં સોફા ઉપર એક બાજુ દબાઈને બેઠા હતા. જયવર્ધન બેડરૂમ તરફ ગયો. તેણે બારણું ઠેલ્યું પણ તે તો અંદરથી બંધ હતું. તેથી તે બારણું ખખડાવી બોલ્યો, ''જુલી, ફ્રેશ થઈ ગઈ હોય તો કપડાં બદલીને બહાર આવ, જમી લઈએ.''

“મારે નથી ખાવું. તારા સગલાંને અહીં જોઈને જ મારું પેટ ભરાઈ ગયું. તું તારે એમની જોડે બેસીને તારું ડોઝું ભરી લે. અને સાંભળ, આ બેડરૂમ મારો છે, સાર્વજનિક નથી એટલે હવે આ બારણું નહીં ખુલે. તું અને તારાં મા-બાપ બહાર જ પડી રહેજો.”

“પણ ઓશીકાં, ગાદલાં, ધાબળા તો કાઢવા પડશે ને ?”

“એક વખત કહી દીધું ને કે બારણું નહીં ખુલે. નીચે પડી રહેજો, મારે શું જોવાનું ? અને બહુ લાગી આવતું હોય તો બજારમાંથી નવું ખરીદી આવો.”

“પણ અત્યારે ટાઈમ તો જો ? કયું બજાર ખુલ્લું હોય ?” “બસ એકવાર કહી દીધું ને ! હવે તારા માટે પણ આ બેડરૂમનું બારણું નહીં ખુલે.”

જયવર્ધન બેડરૂમના બારણા આગળ ઘણું ઉભો રહ્યો. પણ ના તો બારણું ખુલ્યું કે ના કોઈ અવાજ આવ્યો. તે થાકીને પાછો વળ્યો. તો તેની સામે રસોડા બાજુ વિજ્યા ઉભી હતી. જયવર્ધન વિજ્યા સામે લાચાર આંખે જોઈ રહ્યો. બાજુના મેઈન રૂમમાં બેઠા બેઠા જયશંકર બધું જોતા હતા અને સાંભળતા પણ હતા. પણ તે મૌન હતા.

“ચાલ બેટા, ભાવે તે ખાઈ લે. થોડી સુખડી તો ચાખ ?” અને જયવર્ધન રીતસરનો વિજ્યા ઉપર વીફર્યો,

“અહીં તમારા બંને જણને શું અરજન્ટ કામ ઉભું થઈ ગયું કે દોડી આવ્યાં ?

“બેટા તારી યાદ બહુ આવતી હતી. તને જોવા જ આવ્યાં છીએ. બાકી અમારે તારી પાસેથી કશુંયે લેવું નથી.” વિજ્યા આટલું બોલતાં બોલતાં માં તો ઢીલી પડી ગઈ.

“બસ જોઈ લીધો ને ?”

“હા, દીકરા. તારો ચહેરો જોવા જ અમે બેય જણાં તલસતાં હતાં. બસ, હવે તને જોઈ લીધો.” કહીને વિજ્યાએ પુંઠવાળીને પોતાનો ચહેરો રસોડા બાજુ ફેરવી દીધો. પણ જયશંકરની ચકોર આંખોએ વિજ્યાની આંખોમાં ઝળકી ઉઠેલાં ઝળઝળાં જોઈ લીધેલાં. મમ્મીએ મોં ફેરવી લીધું તે જોઈને જયવર્ધન પણ ઢીલો પડી ગયેલો.

ત્યાં તો બેડરૂમમાંથી જુલીના ઉગ્ર અવાજે. ફેંકાતા વાક પ્રહારોનો મારો ચાલુ થયો. જે ત્રણેય જણ જે તે સ્થિતિમાં એકબીજા સામે જોતાં લાચાર આંખે સાંભળી રહ્યાં હતાં.

"તને પહેલાંથી જ કહેલું કે મારા ઘેર આ બલા ના જોઈએ. હું કાંઈ નોકરડી નથી તે બધાંની ચાકરી કર્યા કરું. આ ઘર મારું છે. મારા ધણીનું છે. આ કાંઈ ધર્મશાળા નથી કે મન ફાવે ત્યારે ગમે તે અહીં આવી ચડે અને પડી રહે. સાલાં સાવ, લાલચુ અને ભુખમરામાંથી ઉઠીને આવ્યાં હોય એવાં દેખાય છે. નાક જેવું તો છે જ ક્યાં ? પારકા ઘરમાં પેસી જતાં શરમ પણ ના આવી. ધરાઈને ડોઝાં ભર્યાં હશે અને હાથમાં આવ્યું હશે તે સગેવગે કરી નાખ્યું હશે. સાવ ગામડિયાં, ગમાર ! તેમનામાં બુદ્ધિ કેટલી હોય ? એમને કહી દેજો કે કાલે સવારની બસમાં રવાના થઈ જાય. અને પાછો વરસી ના પડતો. એ તો એમના ખર્ચે આવ્યાં છે તે એમના ખર્ચે પાછાંયે જશે. કાંઈ બસસ્ટેન્ડ સુધી મુકવા જવાની પણ જરૂર નથી. એકવાર તો પાઠ ભણાવવો જ પડે ત્યારે જ આ નકટાં ની સાન ઠેકાણે આવે. મારા બેડરૂમમાં પગ પણ ના મુકાય એટલી સમજણ પણ એ ઘૈડીનામાં નથી. અને પેલો બબુચક સોફા ઉપર લાંબો થઈને પડી રહેલો. જાણે એનો બાપ સોફા ના મુકી ગયો હોય ? ઘરવાળો પણ સાવ પાવલી છે, નહીંતર હાથ ઝાલીને, ખખડાવીને, બે આકરાં વેણ કાઢીને, ઘરની બહાર ના કાઢી મુકે ?"

આવો બેફામ વાણી વિલાસ અડધો કલાક ચાલ્યો. પછી ધીમો થયો અને છેલ્લે અટક્યો.

જયશંકર, વિજ્યા અને જયવર્ધન કશુંયે બોલ્યા નહીં. પણ ત્રણેયનાં મન ખાટાં થઈ ગયેલાં.

જયવર્ધને વિજ્યાનું મન રાખવા સુખડીનો એક નાનો સરખો ટુકડો મોંમાં મુકેલો. વિજ્યાએ થાળી પીરસેલી પણ તે ખાવા ના બેસી શક્યો અને ઉઠીને મેઈનરૂમમાં આવી ખુરશી ઉપર બેસી ગયો. ઢાંકી-ઢુંબી વિજ્યા પણ ત્યાં આવી ગઈ. જયશંકર સોફામાં અને મા-દીકરો નીચે પડી રહ્યાં.

નિયમ મુજબ જયશંકર તો પાંચ વાગે ઉઠી ગયા. તેમણે વિજ્યાને બુમ મારી જગાડી. સાથોસાથ જયવર્ધન પણ ઉભો થઈ ગયો અને બોલ્યો.

“તમે તૈયાર થઈ જાઓ. તમને હું બસ સ્ટેન્ડ મુકી જાઉં.”

“ના બેટા, અમે રીક્ષામાં જતાં રહીશું. તૈયાર પણ હવે તો ઘેર જઈને જ થઈશું.” એમ કહીને વિજયાએ પોતાની થેલી સોફા ઉપરથી ઉપાડીને બહાર પણ નીકળી ગઈ. પાછળ પાછળ જયશંકર પણ બહાર આવ્યા. જયવર્ધન ઝાંપા-જાળી સુધી બહાર આવેલો પણ બેમાંથી એકેય જણે પુંઠવાળીને પાછું નહીં જોયેલું.

રોડ ઉપર આવી રીક્ષા કરી બસસ્ટેન્ડ આવ્યાં અને આઠ વાગે તો મંદિરની ઓરડીમાં પ્રવેશી ગયેલાં.

વિજ્યા ઘરકામમાં પરોવાઈ ગઈ અને જયશંકર મંદિરે પહોંચી ગયા. આરતી-પૂજા-અભિષેક-સ્તવન-મંત્રજાપ કરતાં કરતાં જયશંકરના મનમાં એક જ વાક્ય ધુમરાતું હતું,

“ફટ ભુંડા ! નૂર લજવ્યું.”

• • •

# 15. તારો સંગ ક્યારે ?

જયશંકરે તો તે દિવસે નક્કી જ કરી દીધેલું કે હવે પછી ગમે એવો મોટો પ્રસંગ હોય, ધણી-ધણિયાણી અહીં આવેને પગે પડીને કરગરે કે જયવર્ધન અને જુલી ગમે તેવી મુસીબતમાં હોય, તેમને ગરજ હોય અને અમારી જરૂર હોય તો બેય જણાં અહીં મંદિરમાં, ગામડામાં, આ અમારી નાનકડી ઓરડીમાં આવીને રહે. તેમના માટે આ ઘરનાં દ્વાર હંમેશાં ખુલ્લાં હતાં, ખુલ્લાં છે અને ભવિષ્યમાં પણ ખુલ્લાં જ રહેશે. બાકી જીવતે જીવત, હું મારા પંડે, ગમે તેવી તકલીફો સામે આવીને ઉભી રહે તો પણ નાનકાના ક્વાર્ટરમાં તો નહીં જ જાઉં. કાલ ઉઠીને બેય જણાં કમાય છે અને ભવિષ્યમાં મોટો બંગલો જ કેમ નથી લેતો, પણ એના આંગણે હું પગ નહીં મુકું. વિજયાને તો એની સાથે લોહીની સગાઈ છે. કાલે ઉઠીને એનો જીવ ખેંચાય અને ત્યાં જવાની હઠ પકડે કે છોકરા અને વહુને પોતાની ભૂલ સમજાય, અહીં આવીને એની પગે પડીને માફી માગે, આંસુડા પાડે અને દીકરાની આંખમાં આંસુ જોઈને એ સ્ત્રી જીવ, માનું હૈયું છે તેથી ઢીલી પડે અને દીકરો હાથ પકડીને તેને સાથે રહેવા લઈ જાય તો આપણે વચ્ચે નથી પડવું. તે ત્યાં જઈને સુખી થવાની હોય તો મને ક્યાં વાંધો જ છે ? છતાંયે જો વિજયા મને પણ સાથે લઈ જવાની જીદ કરશે તો આપણો તો નન્નો જ હશે તે નક્કી ! હું એકલો અહીં પડી રહીશ અને આયખું કાઢી નાખીશ, બાકી એ બેશરમ બાઈ અને નપુંસક ધણીના બારણે મારો પગ નહીં પડે.

મને એ વહુ સીધેસીધું તો ક્યાં કશું બોલી છે ? હા, રીત-રીવાજ મુજબ કદી પગમાં નમી નથી. હશે, જુવાનિયાં છે, ઉછાંછળા વાતાવરણમાં ઉછર્યાં હોય, મા એ દીકરીને આવા સંસ્કાર જ ના આપ્યા હોય એટલે એવું બધું હોય ! મને કદાચ મારા મોંઢામોઢ પણ કાંઈક આડુઅવળું બોલી ગઈ હોત તો પણ હું મારા મન ઉપર ના લેત. પણ આ ગરીબડી, સંસ્કારી, સીધીસાદી, સેવાભાવી પરગજુ, નિર્દોષ બાઈ ઉપર, જેના હૈયે તેમના માટે માતૃત્વ, વત્સલતા સદાય ઉભરાતા દેખાય છે એવી ગરીબ પારેવડી ઉપર આવા આકરા આક્ષેપો કર્યા ?

બેફામ વાણી વિલાસ કર્યો ? હૈયામાં શૂળ પેસી જાય તોયે ના વીતે એવું એને વીત્યું હશે. એનાં આકરાં વેણથી તેનું હૈયું કેવું ચીરાઈ ગયું હશે ? મને એ વાતનું દુઃખ છે. અને બૈરી આગળ પેટનો જણેલો કાંઈ ના બોલ્યો અને સાવ વિવશ, લાચાર થઈ ગયો. આવા નપુંસક ના ઘેર પગ કેમનો ઉપડે ? તેથીસ્તો, હવે અનું ઘર, એનો રૂપિયો મારે માટે શિવ નિર્માલ્ય ! વિજ્યા માટે તો એ જાણે અને એનો દીકરો જાણે ! મારે એને કાંઈ બંધનમાં નથી મુકવી.

ત્યાર પછી બે-ત્રણ માસ વીત્યા હશે અને જસુભાઈનું કુટુંબ ત્યાં આવેલું અને જયા સાથે વિજ્યાને સાસુ-વહુના સંબંધો અને વહુનાં લક્ષણો વિશે આછેરી ચર્ચા થઈ હશે. જે વાતનો ઈશારો જયાબેને જસુભાઈને આપેલો. ત્યાર પછી એક બે વાર વિજ્યા સાથે મોબાઈલ ઉપર પણ વાતો થયેલી. પણ દિવસ કે રાત્રે વિજ્યાનો જીવ બળ્યા કરતો. જયવર્ધન માટે તો ચિંતા થાય કેમકે તે એની મા હતી પરંતુ વિજ્યાને જુલી વહુ માટે પણ ચિંતા થતી. આવો સ્વભાવ બાઈ માણસ માટે સારો નહીં. આજે અમને ઘડપણ આવ્યું છે તે કાલે એને પણ આવશે. રાત-દિવસ ધણીનું લોહી ચુસી ખાય, રૂપિયો-રૂપિયો જપતાં જીવ્યા કરે, બહાર મોડી રાત સુધી રખડે, ઉજાગરા કરે, હોટલ-રેસ્ટોરન્ટમાં આડું અવળું, તીખું, ખાટું, વાસી ખાય. ભલે બે જણાં જ સાથે રહેતાં હોય પણ શાંતિથી રહેતાં હોય તો આપણું મન પણ રાજી રહે. બાકી તે દિવસે અમે બે વડીલો હાજર હતા તોયે રાત્રે બેડરૂમનું બારણું એ બાઈએ ના ખોલ્યું તે ધરાર ના જ ખોલ્યું ! આમ એકલાં હોય તોય સ્વભાવ પડેલો ક્યાં જાય ? અને રાત-દિવસ, ઘેર-બહાર બધ્ધે કલેશ, કંકાસ, કકળાટમાં જ જીવ્યા કરશે તો બેનાંયે શરીર કેટલાં પહોંચશે ? વહેલાં રોગનાં ભોગ બનશે અને આવા વાતાવરણમાં ગર્ભ રહે અને બાળક અવતરે એના પણ કેવા સંસ્કાર ઉગે ? અરે, કકળાટના અગ્નિમાં તો રોપાયેલા ગર્ભ પણ પડી જાય ! આ છોકરી નહીં સુધરે તો મારા નાનકાનું નખ્ખોદ કાઢી નાખશે.

રાત-દહાડો, સુતાં-જાગતાં, કામ કરતાં, ઘેર-બહાર વિજ્યા જીવ બાળતી. તેને મનમાં આવા વિચારોજ આવ્યા કરતા, અને એ જીવ બાળતી. એક દિવસ તેને વિચાર આવેલો કે બધી પેટ છૂટી વાત જસુને કરી દઉં. "આ તારો જ

છોકરો છે અને રૂપ જોઈને ભાઈ મોહી પડ્યા છે અને આવી કભારજા ગોગળે વળગાડીને ફસાયા છે. અને હવે મિયાંની મીંદડી થઈ ગયા છે અને બૈરા આગળ એનું કશુયે ચાલતું નથી. એની લ્હાયમાં પેલો લેવા-દેવા વગરનો નિર્દોષ મહારાજ પણ દુઃખી થાય છે.

એની માને તો માથે દુઃખનું ઝાડ ઉગાડવાનું જ બાકી રાખ્યું છે. બાકી આ છોકરા વહુએ તો અમ ઘરડાં ઉપર કાળો કેર વરતાવવામાં કાંઈ કચાશ બાકી મેલી નથી. તમારું લોહી છે, તમારો જ દીકરો છે. બાપ તરીકે બે શબ્દો કહો, જો કાંઈ ફેર પડે તો ?"

અને થોડીક અડછતી વાતો સાંભળ્યા પછી જસુભાઈએ પણ વિજયાને કહેલું કે તેઓ રૂબરૂ જયવર્ધન અને જુલીને મલે અને સમજાવવાનો પ્રયત્ન કરે. પણ ઘણું બધું વિચારીને તેણે જસુભાઈને ના પાડી દીધેલી અને ગર્ભિત સત્યને સંતાડેલું જ રાખેલું સાથે રહેતો આ એક જીવ તો જોઈ-જાણીને દુઃખી થતો હું ભાળું છું અને હવે આ બીજા પોતીકાને પણ એ ઝાળમાં દાઝવા ધકેલું ? નથી નાનકા માં કાંઈ ફેર પડવાનો અને વહુ તો સાવ બેશરમ, નફ્ફટ છે. ક્યાંક આવડા મોટા માણસને એલફેલ બોલી બેસે તો ? એને હવે આટલા વરસ સુધી છાતી ઉપર વીસમણ વજનનો પથરો મુકી જે વાત દાબી રાખી છે તે આવી નાખી દેવા જેવી બાબત માટે બધાંની બાંધી મુઠ્ઠી ખોલી નાખવાની ? અને મેળવવાનું શું ? છોકરા-વહુના લોહી ઉકાળા તો સામી છાતીએ ઉભા જ છે અને આમ કરીને પણ થોડા બંધ થવાના છે ? રામ રામ કહો મારા ભાઈ ! ઉપરથી નવા કલેશ, કંકાસ બધી જગાએ ઉભા થાય. એના કરતાં ચાલતું હોય એમ ચાલવા દેવામાં જ સાર છે ! એમ વિચારીને વિજયાએ મન વાળેલું.

સમય વીતતો ગયો. જયશંકર શિવને શરણે જતા રહેલા. ભૌતિક સુખોથી તો સાવ પર થઈ ગયેલા. એ ભલા, એમના શિવજી ભલા. વિજયા રાંધીને બે ટંક જે પીરસે તે ખાઈ લેવાનું. કોઈ રકઝક નહીં, કોઈ ટકટક નહીં. ચોમાસામાં પરસાળમાં વાછોટ આવે તેથી બંનેના ખાટલા ઓરડીમાં પાથરતાં પણ ભર જુવાનીમાં એ માણસે દેહભૂખ ઉપર પૂર્ણ સંયમ રાખેલો તો હવે તો ઢળતી સંધ્યા હતી ! બે જણ વચ્ચે ટુંકા શબ્દો, ઓછાં વાક્યો, હા, ના માં કે ઘણીવાર તો

મુંડી હલાવીને જ વાતો થતી. વિજ્યા ઘરકામમાં, સ્ત્રીઓ ભેગી થાય ત્યારે પણ સત્સંગમાં, ધાર્મિક પુસ્તકોના વાચનમાં સમય પસાર કરતી હતી.

પરંતુ અંદરને અંદર તેનો જીવ કદીક જસુ માટે તો કદીક નાનકા માટે ઝૂરતો, બળતો રહેતો. અને તેને તાવ, શરદી, ઉધરસની કાયમી શારીરિક પીડા ચાલુ થઈ. જયશંકરે આટલી ઉંમરે પણ વિજ્યાની મનમુકીને સેવા કરી.

એકવાર રાત્રે વિજ્યાને ભારે ઉધરસ ચઢી. શ્વાસ હેઠો બેસતો નહોતો. તે રીતસરની હાંફતી હતી. ગામમાં એક જ દવાખાનું હતું. જયશંકર દોડતા ગામમાં જઈ, દાક્તરને ઘેર ગયા, જગાડીને ઓરડી ઉપર લઈ આવેલા. દાક્તરે નસમાં એક ઈંજેક્શન આપ્યું અને શ્વાસ પણ બેસી ગયો, ઉધરસ પણ અટકી. પણ બીજા દિવસે શહેરમાં જઈ મોટા દવાખાને જવાની સલાહ આપેલી.

અને બીજા દિવસે જયશંકર વિજ્યાને લઈને શહેરમાં સરકારી દવાખાનામાં ગયેલા. લોહી તપાસ્યું, પેશાબ તપાસ્યો, ફોટા પડાવ્યા અને દવાઓ પણ આપી. પછી વિજ્યાને બહાર મોકલી ને મોટા દાક્તરે કહેલું "બાઈને ટીબી છે. ચેપી રોગ છે. તમે પણ કાળજી લેજો." પણ તે વાત તેણે વિજ્યાને ના કહી અને તેની જોડે ને જોડે વધારે રહેવા લાગેલા અને તેની ચાકરી કરવા માંડેલા. હવે તો મંદિરમાંથી પરવારી જયશંકર ઘરનું કામ પણ જાતે કરી લેતા. કાચી-પાકી રસોઈ બનાવી દેતા. વાસણ માંજી નાખતા. વિજ્યાનાં કપડાં પણ ધોઈ નાખતા. દીવસે દીવસે વિજ્યા વધારે ને વધારે નબળી પડતી જતી હતી. તાવ, ઉધરસ, શરદી તો રોજના મહેમાન જેવાં થઈ ગયેલાં. એક દિવસ વિજ્યાનું શરીર તાવમાં ધગધગતું હતું અને તેણે જયશંકરનો હાથ ઝાલી રાખેલો. તે કાંઈક કહેવા જતી હતી. તૂટક શબ્દોમાં બોલેલી, "બે જણને બોલાવડાવો. એક તો... અને બીજો નાનકો" જયશંકર એવું સમજ્યા કે તે દીકરા-વહુ એમ બે જણને મલવા માંગે છે. તેમણે શહેરમાં જયવર્ધનને સમાચાર મોકલ્યા અને કહેવડાવ્યું કે "તમારી મા બહુ બીમાર છે. તમને બંને જણને ખૂબ યાદ કરે છે તો ઉભાં ઉભાં એને મોં બતાવી જજો તો એના જીવને શાતા વળે."

સમાચાર પહોંચાડનારે જયવર્ધન સાથે રૂબરૂ મલી ને વાત કરેલી. એ વાતને પણ અઠવાડિયું જતું રહ્યું પણ કોઈ આવ્યું નહીં.

એક દિવસે વહેલી સવારે જયશંકર તો નિયમ મુજબ વહેલા ઉઠી ગયેલા. તેમણે વિજ્યા પાસે જઈ તેના શરીરે હાથ મુક્યો તો તેનું શરીર તાવમાં જાણે સળગતું હતું. જયશંકરે જોયું કે વિજ્યા પણ જાગતી હતી. "ભઈલા પાસે લઈ જાઉં ?" તેમણે પૂછેલું. પરંતુ વિજ્યાએ ડોકું હલાવીને ના પાડેલી. પછી તો તે તૈયાર થઈને મંદિરમાં ગયા. મંદિરમાં આરતી પૂજા પતાવી ઓરડી ઉપર આવ્યા અને જોયું તો હજીયે વિજ્યા ખાટલામાં સુઈ ગયેલી હતી. તે નજીક આવ્યા. બે-ત્રણ વાર બૂમ પાડી પણ વિજ્યા બોલી નહીં. તેથી તેનો ખભો પકડીને હલાવી. તેના શ્વાસ જોયા, નાડી પકડી પણ વિજ્યાના દેહમાં તે ક્યાં હતી ?

ગામમાં જઈ નજીકના સંબંધ વાળાં બે-ત્રણ બૈરાં અને વડીલોને બોલાવી આવ્યા. ગામના દાક્તરને પણ બોલાવ્યો. દાક્તરે પણ તેને મૃત જાહેર કરી.

તેમના નાનકાને સમાચાર મોકલો. ઝટ દીકરો અને વહુ આવી જાય, તો આગળની વિધી આટોપાય." ગામના એક વડીલે સલાહ પણ આપી. પણ તે વાત જયશંકરે કાને પણ ના ધરી અને સ્મશાને લઈ જઈ અગ્નિદાહ આપવાની તજવીજ શરૂ કરી. બપોરે તો ડાઘુઓ પણ પાછા આવી ગયેલા અને વિજ્યા રાખમાં મળી ગઈ.

અઠવાડિયે જતાં જયવર્ધનને સમાચાર મલેલા. વહુને લઈને તે આવેલો પણ ખરો. પણ જયશંકરે તેમને મંદિરના ચોગાનમાં પણ નહોતાં પેસવા દીધાં અને બંને જણ લટકાતા મોંઢે પાછાં જતાં રહેલાં.

ત્રણ-ચાર મહીને જસુભાઈને સમાચાર મલ્યા કે હવે વિજ્યા આ દુનિયામાં નથી રહી. ગામના બે-ત્રણ વેપારીઓ એમની પેઢી ઉપર ધંધા અર્થે ગયા હશે અને વાતમાં વાત નીકળેલી અને તેમને પણ જાણવા મળેલું. જેવી જાણ થઈ તેના અઠવાડિયામાં જ શેઠ સહકુટુંબ ખરખરો કરવા, જયશંકર મહારાજને મલવા દોડી આવેલા. ત્યારે જસુભાઈના ખભે માથુ મુકીને જયશંકર મહારાજ ખૂબ રડેલા. જયાબેનને પણ દયા આવી ગયેલી. સ્વાભાવિક ચર્ચા થયેલી અને વાત થઈ કે અહીં એકલા પડી રહો, ઘરડું શરીર છે, સાજુ-માંદુ થાય. બાઈ માણસ એકલું હોય તો તો વાંધો નહીં પણ પુરુષને રાંધવા, ખાવાની, કપડાં, વાસણ,

સફાઈની કડાકુટ જાતે જ કરવી પડે તે ખુબ અઘરૂ પડે. એવું હોય તો મંદિર પૂજા બીજા કોઈ મહારાજ ને સોંપી ને દીકરા-વહુ જોડે શહેરમાં જતા રહો. ત્યારે તેમનો શોક, વિષાદ, ઉદાસીનતા ચહેરા ઉપરથી સાવ અદશ્ય થઈ ગયેલાં અને ક્રોધ, ગુસ્સો, સ્વાભિમાન ઉગી આવેલાં જસુભાઈએ નીરખેલાં.

"છેલ્લા શ્વાસ સુધી જે વેઠવું પડે તે વેઠી લઈશ પણ એ દિશા તરફ જવાનો તો વિચાર પણ નહીં કરું. એની વહુએ મરનાર એની મા ને પીડા આપી છે. છેલ્લા શ્વાસ ચાલતા હતા અને એની મા એ બે જણાં માટે ઝૂરતી હતી. સમાચાર પણ મોકલેલા તોયે નહોતાં આવેલાં. એમના ઘેર હું રહેવા જાઉં? શેઠ, બાકી તમારી બધી વાતો મારી સર-આંખો ઉપર પણ આ વાત હું નહીં માનુ." આટલું બોલીને જયશંકર ફરી રડી પડેલા.

પછી તો જસુભાઈ અને જયાબેન સાંત્વના આપી, "કાંઈ કામકાજ હોય તો કહેવડાવજો. કોઈ વાતે મનમાં સંકોચ નહીં રાખતા." એવું કહીને વિદાય થઈ ગયેલાં.

"ના, રે ભાઈ. મારે તમારું કાંઈ કામ નહીં પડે અને તમે તો મારા અને મરનારીના માટે ક્યાં પારકા લાગ્યા જ છો ? મારે તો આટલા બધા ગામવાળા છે અને ભગવી ધજા નીચે બેઠેલો મહાદેવ છે. તે આટલા બધા જીવ સાચવે છે એમ મને પણ સાચવશે. એટલે નાહકની ચિંતા ના કરતા. હા ! ગમાણમાં શીલે બાંધેલું ઢોર પણ ના હોય તો એની પણ યાદ આવે છે તો આ તો જીવતું જાગતું, સાથે ને સાથે રહેતું, માણસ જતું રહ્યું છે તેથી એકદમ તો કેમનું વિસારે પડશે? એટલે તમે તો આવતા જતા રહેજો. તમે આવો છો ત્યારે મારું મન પણ હળવું થાય છે."

"હાસ્તો, અમે તો આવીશું જ. છ-આઠ મહીને મહાદેવનાં દર્શન કર્યા વગર એમને પણ ક્યાં ચેન પડે છે ?" જયાબેને જવાબ વાળેલો અને જસુભાઈને ઈશારો કરી થોડીક રકમ મહારાજના હાથમાં અપાવેલી.

આમ દુખિયારી વિજ્યા આ ફાની દુનિયા છોડીને ઉપર પહોંચી ગયેલી.

જયવર્ધન રૂપાળી પણ કુલક્ષણી પત્ની સાથે નરક જેવું થઈ ગયેલું જીવન

વીતાવ્યે જતો હતો. લગ્નને વર્ષો વીત્યાં પણ એને સંતાન નહોતું. તે દિવસે વિજ્યાના મૃત્યુ પછી જયશંકરને મલવા બેય જણ આવેલાં પણ જે રીતે તેમનો તિરસ્કાર થયેલો તે યાદ કરીને જયવર્ધન ફરીથી ગામડે, મંદિરમાં આવવાની હિંમત કેળવી શકેલો નહીં.

આ બાજુ જસુભાઈને વધતી ઉંમરે પેઢીનું કામકાજ બંને છોકરાઓએ સંભાળી લીધેલું. તેથી ઓફીસ-કેબીનમાં જતા, કલાકેક બેસતા પણ ખાસ કાંઈ કામકાજ તેમના ભાગે આવતું નહીં. ઘરમાં પણ જયા, વહુઓ, નોકર-ચાકરો હોવાથી તે સાવ નવરા જ રહેતા અને કાંતો બેડરૂમમાં પલંગમાં પડી રહેતા, કાં તો નાનાં ભુલકાં જોડે રમતા, વાતો કરતા, કાં તો બહાર નીકળી શહેરના રસ્તાઓ ઉપર કલાક અડધો કલાક લટાર મારી આવતા, કાં તો બહાર બગીચામાં મુકેલા હિંચકે બેસી ઠેસ મારતા જતા અને હળવે હળવે ઝુલતા.

પણ આ બધી દૈનિક ક્રિયાઓ વખતે, નવરાશની પળોમાં પલંગમાં પડ્યે પડ્યે, રાત્રે બહાર લટાર મારતા, પેઢીમાં પોતાની કેબીનમાં તેમનું નવરું મન વિજ્યાની યાદો, વિજ્યાની વાતો, વિજ્યાનાં દુઃખ, દર્દ, વિટંબણાઓમાં જ અટવાયેલું રહેતું. ભર્યાભર્યા ઘરમાં તે જાણે, વિજ્યાના મૃત્યુ પછી તો ખાસ, સાવ એકલા પડી ગયા હોય તેમ ઉદાસ ઉદાસ ફર્યા કરતા હતા. રાત્રે તે આંખ મીંચીને ઉંઘવાનો પ્રયત્ન કરતા ત્યારે વિજ્યાનો આત્મા, કાલ્પનિક દેહ, વિજ્યાનો પ્રેમ, વિજ્યાનાં લટકાં-મટકાં, વિજ્યા સાથે ગુજારેલી યાદગાર પળો તેમને આંતરી લેતાં અને ઘણીવાર તે ભારે દુઃખી થઈ જતા તો ઘણીવાર મીઠી યાદો, મીઠા સ્પર્શ, મીઠી વાતો વાગોળતા અને નિજાનંદમાં સરી પડતા. એમ જ કહો ને કે ઉઠતાં-બેસતાં, ખાતાં-પીતાં, ઉંઘતાં-જાગતાં, ઘેર-બહાર બધે જસુભાઈના માનસપટ ઉપર વિજ્યા જ અંકાયેલી રહેતી. "હવે તે નથી, આ દુનિયા ઉપર તે મલવાની પણ નથી, રાખ થઈ ગઈ છે" તે જાણતા હોવા છતાં તેમનું વૃધ્ધ, પરિપક્વ, સમજદાર, ઠરેલ હૈયું ઉંમર, વાસ્તવિકતા, મોભો, સંસાર બધુંયે નજર અંદાજ કરીને વિજ્યાને મલવા, જોવા, તેને સ્પર્શવા, તેની સાથે વાતો કરવા તે ઘણીવાર તડપતું તરફડતું, બેબાકળા થઈ જતા, વિહ્‌વળ બની જતા.

"ક્યાં જાઉં તો તે મલે ?" આ યક્ષ પ્રશ્નની આસપાસ તો ઢસરડાતા, મોટે ભાગે માનસિક રીતે જ ! કોઈ કોઈ વાર તેમની આ તડપ તેમના ચહેરા-કપાળ ઉપરની રેખાઓને તંગ કરી દેતી. તેમની આંખો પણ જાણે કાંઈક શોધતાં હોય તેમ આજુ-બાજુ, આગળ-પાછળ, ઉપર-નીચે ફેરવતા. તેની સાથે તેમની મુંડી પણ ફરતી અને આવું ઘણીવાર નાનાં ભુલકાં સંતાઈને જોઈ જતાં ત્યારે હસી પડતાં, એકબીજાને તાલી આપતાં અને જયાબાની પાસે જઈને કહેતાં કે "બા, બા, દાદા ગાંડા કાઢે છે." અને વળી હસી પડતાં અને બાળકોના હસવાના અવાજને લઈને જસુભાઈ સમાધિ ભંગ થતા અને વિજ્યાની આજુબાજુની અલૌકિક કાલ્પનિક દુનિયામાંથી વાસ્તવિક સંસારી દુન્યવી ધરતી ઉપર પટકાતા અને આમ અચાનક આવી પડેલો વિજ્યા સાથેનો કાલ્પનિક જુદારો તેમના મનમાં વિરહની વેદના જગાડતો. આ માનસિક વેદના ગુસ્સામાં પણ ઘણીવાર પ્રવર્તતી અને પાછાં તેમની નજીક આવેલાં ભુલકાંને ધોલધપાટ કરવા હાથ ઉગામી જતા કે ગુસ્સેથી બે બોલ બોલવા ઉશ્કેરાતા. પરંતુ ઉંમરને લઈને, પરિપક્વતાને લઈને કે સંયમી પ્રકૃતિને લીધે તે પોતાની જાતને સંભાળી લેતા અને કશુંયે બોલ્યા વગર બાળકો સામે તેમના જેવું જ નિર્દોષ હાસ્ય ઠાલવતા અને ચહેરા ઉપર ખુશીના ભાવો મહામહેનતે ઉપજાવતા.

પણ એ બધું ક્ષણિક જ રહેતું. વળી પાછી વિજ્યાની યાદો, વિજ્યા માટેની તડપ, વિજ્યાની આસપાસ ફરતાં સપનાંમાં ડૂબી જતા અને ગમગીન, ઉદાસ થઈ જતા. આમ માનસિક રીતે આ ઉંમરે પણ વિજ્યાના નામના માનસિક જાપ કર્યે જતા હતા.

"એણે મારે કારણે કેટલું બધું ભોગવ્યું ? કેટલું બધું વેઠ્યું ? મા વગરની તો પહેલેથી હતી પણ મને પ્રેમ કરીને એણે શું મળ્યું ? તેનું આખુંયે ઘર ખેદાન-મેદાન થઈ ગયું. વિનુભાઈ કે જેમણે મને ધંધાના પ્રાથમિક પાઠ ભણાવ્યા, ધંધો કેમ થાય તેનો પ્રથમ અનુભવ કરાવડાવ્યો, એમનો ધંધો ચોપટ થઈ ગયો. જેણે મને ભણવા ઉશ્કેર્યો, મોટા શેઠ બનવાનું સપનું બતાવ્યું અને તે સ્વપ્ન કરતા સતત મને પ્રેરણા આપતી રહી તેના પડતા-તૂટતા ધંધાને હું કોઈ રીતે ના બચાવી શક્યો. તેણે તેનું સર્વસ્વ, તેનું હૈયું, તેનો પ્રેમ, તેનો દેહ, તેનું કૌમાર્ય

મારી સામે જાણે કે થાળીમાં પીરસીને મારા ઉપર ઓળઘોળ કર્યું અને મેં મનભરીને માણ્યું પણ ખરું, તેનું યૌવન, તેનુ કુટુંબ, તેની વૃધ્ધાવસ્થા, તેનું દામ્પત્યજીવન, તેનો રૂપાળો દેહ દિનપ્રતિદિન તૂટતાં ગયા, વિખેરાતાં ગયાં, નાશ પામ્યાં ત્યારે હું શું કરી શક્યો ? તેણે બધું ત્યજી દઈને બધું મારે ચરણે ધરી દઈને વેઠીને, દાઝતી રહીને મને કરેલા પ્રેમની ભારે કિંમત ચુકવી. સામે છેડે તેને મળેલા ધણીએ તેની સતત સેવા-ચાકરી કરી, તેના સન્માન માટે એ માણસ એકલો દુઃખ વેઠે છે અને તેના દુઃખે દુઃખી થઈ દીકરા-વહુને પણ તિલાંજલી આપી. અને મેં શું આપ્યું ? મે શું કર્યું ? તેની યાદો, તેનાં સપનાં માં ગરકાવ રહ્યો, કાલ્પનિક દુનિયામાં તેને સાથે રાખીને ફરતો રહ્યો પરંતુ તેની જીવતા-જાગતા દોઝખ સમી જિંદગીમાંથી તેને ઉગારવા મેં શું કર્યું ? હું, મારો સંસાર, મારો ધંધો, મારી આબરૂ-મોભો સાચવીને બેસી રહ્યો. હું મારા કોચલામાંથી જ ક્યાં બહાર નીકળી શક્યો છું ? પહેલા માની હઠ સામે ઝૂકી ગયો અને પ્રેમની પવિત્ર વેદી ઉપર આ પતંગિયાને હોમી દીધું. તે સમયે પણ ક્યાં ખુલ્લંખુલ્લા તેના પક્ષમાં જઈને ઘરમાં જ બા સામે બંડ પોકારી શકેલો ? એમાં તો પિતાજીની તો સંમતિ હતી તો યે ક્યાં હિંમત બતાવી શકેલો ? ત્યારબાદ ભણવામાં પડ્યો, ધંધામાં પડ્યો, પછી સંસારમાં પડ્યો. એ વખતે નાનો હતો, ના સમજ હતો, આર્થિક રીતે સધ્ધર નહોતો, એકલો હતો પણ પછી તો મોટો થયો, કમાતો થયો, સધ્ધર પણ બન્યો અને પોતાના પગ ઉપર પણ ઉભો થઈ ગયેલો ત્યારે પણ બા સામે વધુ એકવાર ઝુક્યો. લગ્નમંડપમાં બેઠો અને જયાને પરણી લાવેલો.

પરણ્યા પછી પણ સંસારના ભૌતિક સુખોમાં જ લપેટાતો રહ્યો. મોટો માણસ બન્યો, મોટો શેઠ કહેવાયો, પેઢી ઉપર ઈમાનદાર, પ્રામાણિક, મહેનતુ, પરગજુ, માયાળુ વ્યક્તિ ગણાયો. પણ વિજ્યા માટેનો વિશ્વાસુ પ્રેમી તો ના જ બની શક્યો. કદી કોઈની સામે ખુલ્લંખુલ્લા બહાર પડી મારા વિજ્યા તરફના પ્રચંડ પ્રેમનો સ્વીકાર, પોકાર નથી કર્યો અને મારા એ ભીરૂપણાથી મેં મારો સંસાર, મારાં મા-બાપ, મારો ધંધો સાચવી લીધો પણ વિજ્યાને જીવતે જીવ નરકમાં સબડવા દીધી.

અને આવા વલોપાતમાં જ જસુભાઈનો દિવસ પણ વીતતો અને રાત

પણ ગુજરતી. દિવસ-રાતના આવા સતત આવતા વિજ્યાના વિચારોને લઈને જસુભાઈ રાત્રે અર્ધતંદ્રાવસ્થામાં ઘણીવાર સ્વપ્નસૃષ્ટિમાં સરી પડતા.

એક વખતે જસુભાઈ બેડરૂમમાં સુતા હતા. ગરમીને કારણે છત ઉપરનો પંખો ચાલુ રાખેલો. પરંતુ થોડીક શરદીની અસર હેઠળ હતા તેથી એ.સી. બંધ રાખેલું અને વિચારોનું વમળ તો વિજ્યાની આસપાસ જોરશોરથી ધુમરાતું હતું. જેની અસર તેમની શ્વસન પ્રક્રિયા ઉપર થવા લાગી. તેમને ગભરામણ જેવું લાગવા માંડ્યું. તે ઉભા થયા. જગમાંથી પાણી પીધું એટલે થોડીક રાહત લાગી. છતાં બેડરૂમમાં ગુંગળામણ લાગવા માંડી. રૂમની હવામાં ભાર લાગવા માંડ્યો હજુ જયાબેન બેડરૂમમાં આવ્યાં નહોતાં. પાણી પીધા પછી તે બારી તરફ ગયા અને બારી ખોલી નાખી. ઠંડા પવનની લહેર તેમના ચહેરા ઉપર અથડાઈ. તેમણે એવું અનુભવ્યું કે તેમના ગાલ ઉપર જાણે વિજ્યા પોતાની કોમળ હથેળી ઘસી રહી છે ! અને એનાથી ઉદ્ભવેલ આનંદના અતિરેકમાં તેમણે આંખો પણ બંધ કરી દીધી અને હૈયે ફુટેલી આ દિવ્ય શાંતિ, આનંદની અનુભૂતિ માણવા લાગ્યા, વાગોળવા લાગ્યા અને મનમાં ને મનમાં મરક મરક હસવા લાગ્યા. પણ ઘડીક પછી જ્ઞાન થયું કે આ તો ઠંડા પવનની લહેરખી માત્ર હતી. અહીં ક્યાંથી વિજ્યાની હથેળી પહોંચે ? આ પૃથ્વી ઉપર વિજ્યા હવે છે જ ક્યાં ? અને તે ફરી વાસ્તવિક ધરતી ઉપર પટકાયા. તેમણે આંખો ઉઘાડી. બારીમાંથી નિરભ્ર આકાશને થોડીવાર જોઈ રહ્યા. આછા, ઝાંખા, દૂર દૂર ઝબુકતા થોડાક તારલા નજરે પડતા હતા. "આમાંથી કયા તારલા ઉપર જઈને મારી વિજ્યા વસી હશે ?" એમ વિચારતા એ તારલાઓને એક એક છુટા પાડીને આંખો ખેંચી ખેંચીને જોવા લાગ્યા. "ક્યાંક મારી વિજ્યાનો અણસાર મલી જાય !" એવો ભાવ એમના મનમાં ફરતો હોય તેવું લાગતું હતું. પણ પછી નાના બાળકને ગમતું રમકડું, ઘણી બધી દોડાદોડી, શોધખોળ પછી પણ ઘરમાંથી ના મલે એટલે જેમ નિરાશ થઈ જાય, રડવા માંડે એમ જસુભાઈનું હૈયું નિરાશ થઈ ગયું અને અંદરથી દર્દનો ચીત્કાર પોકારવા લાગ્યું. જેને લઈને તે નર્વસ થઈ ગયા. એટલામાં નવોદિત ઉગતો અર્ધચંદ્ર ક્ષિતિજ તરફ નજર દોરાતાં જસુભાઈને દેખાયો. મારી પ્રાણપ્રિયેનું અર્ધું મુખારવિંદ !" એમ બબડી થોડા મલકાયા. ચંદ્રની કોમળ, ઋજુ

રોશનીનાં કિરણો તેમની બંને આંખોમાંની ફરકતી કીકીઓ સાથે અથડાયાં. "હા, એનો જ આભાસ ! હે પ્રિયે, મને તારું પૂર્ણ મુખચંદ્ર બતાવ !" એમ કરગરતા ભાવ સાથે તે અર્ધચંદ્રને જોઈ રહ્યા. પણ અર્ધચંદ્ર આજે તો ક્યાંથી પૂર્ણ ચંદ્રબિંદુનું સ્વરૂપ ધારણ કરી શકે ? "હવે તો તું પણ મને નથી ચાહતો ? તે પણ પ્રેમ રજ્જુનો એક છેડો છોડી દીધો ? મારી આટલી ખ્વાહિશ તો પુરી કર ! પ્રેમી ના ગણે તો વાંધો નહીં, તારો ગણીને તો પૂર્ણ વદન બતાવ !" અને આમ જસુભાઈ ઉગતા અર્ધચંદ્ર સામે જોઈને જાણે યાચના કરતા હોય તેમ સ્વગત લવારી એ ચઢ્યા. પણ હાય ! સામેથી કોઈ અનુકૂળ પ્રતિભાવ ના મલ્યો અને જસુભાઈ નિરાશાની ગર્તામાં ડૂબતા ચાલ્યા. તેમની આંખ ભીની થઈ ગઈ. અંતર રડવા માંડ્યું. પછી તો ચંદ્ર-તારા-આકાશ તરફથી નજર જ હટાવી લીધી અને બારી તરફ પુંઠ ફેરવી દીધી. પોતાની અવગણના અવમાનના પ્રાણપ્યારી એ કરી એ વિષાદમાં તેમનાં બધાં અંગો સાવ શિથિલ થઈ ગયાં. સાવ લથડતી, ધીમી ચાલે તે પલંગ પાસે આવ્યા અને ફસડાયા. થોડીવાર માથે બંને હાથ મુકીને બેસી રહ્યા. પછી આડા પડ્યા. ઓઢવાનું હાથમાં લીધું અને પગની પાનીથી માથા સુધી ગોટપોટ ઓઢીને સુઈ ગયા. "વિજ્યા, તને જોવી છે, તને મલવું છે, તારી સાથે વાતો કરવી છે, તારા રૂપાળા દેહને સ્પર્શવું છે." આવા માનસિક વલોપાતમાં જસુભાઈ ઉંઘી ગયા.

અને રાત્રે આંખ ખુલી. સામે બારી હજુ ખુલ્લી હતી. અર્ધચંદ્ર બારીમાંથી સ્પષ્ટ દેખાતો હતો. આકાશમાં ચાંદનીનો પ્રકાશ પ્રસરાયેલો હતો. આ અર્ધચંદ્ર પાછળથી એક સફેદ વસ્ત્ર ધારી પરી બહાર આવતી દેખાઈ. પરીનો ચહેરો હવે જસુભાઈ પલંગમાં પડ્યે પડ્યે સ્પષ્ટ જોઈ શકતા હતા. "હા, આ તો મારી વિજ્યા !" અને તે સ્વગત બબડ્યા. "પણ આ શું ? વિજ્યાના જેવું જ, વિજ્યાનું જ મોં-ચહેરો-આંખો-નાક-હોઠ, કપાળ, ચિબુક, ડોક ! બધું જ વિજ્યાનું જ છે. પણ દેહ નથી.આ માનવ દેહ નથી. તેને બે પગ નથી, બે હાથ નથી.તેને તો શ્વેત પાંખો છે. તે પાંખો ફફડાવે છે અને અર્ધચંદ્રની પ્રદક્ષિણા કરતી હોય તેમ દેખાય છે. બારી તરફ તેની દ્દષ્ટી પડે છે ત્યારે તે જાણે કાંઈક શોધતી હોય તેવા આતુરતા ભર્યા, વ્યાકુળતા ભર્યા ભાવો એના ચહેરા ઉપર

જણાય છે. તેને શું જોઈતું હશે ? તે શું શોધતી હશે ? અને આ શું કરી રહી છે ? અર્ધચંદ્રની આસપાસ ચાર-પાંચ ચક્કર લગાવીને વિજયા શ્વેત પરી દેહે, ઉડતી ઉડતી નીચે ઉતરે છે, બારી તરફ આવતી જણાય છે. હા, હા, છેક બારીના ઉપલા છજા પાસે આવી ગઈ. વળી નીચે ઉતરી અને નીચલા છજે બેસી ગઈ. તે બારીમાંથી અંદર નજર દોરતી મને જ જોઈ રહી છે." અને જસુભાઈ પલંગમાં બેઠા થયા, નીચે ઉતર્યા, છેક બારી પાસે વિજયા પરી ના લગોલગ આવીને ઉભા રહ્યા. તેમણે બારીમાંથી હાથ બહાર લંબાવ્યો અને વિજયાના ચહેરા ઉપર, કપાળ ઉપર, આંખો ઉપર, ગાલ ઉપર, ચિબુક ઉપર આંગળીઓનાં ટેરવાંથી સ્પર્શ કરવા લાગ્યા. તેમણે જોયું કે વિજયા તેમના સ્પર્શસ્વાદને બંધ આંખો કરીને માણી રહી છે. પણ તેને હાથ નથી, આંગળીઓ નથી. તેથી તે જસુભાઈના હાથને સ્પર્શવા બે બાજુની શ્વેત, સુકોમળ, લીસી આંખો ફડફડાવે છે અને સંતોષ માની લે છે.

"તું આવી તો ખરી !" જસુભાઈ બોલ્યા. "આ રૂપમાં તો આ રૂપમાં !"

"કેમ ના આવું ? તમને પ્રેમ કરું છું. હજીયે તમને જ માત્ર ચાહું છું. આ દેહ ના રહ્યો તો શું થયું ? તમે અને તમારો પ્રેમ તો મારા આત્મા ઉપર અંકિત થઈ ગયેલો છે. દેહનું સ્વરૂપ બદલાયું પણ આત્મા તો વિજયાનો જ ને ! તો હવે ચાલો મારી સાથે. આપણે બંને સાથે આ મધુર ચાંદનીમાં ગગનવિહાર કરીએ. આ અફાટ આકાશના એક ખૂણેથી બીજા ખૂણે સાથે ને સાથે ઉડીએ, હસીએ, પકડદાવ રમીએ, ચિચિયારીઓ પાડીએ. આવો તો ખરા મારી સાથે ! આ નાનકડા બંગલા, ગાડી, પેઢી, સંસાર, માયાનાં બંધનો તોડી નાખી,આ દુન્યવી જગતને ત્યજી દઈને, આ પૃથ્વીના ગુરુત્વાકર્ષણની બહાર જતા રહીએ. આ સકળ અમાપ બ્રહ્માંડમાં માત્ર તમે અને હું, હૈયે પ્રેમાનંદ ભરી, આ અગોચર, વિશાળ, અલૌકિક વિશ્વમાં સહચરીએ. ધરાઈને એકબીજા સાથે રહીએ, હસીએ, ફરીએ. આ ચંદ્રમા, આ તારલા, આ નાની નાની આછેરી, ઉંચી વાદળીઓના દૂર દૂર થતા તો ઘડીક નજીક આવી જતા ટુકડાઓમાં ઘુસી જઈએ, ભીંજાઈ જઈએ." અને વિજયા અટકી. જવાબની અપેક્ષાએ જસુભાઈ તરફ જોઈ રહી. વિજયા પરી આમ બોલતી રહી, જસુભાઈની આંગળીઓ તેના ચહેરાનો સ્પર્શ

માણતી રહી. બંને જીવ ખુશખુશાલ જણાતા હતા.

વિજયાને જોઈ, વિજયાને સ્પર્શ્યા, વિજયાને સાંભળી. પણ જસુભાઈ એ વિજયાનો છેલ્લો પ્રસ્તાવ સાંભળ્યો એટલે થોડીક ખાત્રી તો થઈ કે હજુયે વિજયા મને પ્રેમ કરે છે, ચાહે છે. તે મારે માટે પણ તરફડે છે. પણ હવે તે માનવ દેહમાં નથી. તે અહીં પરી સ્વરૂપે આવી છે. તેને બે પાંખો છે તેથી ઉડતી ઉડતી આવી શકી અને તે "સાથે હરીએ, સાથે ફરીએ, સાથે રમીએ" એવી વાત કરે છે. પણ હું આ આકાશમાં, તારલાઓ પાસે, ચંદ્રમા પાસે, પૃથ્વીથી દૂર દૂરના અગોચર વિશ્વમાં સમાનવ દેહે કેમનો જઈ શકું ? મારે ક્યાં પાંખો છે કે હું એની સાથે ઉડી શકું ? જસુભાઈ એ વિજયા પરીના ચહેરા ઉપરથી આંગળીઓ હટાવી, હાથ પાછો બારીની અંદર લઈ લીધો અને નિરાશ વદને, સામે બેઠેલી પરી તરફથી નજર હટાવી નીચું જોઈને બારી પાસે ઉભા રહ્યા.

અને કહેવાય છે કે પ્રેમીઓ એકબીજાના અંતરની વાત જાણી જાય છે, સમજી જાય છે. તે રીતે જસુભાઈનો નિરાશ ચહેરો, નીચી મુંડી જોઈને વિજયા પરી જાણે કે તેમના હૈયે ચાલતી વેદના, મનમાં ધુમરાતી મુંઝવણ સમજી ગઈ અને ખડખડાટ હસી ગઈ.

"લ્યો ત્યારે, આ તમારી મુંઝવણ દૂર થઈ ગઈ સમજો." કહીને વિજયા પરીએ પોતાની બંને બાજુની પાંખો જોરજોરથી ફફડાવવાનું શરૂ કર્યું. તેની ફડફડતી પાંખોમાંથી આછેરો ધુમાડો નીકળ્યો અને તેના ગોટા બારીમાં થઈને જસુભાઈના દેહને વીંટળાઈ વળ્યા. અને આ શું બન્યું ? થોડીવારે ધુમાડો, ગોટો બધું સંકેલાઈ ગયું અને ચારે બાજુ પહેલાં હતું એવું શુધ્ધ વાતાવરણ થઈ ગયું. જસુભાઈએ સામે જોયું હજીયે વિજયા પરી બારી બહાર બેઠેલી હતી. પણ હવે તેની પાંખો સ્થિર હતી. તે હસતી હતી.

"જાઓ, દર્પણમાં જઈને જુઓ. તમે પણ શ્યામ સ્વરૂપા, પંખધારી, વિષ્ણુવાહન ગરૂડ થઈ ગયા. તમારા પગ તો જુઓ ? જાઓ જઈને ખાત્રી કરો. હાથ ક્યાં છે ? ચહેરો જ માત્ર તમારો રહ્યો. અને જસુભાઈ તેમના પરિવર્તિત દેહને અડકવા હાથ ખોળવા લાગ્યા તો પાંખો હાલી. તે ઘડીક અચરજ પામ્યા પણ પછી ખુશ થઈ ગયા. પણ બારી પાસે વિજયાની નજીક આવીને પાછા મુંઝાયા.

"ચિંતા ના કરો. તમે ઇચ્છાધારી દેહ ધારણ કર્યો છે. જેટલા નાના થવું હશે એટલા નાના પણ થઈ શકશો અને મહાકાય પણ બની શકશો." સામે બેઠેલી વિજ્યા હસતાં હસતાં જસુભાઈની મુંઝવણ પારખી લઈ સ્પષ્ટતા કર્યે જતી હતી.

અને ગરૂડ કાયાને નાની કરી તે બારીના સળિયા વચ્ચે થઈને બહાર આવ્યા. વિજ્યા પરીના દેહ જેવડો દેહ કર્યો. પછી એકબીજાની અડોઅડ બેઠાં. એકબીજાની પાંખો અથડાવી, ઘસીને હસતાં હસતાં દેહસ્પર્શનો મધુરો, મીઠો આનંદ માણવા લાગ્યાં. એકબીજાને ગેલ કરતાં બે પ્રેમીઓ થોડીવાર થંભ્યાં, પછી સાથે જ ઉડ્યાં, ઉંચે ઉંચકાયાં, સહચરી સાથે સાહચર્ય કેળવી જસુભાઈ પણ ગગન વિહારની મોજ માણવા લાગ્યા. અહા ! કેટલું વિશાળ, અફાટ, શાંત, સૌમ્ય, નીરવ અને નિરભ્ર આ આકાશ ! કેવી મનોહર ચાંદની ! અને અડોઅડ રહીને સાથે ને સાથે ઉડતી મારી વિજ્યા ! તે પણ ખુશ અને હું પણ ખુશ ! બંને પ્રેમી પંખીડાં સહજીવન અને સાહચર્યની મીઠી અનુભૂતિમાં ગરકાવ થઈ ગયાં. અને અગાઉ કહેલું એમ જ વિજ્યા ઘડીક આગળ ઉડતી, ઘડીક પાછળ પડી જતી તો ઘડીકમાં સાથે ને સાથે ઉડતી.ઘડીકમાં છેક ઉપર ચંદ્રમાને વટાવી આછેરા દેખાતા તારલાઓને બંને જણ આંબી જતાં અને પાછાં નીચેની તરફ વળતાં. તો ઘડીકમાં એક છેડે દેખાતી નાની નાની વાદળીઓમાં ઘુસી જતાં. સંતાકૂકડી રમતાં. આકાશમાં એક ખૂણેથી બીજા ખૂણે, ઉપરથી નીચે સુધી, ચંદ્રમાને ફરતે ગોળ ગોળ બંને જણાં સતત ઉડતાં રહેતાં. એકબીજા સામે ઘડીક પુંઠવાળીને બાજુમાં જોઈને કે આગળ જોઈને એકબીજાને જોઈ લેતાં અને ટીખળ ભર્યું, મસ્તીભર્યું, માદક હાસ્ય એકબીજાને પ્રદાન કરતાં. બંને જીવ રાજી ના રેડ થઈ ગયા. ઉડી ઉડીને થાકી ગયાં, ઘણું હસ્યાં, ઘણું એકબીજાને સ્પર્શ્યાં.

અને ચંદ્રમા ઝાંખા પડવા માંડ્યા. પૂર્વ દિશામાં ઉષાના ઉદય પહેલાં ઉદ્ભવતા ફેરફારો વિજ્યા પરીની નજરે પડ્યા. અને તે નીચે ઉતરવા માંડી. છેક નીચે આવી ગઈ. ફરી બંગલાના બેડરૂમની બારીના નીચેના છજા ઉપર આવીને બેસી ગઈ. જસુભાઈ પણ ગરૂડ સ્વરૂપે વિજ્યા પરીને અનુસર્યા. તે પણ બારી બહારના છજા ઉપર વિજ્યા પાસે બેઠા. ઇચ્છાધારી ગરૂડ દેહધારી જસુભાઈ પ્રશ્નાર્થ ભાવે વિજ્યા પરીની આંખો સામે જોઈ રહ્યા.

"મારો સમય પુરો થયો. કાલે મલીશું." એટલું બોલતા બોલતામાં તો વિજ્યા પરી ઉડી ગઈ અને આછેરા ઢળતા જતા ચંદ્રમાને ઘડીકમાં આંબી ગઈ. તે અર્ધચંદ્રની પાછળ સંતાઈ પણ ગઈ. ઉડતી ઉંચે ચડતી, ચંદ્રને આંબતી, ચંદ્ર પાછળ અદશ્ય થતી વિજ્યાપરીને જસુભાઈ ગરૂડ સ્વરૂપે જોતા રહ્યા. ઘડીભર આછા ચંદ્રને તાકી રહ્યા.

"હવે શું ?" તે મુંઝાયા. પણ ઇચ્છાધારી ગરૂડદેહ હતો તેનો ખ્યાલ આવ્યો. તેથી દેહ નાનો કરી બારીના સળિયા વચ્ચે ઘુસી બેડરૂમમાં પેઠા. ઉડતા ઉડતા પલંગ ઉપર આવ્યા. તેમણે જોયું કે જયા હજુ ઘસઘસાટ ઉંઘતી હતી.

"વિજ્યા તો હવે ગઈ. ફરી મલે ત્યારે ખરી ! હવે આ ગરૂડ દેહ ત્યજીને માનવદેહ અપનાવી લઉં" આવી ઇચ્છા જસુભાઈ એ વ્યક્ત કરી. પણ હકીકતમાં એમ બન્યું નહીં. પહેલા જેવા હાથ, પગ, શરીર ના સાંપડ્યાં. જસુભાઈ અકળાયા.

"હમણાં જયા જાગશે, બાળકો ઉઠશે. મને આવા દેહમાં જોઈને શું વિચારશે ? આવું કેમ બન્યું, કેવી રીતે બન્યું, કોણે કર્યું, શા માટે દેહસ્વરૂપ બદલાયું, એવા હજારો પ્રશ્નબાણો મારી તરફ તકાશે તો હું જવાબ આપીશ ? શું મારે આવા દેહે આગળનું બાકી આયખું પુરું કરવાનું ? ના ના, એ તો શક્ય જ નથી. તો હવે શું કરવું ? લાવ ફરીથી પ્રયત્ન કરી જોઉં." એમ કહીને વિજ્યાનું ધ્યાન ધરી માનવ દેહની, મૂળસ્વરૂપની જસુભાઈએ જાણે કે ભિક્ષા માંગી. પિંગળા રાણી સામે ભર્તૃહરી રાજા સાધુ સ્વરૂપે ઉભા રહી જાણે કે ભિક્ષા ના માંગતા હોય ! અને આપોઆપ જસુભાઈના મોંમાંથી શબ્દ સરી પડ્યા. "અલખ નિરંજન, ભિક્ષા દિયોને મા પિંગળા !" અને જુઓ તો ખરા ? જસુભાઈનો ગરૂડ દેહ અચાનક અલોપ થઈ ગયો અને માનવદેહધારી બની ગયા. પણ તેમણે હાથ ફેરવીને શરીર તપાસ્યું, બાથરૂમમાં જઈને દર્પણમાં પોતાનો ચહેરો જોયો તો એ ભારે વિટંબણા માં પડી ગયેલા. ચહેરો અને દેહના બધા અંગો સાવ કાળામેંશ હતા અને રીંછ કે વરુની માફક હાથ, પગ, બરડો, છાતી, પેટ, ચહેરો, ડોક ઉપર પણ કાળી ભમ્મર, લાંબી, જાડી, રુંવાટી હતી. "અરે ! આ તો હું કેવો દેખાઉં ? મારે આવા શરીરે બધે ફરવાનું ?"

"ના, ના આ રીતે હું નહીં જીવી શકું." જસુભાઈ એમ બુમો પાડવા લાગ્યા અને હાથ અને પગની કાળી, જાડી, લાંબી રુંવાટી ઉપર પોતાના બંને હાથની હથેળીઓ ઘસવા માંડ્યા.

"શું થયું ? કેમ આવાં ગાંડાં કાઢો છો ? કાંઈ બિહામણું સપનું જોયું કે શું ?" જયા હાથ-પગ હલાવતા, બુમો પાડતા જસુભાઈના સ્પર્શ અને અવાજને લઈને ભર ઉંઘમાંથી જાગી ગઈ અને અર્ધ તંદ્રાવસ્થામાં તરફડતા, બોલતા જસુભાઈનો ખભો પકડી ઢંઢોળવા લાગી.

જસુભાઈ હવે ભાનમાં આવી ગયા. "હા. સપનું જ હતું." એ બબડ્યા અને થોડુંક હસ્યા. પછી હાથ-પગ જોયા, ચહેરા ઉપર હથેળી ફેરવી "કોઈ રૂંવાટી નથી." સ્વગત મનોગત ઓચર્યા. પછી જયા સામે જોઈને બોલ્યા, "કશું નથી. તું તારે ઉંધી જા અને મને પણ ઉંઘવા દે."

"હવે શું ઉંઘવાનું ? ઘડીયાળ સામે જુઓ. સવારના સાડા પાંચ તો થઈ ગયા." કહીને જયા પલંગમાં બેઠી થઈ ગઈ. પછી ધીરે રહીને નીચે ઉતરી દૈનિક ક્રમમાં જોડાઈ ગઈ.

અને પલંગમાં પડ્યે પડ્યે જસુભાઈ રાતનું સપનું યાદ કરી કરીને વાગોળતા રહ્યા. વિજ્યા સાથે રાતભર થયેલો ગગન વિહાર, સંગ સંગ વિચરણ અને ઉડાન !

અને અંતે જસુભાઈ બબડી ઉઠ્યા, "હે સખી ! ફરી તારો સંગ ક્યારે થશે ?"

• • •